

આત્મચિંતન અને માધુર્યની સાથે સ્વસ્થતા અને લલિત પ્રૌઢી દાખવતી 'બોધિસત્ત્વ'ની કૌસામ્બીમાંથી મળી આવેલી આ નીચેની મૂર્તિને પડછે જમણી બાજુની નાલંદામાંથી મળેલી 'અવલોકિતેશ્વર'ની મૂર્તિમાં લલિત માધુર્ય કરતાં ગૌરવ અને ભવ્યતાની છાયા છે, જે તેમની ટટાર દેહયષ્ટિ અને તેની સાથે તાલ લેતા સીધા કમલદંડમાંથી પણ પ્રભવે છે.





આવતી કાલનાં નાગ
રિકો માટેનું એક માત્ર
ગુજરાતી માસિક વર્ષ
એકતાલીસમું અંક
પાંચમો માહે મે ઓગ
ણીસસો ચોસઠ સંસ્થા
પક રવિશંકર રાવળ
તંત્રી બચુભાઈ રાવત

અંક ૪૮૫મો.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૨; પરદેશમાં રૂ. ૧૫ અથવા શિ૦ ૨૪; છૂટક નકલ: રૂ. ૧-૨૫

વાચકો લખે છે

ફેબ્રુઆરીના 'કુમાર'માં સર પ્રભાશંકરના લેખમાં, સર ઓસ્વાલ્ડ બિર્લીએ ગોળમેજી વખતે ઈંગ્લંડમાં ગાંધીજીનું ખાસ પોઝ અઠવાડિયા સુધી લઈ જે ચિત્ર તૈયાર કરેલું તે ૧૯૩૨ થી ૧૯૪૭ સુધી સર પટ્ટણીના કબજામાં હતું, એવો ઉલ્લેખ છે.

નખશિખ આવું જ, મોટી સાઇઝનું, કલાત્મક, જર્મનીમાં છપાએલું ચિત્ર કરાચી અને મથુરાના પબ્લિશર એસ. એસ. બ્રિજવાસી ઍન્ડ સન્સે ૧૯૩૨માં કૉપીરાઇટ નં. ૨૦૮૧ થી ભારતની બજારમાં મૂકેલું, જેની નકલો આજ પણ ઘણાં સ્થળોએ જોવા મળે છે. આવી એક નકલ (કે જેમાં આર્ટિસ્ટ M.D. Trivedi અને ૧૯૩૨ની સાલ સ્પષ્ટ જોવામાં આવે છે તેવી) હજી સુધી મારી પાસે છે.

લગભગ ૧૯૩૨ની સાલમાં આ બંને ચિત્રો ઇંગ્લંડમાં અને ભારતમાં બન્યા છતાં બધી રીતે મળતાં, જાણે કે એક જ કેમ ન હોય તેમ લાગે છે. સર ઓસ્વાલ્ડ બિર્લી જેવા ખ્યાતનામ ચિત્રકાર કોઇની નકલ કરે તે કલ્પના બેહૂદી છે; તો સર પટ્ટણીએ ખાસ તૈયાર કરાવ્યા બાદ ૧૯૩૨ થી ૧૯૪૭ સુધી પેટીમાં સંગ્રહાએલા અને પટ્ટણી કુટુંબના અંગત કબજામાં રહેલા ચિત્રની નકલ આર્ટિસ્ટ મગનલાલ ત્રિવેદીએ કરી હોય એમ માનવું તે પણ તેટલું જ અયોગ્ય છે. આ બાબત ઉપર કૃપા કરી લેખકશ્રી પ્રકાશ પાડશે તો ઉપકૃત થઈશ.

(જામનગર) —ભાઈલાલ જોશી

ખુલાસા

(૧)

એ તૈલચિત્રની અનાવરણવિધિ તા. ૨૮–૮–'૪૭ના રોજ ડૉ. રાજેન્દ્રપ્રસાદના હાથે થઈ તે વખતે અનંતરાય પ્ર. પટ્ટણી, જે પશ્ચિમનાં દેશી રાજ્યોના પ્રતિનિધિ તરીકે સભ્ય હતા તેમણે એ ચિત્રનો સ્વીકાર કરતો ઠરાવ રજૂ કરતી વખતના પોતાના વક્તવ્યમાં એમ પણ કહ્યાની નોંધ છે કે: 'When it arrived in India, however it, was put away carefully in its original packing'.

હું પોતે શ્રી પ્ર૦ દ૦ પટ્ટણીને ત્યાં રહીને ભણ્યો છું ને મેં જાતે એ લાંબું પૅકિંગ વર્ષો સુધી ઇ.સ. ૧૯૪૬ સુધી જોએલું અને તેમાં શું છે તેની અમને કોઇને ખબર ન હતી.

એટલે હું જાણું છું કે સર ઓસ્વાલ્ડ બિર્લીએ દોરેલા ગાંધીજીના ચિત્ર પરથી ભારતમાં કોઇએ નકલ કરી જ નથી તેમ જ એ ચિત્ર સર પ્રભાશંકરે ખરીદ કરીને લીધા પછી કોઇએ ફોટો પાડ્યો હોય ને તે પરથી ચિત્ર થયું હોય તેવો યે સંભવ નથી. ચિત્ર સર પ્રભાશંકરના હાથમાં આવ્યા પહેલાં કોઇએ સીધી નકલ કરી હોય કે તેનો ફોટો લેવાયો હોય, ને તેના પરથી ચિત્ર દોરાયું હોય તો મને ખબર નથી. વિલાયતમાં ગાંધીજીના લેવાએલા સારા ફોટા પરથી, હિંદ તેમજ ફ્રાન્સ-જર્મનીમાં ફોટા પડેલા તે જાણું છું.

(ભાવનગર) —મુકુંદરાય વિ. પારાશર્ય

(૨)

૧૯૩૨ની આસપાસમાં સર પ્રભાશંકર પટ્ટણીએ મહાત્મા ગાંધીજીનું તૈલચિત્ર યુરોપના નામાંકિત પોર્ટ્રેટ આર્ટિસ્ટ સર ઓસ્વાલ્ડ બિર્લી પાસે તૈયાર કરાવ્યું હતું તેની જાણ મને 'કુમાર'ના ફેબ્રુઆરી અંકમાંથી થઈ.

બનવા સંભવ છે કે સર ઓસ્વાલ્ડ બિર્લીએ ગાંધીજીનું તૈલચિત્ર પૂરું કર્યા બાદ તેની ફોટોગ્રાફ કોપી રેકોર્ડ પૂરતી (બધા આર્ટિસ્ટો સામાન્યરીતે રાખે છે તે મુજબ) તૈયાર કરાવી હોય અને સર પ્રભાશંકર પટ્ટણીના કહેવાથી અગર તો સર ઓસ્વાલ્ડની મહેચ્છાથી તેની પ્રત ત્યાંનાં પેપરોમાં કે હિંદુસ્તાનમાં અગ્રગણ્ય અઠવાડિક કે માસિકમાં ક્યાંક છપાઇ હોય, અને તે કરાચીમાં જોતાં મને આ ચિત્ર દોરવાની સ્ફુરણા થઈ હોય તે સ્વાભાવિક છે. આમ મારું ગાંધીજીનું ચિત્ર જે લગભગ ૧૯૩૨માં તૈયાર થયું તે શ્રી એસ. એસ. બ્રિજવાસીએ જર્મનીમાં છપાવ્યું તેની પ્રતો હિંદુસ્તાનમાં ખૂણે ખૂણે અને વિદેશોમાં પણ ખૂબ આદર પામી. ગાંધીજીના અનેક ફોટા સામાન્યરીતે ઘણે સ્થળે જોવા મળે છે તેવી જ રીતે મને આ ફોટોપ્રિન્ટ પણ મળેલો જે, પાછળથી હમણાં જ ખબર પડી તે મૂળ ગાંધીજીના તૈલચિત્રનો ફોટોગ્રાફ હોય.

(રાજકોટ) —મગનલાલ ત્રિવેદી

(૩)

*તપાસ કરતાં એ જ ચિત્ર 'કુમાર'ના ૧૦૦મા (ચૈત્ર સં. ૧૯૮૮: એપ્રિલ ઈ. ૧૯૩૨ના) અંકમાં પૃ. ૨૦૯ની સામે આર્ટપ્લેટ તરીકે છપાયું છે અને તેની નીચે આવી નોંધ છે: 'યુગમૂર્તિ ગાંધીજી, ઈંગ્લંડમાં લેવાએલો ફોટો, સાબરમતી આશ્રમના સૌજન્યથી.'

જો પાર્લમેન્ટમાં મુકાએલા આ ચિત્ર નીચે સર ઓસ્વાલ્ડ બિર્લીની સહી હોય તો સદરહુ ફોટોગ્રાફ એ ચિત્ર ઉપરથી પડાયો હોવો જોઇએ. જોકે અમે છાપેલા ચિત્રમાં એવું કશું જણાતું નથી. સંભવ છે કે બિર્લીએ ફોટોગ્રાફ ઉપરથી ચિત્ર કર્યું હોય અને છેવટના કામ માટે ગાંધીજીની સિટિંગો લીધી હોય.

શ્રી મગનલાલ ત્રિવેદી ક્યાંક છપાએલી પ્રત ઉપરથી પોતાને તે ચીતરવાની સ્ફૂરણા થઇ હોવાનો જે સંભવ જણાવે છે તે કદાચ 'કુમાર'માં છપાએલી આ આર્ટપ્લેટ ઉપરથી જ થઇ હોય એ બનવા જોગ છે. —તંત્રી

'કુમારે' પોતાની આગવી સંપાદનસૂઝવાળી વાચન-સામગ્રી પીરસી-પીરસીને 'કુમાર'ની જ કોટિના અન્ય વાચન માટે પણ એના જૂના વાચકઅભ્યાસીઓમાં વ્યસન અને નવાઓમાં તરસ વળગાડી દીધાં છે, એટલે એવાઓનો ઠીકઠીક ભાગ પોતાને ભાવતું એવું વધુ વાચન દેશ-વિદેશી ગ્રંથ-સામયિકોમાંથી શોધ્યા કરતો હોય છે. અને નોંધનીય લાગે તો 'કુમાર'માં માહિતી કે પૂર્તિ રૂપે એ વિષે લખ્યા કરતો હોય છે.

૪૮૪મા અંકમાં 'વાચકો લખે છે'માં કુ. પ્રવીણાબેન પટેલે રજૂ કરેલો ગયા જાન્યુઆરીના (ડિસેમ્બરના નહિ) 'રીડર્સ ડાઇજેસ્ટ'નો ભ્રામક દલીલવાળો ગમ્મતભર્યો હિસાબ, બીજા એવા જ બે કોયડા સાથેના, Martin Gardnerના Mathematical puzzlesમાંથી ટૂંકાવેલો લેખ You'll be puzzledમાં વાંચેલો ત્યારે મને ય એ બાબત 'કુમાર'ને ચીંધવાનો સળવળાટ થએલો, તે એવું ધારીને શાંત કરેલો કે એ તો 'રસિયા' વાચકોએ જોએલો જ હશે. 'ઈમ્પ્રિન્ટ'માં તો Oswald Jacoby અને William H. Bensonના Mathematics for Pleasureમાંથી ફૂટપ્રશ્નરસિક ભેજાંને બરાબર સરાણે ચડાવે એવા સુંદર ઉતારા દર માસે આવ્યા જ કરે છે.

પ્રવીણાબેને લખેલો 'કોયડો' અમે ત્રીજી ગુજરાતીમાં ભણતા ત્યારે પડખે બેસનાર પાસેથી મેં જાણેલો, ને 'બે જણ ભાગીદારીમાં ઘડિયાળ લે'છે તેને બદલે' ત્રણ જણ વીશીમાંથી મહિને રૂ. ૧૦-૧૦માં ભાણું ખાય, નોકર પાછા આપવાના રૂ. ૫માંથી રૂ. ૨ ખિસ્સામાં મારી ત્રણને રૂ. ૧-૧ પાછો વાળે, અને પછી હિસાબ કરવાનો હોય કે રૂ. ૧૦-૧૦માંથી રૂ. ૧-૧ પાછો મળતાં નવ તેરી સત્તાવીસ

અને બે નોકરના ખિસ્સામાંના મળી કુલ રૂ. ૨૯ થાય, તો રૂ.૧ ક્યાં'? એ રીતેરજૂ થએલો.

આમાં જુદાજુદા બે સ્વતંત્ર હિસાબો છે: (૧) રૂ. ૫૦ જમા=રૂ. ૪૫ ઘડિયાળના+રૂ. ૨ નોકરે રાખ્યા+રૂ. ૩ પાછા વાળ્યા; અને (૨) રૂ. ૪૭ જમા=રૂ. ૪૫ ઘડિયાળના +રૂ. ૨ નોકરે રાખ્યા. રૂ. ૪૭ મિત્રોએ કાઢ્યા પછી રૂ. ૫૦નો હિસાબ જ ક્યાં કરવાનો છે? હિસાબ રૂ. ૪૭નો જ કરવાનો છે. અને એમાં જ નોકરે રાખેલા રૂ. ૨ પણ આવી જાય છે. પહેલા હિસાબની બે વિગતો (Entries Items) રૂ. ૨ ને ૫૦ પર ધ્યાન ખેંચાવ્યા બાદ એ જ બે વિગતોને સિફતથી બીજા જુદા જ હિસાબમાં પણ ગણાવીને ગમ્મત ઊભી કરાઈ છે. 'સરખી કે એક જ દેખાતી જુદાજુદા હિસાબની વિગતોને પરસ્પર સેળભેળ ન કરી શકાય' એ વાતના ભંગમાંથી 'કોયડો' થયો છે.

'એક જ હિસાબમાં પણ તેની જ કોઈ વિગત એક કરતાં વધારે વાર ગણતરીમાં ન લઈ શકાય કે ગણતરીમાંથી સાવ બહાર પણ ન રાખી શકાય.' એનો શબ્દચાતુરીથી ભંગ કરી કોઈ વાર ધ્યાન વિચલિત કરાય છે, એનો પણ વાંચેલો એક સાદો નમૂનો: ઉનાળાના લગ્નગાળામાં પરણેલાં સાત વરઘોડિયાં દંપતી આબુ જેવા કોઈ ગિરિગ્રામ પર 'તાજા દિવસો' માણવા એક જ હોટેલમાં ભેગાં થઈ ગયાં. સ્વાભાવિક રીતે જ દરેકે સુવાંગ રૂમની માગણી કરી, પણ હોટેલમાલિક પાસે છ જ રૂમ ખાલી હતી એટલે મૂંઝવણ ઊભી થઈ. આ મૂંઝવણનો હોટેલમાલિકે થોડા વિચાર બાદ આમ ઉકેલ આણ્યો: બધાં દંપતીને લઈ તે ખાલી પડેલી તેમાંની પહેલી રૂમમાં લઈ ગયો. અને રૂમ બધાને બતાવીને જણાવ્યું કે બધા જ રૂમમાં આવી જ એકસરખી સુંદર સગવડ છે. તેણે એક દંપતીને તે પહેલી રૂમ આપી અને બીજા દંપતીને થોડી વાર ત્યાં જ પહેલા જોડે બેસવાનું કહી બાકીનાં પાંચને લઈ તે પહેલી રૂમમાંથી બહાર નીકળ્યો. પછી તેણે બીજી રૂમ ત્રીજા દંપતીને, ત્રીજી રૂમ ચોથા દંપતીને, ચોથી રૂમ પાંચમા દંપતીને, પાંચમી રૂમ છઠ્ઠા દંપતીને અને છઠ્ઠી રૂમ પહેલી રૂમમાં બેસાડેલા પેલા સાતમા દંપતીને બોલાવીને આપી દીધી, ને આ રીતે છ જ રૂમમાં સાતે ય વરઘોડિયાંને અલાયદી સગવડ કરી આપી!

બીજા જ વાચને આમાંની શબ્દરમતને ઓથે રહેલી ભ્રામક ગણતરી કળાઈ જશે.

(જૂનાગઢ) —કનુ રા. ડાભી.

એપ્રિલ અંકમાં શ્રી પ્રવીણા કે. પટેલે કોયડો મૂક્યો છે તે બરાબર નથી. કોયડામાં રૂ. ૫૦નું ઘડિયાળ બે ભાઇઓ ભાગીદારીમાં લે છે. બન્નેને ફાળે રૂ. ૨૫ આવે છે. દુકાનદારને રૂ. ૫ વધુ લેવાયા છે એવું જણાતાં રૂ. ૫ પાછા આપવા નોકરને મોકલે છે. નોકર રૂ. ૨ ખિસ્સામાં મૂકે છે. રૂ. ૩ પાછા આપતાં પેલા ભાઇઓના હિસ્સે ૨૩½ રૂ. આવે છે. આ રકમનો સરવાળો કરતાં રૂ. ૨૩½+૨૩½+૨ (નોકર પાસેની રકમ)=૪૯ થાય તો રૂ. ૧ ક્યાં ગયો? જો આ રકમમાં સહેજ ફેરફાર કરીએ: દા. ત. નોકર રૂ. ૩ ખિસ્સામાં મૂકે અને રૂ. ૨ પાછા આપે તો બન્નેને ભાગે રૂ. ૨૪ આવે એટલે સરવાળો કરતાં રૂ. ૨૪+૨૪+૩ (નોકર પાસેની રકમ)=૫૧ થાય તો વધારાનો રૂ. ક્યાંથી આવ્યો? રૂ. ૧ વધવા કે ઘટવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી.

ખરી રીતે તો નોકર પાસે રહેલી રકમ સરવાળામાં લેવાય નહિ; કારણ, નોકરે ઉચાપત કરેલી રકમ બન્ને ભાઇઓની નુકસાની છે અને એ નુકસાનીનો સમાવેશ રૂ. ૨૩½ અગર રૂ. ૨૪માં થાય જ છે. એટલે નોકર પાસેની રકમ ઉમેરીએ તો બેવડી ગણતરી થાય. આ બધું જોતાં ખરી રીતે તો ભાગીદારોની પડતર કિંમત+એમને પાછી અપાએલી કિંમતનો સરવાળો કરવો જોઇએ. આ પ્રમાણે કરીએ તો સરવાળો રૂ. ૫૦ થશે જ. જેમકે, ૨૩½+૨૩½+૩=૫૦ અને ૨૪+૨૪+૨=૫૦.

જો નોકરે રૂ. ૫ પરત કર્યા હોત તો રૂ. ૨૨½+૨૨½+૫=૫૦ એમ થાત; એટલે નોકરે રાખેલી રકમ નહિ, પરંતુ પરત કરેલી રકમ ઉમેરવી જોઇએ એ સ્પષ્ટ છે.

(મુંબાઇ) —પન્નાલાલ રસિકલાલ શાહ

પ્રવીણા કે. પટેલે (રૂા. ૩૦નો) ઘડિયાળ અંગેનો જે દાખલો આપેલો છે તે 'સાઈકો' નામના અંગ્રેજી માસિકમાંથી ગુજરાતીમાં સુદર્શન નામે માસિક (જેના તંત્રી પંડિત કૌશિકચંદ્ર શર્મા હતા)ના વર્ષ ૧, અંક ૩, ડિસેંબર-૧૯૪૯ના અંકમાં જુદા રૂપે પ્રસિદ્ધ થએલ છે.

(માંડવી-કચ્છ) —નારાયણ શનિશ્વરા

સને ૧૮૯૩માં શીકાગોમાં વિશ્વધર્મ પરિષદ મળી તેમાં સ્વામી વિવેકાનંદની માફક ગુજરાતના પ્રતિનિધિ શ્રી વીરચંદ રાઘવજી ગાંધી પણ ગયા હતા, જેમનો જન્મશતાબ્દી દિન તા. ૨૫ ઑગસ્ટ, ૧૯૬૪માં નજીક આવી રહ્યો છે. એમનું જીવન 'કુમાર'માં આપો એવું સૂચન અયોગ્ય નહિ ગણાય.

(મુંબાઈ) —પન્નાલાલ રસિકલાલ શાહ

શેક્સપીઅરનાં નાટકોની વાર્તાતરમાળા-૩ 'જ્યુલીઅસ સીઝર' એક બેઠકે વાંચી ગયો. અંગ્રેજીમાં તેના મૂળ સ્વરૂપમાં વાંચી ગએલા-ઓને તેમાં કદાચ ત્રૂટીઓ જણાય તે શક્ય છે. પણ એક પ્રયોગ ખટકે છે. સભાગૃહમાં જ્યારે સીઝર ઉપર બધા ઘા કરે છે તે તલવારના નહિ પણ ખંજરના હોવા જોઈએ. ઝભ્ભાઓમાં છુપાવેલાં ખંજરોના ઘા બધાઓએ કરેલા, જેમાં બ્રૂટસના ઘાને ઍન્ટનીએ પોતાના ભાષણમાં વધારે મહત્ત્વ આપેલું: 'Look! in this place ran Cassius' dagger through;/See what a rent the envious Casca made-

એકંદરે બહુ જ આનંદ અનુભવ્યો. બધાં નાટકોનાં રૂપાંતરો પ્રસિદ્ધ થાય તે જ ઈચ્છા.

(કંપેલા-આફ્રિકા) —કે. બી. અયૂબ

લેખકનો ખુલાસો

જુ. સીઝરનો વધ તલવારથી કે ખંજરથી? એ પ્રશ્નના ઉત્તરમાં: સીઝરના મૃત્યુ પછી તરત એના ઘાતક બ્રૂટસના ઉદ્ગારો જુઓ: And let us bathe our hands in Caesar's blood,/Upto the elbows, and besmear our swords.

આ વાક્યો પરથી તલવારનો ઉપયોગ થયાનું સમજાય છે. સીઝરના મૃતદેહ પાસે વ્યાખ્યાન કરતાં ઍન્ટની નીચે પ્રમાણે કહે છે: I fear I wrong the honourable men,/Whose daggers have stabbed Caesar. પણ સીઝરના મૃત્યુ વખતે ઍન્ટની હાજર નહોતો. બ્રૂટસે તો ભાગ ભજવ્યો હતો તેથી બ્રૂટસના ઉદ્ગારો વધુ પ્રતીતિકર ગણાય.

લેખકે-નાટ્યકારે બંને શબ્દો બે પાત્રો દ્વારા વૈવિધ્ય ખાતર ઉચ્ચારાવ્યા હોય એમ પણ હોય. પણ તલવારથી મર્યો એ આમ ખોટું ઠરતું નથી.

(અમદાવાદ) —મધુસૂદન પારેખ

પ્રો. વસંત જોષીના 'શેક્સપીઅર'ના લેખમાં જન્મ સાલ ઈ. ૧૫૬૪ બતાવી છે જ્યારે પૃ. ૧૬૭ 'શેક્સપીઅરના મૃત્યુ પછી મિત્રોએ ૧૫૯૨માં બધાં નાટકોની આવૃત્તિ બહાર પાડી' એમ છે. આ દોષ સુધારશો?

(અમદાવાદ) —કિશોર દવે

અમેરિકાએ છોડેલો ઉપગ્રહ 'એકોવન,' ચાર વર્ષથી દર બે કલાકે પૃથ્વીની પ્રદક્ષિણા કર્યા કરે છે. તેની ગતિનો અભ્યાસ અવારનવાર કરતો રહું છું એ ગતિ મુખ્યત્વે પશ્ચિમથી પૂર્વ હતી. એટલે કે વાયવ્યથી અગ્નિ, વાયવ્યથી પૂર્વ કે વાયવ્યથી ઇશાન અથવા નૈઋત્યથી ઇશાન કે પશ્ચિમથી ઇશાન વગેરે. આપણા પોતાના સ્થાનના ફરવાથી આમ દેખાતું. પરંતુ છેલ્લા ૧૫ દિવસમાં ઓચિંતી નજર જતાં જોયું તો મુખ્ય ગતિ ઉત્તર-દક્ષિણ થઈ ગઈ છે. એટલે ઇશાનથી અગ્નિ, ઉત્તરથી દક્ષિણ કે વાયવ્યથી નૈઋત્ય. આ વિષે કોઈ જાણકાર ખુલાસો કરશે તો આભારી થઈશ.

ખયાલ એવો છે કે નરી આંખે આ 'એકો' જ દેખાય તેવો છે. છતાં વધુ ઝડપથી જતા બીજા જ્યોતિઓ કોઈ વાર જણાય છે. તો તે વિષે જણાવવા વિનંતી.

(ચૂડા) —દિનકર મીનપિયાસી

મારા ચાર નાના ભાઈઓને દરેકને જન્મ પછી ચોથે વર્ષે (જન્મથી જ નહિ) એક આંખ-ડાબી કે જમણી-squint નો ભોગ બને છે-'ત્રાંસી આંખ' થઈ જાય છે. માત્ર અમારા કુટુંબમાં જ નહિ પણ આજે અન્યત્ર પણ squint આંખના ઘણા દર્દીઓ જોવામાં આવે છે. શારીરિક દૃષ્ટિએ દરદની કાંઈ ગંભીરતા ન હોવા છતાં માનસિક દૃષ્ટિએ ઘણી છે. નાનપણમાં મિત્રો વચ્ચે ટીકાપાત્ર થવા ઉપરાંત છોકરીઓના વેવિશાળ વખતે તે મોટી આડખીલી રૂપ બને છે. જોકે મારી એક પણ બહેનને તેમ નથી.


ઑપરેશન આ દરદનો સફળ ઈલાજ છે અને સૌરાષ્ટ્રમાં એક ડૉક્ટર જામનગર ખાતે તેવાં ઑપરેશન કરે છે. પરંતુ ઑપરેશન સિવાય આ દરદનો બીજો કોઈ ઈલાજ ખરો? અનુભવી કે જાણકાર ભાઈઓ આ બાબતમાં કોઈ ઈલાજ, માર્ગદર્શન કે સૂચના લખી જણાવશે તો આભારી થઈશ.

(ખંભાળિયા) —મધુકાન્ત પી. બદીયાણી

શેક્સપીઅરની વાર્તામાળા શરૂ કરી તેવી રીતે Discovering Artનો થોડો વિભાગ આપવામાં આવે તો સારું; કારણ કે તે અંકો ફક્ત પૈસાદાર વર્ગને જ પરવડી શકે, ગરીબ કલાકારો તેનું રસપાન કેવી રીતે કરી શકે?

(ઘોડાસર) —વિનોદચંદ્ર જી. શાહ


[*એ કૉપીરાઈટ હોઇ પ્રકટ ન કરી શકાય.]





આંમેર મહાલ જયપુર • ફોટો આબીદભાઇ સૈયદ

ભૌમિતિક આકારો અને વૃક્ષ-વેલ-ફૂલ-પત્તીની ગૂંથણીવાળી ભાત-બિછાતની ઈરાની શૈલી મુઘલ કલા દ્વારા ભારતમાં આવી અને દિલ્હી-દરબાર સાથેના સંબંધને કારણે રાજસ્થાનમાં પણ એની અસર પ્રવેશી, તેની સાક્ષી જયપુરના આંમેર રાજમહેલની અંદરની છતભીંત પરની આ કારીગરી પૂરશે. ફોટોગ્રાફીના કસબીઓ જાણે છે કે એ અંધારા મહાલમાંની આ બારીક કારીગરીની વિગત, અંદર પ્રકાશ કરીને પણ ઉતારવી કેટલી દોહ્યલી છે. સામેના બારણા બહારના પ્રકાશ અને અંદરના અજવાળા વચ્ચેના તફાવત ઉતારીને આબીદભાઇએ એક મુશ્કેલ ચિત્ર હાથ કર્યું છે.



રાધા
કિશનગઢ ચિત્રશૈલી • અનુકૃતિ દિનેશ શાહ
(ભારતીય વિદ્યાભવનના સૌજન્યથી)

ગૌર ને પાતળા લંબગોળ ચહેરામાં લાંબું તીણું નાક, વળાકદાર ને ઊંચી કામદેવના ધનુષ જેવી કંપાયમાન ભમ્મરો નીચે, લજ્જાથી અર્ધ નિમિલિત પોપચાંમાંથી ટોકાતી મોહક આંખો, માધુર્યભીના હોઠ પર અદીઠપણે ફરકતું મંદ સ્મિત...ને એ બધાંની તીક્ષ્ણતાની સાથે તાલ લેતી ચિબુક, એ સર્વમાંથી વિદ્ધ કરતું સૌન્દર્ય ટપકાવતું જે એક વિશિષ્ટ રૂપસર્જન કિશનગઢની રાજપૂત ચિત્રશૈલીએ કર્યું તેની સર્જનકથા વાંચો કલાવાર્તામાં.

મરણઘડીએ / જયન્ત પાઠક
(શિખરિણી)

(૧)

ભલે આને માનો કવિની ધૂન, કે રોગી મનનો
લવારો નક્કામો મરણઘડીનો, તો ય સુણી લો:
ભલાં થૈ આવ્યાં છો મળી જ લઈએ જીવનતટે
હવે છેલ્લાંવેલ્લાં; પછી હું પરદેશી થઈશ જે,
કયા લોકે મારું નિવસવું થશે જાણું ન કંઈ;
છતાં જાણું છું એટલું, ન મળવું આ શરીરથી.
મીંચાતાં મારાં બે દૃગ તમ દૃગેથી જલ વહે,
બને છેલ્લી મારી ઉરધબક છાનું જ ડૂસકું
તમારું, બાંધે સૌ સ્વજન મુજને તે ઘડી તમે
સ્મરી લેજો થોડાં જીવતર વિષે બંધન સ્રજ્યાં.
ઉપાડીને ખાંધે તન મુજ સ્મશાને લઈ જશે,
હું આભારી હૈયું અગર તમ ત્યાં હાજર હશે.
તમારું સ્વસ્થાને પળવું, બળવું મારું પછી તો
ચિતામાં, ચાહો તો કદી કદી તમે યે બળી શકો!

(૨)

ચિતામાં, ચાહો તો, કદી કદી તમે યે બળી શકો,
તમારાં સ્વપ્નોમાં કદીકદી મને યે મળી શકો;
ગમે તો હૈયાનો મણ સ્મરણધારે ખણી શકો,
તમારા આવાસે ગીતથી મુજ બોલાવી ય શકો;
મને રાખી હૈયાભીતર પ્રિય જિવાડીય શકો,
અરે પાછો પેલા યમકરથકી લાવી ય શકો.
અહો, આ મૃત્યુની ક્ષણ સુભગ: ના જે હું જીવતાં
શક્યો બોલી તે સૌ અહીં વગરસંકોચ વદતો;
અને મારું નાનું અમથું સ્મિત કે આંસુટપકું
સહો ના તે મારી લવરી કરુણાવ્યાકુલ સુણો!
હવે થોડો બાકી સમય, યમને આંગણ સુણું,
અરે આ આવ્યો ઉંબર વટી, પથારી પર સીધો
ગયો બેસી એના હિમકરથી ભાલે અડકતો.
અરે, આ શું?! ચ્હેરો તમ યમ–ચહેરે ભળી જતો!

બપોર / ચંદ્રકાન્ત શેઠ
(સવૈયા)

વ્યોમ વચાળે સૂરજ, એની નીંદરઘેરી આંખ,
અંતરાલ તે ખાય બગાસું, ખગની ભારે પાંખ.
તતડી ઊઠી છાલ વૃક્ષની, મારગ આળસ ખાય,
ઝરણાંની પથરાળી વાટે સૂનકાર વહી જાય.
ધૂળ મહીંની પગલી ચીખે: 'દાઝું' દાઝું'' થાય,
કપોતની પાંખોમાં જાણે ગગન ભરાવા ચ્હાય.
તડકાની જ્યાં ઝાળ અડી ત્યાં સળગ્યાં સરવરનીર
પૂંછડે લાગી આગ, બાવરો દોડ્યો જાય સમીર.
નળનાંઢોળાયાંજળત્યાંઆમહિષવિરાજ્યોઝોકે,
કાળોભમ્મર ખડક કાળનાં મોજાં ધસતાં રોકે.
આગ ફૂલમાં ઊઠી, ભપકી ગુલમહોરની ડાળ;
નજર પરશતાં પાંપણને શી લાગી એની ઝાળ!
આગ મહીં ચકરાતું, વધતું, ક્ષિતિજ ઘૂમતું ગોળ,
વડવાનલ ધરતી પર ભમતો મારે મૃગજલ-છોળ.

ચન્દ્ર / (ઈશ્વર પ્રત્યે) વ્રજલાલ દવે
(દોહરા)

ઉન્નતશિર આભે ભમું, રુદિયો ખાય પછાડ,
વાધી વેદન ઊકળે, પેખ પ્રભો! તો પાડ.

પાછું જોયા વણ પ્રભો! દીધાં મોઘાં દાન:
ચન્દનશીળો દેહ ને કપૂરઊજળો વાન.

વસુધાનું સંતાન હું, મા તો હેતની વેલ,
ઉદધિસમ પામ્યો પિતા, લાધી નભની સેલ.

પણ, અમૃતઆ ઝેર શાં, નિજની દીપ્તિ ન લેશ,
ચક્રાકૃતિ સૂતર પથે, પગે ન લાગે ઠેશ!

શું ઊગું? મુજ પારકે રૂપે ફોગટ ભાર,
દે તો દે મુજને હવે જુવાર-કણ અવતાર!

જેથી ઊગી હું શકું રૂપે નૈક નવીન;
નાખ વિલોપી આયખું શીત, રમ્ય, પણ દીન!

માગ્યું / રાજેન્દ્ર શુકલ
(ગઝલ)

મેં ન કૈં ધરા માગી કે નથી ગગન માગ્યું,
પણ ધરા-ગગન કેરું એક પળ મિલન માગ્યું.

અંતરે સમાવું કયમ આવડા હું અંબરને?
આપને ન માગ્યાં મેં, આપનું સપન માગ્યું.

પ્રશ્ન એક ઊઠે છે નિત્ય મન-પતંગાને:
કેમ રે શમાએ આ કાયમી જ્વલન માગ્યું?

આભ શાં નયન નિર્મળ રે ઝરીઝરીને જળ,
ભૂલ એ ભલી થૈ કે તેં હૃદય, તપન માગ્યું!

વ્યર્થ કાં પુકારે તું? કોણ આવવાનું છે?
મૌન એ મિલન ટાણે તેં ન કૈં વચન માગ્યું.

આંખ જો સુકાતી તો એકલું મને લાગે,
વિશ્વની વ્યથાઓનું સામટું વહન માગ્યું.

તું મળી / ચીમન કલાલ
(વંશસ્થ)

જાણ્યું હતું: મળીશ તું નયનો ભરીભરી
સ્વર્ગંગ ઢોળતી, ઝબોળતી સ્રોતમાં મને;
અસ્તિત્વ મારું લીન એ ઉર-ઘોષમાં થતાં
ના ઓળખી શકત હું ય મને; વિખેરતે
તું શબ્દ-ફૂલ મુખથી, હું પરાગ થૈ જતે!
લૈ આભ શું હિયું મઢંત તું તારલા રૂપે!
ને આનન-કલશથી તું પીવાડતી હવે
હૈયા-રસ્યું મધુરું દર્શન-પીણું, હું પીતે
આકંઠ. કિંતુ મળી કૈંક જુદા રૂપે જ તું...

સમૃદ્ધિ એ જ પ્રીતિની, બસ એ જ એ જ રે!
ચાંચલ્ય એ જ, મરકાટ ય, એ જ ઘેલછા
લૈ તું મળી નગરથી દૂર અન્ય આનને.
હું એ નથી શિવ, ન જાણી શકું ઉમા-ઉર,
માની લઉં ભીલડી ને સુણી ર્‌હૌ હું નૂપુર!

પ્રભાતે / શંભુપ્રસાદ જોશી
(મિશ્ર)

લીલું લીલું ઘાસ—પરે પતંગિયાં
તણી ફૂટી પાંદડીઓ પીળીપીળી!
કને વહે નીર ઉતાવળાં, ભર્યાં
હૈયે ભૂરાધૂસર આભને ઝીલી.

હવા તણું નર્તન.—નેપુરો થકી
ઝરંત આછા રવ કેરી ફૂંકથી
વિભિન્ન સૌ પાંદડીઓ ઊડી ઊડી
અહો અશું ગીત મધુર ગુંજતી
કે...
ભીનાશમાં રેતતણી પડેલ જે
રેખા સુરંગીન મયૂરપાદની–
સજીવ થૈ, શી ગતિ રે કરી જતી;
અને પણે તીરઘટા ગહેંકતી!

હાવાં ફૂંળાં રશ્મિની રેલછેલ
રેતીકણો સાથ કરંત ગેલ!

એક બપોરે / રાવજી પટેલ
(વ્યસ્ત મનહર)

મારા ખેતરને શેઢેથી
'હયા ઊડી ગઈ સારસી!
મા,
ઢોચકીમાં છાશ પાણી રેડી દે.
રોટલાને બાંધી દે.
આ ચલમની તમાકુમાં કસ નથી;
ઠારી દે આ તાપણીમાં
બારવેલો અગની.
મને મહુડાની છાંય તળે
પડી રહેવા દે.
ભલે આખું આભ રેલી જાય,
ગળા સમું ઘાસ ઊગી જાય,
અલે એઈ
બળદને હળે હવે જોતરીશ નઈ...
મારા ખેતરને શેઢેથી—

એ આંખ ઉઘાડે અને શરમાય ગઝલ,
એ કેશને ગૂંથે અને બંધાય ગઝલ;
કોણે કહ્યું લયને કોઈ આકાર નથી?
એ અંગ મરોડે અને વળ ખાય ગઝલ.

'આદિલ' મન્સૂરી

જિન્દગી / નવીન આર. શાહ
(વસંતતિલકા)

છે જિંદગી જગકિતાબનું એક વાક્ય
જ્યાં મૃત્યુનું પ્રતીક પૂર્ણવિરામ થાય!
ઉદ્‌ગાર બુદ્ધ-ઇશુ-ગાંધી-શું કોક વાક્ય
તો પ્રશ્નચિહ્ન વળી કોક પૂઠે મૂકાય!

મરણઘડીએ / જયન્ત પાઠક
(શિખરિણી)

(૧)

ભલે આને માનો કવિની ધૂન, કે રોગી મનનો
લવારો નકામો મરણઘડીનો, તો ય સુણી લો:
ભલાં થૈ આવ્યાં છો મળી જ લઇએ જીવનતટે
હવે છેલ્લાંવેલ્લાં; પછી હું પરદેશી થઈશ જે,
કયા લોકે મારું નિવસવું થશે જાણું ન કંઇ;
છતાં જાણું છું એટલું, ન મળવું આ શરીરથી.
મીંચાતાં મારાં બે દગ તમ દગેથી જલ વહે,
બને છેલ્લી મારી ઉરધબક છાનું જ ડૂસકું
તમારું, બાંધે સૌ સ્વજન સુજને તે ઘડી તમે
સ્મરી લેજો થોડાં જીવતર વિષે બંધન અજર્યાં.
ઉપાડીને ખાંધે તન મુજ સ્મશાને લઈ જશે,
હું આભારી હૈયું અગર તમ ત્યાં હાજર હશે.
તમારું સ્વસ્થાને પળવું, બળવું મારું પછી તો
ચિતામાં, ચાહો તો કદી કદી તમે યે બળી શકો!

(૨)

ચિતામાં, ચાહો તો, કદી કદી તમે યે બળી શકો,
તમારાં સ્વપ્નોમાં કદીકદી મને યે મળી શકો;
ગમે તો હૈયાનો વ્રણ સ્મરણધારે ખણી શકો,
તમારા આવાસે ગીતથી મુજ બોલાવી ય શકો;
મને રાખી હૈયાભીતર પ્રિય જિવાડીય શકો,
અરે પાછો પેલા યમકરથકી લાવી ય શકો.
અહો, આ મૃત્યુની ક્ષણ સુભગ: ના જે હું જીવતાં
શકયો બોલી તે સૌ અહીં વગરસંકોચ વદતો;
અને મારું નાતું અમથું સ્મિત કે આંસુટપકું
સહો ના તે મારી લવરી કરુણાવ્યાકુલ સુણો!
હવે થોડો બાકી સમય, યમને આંગણ સુણું,
અરે આ આવ્યો ઉંબર વટી, પથારી પર સીધો
ગયો બેસી એના હિમકરથી ભાલે અડકતો.
અરે, આ શું?! ચ્હેરો તમ યમ–ચહેરે બળી જતો!

બપોર / ચંદ્રકાન્ત શેઠ
(સવૈયા)

વ્યોમ વચાળે સૂરજ, એની નીંદરઘેરી આંખ,
અંતરાલ તે ખાય બગાસું, ખગની ભારે પાંખ.
તતડી ઊઠી છાલ વૃક્ષની, મારગ આળસ ખાય,
ઝરણાંની પથરાળી વાટે સૂનકાર વહી જાય.
ધૂળ મહીંની પગલી ચીખે: 'દાઝું' દાઝું'' થાય,
કપોતની પાંખોમાં જાણે ગગન ભરાવા ચ્હાય.
તડકાની જ્યાં ઝાળ અડી ત્યાં સળગ્યાં સરવરનીર
પૂંછડે લાગી આગ, બાવરો દોડયો જાય સમીર.
નળનાંઢોળાયાંજળત્યાંઆમહિષવિરાજયોજોકે,
કાળોભમ્મર ખડક કાળનાં મોજાં ધસતાં રોકે.
આગ ફૂલમાં ઊઠી, બપકી ગુલમહોરની ડાળ;
નજર પરશતાં પાંપણને શી લાગી એની ઝાળ!
આગ મહીં ચકરાતું, વધતું, ક્ષિતિજ ઘૂમતું ગોળ,
વડવાનલ ધરતી પર ભમતો મારે મૃગજલ-છોળ.

ચન્દ્ર / (ઇશ્વર પ્રત્યે) વ્રજલાલ દવે
(દોહરા)

ઉન્નતશિર આભે ભમું, રુદિયો ખાય પછાડ,
વાધી વેદન ઊકળે, પેખ પ્રભો! તો પાડ.

પાછું જોયા વણ પ્રભો! દીધાં મોંઘાં દાન:
ચન્દનશીળો દેહ ને કપૂરઊજળો વાન.

વસુધાનું સંતાન હું, મા તો હેતની વેલ,
ઉદધિસમ પામ્યો પિતા, લાધી નભની સેંલ.

પણ, અમૃતઆ ઝેર શાં, નિજની દીપ્તિ ન લેશ,
ચક્રાકૃતિ સૂતર પથે, પગે ન લાગે ઠેશ!

શું ઊછું? મુજ પારકે રૂપે ફોગટ ભાર,
દે તો દે મુજને હવે જુવાર-કણ અવતાર!

જેથી ઊગી હું શકું રૂપે નૈક નવીન;
નાખ ત્રિલોપી આયખું શીત, રમ્ય, પણ દીન!

માગ્યું / રાજેન્દ્ર શુકલ
(ગઝલ)

મેં ન કૈં ધરા માગી કે નથી ગગન માગ્યું,
પણ ધરા-ગગન કેરું એક પળ મિલન માગ્યું.

અંતરે સમાવું કયમ આવડા હું અંબરને?
આપને ન માગ્યાં મેં, આપનું સપન માગ્યું.

પ્રશ્ન એક ઊઠે છે નિત્ય મન-પતંગાને:
કેમ રે શમાએ આ કાયમી જ્વલન માગ્યું?

આભ શાં નયન નિર્મળ રે ઝરીઝરીને જળ,
ભૂલ એ ભલી થૈ કે તેં હૃદય, તપન માગ્યું!

વ્યર્થ કાં પુકારે તું? કોણ આવવાનું છે?
મૌન એ મિલન ટાણે તેં ન કૈં વચન માગ્યું.

આંખ જો સુકાતી તો એકલું મને લાગે,
વિશ્વની વ્યથાઓનું સામટું વહન માગ્યું.

તું મળી / ચીમન કલાલ
(વંશસ્થ)

જાણ્યું હતું: મળીશ તું નયનો ભરીભરી
સ્વર્ગંગ ઢોળતી, ઝબોળતી આતમાં મને;
અસ્તિત્વ મારું લીન એ ઉર-ધોધમાં થતાં
ના ઓળખી શકત હું ય મને; વિખેરતે
તું શબ્દ-ફૂલ મુખથી, હું પરાગ થૈ જતે!
લૈ આભ શું હિયું મહંત તું તારલા રૂપે!
ને આનન-કલશથી તું પીવાડતી હવે
હૈયા-રસ્યું મધુરું દર્શન-પીણું, હું પીતે
આકંઠ. કિંતુ મળી કૈંક જુદા રૂપે જ તું...
સમૃદ્ધિ એ જ પ્રીતિની, બસ એ જ એ જ રે!
ચાંચલ્ય એ જ, મરકાટ ય, એ જ ઘેલછા
લૈ તું મળી નગરથી દૂર અન્ય આનને.
હું એ નથી શિવ, ન જાણી શકું ઉમા-ઉર,
માની લઉં ભીલડી ને સુણી રહું હું નૂપુર!

પ્રભાતે / શંભુપ્રસાદ જોશી
(મિશ્ર)

લીલું લીલું ઘાસ—પરે પતંગિયાં
તણી ફૂટી પાંદડીઓ પીળીપીળી!
કને વહે નીર ઉતાવળાં, ભર્યાં
હૈયે ભૂરાધૂસર આભને ઝીલી.

હવા તણું નર્તન.—નેપુરો થકી
ઝરંત આછા રવ ફેરી ફૂંકથી
વિભિન્ન સૌ પાંદડીઓ ઊડી ઊડી
અહો અર્યું ગીત મધુર ગુંજતી
કે...
ભીનાશમાં રેતતણી પડેલ જે
રેખા સુરંગીન મયૂરપાદની–
સજીવ થૈ, શી ગતિ રે કરી જતી;
અને પણે તીરઘટા ગહેંકતી!

હાવાં કૂંળાં રશ્મિની રેલછેલ
રેતીકણો સાથ કરંત ગેલ!

એક બપોરે / રાવજી પટેલ
(વ્યસ્ત મનહર)

મારા ખેતરને શેઢેથી
'હવા ઊડી ગઇ સારસી!
મા,
ઢોચકીમાં છાશ પાછી રેડી દે.
રોટલાને બાંધી દે.
આ ચલમની તમાકુમાં કસ નથી;
ઠારી દે આ તાપણીમાં
ભારવેલો અગની.
મને મહુડાની છાંય તળે
પડી રહેવા દે.
ભલે આખું આભ રેલી જાય,
ગળા સમું ઘાસ ઊગી જાય,
ભલે બઈ
બળદને હળે હવે જોતરીશ નઇં...
મારા ખેતરને શેઢેથી—

એ આંખ ઉઘાડે અને શરમાય ગઝલ,
એ કેશને ગૂંથે અને બંધાય ગઝલ;
કોણે કહ્યું લયને કોઇ આકાર નથી?
એ અંગ મરોડે અને વળ ખાય ગઝલ.

'આદિલ' મન્સૂરી

જિન્દગી / નવીન આર. શાહ
(વસંતતિલકા)

છે જિંદગી જગકિતાબનું એક વાકય
જ્યાં મૃત્યુનું પ્રતીક પૂર્ણવિરામ થાય!
ઉદ્ગાર બુદ્ધ-ઇશુ-ગાંધી-શું કોક વાકય
તો પ્રશ્નચિહ્ન વળી કોક પૂછે મૂકાય!

૧ વિરલ વ્યક્તિ

છોટાલાલ હરજીવનદાસ વોરા સાહેબ

વડોદરા કલાભવનનું નામ એક વખત ભારતના ખૂણેખૂણે ગાજતું હતું. શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડે તેમના યુરોપના પ્રવાસોમાંથી અવલોકન કર્યું કે પ્રજામાં ક્રિયાકૌશલ (ટેકનિકલ) જ્ઞાન ઊંચી કક્ષાનું નહિ હોય તો બીજી બધી ભૂમિજન્ય સંપત્તિને વિકસાવી શકાશે નહિ. એ વિચારથી તે વિષયના નિષ્ણાતોને તે હમેશાં આદર આપતા. સ્વ. ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જરનો સમાગમ થતાં તેમની એ ભાવના 'કલાભવન' રૂપે ઉદ્‌ભવ પામી.

આ સંસ્થા સામાન્ય ભણતરવાળા કારીગરોને ઊંચે લાવવાનું તેમજ નવા રાસાયણિક અને યાંત્રિક ઉદ્યોગો માટે પ્રવીણ બનાવવાનું ધ્યેય રાખી દેશભાષામાં શિક્ષણ આપવાનું તેમજ દેશભાષામાં તેનાં પાઠ્યપુસ્તકો તૈયાર કરવાનું લક્ષ રાખતી હતી.

કલાભવનના ૧૮૯૨-૯૩ના અહેવાલ પ્રમાણે મિત્રાણ કારીગરોને યુરોપમાં નવા ઉદ્યોગોનું જ્ઞાન મેળવવા મોકલવામાં આવ્યા હતા. રણછોડદાસ ખુશાલ લુહારને ઘડિયાળ બનાવવાનું શીખવા જીનીવા મોકલ્યા હતા. સુતારી વર્ગમાંથી લલ્લુભાઈ હરગોવિન્દ ખરાદીને બર્લિનની ઔદ્યોગિક શાળામાં મોકલેલા, પણ તેમને જર્મન ભાષા ફાવી નહિ, એટલે લંડન મોકલ્યા. મોતીભાઈ જે. પટેલ એન્જિનીઅરિંગ વર્ગના ઉપશિક્ષક હતા તેમને પણ લંડનની એક કંપનીમાં મોકલેલા.

પણ એ કાળે એટલા પ્રયત્નો પછી પણ સફળ વર્ગો બની શક્યા નહોતા ને કલાભવન તરફ રાજ્યનું લક્ષ પણ ઓછું થયું હતું. આમ છતાં મહારાજા સયાજીરાવ હમેશાં વિલક્ષણ શક્તિવાળા મનુષ્યોની શોધ કર્યા જ કરતા હતા. આ અરસામાં ઈ. ૧૯૦૮માં માત્ર ૨૪ વર્ષના યુવાન શ્રી વોરાની તેજસ્વિતાની તેમને પ્રતીતિ થતાં તેમને કલાભવનના સર્વાધિકારી તરીકે સ્થાપ્યા, અને પરિણામે એ રીતે શ્રી વોરાની પણ સર્વ શક્તિઓ જીવનભર વડોદરા રાજ્યની સેવામાં જ સમર્પિત થઈને રહી.

શ્રી વોરા પ્રથમથી જ જ્ઞાનપિપાસુ અને વાચનશોખી હતા. વર્ષોથી તે ઇંગ્લંડના જૂનામાં જૂના પત્ર 'સ્પેક્ટેટર'ના નિયમિત વાંચનાર હતા. અનેક ગ્રંથોના અભ્યાસ-ચિંતનના અઠંગ વ્યાસંગી હતા. દેશની સ્થિતિ વિષે તેમજ આંતરરાષ્ટ્રીય પ્રસંગો અને સંસ્થાઓ વિષે તેઓ ઘણું ઊંડું જ્ઞાન ધરાવતા અને ગુજરાતનાં સામાજિક તેમજ રાજકીય વલણોના સૂક્ષ્મ નિરીક્ષક હતા. તેમના જીવનની આંતરિક ઘટનાઓનો પ્રભાવ તેમના જાહેર જીવનમાં જરા પણ પડ્યો નથી. અજબ સંયમથી તેમણે તેમનું જીવન એકાંતિક અને સ્વાધીન રાખી, રાજ્યની તથા સંસ્થાની સેવામાં એકનિષ્ઠા અને સત્યપરાયણતા સાચવી, કલાભવનની પ્રસિદ્ધિ વધારી હતી. તેમની શિસ્તમાં કેળવાએલા યુવાનો ભારતમાં અનેક પ્રાંતોમાં ઉચ્ચ અધિકારો પામ્યા છે, જેઓ આજ ઉપકૃત હૈયે તેમને યાદ કરતા હશે; પરંતુ વોરાસાહેબે જીવનમાં કોઇની સાથે ઘનિષ્ઠ સંબંધ જેવો પરિચય કેળવ્યો નહિ હોય. માત્ર સમભાવી-સમકક્ષી બહુ જ જૂજ વ્યક્તિઓ સાથે સાત્ત્વિક ચર્ચા કે વિવેચન કરતા પત્રો લખવામાં તેમને આંતરિક આનંદ મળતો.

કલાભવનના પ્રિન્સિપલપદે હતા ત્યારથી 'કુમાર' પ્રતિ તેમને અનુરાગ હતો, જેની પ્રતીતિ તેમણે અનેક વાર સૂચક પત્રો લખીને આપી હતી. 'રેડિયો' શબ્દનો પૂરો અર્થ લોકો સમજતા નહોતા, વિદ્વાનો કે પ્રોફેસરો પણ તેની શક્તિ અને પ્રભાવનો પૂરો ખયાલ આપી શકતા નહોતા, છેક એ જમાનામાં વોરાસાહેબે 'કુમાર'ના તંત્રી પર પત્ર લખી સમજાવેલું કે રેડિયો–એન્જિનીઅરિંગનું ભવિષ્ય બહુ વિસ્તારશે. તેમણે એ વિષયમાં 'કુમાર' પર લેખ મોકલ્યો, એટલું જ નહિ પણ વડોદરાના કલાભવનમાં નવા વર્ષથી રેડિયો–એન્જિનીઅરિંગના વર્ગો ખૂલે છે એવી જાહેરાત પણ 'કુમાર'માં છપાવી હતી. આમ 'કુમાર' સાથે તેમણે પરોક્ષ સંબંધ બાંધી દીધો હતો.

કલાભવનના પ્રિન્સિપલ થયા ત્યારથી સાઈકલ તેમના પર્યટનનું પ્રિય સાધન હતું. પણ એ પર્યટનો કુદરતમાં કે નગર બહારનાં સ્થાનો જોવા માટે જ હતાં. કોઇને ઘેર, જલસાઓમાં કે મંડળીઓમાં તેમને જતા કોઇએ જાણ્યા નહોતા. લાયબ્રેરી એમનું કાયમનું દેવમંદિર હતું. અનેક વિષયોનાં જ્ઞાન ને પરિચય સાધવાની તેમની ધૂન અજબ હતી. સ્વભાવે એકાંતપ્રેમી હોવા છતાં કોઈ પણ જાહેર વ્યાખ્યાન કે પરિષદમાં તે કોઈ ખૂણે છાનામાના આવીને ગોઠવાઈ જ જતા.

કલાભવનમાં તેમની હાજરી હોય ત્યાં સુધી કોઈ પણ વિદ્યાર્થીઓ શિક્ષકો કે નોકરો પોતાનાં સ્થાન છોડવાની હિંમત ન કરતા. નિયમિત રાઉન્ડ વખતે દરેક વર્ગ પર તે નજર ફેરવી લેતા ને બીજાઓ સમજે કે સમજાવે તે પહેલાં મુદ્દો પકડી લેતા. ગાયકવાડી રાજ્યનાં ખાતાંઓમાં રાજ્યના કૃપાપાત્રોની ઘણી ઘાલમેલ રહેતી અને તેથી સંનિષ્ઠ વોરાસાહેબને ઘણું સોસવું પડતું. પરિણામે તેઓ પોતાને યોગ્ય લાગે તેવા માણસોને રાખી શકતા નહિ તેનું તેમને દુઃખ રહેતું.

ઈ. ૧૯૧૮માં એક પ્રસંગ એવો આવ્યો કે જ્યારે કલાભવનના ચિત્રઅધ્યાપક શ્રી બુધવારકર ગુજરી ગયા અને હું મુંબાઈ છોડી દેવાનો વિચાર કરતો હતો. મારા મિત્ર સ્વ. ગજાનન પાઠક તે વખતે કલાભવનના સ્થાપત્ય (આર્કિટેક્ચર) વિભાગમાં અધ્યાપક હતા. તેમણે વોરાસાહેબને પૂછી એ જગ્યા માટે મને અરજી કરવા લખ્યું. 'વીસમી સદી' પત્રથી મારું નામ તો જાહેરાત પામ્યું હતું, પણ ખાતરી મેળવવા મેં 'વીસમી સદી'ના તંત્રી સ્વ. હાજીમહમ્મદની મદદથી સાક્ષરશ્રી નરસિંહરાવ દિવેટિયા પાસેથી વડોદરાના દીવાન સર મનુભાઈ ઉપર ચિઠ્ઠી મેળવી અને વોરાસાહેબ ઉપર સ્વ. રણજિતરામ વાવાભાઈની ચિઠ્ઠી મેળવી. આ બંને વ્યક્તિઓ આમ તો ટેક ધરાવતા ગૃહસ્થો હતા, પણ મારા તરફના તેમના સદ્‌ભાવે જ તેમની કલમ



છોટાલાલ
હરજીવનદાસ
વોરા

જન્મ
૧૦ સપ્ટેમ્બર
૧૮૮૪

અવસાન
૨૮ ફેબ્રુઆરી
૧૯૩૪

છૂટી થઇ હતી. શ્રી વોરાને હું મળ્યો. મારું કામ તથા ભલામણો જોઈ ખૂબ રાજી થયા અને, ત્યાંના માણસોને આશ્ચર્ય થાય તેમ, મને લઈ કલાભવનના ડિરેક્ટર (P. W. D. ના ઉપરી) મિ. કૉઈલ પાસે લઈ જઈ વાતચીત કરીને મને કહ્યું: 'તમારે સર મનુભાઈને મળવું હોય તો ભલે મળો; પણ હવે તમારે એકાદ માસમાં અહીં આવવું પડશે.'

આવી ખાતરી તેમણે આપી હોવા છતાં વડોદરા રાજ્યના કેળવણી ખાતાએ એ જગ્યા પર ફીમેઇલ ટ્રેઇનિંગ કૉલેજના, નિવૃત્ત થવાની તૈયારીમાં એવા, એક વૃદ્ધ ડ્રૉઇંગ માસ્તરને મૂકી દીધા અને તેની જગ્યા કોઈ નવાં પાસ થએલાં સ્ત્રી-ચિત્રશિક્ષિકાને આપી. શ્રી વોરાસાહેબનું ધાર્યું ત્યારે બન્યું હોત તો મારા જીવનમાં કોઈ નવો જ વળાંક આવ્યો હોત.

નિવૃત્ત થયા પછી વોરાસાહેબ એક વાર અમદાવાદમાં મારે ઘેર આવી ચડ્યા. હું જેમની તરફ દૂરથી ખૂબ માનથી જોતો હતો તે વ્યક્તિને મારી ખાસ મુલાકાતે આવેલી જોઈ મને આશ્ચર્ય અને આનંદનો ઊભરો આવ્યો. તેઓ નિરાંતે બેઠા. 'કુમાર'ના કાર્ય વિષે સંતોષ બતાવ્યો, નવાં સૂચનો પણ કર્યાં. તેમણે કહ્યું કે 'આપણે નવા સંસ્કારો અને વિદ્યામાં આગળ વધીએ છીએ પણ આપણા દેશનાં માણસોના ગુણો જોઇ શકતા નથી. આપણા ગ્રામજનો કોઈ સહાય કે સલાહ વગર માત્ર પોતાની સમજશક્તિ પરિશ્રમ અને અનુભવી જ્ઞાન ઉપર પોતાનાં અર્થતંત્ર નિભાવતા જીવન નિર્ગમન કરે છે તેમની સાથે આપણે એકતા સાધવાને બદલે તેમનાથી દૂર જતા જઇએ છીએ. તેમનાં દુઃખસુખ જોગવવાની તેમની ઘરગથ્થુ રીતો હોય છે તેનો અભ્યાસ કરતા નથી. હું હવે મોટા માણસો કે વિદ્વાનોને મળતો નથી; વાચનથી હું તેની ખોટ પૂરી શકું છું. પણ રોજ સવારમાં સાઈકલ લઈ નીકળી પડું છું અને રસ્તે કે કોઈ ઝાડ નીચે ગામડાના લોકો સાથે વાત કરું છું ત્યારે તેમની કોઠાબુદ્ધિ ને ડહાપણ માટે મને માન થાય છે.' એ વખતે તેમને મેં મારી ૧૯૧૮ની વાતની યાદ આપી ત્યારે તેમણે કહ્યું: 'ઈશ્વરનો ઉપકાર કે તમે ત્યાં ન આવ્યા. એ સારું જ થયું છે.'

સાઈકલનો એક અકસ્માત થયા પછી ડૉકટરોએ તેમને સાઈકલની મના કરી, એટલે પગપાળા પણ તે શહેરમાં કે આસપાસ નીકળી પડતા. આજના તરુણોના વિદ્યાર્થીજીવનમાં તથા યુવાનોમાં વ્યાપેલી વિલાસપ્રિયતા જોઈ તેઓ બહુ ખિન્ન રહેતા. આજની ઊગતી પેઢીમાં સંયમ, શિસ્ત અને અભ્યાસ-પરાયણતા કે જ્ઞાનપિપાસા તથા જિજ્ઞાસાનો તેમનામાં અભાવ જોઈ તેઓ ઘણો ખેદ બતાવતા.

એમને જાતજાહેરાત કે પ્રસિદ્ધ રીતે પોતાના વ્યક્તિગત સન્માન માટે અત્યંત ઉપેક્ષાવૃત્તિ હતી. એમના જ્યેષ્ઠ પુત્ર લેફ્‌૰ કર્નલ અશોક વોરા ભારત સરકારના ઉચ્ચ પંક્તિના લશ્કરી અમલદાર છે. તેમણે એક વાત કરી કે એકવાર એમના એક શિષ્ય યુરોપમાંથી ઉચ્ચ સન્માન્ય પદવી મેળવી મુંબાઈ આવ્યા ત્યારે ગુરુને વંદના કરવા આવ્યા. મળતાં જ કહ્યું: 'I was afraid I will meet the worst (મને તો બીક હતી કે આપની હયાતી હશે કે નહિ). પણ હવે મને આનંદ થાય છે કે આપ દીર્ઘાયુષી છો.' પણ, ઘણાં વર્ષો બાદ દૂરથી આવેલા શિષ્યની આ પ્રશસ્તિ આગળ ચાલે તેટલામાં તો તેઓ ઉપરના મેડે ચાલ્યા ગયા અને પેલા પ્રૌઢ શિષ્ય તેમનાં શ્રીમતી આગળ વાર્તાવિનોદ કરી વિદાય થયા.

એમનું જીવન કઠોર તપશ્ચર્યા જેવું એકાંતિક હતું, પણ જેમને તેઓ મળતા તેમને એમનામાં રહેલી દેશપ્રીતિ, સમાજસેવાની ઉચ્ચ ભાવના અને અન્યને માર્ગદર્શન આપવાની ઉત્કંઠાનો પરિચય થતો.

બે ગુજરાતીઓ

લેખક: રવિશંકર રાવળ

પોતે સૌરાષ્ટ્રના એક સામાન્ય જૈન કુટુમ્બના ફરજંદ હતા; પણ એ સમયમાં ભણતરની અનેક અગવડો છતાં આટલી ઊંચી વિદ્યા અને પ્રતિષ્ઠા પામેલા, તેથી ગુજરાતના એક શ્રીમંત પરિવારની કન્યા સાથે તેમનું લગ્ન થએલું. પરંતુ તેમના સંયમી અને એકાંતિક જીવન માટે તે સાનુકૂળ ન બન્યું. એ પાત્રના અવસાન પછી ગુજરાતના જૈન સમાજ પ્રતિ તેમના મનમાં અભાવ રહ્યો હશે. પછીથી કેટલાક મિત્રોની સહાયથી કલકત્તાના એક બંગાળી પરિવારમાં તેમને નવાં જીવનસાથી મળી ગયાં. તેમનાથી એમને બે બાળકો મળ્યાં. પછીથી એ બાઈનું અવસાન થતાં એ જ પરિવારનાં એક બીજાં બહેન તેમનાં શ્રીમતી બન્યાં અને તેઓ અત્યારે (ત્રણ પુત્ર અને બે કન્યાનાં વિધવા માતા) હયાત છે. એમને લીધે વોરાસાહેબ બ્રહ્મોસમાજના સભ્ય થયા હતા અને તેમની ઉત્તરક્રિયા બ્રહ્મોસમાજની રૂઢિ પ્રમાણે યજ્ઞ ને પ્રાર્થના-સંગીતથી થઈ હતી. તેમનાં સર્વ બાળકો પ્રતિભાસંપન્ન તથા પ્રગતિશાળી છે અને દેશની સેવા કરનારી ઉચ્ચ કક્ષાની જગ્યાઓ પર છે.

ઈ. ૧૯૩૦માં યુરોપમાં ત્રણ મહિના ફરીને સામાન્ય કેળવણી અને કલાકૌશલ (ટૅકનિકલ) શાળાઓનું અવલોકન તથા પરિચય કરીને એમણે જે ઝીણવટભર્યો અહેવાલ તૈયાર કરેલો ને જે વડોદરા રાજ્યે બહાર પાડેલો તે એમની બુદ્ધિપ્રતિભાના સર્વોત્તમ નમૂનારૂપ છે. એ અહેવાલમાં એમણે પોતાના વિશાળ સાહિત્ય-વાચનથી કરેલી રસમય પૂરણી કરતાં જે વાકયો અને અવતરણો મૂકયાં છે તે પરથી તેઓ કાવ્યો અને સાહિત્ય ભાવનાથી કેટલા પરિપ્લાવિત હતા તે સમજાય છે. આજે પણ દેશમાં સ્થપાતી નવી ઔદ્યોગિક સંસ્થાઓના નિર્માતાઓને પ્રેરણા આપી શકે એવો એ અહેવાલ પ્રચારને પાત્ર છે. ડૉ. જીવરાજ મહેતા અને અન્ય શુભેચ્છક અગ્રણીઓ એમને ગુજરાતમાં માતૃભાષાના માધ્યમ દ્વારા ઔદ્યોગિક કલાકૌશલના શિક્ષણના અગ્રચારી (પાયોનીઅરી) લેખતા.

એમની ટૂંક જીવન–સાલવારી પણ ઘણું કહી શકશે. જન્મ: ૧૦ સપ્ટે૰ ૧૮૮૪; ૧૯૦૨માં ઝેવિયર્સ કૉલેજમાંથી મુંબાઈ યુનિવર્સિટીના બી.એ. જુલાઈ ૧૯૦૪માં સર મંગળદાસ ટૅકનિકલ સ્કૉલર બનીને સિવિલ અને ઇલેક્ટ્રિકલ એન્જિનીઅર થવા ઇંગ્લંડ. બે વર્ષ લંડનમાં અને બે વર્ષ માન્ચેસ્ટરમાં રહી અભ્યાસ કરતાં વૅકેશન દરમિયાન ઇંગ્લંડનાં કેટલાંક એન્જિનીઅરિંગ કામો તેમજ વીજળીઘરો (પાવર-હાઉસ)માં અનુભવ લીધો અને ઈ. ૧૯૦૮માં A. M. I. C. E. લંડનની ડિગ્રી મેળવી. ૧૯૦૯ની ૭મી નવેમ્બરે વડોદરા પી.ડબ્લ્યુ.ડી. ખાતામાં થોડા સમય પૂરતા રહ્યા બાદ તરત વડોદરા કલાભવનના કાયમી પ્રિન્સિપલ થયા. ૧૯૧૬માં બનારસ હિન્દુ યુનિવર્સિટીની સ્થાપના વેળા એન્જિનીઅરિંગ ને ઇલેક્ટ્રિક ફૅકલ્ટી તરફથી પ્રારંભિક વ્યાખ્યાનો આપ્યાં. ૧૯૩૦માં યુરોપના મુખ્ય દેશોમાં ફરીને સામાન્ય તેમજ કૌશલ શિક્ષણ (ટૅકનિકલ એડ્યુકેશન) આપતી સંસ્થાઓનું અવલોકન કર્યું અને એ જ વર્ષના જૂનમાં બર્લિનમાં મળેલી પાવર કૉન્ફરન્સની અનેક સભા-ચર્ચાઓમાં ભાગ લીધો. ત્યાંથી આવ્યા બાદ તે સર્વેનો તેમનો રસપ્રદ અહેવાલ રાજ્ય તરફથી પ્રસિદ્ધ થયો. ઈ. ૧૯૩૬માં કલાભવનમાંથી નિવૃત્ત થયા. ગઈ તારીખ ૨૮મી ફેબ્રુઆરી (૧૯૬૪)ના રોજ તેમનું દેહાવસાન થયું.

૨ માસ્તર ઉસમાન બચલ ખુડખુડિયા

માસ્તર ઉસમાન બચલ ખુડખુડિયાનો જન્મ કચ્છના ભુજ તાલુકામાં આવેલા માનફવા નામે ગામડામાં, ચામડાં કમાવવા અને રંગવાનો ધંધો કરતા મુસ્લિમ કચ્છી ખત્રી બચલભાઈને ત્યાં થયો હતો. પિતા અકાળે ગુજરી જતાં તે પોતાનાં માતા સાથે ભુજમાં મામા જાનમાહમદ ઘડિયાળીને ત્યાં ઊછરીને મોટા થયા, અને ભુજની ગુજરાતી શાળામાં સાતમી ચોપડીમાં ઊંચે નંબરે પાસ થઈ ત્યાં શિક્ષક તરીકે ચાર વર્ષ નોકરી કર્યા બાદ ત્યાં જ હેડમાસ્તર થયા. કચ્છના ત્યારના વિદ્યાઅધિકારી દલપતરામ પ્રાણજીવન ખખ્ખરે તેમની સારી યાદદાસ્ત અને કેળવણીનો શોખ જોઈ સ્કૉલરશિપ અપાવીને અમદાવાદમાં સર પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજમાં મોકલ્યા, જ્યાંની ફાઈનલ પરીક્ષામાં તે સંસ્કૃતમાં પહેલા નંબરે પાસ થયા. મોટા વિદ્વાનોએ પણ એમની પ્રશંસા કરી કે એક મુસ્લિમ સંસ્કૃતમાં પહેલે નંબરે પાસ થાય એ ઘણા ધન્યવાદને પાત્ર છે.

અમદાવાદથી પાછા ભુજ આવી તેમણે પોતાની નોકરી સંભાળી લીધી. સાથેસાથે ડ્રૉઇંગ (ચિત્રકર્મ)નો અભ્યાસ કરી મુંબાઈની સર જે. જે.સ્કૂલ ઑવ આર્ટની ફાઈનલ પરીક્ષા પણ પહેલા વર્ગમાં પાસ કરી. એ પછી તેમણે તસવીરો પણ કરવા માંડી અને તેમની પ્રસિદ્ધિ વધી. થોડાં વર્ષો બાદ તેમને રાજકોટની હન્ટર મેઈલ ટ્રેઇનિંગ કૅાલેજના હેડ માસ્તર અને સુપરિન્ટેન્ડેન્ટની જગ્યા માટે પુછાયું, એટલે ભુજની નોકરીનું રાજીનામું આપી રાજકોટ આવ્યા. એ પછી તેમની બદલી બાર્ટન ફીમેઈલ ટ્રેઈનિંગ કૅાલેજમાં થઈ.

જ્યારે તેમની ઉંમર ૪૫ વર્ષની થઈ ત્યારે એમને પ્રતીતિ થઈ કે જ્યાં સુધી ભાષામાં ઓછામાં ઓછું મૅટ્રિક સુધીનું સર્ટિફિકેટ ન મળે ત્યાં સુધી નામાંકિત અંગ્રેજ કેળવણી-અધિકારીઓમાં પોતાની કદર થવી મુશ્કેલ છે. તેમનું અંગ્રેજીનું જ્ઞાન અનુભવથી તો સારું થયું હતું પણ અંગ્રેજી સર્ટિફિકેટ મેળવવા ખાતર પાકટ વયે તેમણે મૅટ્રિકની પરીક્ષા આપી અને તેમાં પણ પહેલી કક્ષામાં પાસ થયા.

રાજકોટમાં તેઓ આલ્ફ્રેડ હાઈસ્કૂલ તથા રાજકુમાર કૅાલેજમાં પાર્ટ ટાઈમ શિક્ષક પણ હતા, અને દર અઠવાડિયે એ બંને સ્થળે



યુવાન વયે



અંતિમ દિવસો

જન્મ: ૨૭ ફેબ્રુઆરી ૧૮૯૦] આયુ ૮૧ [અવસાન ૧૩ મે ૧૯૪૧

રવિવારે એક કલાવર્ગ પણ ચલાવતા.

અઠ્ઠાવન વર્ષની ઉંમરે તેઓ રાજકોટની નોકરીમાંથી નિવૃત્ત થઈ પંચગનીની મુસ્લિમ હાઈસ્કૂલમાં હેડ માસ્તર અને સુપરિન્ટેન્ડેન્ટ તરીકે જોડાયા. ત્યાં હાઈસ્કૂલની નજીક એક ટેકરી પર તેમનું પ્રિય છાપું 'ટાઇમ્સ ઑવ ઈન્ડિયા' લઈને તે જતા. સાથે ડિક્ષનેરી પણ રાખતા અને જે કોઈ નવો શબ્દ આવે તે તેમાં શોધી અર્થ જાણી લેતા. એ ટેકરીને પંચગનીના લોકો ખુડખુડિયા ટેકરી કહેતા! આ 'ખુડખુડિયા' અટક કેમ પડી તે વિષે જાણવા મળે છે કે તેમના વતનના ગામમાં જ્યારે કોઈ મોટું માણસ ગુજરી જાય ત્યારે જે લોકો સૌ પ્રથમ ખરખરો કરવા જાય તે ખુડખુડિયા કહેવાતા. ઉપરાંત, જે માણસ સારી રીતે વાકેફ કે અનુભવી હોય અને ભોમિયા જેવો ગણાય તેને પણ ખુડખુડિયા કહેતા.

પંચગનીમાં તેર વર્ષ નોકરી કર્યા પછી તેઓ આંખે અંધ અને કાને બહેરા થઈ ગયા, એટલે ત્યાંથી છૂટા થઈ મુંબાઈમાં પોતાના પુત્ર-પરિવાર સાથે આવી રહ્યા. જિંદગીનાં છેલ્લાં આઠ વર્ષ ઘણા દુઃખમાં વિતાવ્યાં બાદ ૧૯૪૧ની ૧૩મી મેએ તેઓ અવસાન પામ્યા. મુંબાઈના ક્વીન્સ રોડ પરના મોટા કબ્રસ્તાનમાં તેમનો દેહ દફન થયો.

મરહૂમ ઉસમાન માસ્તરનાં પત્ની હલીમાબાઈ અને બે પુત્રો ઉમરભાઈ અને વલીમહમદ હાલ મુંબઈમાં જ વસે છે.

તેમણે જિંદગીનાં મુખ્ય ત્રણ ધ્યેય રાખ્યાં હતાં: (૧) સાદું જીવન અને ઉચ્ચ ભાવનાઓ (૨) કેળવણીનો પ્રચાર–ખાસ કરીને ટેક્નિકલ (કૌશલવિજ્ઞાન)નો પ્રચાર; (૩) અભ્યાસ અને સંશોધનપૂર્ણ જીવનપ્રવૃત્તિ. કસરતમાં તેમને ફરવાનો શોખ હતો. તેઓ દર રવિવારે પંચગનીથી મહાબળેશ્વર ૧૦ માઈલ દૂર ચાલીને જતા અને આવતા: એમ ૨૦ માઈલની સફર થતી. ઈ. ૧૯૩૫માં જૂનાગઢના કેળવણી ખાતાના અધિકારી નાનચંદ જશરાજ વખારિયા તો પત્રોમાં તેમને 'ભીષ્મપિતામહ' લખીને સંબોધતા હતા.

એમની સતત અભ્યાસી પ્રવૃત્તિ દરમિયાન લખાએલાં પુસ્તકોની યાદી તેમના ઉદ્યમની સાક્ષી પૂરે છે: ૧) વિરોલી: કચ્છી ભાષાનાં ઉખાણાં તથા સમસ્યાઓ–કચ્છી ભાષામાં. ૨) વાક્ય-પૃથક્કરણ અને સંકલન. ૩) શાળોપયોગી નિબંધસંગ્રહ. ૪) અક્ષરો સુધારવા માટેની ગુજરાતી કૉપીબુક્સ ધોરણ ૧ થી ૭ સુધી. ૫) ઉર્દૂ ખુશખત્તી (કૉપીબુક) ભા. ૧ થી ૪ સુધી: ઉર્દૂમાં. ૬) સ્કેઈલ ડ્રૉઈંગ ઍન્ડ લેટરિંગ (માપચિત્ર તથા સુલેખન. ૭) જ્યૉમેટ્રિકલ ડિઝાઈન્સ: અંગ્રેજીમાં-ડ્રૉઈંગના વર્ગો માટે. ૮) ગ્રામર ઑવ કલરિંગ: લખેલું તૈયાર પણ અપ્રકટ. ૯) મેમરી ડ્રૉઈંગ—૧ થી ૩ ગ્રેઈડ સુધી. ૧૦) ફ્રી હૅન્ડ ડ્રૉઇંગ. ૧૧) સાદું ડ્રૉઈંગ: ધોરણ, સાત ભાગ. ૧૨) શહેનશાહી મુખગણિત: ચાર ભાગ. ૧૩) કચ્છી મુખગણિત: ચાર ભાગ. ૧૪) દેશી નામું. ૧૫) ગુજરાતની નકશા-ભૂગોળ. ૧૬) સરળ અંકગણિત: ૧ થી ૩ ગુજરાતી ધોરણ સુધી. ૧૭) માધ્યમિક અંકગણિત. ૧૮) સોલ્યુશન્સ ઑવ ગોખલે ઍન્ડ નાઇક ઍરિથમેટિક. ૧૯) સોલ્યુશન્સ ઑવ ડ્રૉઈંગ એક્ઝામિનેશન્સ: ગ્રેઈડ ૧ થી ૩ માટે. ૨૦) ગુજરાતી પહેલીથી પાંચમી સુધીની ચોપડીના અર્થો: પાંચ ભાગ. ૨૧) હસ્તલેખ-વાચન (હાથે લખેલા અક્ષરો ઉકેલવાનું. ૨૨) હસ્તલેખ-વાચનનો ખુલાસો. ૨૩) કચ્છની લઘુભૂગોળ: જેમાં નકશા કરી આપ્યા છે. ૨૪) સોલ્યુશન્સ ટુ સ્કેઈલ ડ્રૉઈંગ ઍન્ડ લેટરિંગ. ૨૫) સોલ્યુશન્સ ટુ જ્યૉમેટ્રિકલ ડિઝાઇન્સ. ૨૬) ભૂગોળ તથા ખગોળનો ઉપયોગ. ૨૭) કિન્ડરગાર્ટનની પદ્ધતિ. ૨૮) પદાર્થપાઠ: ધોરણ ૧ થી ૫ સુધી. ૨૯) કાયદાસંગ્રહ. ૩૦) બાલગરબાવલી. ૩૧) મોટું માપકરણ. ૩૨) બાલગરબાવલીનું વિવરણ. આ ઉપરાંત બીજાં કેટલાંક મળી કુલ ૩૬ પુસ્તકો તેમના નામે ચડેલાં છે.

(માહિતી તેમના પુત્ર ઉમરભાઇ ખુડખુડિયા દ્વારા)

રજનીકાન્ત
પ્રાણલાલ
રાવલ

જેમાં વિધાતાનો ડાબો હાથ કરી જાય છે
રક્ત તિલક

દિલ્હીથી મુંબાઈ આવ્યે ચાર દિવસ થયા હતા. 'નીફા'નો થાક હજુ ઊતર્યો નહોતો. બે દિવસ ફ્લૅટમાં જ પડ્યો રહ્યો.

કાલે 'તાજ'માં જઈ આવ્યો. લિફ્ટ તરફ જતો હતો ત્યાં 'રાંદેવૂ'ના ખૂણામાં બેઠેલા બે જૂના મિત્રોએ બેરર દ્વારા મને બોલાવ્યો. ડૉ. મહેતાએ 'વેલકમ હોમ ડૉ. મુનશી' કહી કૉફી ઑફર કરી. બાજુમાં બેઠેલા કૅપ્ટન કપૂરે 'હૅવ અ પૅગ ઑવ વ્હિસ્કી' કહી પીવાનો આગ્રહ કર્યો. ખાલી ખુરશીની પીઠ પાછળ સ્ટિક લટકાવી બેઠો. તેમણે લંગડાતા પગ વિષે પૂછ્યું. કેવી રીતે ઘાયલ થયો તેનું મેં વર્ણન કર્યું. યુદ્ધ સંબંધી બીજી વાતો થઇ. રિટાયર થઈ પ્રૅક્ટિસ કરવા વિચાર છે એમ કહ્યું. કૉફી પી, બન્નેનો આભાર માની, રજા લીધી.

ફ્લૅટની બહારની બાલ્કનીમાં ખુરશી પર બેસી સિગાર પીતો દૂર મલબાર હિલની નીચે સમુદ્રનાં કાળાં પાણીમાં ડૂબતા સૂરજને જોઈ રહ્યો. ડિસેંબર શરૂ થયો હતો. હૅન્ગિંગ ગાર્ડનની ઝાડીઓ પર સાંજનાં અંધારાં ઊતરવા લાગ્યાં હતાં. મરીન ડ્રાઈવની મેખલાકાર ફૂટપાથ પર હજુ બત્તીઓ સળગી નહોતી.

પશ્ચિમ તરફના ભૂખરા અવકાશમાં પ્રકાશના લાલ ચીરા દેખાતા હતા—જાણે જખમી આકાશની ધૂસર જર્સીમાંથી રક્ત ટપકતું ન હોય! ના, શ્યામલ કપાળ પર રક્ત તિલક!

રક્ત...વાલૉંગ...અજય...સુકેતુ...સુષમા...વીસ-એકવીસ વર્ષ પહેલાંના દિવસો યાદ આવ્યા. આંખો આગળ સ્મૃતિચિત્રો ફરવા લાગ્યાં.

તાજો એફ. આર. સી. એસ. થઈ વિલાયતથી મુંબાઈ આવ્યો હતો. ક્વીન્સ રોડ પર ક્લિનિક રાખ્યું હતું. સાથે એક નાનું ઑપરેશન થીએટર. 'લૅન્સેટ'ના નવા અંકમાં મોં ઘાલી બેઠો હતો ત્યાં કૉલૅપ્સિંગ શટર ઊઘડવાનો અવાજ સાંભળી મોં ઊંચું કર્યું. જોયું તો સુકેતુ.

'હલ્લો કેતુ! ક્યારે આવ્યો?' 'લૅન્સેટ' ટેબલ પર મૂકતાં પૂછ્યું.

'આજે સવારે.' તેણે ધીમેથી કહ્યું. સદૈવ સ્મિતથી શોભતો સુકેતુનો ઊજળો ઓવલ ચહેરો ચિંતાતુર ને ઝાંખો લાગ્યો.

'કેમ આમ સીરીઅસ ને નર્વસ દેખાય છે? શું છે?'

'જરા એવું જ છે—સંજીવ. આઈ ઍમ ઈન ટ્રબલ.'

'શી મુશ્કેલી છે?'

'સુષમા... ઈઝ કૅરીઈંગ છે.' એ જરા અચકાતાં બોલ્યો.

'ઓહ! પણ એમાં ચિંતા કરવા જેવું કંઇ જ નથી, ભાઈ.'

'ઈટ ઈઝ ઍન અનફૉર્ચ્યુનેટ ઍક્સિડેન્ટ.'

'એમાં કમનસીબ શું? અકસ્માત ભલે કહે. તો હવે...' મેં સિગારેટ સળગાવતાં કહ્યું.

'હું તારી મદદ લેવા આવ્યો છું.' રૂમાલ વડે તેણે મોં લૂછ્યું.

પછી તેણે સુષમા વિષે—બન્ને જુદી જ્ઞાતિનાં—લગ્નની મુશ્કેલી—માતાપિતા ઑર્થોડૉક્સ—તેમનો વિરોધ—સુષમા, મામામામીની આશ્રિત—સમાજમાં બદનામી—મૂંઝવણ—ભય—થોડા દિવસોમાં ધંધા અંગે પોતાને અમેરિકા જવાનું—વગેરે ઘણી વાતો કરી.

સુકેતુ મારો નિશાળથી ભાઈબંધ. ગુજરાત કૉલેજમાં પણ સાથે જ. ઈન્ટર સાયન્સમાં એણે 'એ' ગ્રૂપ લીધું, મેં 'બી' ગ્રૂપ, એટલે થોડા છૂટા પડ્યા. બાકી ટેનિસ રમવામાં, પિકનિક-સિનેમામાં બધે સાથે. બી. ઈ. થઈ એ જર્મની રવાના થયો, હું એમ. બી. બી. એસ. પછી વિલાયત ગયો. પાંચ વર્ષ પછી એ મોટી એન્જિનીઅરિંગ ફર્મની અમદાવાદ બ્રાન્ચનો મૅનેજર થયો. મેં મુંબાઈમાં જ પ્રૅક્ટિસ શરૂ કરી.

'સંજીવ, ઍબૉર્શન ન કરાવી શકાય?' સુકેતુએ મારી સામું ન જોતાં, બારી બહાર દેખાતા ગુલમહોરના ઝાડ તરફ જોઈ પૂછ્યું.

'એ શું બોલ્યો? એવી મદદ હું ન કરું. અમે ડૉક્ટરો જીવરક્ષા માટે છીએ—જીવહત્યા માટે નહિ સમજ્યો? જરા હિંમત રાખ.'

'પણ એમાં વાંધો...'

'મેં ના કહ્યું ને? મારાથી એ ન જ થઈ શકે. ને થવા પણ ન દઉં.'

'પણ લગ્ન શક્ય નથી.'

'બધું જ શક્ય છે. હું કરાવી આપીશ. સુષમાને અંદર બોલાવી લાવ, પછી આગળ વાત. આજે જ રજિસ્ટ્રારને ત્યાં જઈએ.'

સુષમાને લઈ સુકેતુ કૅબિનમાં આવ્યો. નમણી, સૌમ્ય સુષમા જોતાં જ ગમી જાય તેવી હતી. ઝૂલતા પુલની કમાનો જેવી ભમરોમાં કંપ જણાતો હતો. નત પલકો પર સંકોચનો ભાર હતો. ચેસ્ટનટ રંગની મોટી આંખોમાં વિષાદની પ્રવાહી, પારદર્શક છાયા તરતી હતી.

'આવો, બેસો સુષમાબેન. કેતુએ મને બધી વાત કરી છે. આમાં ચિંતા કરવા જેવું કંઈ નથી. એવરીથિંગ વિલ બી ઑલ રાઇટ.'

થોડી વાર સુધી બીજી વાતો કરી મેં સુષમાનો સંકોચ દૂર કરવાનો પ્રયાસ કર્યો. કૉફી પીને ઍલ્ફિન્સ્ટન સર્કલ પર આવેલી રજિસ્ટ્રારની ઑફિસે પહોંચ્યાં. ફૉર્મ ભરી, રજિસ્ટ્રારને ઘેર બોલાવવાની તારીખ નક્કી કરી. ઘેર પાછા ફરતાં ચોપાટીની સામે મિસિસ કુલકર્ણીના મૅટર્નિટી હોમમાં સુષમાનું નામ નોંધાવ્યું.

ફ્લૅટ પર આવ્યાં. બા તો વર્ષોથી સુકેતુને ઓળખતાં. સુષમાની ઓળખાણ કરાવી. બા ફૉર્વર્ડ વિચારનાં હતાં એટલે કંઇ ચિંતા ન હતી. કેતુ અમદાવાદ જઈ આવ્યો. નક્કી કરેલી તારીખે રજિસ્ટ્રાર આવ્યા. લગ્ન નોંધાયાં. મેં ત્રણચાર ડૉક્ટર મિત્રોને નિમંત્રેલા. નાનકડો સરસ સમારંભ થયો.

થોડાક દિવસો બાદ કેતુ અમેરિકા ગયો. સુષમાને એકલવાયું ન લાગે, કેતુનો વિયોગ ન સાલે તે માટે હું તથા બા બનતો પ્રયાસ કરતાં, સાંત્વન આપતાં. બન્ને પક્ષના વડીલો લગ્નના સમાચાર સાંભળી નારાજ થયાં હતાં. સુષમા વિષાદ ને વિવશતાની મૂર્તિ જેવી લાગતી.

પાંચ મહિના બાદ એણે કુલકર્ણીની હૉસ્પિટલમાં પુત્રને જન્મ આપ્યો. ગોરું, ભરાવદાર સુંદર બાળક હતું. કેતુની જ પ્રતિકૃતિ. બાએ નામ પાડ્યું અજય. મેં કેતુને જરા ગમ્મતમાં તાર કર્યો: 'બૉની સોલ્જર ઍરાઇવ્ડ.'

થોડાક મહિના પછી સુકેતુ પાછો આવ્યો. અજયનાં દાદા-દાદી પૌત્ર તથા પુત્રવધૂને પોતાની સાથે લઈ ગયાં. ગુલાબી ગાલ પર અનેક ચુંબનો ચોડી અજયને વિદાય કર્યો. ઘર સૂનુંસૂનું થઈ ગયું.

વર્ષો વીત્યાં. કોક વાર તેઓ બધાં મુંબાઇ આવતાં, તો કદીક હું અમદાવાદ જતો. મને પરણાવવાના અધૂરા કોડ લઈ બા ચાલ્યાં ગયાં.

હું એકલો પડચો. ઑસ્પિટલ ને ક્લિનિકની 'મૉનૉટનો'થી કંટાળ્યો.

દેશ આઝાદ થયો. જરૂરી તાલીમ લઈ મેડિકલ ઑફિસર તરીકે સેનામાં જોડાયો. 'યૂનો'ની સૂચના મુજબ એશિયા—યુરોપ—આફ્રિકાના જુદાજુદા પ્રદેશોમાં મેડિકલ ઑફિસર તરીકે ફર્યો. ભારતમાં મદ્રાસ, મુંબાઇ, દિલ્હી, તેજપુર વગેરે સ્થળોએ ફરતો રહ્યો. ઘરની માયા નહોતી. વિવિધ દેશપ્રદેશો જોવાની ઉત્કંઠા હતી.

ચારપાંચ વર્ષ પહેલાં સુકેતુએ દેહરાદૂનની 'ઇન્ડિયન મિલિટરી ઍકૅડમી'માં અજયને દાખલ કર્યાના સમાચાર લખ્યા ત્યારે આશ્ચર્ય અને ચિંતા થયાં. એકના એક પુત્રને મોકલતાં સુષમાને કેવું લાગ્યું હશે! સુકેતુના સ્પિરિટ અને સુષમાના ત્યાગ વિષે વિચાર કરતો રહ્યો.

૧૯૬૨નો ઑક્ટોબર. ચીની આક્રમણ થતાં નીફા પહોંચી જવાવાનો ઑર્ડર મળ્યો. બીજે દિવસે દિલ્હીથી નીકળવાનું હતું. 'આર્મી મેડિકલ કોર'ની ઑફિસમાં અચાનક અજય મળી ગયો. હું તુરત ઓળખી ન શક્યો. એ 'ડૉક અંકલ!' કહી બાઝી પડ્યો! પાતળો, નાજુક કિશોર હવે ઊંચો, પહોળો સ્માર્ટ જવાન થયો હતો. પોતાને સેકન્ડ લૅફ્ટેનન્ટનું કમિશન મળ્યાના સમાચાર આપ્યા. મમ્મી-પપ્પા વિષે પૂછ્યું. એ અમદાવાદ એક મહિનો રહી આવ્યો હતો.

તેનું પણ નીફા પર પોસ્ટિંગ થયું હતું. ચોક્કસ જગ્યા તેજપુર પહોંચ્યા પછી નક્કી થશે એમ કહ્યું. મારે વાલોંગથી ૩૦-૩૫ માઇલ દૂર M.D.S. (મેઈન ડ્રેસિંગ સ્ટેશન)ની ઑસ્પિટલમાં કામ કરવાનું હતું. રાતે અજયને 'જનપથ' હૉટેલમાં ડિનર પર બોલાવ્યો. મેં કોરિયાના, કૉંગોના અનુભવો કહ્યા. યુરોપના પ્રવાસનું વર્ણન કર્યું. હૉબીઝ, ટ્રેનિંગ ઍકૅડમી વગેરેની ચર્ચા થઈ. મોડી રાતે છૂટા પડતી વેળા એના ઉન્નત ખભાને બાથમાં લઇ ભેટચો. પીઠ થાબડી. બન્નેના મનમાં મૌન વાણી ગુંજતી હતી. અજયની હેઝલ આંખોમાં પાણી ચમક્યું. મેં ધીમે સ્વરે કહ્યુ: 'ગુડ બાઈ સેન્ની' મોં પર પ્રયત્નપૂર્વક સ્મિત લાવી તે બોલ્યો: 'ખુદા હાફિઝ, ડૉક અંકલ!'

મને સિયાંગ ફ્રન્ટીઅર પરના લોહિત ડિવિઝનના M.D.S.નો ચાર્જ સોંપવામાં આવ્યો. વાલૉંગની દક્ષિણમાં ઑસ્પિટલનું મકાન ઊંચા ટેકરા પર બાંધેલું હતું. પશ્ચિમ તરફ તંબૂઓ અને ક્વાર્ટર્સ, લંગર, કૅન્ટિન, સ્ટોર્સ વગેરે હતાં. ઑસ્પિટલની બહાર લૉન અને નાનકડો બગીચો હતો. હજારેક ફૂટ નીચે અંગ્રેજી 'વી' આકારની ઘાટી. પહાડોના ઢોળાવો પર હરિયાળાં ખેતરો મોટી સીડીનાં પગથિયાં જેવાં દેખાતાં. નૈઋ ત્યમાં ડુંગર પર ઊંચા શિખરવાળું ગૉમ્પા–બૌદ્ધ મંદિર. તેની બાજુમાં જાપાની રોશોમન જેવાં છાપરાંવાળું મઠનું મકાન. મઠની દીવાલ આગળ વાંસડાઓ પર લાલ-પીળી ધજાઓ ફરફરતી દેખાતી. તરાઇની સમતલ ભૂમિ પર પહાડી ગામનાં ઝૂંપડાં રમકડાં જેવાં, ને મેદાનોમાં ચરતી ભેંસો મંકોડા જેવી લાગતી.

વાયવ્ય તરફ, લોહિત અને શીતી નદીઓના સંગમ ઉપર, ખડકોના ખભા પર બાંધેલો વાંસનો કાબરચીતરો ઝૂલતો પુલ જાણે ઊંઘ્યો પડેલો અજગર. કરાડોના વિશાળ પેટ નીચેની કાળી કોતરોમાં અથડાઈ ઘૂમરીઓ ખાતાં ચળકતાં પાણીનાં મોજાં. કિનારાના ઊંચાણ પર જાંબુડી રંગનું બિતુલ ઘાસ. કેળનાં ઝુંડ. લીલાં વાંસ-વન. ર્‌હોડોડેન્ડ્રૂનનાં લાલ ફૂલ. નેતરનું પીળચટ્ટું જંગલ.

દૂરબીનથી ઉત્તર તરફ જોતાં, ધુમ્મસ ન હોય તો વાલૉંગનો થોડો ઝાંખો ભાગ દેખાય. બૌદ્ધ ધર્મશાળાનું સફેદ મકાન પણ નજરે પડતું.

ઑસ્પિટલની વ્યવસ્થા અંગે પૂછપરછ કરવા તથા 'પૅરેશ્યૂટ ડ્રૉપ'માં આવેલી દવાઓ અને ઓજારોની પેટીઓ લેવા હેડક્વાર્ટર્સ પર જવાનું હતું. હવાલદાર હરિસિંગ રેડક્રૉસવાળી ભૂરી જીપ લઈ આવ્યો. તેની બાજુમાં હું બેઠો. વિંડસ્ક્રીન આગળ ચામડાના 'લૂપ'માં રાઈફલ ભરવેલી હતી.

તરાઇના ઢોળાવની એક બાજુ પર બનાવેલા ઊબડખાબડ રસ્તા પર ઊછળતી, હાંફતી જીપ ધીરે ધીરે દોડવા લાગી. ધુમ્મસને લીધે ઢોળાવ પરથી વાહનો તથા ખચ્ચરો નીચે ગબડી ન પડે એ માટે રસ્તાની ધાર પર ચારેક ફૂટ ઊંચી વાંસની વાડો ઊભી કરવામાં આવી હતી. ખડકો તથા મોટા પથ્થરો સ્પષ્ટ દેખાય એ હેતુથી તેમને પીળારંગથી રંગવામાં આવ્યા હતા. નવેમ્બર પૂરો થયો હતો છતાં એ દિવસે વિશેષ ધુમ્મસ નહોતું. દૂર ઉત્તર તરફના પર્વતોનાં હિમાચ્છાદિત શિખરો 'ક્રીમ-પફ' આઇસક્રીમ ભરેલા 'કોન્સ' જેવાં લાગતાં. પૂર્વ તરફ ધૂસર હવામાં પ્રકાશની પીળી રિબનો ફરફરતી હતી.

વખત પસાર કરવા મેં હરિસિંગને પૂછ્યું: 'ક્યોં હવાલદાર, યહ રાસ્તા અભી ઠીક નહિ હુઆ? ઉસ દિન તો બહુત સે મઝદૂર આયે થે.'

'વો ગૅન્ગ તો ઈમર્જન્સી કી વજહ સે વાલૉંગ વાપસ બુલા લી ગઇ. ચીનીઓં કે દુબારા હમલે સે ઉન્હેં યહાં કા કામ છોડ કર વહાં ભાગના પડા!' હરિસિંગ મેરઠ તરફનો જાટ હતો.

'પહલી બાર જબ હમલા હુઆ તબ તુમ વહીં થે ન?' મેં પૂછ્યું.

'હા કર્નલસા'બ. સત્તાઈસ ઔર તીસ અક્તૂબર કો કૈસે ભૂલ સકતા હૂં? હમેં મુધાલતોં મેં રખ કર ચીની ભેડિયોં ને મુંહ અંધેરે હી હમારે પર ધાવા બોલ દિયા. હમારી બેખબરી કા ઉન મક્કારોંને ફાયદા ઉઠાયા. લેકિન હમ કબ પીછે ડટનેવાલે થે! ડટ કર મુકાબલા કિયા. ખૂંખાર લડાઈ હુઇ. દેખિયે ઉસ જંગ કી યાદગાર.' કહી તેણે ડાબા હાથની બાંય ઊંચી કરી કાંડા પર વાગેલી ગોળીનો ઘા બતાવ્યો.

લીલા મેદાનમાં વસેલું એક પહાડી ગામ આવ્યું. બે વાંસડા વચ્ચે લટકતા બોર્ડ પર 'MAZU' (Height 5013 feet) લખેલું હતું. લાકડાની વળીઓના પ્લૅટફૉર્મ પર બાંધેલાં ઘાસનાં ગોળ ઝૂંપડાં ને સ્વચ્છ આંગણાંમાં ફૂલઝાડ. વાંસડા પર લટકતી ધજાઓ. આસપાસ પગદંડીઓ. ઝૂંપડાંની દીવાલ ખડી ચૂનાથી ધોળેલી ને તેના પર રંગબેરંગી ચિત્રો દોરેલાં હતાં.

પશ્ચિમ તરફ ડુંગરની ગીચ ઝાડીની અંધારી બખોલમાં પ્રવેશવા મથતો ઊજળો પ્રકાશ સફેદ હાથીના બચ્ચા જેવો લાગતો હતો.

ડુંગરોના ખોળા ખૂંદતી, ખીણોમાં ડોકિયાં કરતી જીપ આગળ વધતી હતી. દૂર દેખાતી સફેદ વસ્તુ તરફ આંગળી ચીંધી હવાલદારે કહ્યુ: 'સા'બ વો જો દિખાઇ દેતી હૈ વહી બૌદ્ધોં કી ધર્મશાલા! વહીં વો ખૂંખાર લડાઈ હુઈ થી. આપ કહેં તો જીપ વહીં સે લે લૂં. ચક્કર લગાને મેં પંદરા-બીસ મિનટ કા ફર્ક પડેગા.'

'લેકિન લંચ સે પહલે તો હેડક્વાર્ટર્સ પર પહુંચના ઝુરૂરી હૈ.'

'પહુંચ જાયેંગે સા'બ. કહી તેણે સ્ટીઅરિંગ ફેરવ્યું અને શીતીનો પુલ ઓળંગી નદીને કિનારે સુસવાટા મારતી હવાનો સામનો કરતી જીપ દોડવા લાગી. થોડી વારે ધર્મશાળાના વિશાળ પટાંગણના દરવાજા આગળ ગાડી ઊભી રહી. બૅયોનેટ ચડાવેલી રાઈફલ લઈ ઊભેલા સંત્રીની 'સેલ્યૂટ' ઝીલી અંદર દાખલ થયો.

ચૉકની વચ્ચોવચ તિરંગો ફરકતો હતો. ફરસબંધી ઠેકઠેકાણેથી ઊખડી ગએલી ખાડાવાળી–ને લોહીના ડાઘાવાળી હતી. મકાન જૂનું, જીર્ણ, ઈંટમાટીનું બનાવેલું. દીવાલોમાં મૉર્ટર-બૉમ્બે પાડેલાં ગાબડાં

ધૂળ ને ધુમાડાના ધાબાં ને ગોળીઓનાં નિશાન દેખાતાં હતાં. ત્રણે બાજુ લાંબા વરંડાઓમાં હારબંધ ઓરડીઓ. એ જ પ્રમાણે ઉપરને માળે. પોર્ચનાં પગથિયાં પર પીળા ઝભ્ભા પહેરી, માથાં મૂંડાવેલા બે બૌદ્ધ સાધુ બેઠા હતા. અમને જોઈ ઊભા થયા. ઝૂકીને વંદન કર્યાં. થોડી વાર હરિસિંગ ગંભીર બની આસપાસ નજર ફેરવતો ઊભો રહ્યો. તેની આંખો આગળ એ યુદ્ધનું દૃશ્ય તરવરતું લાગ્યું.

૨૭થી ૩૦ ઑક્ટોબર ૧૯૬૨! ભારતીય જવાનો અહીં કેવી રીતે લડ્યા, ચીનીઓ કઈ તરફથી આવ્યા, ચાર દિવસ સુધી કેવું ઘમસાણ મચ્યું, લોહીની કેવી હોળી ખેલાઈ તેની અને જવાનોની જાનફેસાનીની, બહાદુરોની શહાદતની કહાણી હરિસિંગે કહી સંભળાવી. શહીદોની પુણ્યભૂમિ પર હું નિઃશબ્દ બની ઊભો રહ્યો.

સામે હતું તોપગોળાથી બળી ગએલા દેવદારુ વૃક્ષનું ઊંચું પાંદડાં વગરનું ઠૂંઠું—કોઈ વૃદ્ધ પિતા પોતાના મૃત પુત્ર માટે હાથ પહોળા કરી આકાશી દેવતાને ફરિયાદ ન કરતો હોય!

તોપના ધડાકા, ગોળીના સુસવાટા, ઘાયલ સૈનિકોના પોકારો, ભારે વજનદાર બૂટોની ધડાધડ દોડ, 'જયહિંદ' ને 'સત્ શ્રી અકાલ'-ના જયઘોષના પડછંદા હજુ ય જાણે વાતાવરણમાં ગુંજતા હતા.

હરિસિંગ મને ધર્મશાળાની પાછળના ભાગમાં લઈ આવ્યો. નાના બગીચાને પાર કરી સામે બૌદ્ધ મંદિરના–ગૉમ્પાના પ્રવેશદ્વાર આગળ આવી ઊભા. લાકડાનાં બારણાં પર સુંદર કોતરકામ હતું. વચ્ચે કાગળનાં રંગીન ઝુમ્મરો ને ધજાઓનાં તોરણ લટકતાં હતાં ને દ્વારની બાજુમાં પ્રાર્થના-ચક્ર ટીંગાડેલું હતું. નાનકડા સુઘડ મંદિરની દીવાલો પર જાતક-કથાનાં ચિત્રો કંડારેલાં હતાં ગર્ભદ્વારની ઉપરની કમાન પર 'ઓમ્ મણિપદ્મે હમ્' મંત્ર કોતર્યો હતો. અંદર ભગવાન બુદ્ધની શાન્ત, દિવ્ય મૂર્તિ. અહિંસાની આ પવિત્ર મૂર્તિ સામે ખેલાઈ હતી હિંસાની પાશવી લીલા! ભગવાનનાં કરુણા-વિગલિત ચક્ષુ ભીનાં જણાયાં.

જીપમાં ક્યારે બેઠા તેની ખબર ન રહી. હેડક્વાર્ટર્સ પર લંચ પહેલાં પહોંચી ગયા. કર્નલ પી. એન. લૂથરાને મળ્યો. લંચ ટેબલ પર મેજર કે. પી. નાયર પણ હતા. ઑસ્પિટલમાં ઘાયલ સૈનિકોની વ્યવસ્થા અંગે વાતો કરી. લંચ પછી પાઇપ પીતાં ફ્રન્ટની પ્રવૃત્તિઓ, રેડક્રૉસ યુનિટ તથા દુશ્મનોની હિલચાલ વગેરેની પૂછગાછ થઈ. બન્ને અધિકારીઓએ તિબેટમાં સોળ ચીની ડિવિઝનોની જમાવટ સંબંધે ચિંતા વ્યક્ત કરી. તેમણે પૅંગાગ, ચૂશુલ તથા ખુરનાકની લડાઇઓનું વર્ણન કર્યું. થાંગ લા ઘાટ, સીમા ઘાટ તથા તવાંગની ભૂમિ પર જવાનો-એ દુશ્મનોનો કેવી બહાદુરીથી સામનો કર્યો તે વિષે કહ્યુ.

એકાદ કલાક પછી દવા ને ઓજારોની પેટીઓ જીપમાં ગોઠવવામાં આવી. અંધારા પહેલાં ઑસ્પિટલ પર પહોંચી જવું હતું. કામ પતાવી જીપમાં બેસી ગયો. હરિસિંગે સ્ટીઅરિંગ સંભાળી લીધું.

જતી વખતે માઝુથી નૈઋત્ય તરફ ફંટાતા ધર્મશાળાના રસ્તેથી ગયા હતા. પાછા વળતાં પૂર્વનો ટૂંકો રસ્તો લીધો. ખડકો ને ટેકરાની આસપાસની ભુલભુલામણીમાં જીપ દોડવા લાગી. નીચે દક્ષિણ તરફ આસામ ફૂટ-હિલ્સનાં ધુમાડિયાં જંગલો ઝાંખાં પડતાં દેખાયાં.

બૉનેટ પર ઊડતા રેડક્રૉસ-ફ્લૅગ પર મીટ માંડી ડ્રાઇવ કરતો હરિસિંગ શાન્ત હતો. મેં પૂછ્યું: 'ક્યોં હવાલદાર, યહાં કે સાથિયોં સે કૌન સી નઈ ખબરેં સુની?'

'ક્યા સુનાઉં સા'બ? બહુત સી બાતેં સુનીં. સબ મેં બ્રિગેડીઅર હોશિયારસિંગ કી બહાદુરી ઔર શહાદત કા કિસ્સા સુન કર દિલ દહલ ગયા. આપને ભી તો સુના હોગા?' તેણે મારી તરફ જોયું.

સિગારની રાખ બહાર ખંખેરતાં મેં માથું ધુણાવ્યું.

તેણે હોશિયારસિંગની હત્યાની વાત શરૂ કરી: 'સાલે વહશી ચીની...' આવેશમાં આવી તેણે સ્ટીઅરિંગ પર હાથ પછાડ્યો.

યુદ્ધવિરામ જાહેર થયાને પૂરું અઠવાડિયું પણ નહોતું થયું. હોશિયારસિંગ પોતાની બ્રિગેડને લઈ મોરચેથી પાછા આવતા હતા. ડેરાગ-ઝૉંગ નજીકના જંગલમાં ચીનાઓએ તેમને ઘેરી લીધા. બૉમદીલાથી કુમક આવી પહોંચશે એમ માની તેઓ લડતા રહ્યા. કુમક ન આવી. દારુગોળો ખતમ થયો. નાઈલાજે સાથીદારોના જાન બચાવવા ખાતર બન્ને હાથ ઊંચા કરી બ્રિગેડીઅર શત્રુને શરણે ગયા. ક્રૂર મંચૂરીઅન સૈનિકોએ ઘાતકી રીતે બ્રિગેડીઅર તથા તેમના સાથીઓને વીંધી નાખ્યા.

હરિસિંગ ખામોશ થયો. એટલામાં એકાએક મોટા ધડાકાના પડઘા સાંભળી હું જરા ચમક્યો. હરિસિંગે જીપ ધીમી પાડી કહ્યુ: 'ડાઇનેમાઇટ સે ચટ્ટાનેં તોડી જા રહી હૈ.'

ઊંચાણ પર પહોંચતાં, નીચે બુલડોઝર અને રોલર દેખાયાં. નવો રસ્તો તૈયાર થતો હતો. હરિસિંગે ઈશાન તરફ જીપ વાળી. કૉમ્પાસ-નો કાંટો સાઉથ વેસ્ટ પર ડોલવા લાગ્યો.

'હાં, હરિસિંગ, ફિર ક્યા હુઆ?'

'ફિર ક્યા સા'બ? હોશિયારસિંગ ઔર દૂસરે જવાનોં કી લાશેં વહી જંગલ કી મિટ્ટીમેં ગાડ કર ચીની ભાગ ગયે. લેકિન સિપાહી ખેમરામ ભી સચ્ચા મર્દ નિકલા સા'બ.'

બે ખોંખારા ખાઇ એણે ખેમરામની વાત કરવા માંડી.

'સિપાહી ખેમરામ સાથીઓથી વિખૂટો પડતાં દુશ્મનોથી ઘેરાઈ ગયો. શેલ્સ ખતમ થતાં સુધી એકલો લડતો રહ્યો. ખભે ગોળી વાગી. ચાળીસ ફૂટ ઊંડા એક નાળામાં કૂદી પડ્યો. પગ ભાંગ્યા. ભાંગેલા પગે, લોહીથી લથપથ, દૂર સુધી ઘસડાતો ગયો ને મોટા પથ્થરની આડમાં છુપાઇ રહ્યો. પૅટ્રોલ લીડર જોગેંદ્રસિંગે પોતાના ઘોડા પર બેસાડી બેહોશ ખેમરામને ઑસ્પિટલ પર પહોંચાડ્યો.

પછી તો એ, જાણે પૅન્ડોરાની જાદુઈ પેટીમાંથી કાઢી, એક પછી એક વીરોનાં–શહીદોનાં ચિત્રો–યુદ્ધનાં દૃશ્યો બતાવતો ગયો.

લાન્સ નાયક રાઘવને પૅન્ગૉંગ સરોવરમાં ડૂબતા ત્રણ સૈનિકોને બચાવી પોતાનો જાન ગુમાવ્યો. કુમાઊં રેજિમેન્ટનો નાયક બહાદુર-સિંગ છેલ્લા શ્વાસ સુધી દુશ્મનોની સામે ઝૂઝતો રહ્યો. ફીલ્ડ ઍમ્બ્યુ-લન્સમૅન જોસેફ વરસતી ગોળીઓમાં જઇ ઘાયલ જવાનોને ઊંચકી લાવતાં વીરગતિ પામ્યો. અને નાયક મુન્શીરામની, સિગ્નલમૅન ધરમ-ચંદની, હેલીકૉપ્ટરમાં ઊડી જાનને જોખમે ઘવાએલા સૈનિકોને બચાવનાર સ્ક્વૉડ્રન-લીડર વિલિયમ્સની વીરતાની વાતો કરી. છેલ્લે ચૂશુલ ચોકી પર લડેલા નેપાલી બટાલિયનના ધનસિંગ થાપાનો કિસ્સો કહ્યો. ટ્રેન્ચમાં છુપાઈ મશિનગન વડે મેજર થાપા બહાદુરીપૂર્વક લડ્યા. ધુમ્મસમાં દુશ્મનોની હિલચાલ સ્પષ્ટ દેખાતી નહોતી, છતાં તેમણે ત્રણ વાર દુશ્મનોને મારી હઠાવ્યા. બચેલા સાથીઓને લઈ જંગલ તરફ ગયા છે, હજુ સુધી તેમનો પત્તો નથી...લગભગ દોઢ કલાક સુધી બોલવાથી હરિસિંગ થાકી ગએલો લાગ્યો.

'તુમ તો બહુતસીં બાતેં સુન લાયે!' મેં કહ્યુ:

'હાં સા'બ' તેણે બાંય વડે મોં લૂછ્યું.

રસ્તાથી થોડે દૂર, ઊંચા માચડા પર બનાવેલા એર કન્ટ્રોલ ટાવર આગળ તેણે જીપ ઊભી રાખી. બૉનેટ ઉઘાડી રૅડિએટરમાં પાણી નાખ્યું. થોડી વાર પગ છૂટા કરવા હું નીચે ઊતર્યો. હવાલદારે ટાવરમૅન પાસેથી વૉટર-બૉટલ લઇ, ગ્લાસ ભરી મને પાણી પાયું,

પશ્ચિમના આકાશનો લાલ રંગ ઝાંખો–કાળો પડ્યો. રિસ્ટવૉચમાં જોયું, લગભગ અર્ધા કલાકનો રસ્તો બાકી હતો.

થોડે દૂર જતાં ગાડી રોકવી પડી. રસ્તો એક બાજુથી પહોળો થતો હતો. વચ્ચેથી બુલડોઝર તથા રોલર ખસેડતાં પંદર-વીસ મિનિટ નીકળી ગઈ. અંધારું થઈ ગયું.

ફ્લડ લાઈટનાં લાંબાં લૅન્સેટ વડે અંધારા ચીરતી જીપ આગળ વધી. હૉસ્પિટલ પહોંચ્યા. પેટીઓને ટેકરી ઉપર હૉસ્પિટલના મકાનમાં લઈ જવાની હતી. મેં ઉપર જઈ ઑર્ડરલીને, પેટીઓ લેવા મોકલ્યો અને બગીચાની બૅન્ચ પર બેઠો. ખભે પેટીઓ લઇ, પથ્થરનાં પગથિયાં ચડી હરિસિંગ તથા ઑર્ડરલી ઉપર આવતા દેખાયા. આકાશમાં બૅયોનેટની ચમકતીઅણી જેવો શુક્ર તારક ટમકવા લાગ્યો હતો.

એટલામાં નીચેના મેદાનમાં મને એક ભૂખરા રંગની આકૃતિ દેખાઈ. કપડાંનો રંગ O. G * નહોતો. દૂરબીન ચડાવી જોયું. ભૂરો યુનિફૉર્મ પહેરેલો ચીની સૈનિક હતો! આજુબાજુ જોતો એ જીપ તરફ આવતો હતો.

હાથમાં પિસ્તોલ પકડી, બગીચાની પાછળના ભાગમાંથી હું નીચે ઊતર્યો. ચીનાએ જીપ સુધી પહોંચી જઈ બારણું ઉઘાડયું. મેં બે ફાયર કર્યા. જીપની આડમાં લપાઈ એ બચી ગયો. અને એણે ત્યાંથી જ મારા પર સ્ટૅનગન ચલાવવા માંડી. હું જમીન પર સૂઈ, કાચંડાની જેમ ખસતો ખસતો મોટા પથ્થરની પાછળ સંતાઈ ગયો. મને ઘાયલ કે મરેલો માની ચીનાએ જીપ હંકારી મૂકી. જીપ થોડે દૂર, મોટા ખડક આગળ જઈ ઊભી રહી. એક 'ફૉક્સ હોલ' [૧] માંથી ઘાયલ સાથીને ઊંચકી ચીનો બહાર નીકળ્યો ને તેને તેમાં સુવાડયો.

મેં બીજા ત્રણ ફાયર કર્યા. જીપ મારા તરફ વળી ને મારી પાછળ આવી પહોંચી. ચાલુ જીપે ચીનાએ મારા પર ગોળીઓ છોડવા માંડી. એક ગોળી પીંડીમાં વાગી. બે સન્ કરતી કાન આગળથી પસાર થઈ ગઈ.

ચીનો મને જીવતો છોડવા માગતો નહોતો, એટલે તેણે ગાડી વાળી, ફરીથી ફાયરિંગ કર્યું. પણ એટલામાં એક પેટ્રોલમૅન મારી મદદે દોડી આવ્યો. એણે મારી આગળ આવી, ઘૂંટણિયે પડી રાઈફલમાંથી ધડાધડ ફાયર કરવા માંડયા. જીપનું ટાયર મોટા અવાજ સાથે ફાટયું. ગાડી વાંકી વળી ગઈ. ચીનાએ સ્ટૅનગનમાંથી પેટ્રોલમૅનને તાકી ગોળીઓ વરસાવી. 'થ્રી નૉટ થ્રી'ને ઝડપથી ચાર્જ કરી પેટ્રોલમૅન ફાયર કરતો રહ્યો. ચીનો ગાડી ઘુમાવી ભાગવા જતો હતો ત્યાં પેટ્રોલમૅન એકાએક દોડયો ને ફ્રન્ટ પૉકેટમાંથી હૅન્ડ ગ્રૅનેડ કાઢી જીપ પર ફેંકયો. ભારે ધડાકા સાથે પૅટ્રોલની ટાંકી ફાટી! બૉનેટ, હુડ, ઍન્જિન, વિંડસ્કીનના ટુકડે ટુકડા થઈ ચોપાસ વિખેરાયા. બન્ને ચીનાઓના શરીરના કટકા હવામાં ઊછળી ચારેકોર ફેલાઈ ગયા.

હરિસિંગ, સ્ટ્રેચર બૅરર, મેલ નર્સ, ડૉકટર વગેરે આવી વીંટળાઇ વળ્યાં. હરિસિંગ તથા ડૉ. રાવને ખભે હાથ મૂકી, લંગડાતે પગે પચાસેક ફૂટ દૂર પડેલા પૅટ્રોલમૅન પાસે ગયો. એ ઊંધે મોંએ પડયો હતો. ઊંચકી તેને સીધો કર્યો. ગરમ લોહીથી કપડાં લથપથ હતાં.

હરિસિંગે મોં પર ટૉર્ચ ફેંકી. માથા પરથી હેલમેટ મોં પર ઝૂકી આવી હતી. હેલમેટ ઊંચી કરી જોયું તો અજય!

લોહીભીના કપાળ પરથી ચોંટેલા વાળ ખસેડયા. માથામાંથી તથા છાતીના જમણા ભાગમાંથી લોહી ટપકતું હતું.

મારા દેહમાં જાણે બૅયોનેટ ભોંકાયું! માથા પર જાણે બૉમ્બ પડયો! જડ સ્તબ્ધ બની અજય તરફ જોઈ રહ્યો.

એણે પાણી માગ્યું. ઑડર્લી પાણી લેવા દોડયો. પૅટ્રોમૅક્સ આવ્યું. અજયે ધીમેથી આંખો ઉઘાડી. વૉટર! એ ક્ષીણ સ્વરે ફરીથી બોલ્યો, મેં એનો ખભો હલાવી કહ્યું: 'અજય, ઈટ્સ મી. યૉર ડૉક અંકલ! પલ્સ જોઈ. ફાસ્ટ-ફીબલ હતી.'

'Oh, Doc Uncle! Uncle!' તેણે જોરથી નિઃશ્વાસ મૂકયો.

'Sonny, you saved my life.'

ઘૂંટણ પર માથું રાખી, ફીડર વડે પાણી પાયું. મારી આંખોમાં આંસુ આવી ગયાં. એના લોહીવાળા મોં પર ટપકયાં. રૂમાલ વડે મેં એનું મોં લૂછયું. સ્ટ્રેચર આવ્યો. અજયને ઊંચકી એમાં સુવાડયો અને હૉસ્પિટલ તરફ લઈ ચાલ્યા. મને હૅંડલવાળી ખુરશીમાં બેસાડી ઊંચકયો. મારા પગમાંથી વહેતું લોહી પાટલૂનની બાંયમાંથી નીચે ટપકતું હતું. ઊંચકનારને સ્ટ્રેચરની પાછળ લઈ જવાની સૂચના આપી. અજયને પલંગ પર સુવાડવામાં આવ્યો.

જર્સી ખોલી છાતી તપાસી. ઘા ઊંડો હતો. હાર્ટ બીટ્સ ઈરૅગ્યુલર ને સ્લૅપિંગ હતા. ડૉ. રાવને બ્લડ ટ્રાન્સફયુઝન તૈયાર કરવા મોકલ્યા. ઑર્ડર્લી પાસે ઑક્સિજન સિલિંડર મંગાવ્યું. મેલ નર્સને પૅથેડીનનું ઇંજેકશન ભરી લાવવા કહ્યું. મારા પગમાં સ્પૅઝમ સાથે વેદના થવા માંડી. મેં જોરથી દાંત દબાવ્યા.

ઈંજેકશન આપ્યું. અજય થોડો ચેતનમાં આવ્યો. આંખો બંધ હતી. હોઠ ફફડાવતો, મંદ તૂટક અવાજે બોલ્યો: 'Doc Uncle... one poem...Our text book...Wounded soldier...A little...I am hurt...I'll but lie down and...bleed awhile Oh no pain...I'll rise and fight again......'

આંખો ખોલી, બે હાથ ઊંચા કરી એણે જરા મોટેથી પૂછયું– 'Doc uncle where are you? હું તમને જોઈ શકતો નથી.'

મેં એના હાથ પકડી કહ્યું: 'હું તારી પાસે જ બેઠો છું.' ઊંચા થઈ એણે પોતાના લોહીભીના હાથ મારા મોં પર, કપાળ પર ફેરવ્યા. આંખો ફાડી, એ મારે ગળે વળગી પડયો. 'Doc Uncle, I can't see. Black Darkness–Darkness. ઓ પપ્પા! મમ્મી! અંકલ! ઓ ગૉડ...' બોલી, મોટી હેડકી ખાઈ એણે મારા ખભા પર માથું ઢાળી દીધું.

ડૉ. રાવ બ્લડ ટ્રૉલી, ઑક્સિજન સિલિંડર વગેરે લઈ આવતા દેખાયા. મેં પાછા જવા ઇશારો કર્યો: 'હવે જરૂર નથી.'

અજયના મૃત દેહ ભણી જોયા કર્યું. સફેદ પીળાશ પડતો શાન્ત ચહેરો. મોટી સુંદર આંખો પર ઢળેલાં અધખૂલાં પોપચાં. જરાક ઉઘડેલા હોઠ વચ્ચે ચમકતા સફેદ દાંત. કપાળ વચ્ચે તિલક જેવું જામી ગએલું લોહી.

બીજાપુરના ગોળ ઘુમ્મટની જેમ મારી શૂન્ય ચેતનાના ગમગીન ગુંબદોમાં પડઘા પડતા હતા: જેના જીવનનું નિમિત્ત બન્યો તેના મોતનું કારણ બન્યો......જેના જીવનનું નિમિત્ત...તેના...'

બારી બહાર જોયું. આકાશમાં શહીદના આત્મા જેવો નિર્મળ શુક્રનો તારો ચમકતો હતો. દૂર ટેકરાના બૌદ્ધ મંદિરમાંથી આવતા પ્રાર્થનામંત્રોના પ્રતિધ્વનિ રહસ્યમય અંધારામાં ગુંજતા હતા: 'ઓમ મણિપદ્મે હમ્...' મંદિરની ઊંચી, સ્થિર ધજાઓ વચ્ચે ખંડિત બીજનો ચંદ્ર સ્તબ્ધ ઊભો હતો............

ઘંટડી વાગી. સ્મૃતિતંદ્રામાંથી ચમકી જાગ્યો. બારણું ઉઘાડયું. પાંડુ બજારમાંથી આવ્યો હતો.

પાછો બાલ્કની પર આવ્યો. પશ્ચિમમાં જોયું. આકાશમાં આજે એ જ શુક્રનો તારો ચમકતો હતો. એ જ ખંડિત ચંદ્ર...........

કપાળ પર હાથ ફેરવ્યો. ત્યાં અજયે કરેલા રકત તિલકની ભીનાશ હજુ લાગતી હતી.

*ઑલિવ ગ્રીન ભારતીય સેનાના ગણવેશનો રંગ. ૧ છુપાવાની જગા.

સંક્ષેપકાર
ડૉ. મધુસૂદન પારેખ

મહાકવિ શેક્સ્પીઅરનાં
નાટકોની વાર્તાંતર-માળા • ૫

૪૦૦મી જયંતી-
ના ઉપલક્ષ્યમાં

ઑથેલો

ડેઝડિમોનાની ડોક ડોલી ઊઠી. ઑથેલો જીવસટોસટનાં સાહસોથી ભરેલી પોતાની જીવનકથા તેને સંભળાવી રહ્યો હતો. ડુંગરોના ભયાનક વિજન પ્રદેશમાં કે વનવગડાની વાટમાં ભૂલા ભમતા ઑથેલોની આપત્તિ સાંભળી તેની આંખો ટપકવા માંડતી. જંગલી જનાવરોના પંજામાં ઑથેલો સપડાતો ત્યારે એનો જીવ શીકે ટિંગાતો. મનુષ્યભક્ષી જંગલીઓ ઑથેલોને શેકી ખાવા તૈયાર થતા ત્યારે એનો શ્વાસ અદ્ધર થઈ જતો. ઑથેલોની યુક્તિ પર તે વારી ઊઠતી, એની મુક્તિથી તે હરખાઇ ઊઠતી. રંગરાગી શૈલીમાં રોમાંચક પરાક્રમો વર્ણવતા ઑથેલોને ડેઝડિમોનાના મુખ પર ભય, કરુણા, આશા અને ઉત્સાહના ભાવો નીરખવાની લહેજત આવતી.

ઑથેલોએ કહાણી સમાપ્ત કરી અને ડેઝડિમોના આનંદથી બોલી ઊઠી: 'અદ્ભુત છે તમારી કથા.' અને થોડી વારે કંઈક કંપતા સ્વરે તેણે કહ્યું: 'એક વિનંતી કરું? કોઈ વ્યક્તિ કદાચ તમારા પ્રેમમાં હોય તો તેની સમક્ષ આ સાહસકથા આ રીતે જ વર્ણવજો.' અને એટલું બોલતાં એની આંખો શરમથી ઝૂકી ગઇ. આ ઇંગિત સમજી જઇને ઑથેલોએ પોતાનો પ્રેમ પ્રગટ કર્યો. ડેઝડિમોનાએ સહર્ષ તેનો સ્વીકાર કર્યો. ઑથેલોના હાથ ડેઝડિમોનાના ગળાની આસપાસ વીંટાઈ ગયા.

પિતાની સંમતિ આ લગ્નમાં નહિ મળે એમ માની એમને અંધારામાં રાખીને ડેઝડિમોના ઑથેલોને પરણી ગઈ. મધરાતે આ ચોંકાવનારા સમાચાર સાંભળી ક્રોધથી વીફરેલો બ્રેબાન્શિયો પોતાના માણસોને લઇને ઑથેલોને જેર કાં ઠેર કરવા નીકળી પડ્યો. ઑથેલોને વેનિસના ડ્યૂક તરફથી પણ તાકીદનું તેડું આવ્યું હતું. એના માણસો પણ એને શોધી રહ્યા હતા. ઑથેલોનું પગેરું શોધતો બ્રેબાન્શિયો તેના આવાસ નજીક આવી પહોંચ્યો. તેણે ઑથેલોને પડકાર્યો, ત્યાં જ ડ્યૂકના માણસો આવી પહોંચ્યા. તેમણે બ્રેબાન્શિયોને વાર્યો અને ઑથેલોને સાથે લઇને આખું મંડળ ડ્યૂકના દરબારમાં



'કોઈ વ્યક્તિ કદાચ તમારા પ્રેમમાં હોય તો તેની સમક્ષ આ સાહસકથા આ રીતે જ વર્ણવજો.' એટલું બોલતાં ડેઝડિમોનાની આંખો શરમથી ઝૂકી ગઈ. (ચિત્રકાર: ગૉર્ડન બ્રાઉન)

આવી પહોંચ્યું. ડ્યૂકે ઑથેલોનું ઉમળકાથી સ્વાગત કર્યું. વેનિસમાં એક કુશળ અને વીર સેનાપતિ તરીકે ઑથેલોની ખૂબ ખ્યાતિ હતી. રાજ્યનો તે સંનિષ્ઠ અને મોભાદાર લશ્કરી અધિકારી હતો. વેનિસના ડ્યૂકે સાઇપ્રસ ટાપુ ઉપર તુર્ક નૌકાકાફલાના ઓચિંતા થએલા આક્રમણથી ઑથેલોને મંત્રણા માટે મધરાતે બોલાવ્યો હતો. બધા ઉમરાવોની સંમતિથી ડ્યૂકે તત્કાળ તેને સાઇપ્રસ પહોંચી જવાની સૂચના કરી. એ કપરી કામગીરી માટે ઑથેલો જ સૌથી વધુ યોગ્ય હતો. પરંતુ આ વાતચીતમાં અચાનક ભંગાણ પડ્યું. પાછળથી બ્રેબાન્શિયોએ 'ફરિયાદ! ફરિયાદ!'ની બૂમ પાડી અને તે આગળ ધસી આવ્યો: 'મહારાજ, મારી દીકરી...' અને એનું ગળું રૂંધાઇ ગયું.

'હેં? મૃત્યુ પામી?' બધા શોક અને આશ્ચર્યથી બોલી ઊઠ્યા.

'હા. મારે માટે તો મૃત્યુ જ પામી છે, મહારાજ! આ દુષ્ટ હબસી મારી દીકરીને વશીકરણથી ભોળવીને ઉપાડી ગયો મહારાજ, હું તો લૂંટાઇ ગયો. મારી ભોળી દીકરી. કેવી કહ્યાગરી! નામદાર, આ વિશ્વાસઘાતી મૂરે જરૂર તેના પર ભૂરકી નાખી છે!'

ડ્યૂક ને દરબારીઓ ઑથેલો સામે જોઈ રહ્યા. ઑથેલોએ ઉત્તર જવાબ દીધો: 'નામદાર, ડેઝડિમોના રાજીખુશીથી પ્રેમપૂર્વક મને પરણી છે.'

'નહિ મહારાજ, સાવ જૂઠી વાત! આ મૂરને તો જોઇને પણ મારી છોકરી છળી મરે. આના દિદાર તો જુઓ! એના પર કોઈને પ્રેમ થાય ખરો? એ બદમાશે નક્કી કંઈક કામણટૂમણ કર્યું છે!'

ડ્યૂકે ડેઝડિમોનાને બોલાવી. એનો પિતા આવેશથી બોલી ઊઠ્યો: 'દીકરી, તને આ મૂર કેમ કરી ભોળવી ગયો? હવે તેને સખ્ત શિક્ષા...'

'જરૂર નથી પિતાજી, મેં પોતે જ એમને પતિ તરીકે પસંદ કર્યા છે.'

'આ મૂર? તારો પતિ? તું મારી દીકરી મટીને આ...'

'પિતાજી, તમારી દીકરી અવશ્ય છું. તમારું મારા પર ઘણું ઋણ છે; પણ જેમ મારી માતાએ પરણીને પિતા કરતાં પતિને પ્રથમ ગણ્યા તેમ મારી પણ એ ફરજ છે. તમે મારા પિતા છો, એ પતિ છે.'

'બસ કર તારી લવારી, નાદાન છોકરી! હવે તું...પણ કંઇ નહિ. મહારાજ, ક્ષમા કરજો. મારી ફરિયાદ પાછી ખેંચું છું. હું જ ભૂલ્યો.' અને ઑથેલો તરફ કાતરદૃષ્ટિ ફેંકી કહેવા લાગ્યો: 'અલ્યા મૂર, તું ભાગ્યશાળી ખરો; મારી પુત્રીને જીતી ગયો. પણ એણે સગા બાપને છેતર્યો છે; તને ન છેતરે તે સંભાળજે.' ને કડવાશથી એ ચાલ્યો ગયો.

લગ્નના પ્રશ્નનો આમ સુખદ ઉકેલ આવી ગયો એટલે ઑથેલો-ડેઝડિમોના પ્રસન્ન થઈ ગયાં. ડ્યૂકે અને ઉમરાવોએ બંનેને મુબારકબાદી આપી તથા ઑથેલોને બીજે જ દિવસે સાઈપ્રસ પહોંચી જવાની ફરીથી યાદ આપી.

ઑથેલો બીજે જ દિવસે સાઈપ્રસ જવા ઊપડ્યો. ડેઝડિમોનાને તરત ત્યાં લાવવાની વ્યવસ્થા તેણે પોતાના એક અધિકારી ઈયાગોને સોંપી. ઇયાગોએ ઘણી ખુશીથી એ જવાબદારી સ્વીકારી. એ આવી તક માટે ટાંપીને જ બેઠો હતો. વાત એમ બની હતી કે ઑથેલોએ પોતાના લેફ્ટેનન્ટની જગ્યા માટે ઇયાગોને નાપસંદ કરી એ પદવી બીજા એક અધિકારી કૅસિયોને આપી હતી. ઈયાગો સાપની જેમ છંછેડાયો હતો. ઑથેલો તથા કૅસિયોને તે હાડોહાડ ધિક્કારતો હતો.

એવામાં વળી પોતાની પત્ની એમિલિયા સાથેના ઑથેલોના અનૈતિક સંબંધની વાયકા તેણે સાંભળી. એમાં તથ્ય કશું ન નીકળ્યું, છતાં ઑથેલો પર વેરવૃત્તિથી તે સળગી રહ્યો. એના ખીલતા સંસારને દંશ દેવા તે તલપી રહ્યો. બહારથી તે રીઝેલો હતો, ભીતરથી ઝેરીલો. ડેઝડિમોના પિતાને ઘેરથી નાસી ગઇ ત્યારે શોરબકોર કરાવનાર ઈયાગો જ હતો. એની સૂચનાથી જ રૉડરિગોએ બૂમાબૂમ કરી મેલી હતી. રૉડરિગો ડેઝડિમોનાનો ઉમેદવાર હતો. મૂર ઑથેલો સાથે તે પરણી જવાથી એ અત્યંત નાસિપાસ થયો હતો. ઈયાગોએ એને પટાવ્યો ને ડેઝડિમોના થોડા જ સમયમાં મૂરથી કંટાળીને જરૂર તેને જ પરણશે એવી ખાતરી આપીને કોણીએ ગોળ લગાડી આપ્યો. એ બેવકૂફ ગળપણના લોભમાં ઈયાગોની સૂચના મુજબ તમામ સંપત્તિ સાથે લઇને સાઈપ્રસ જતા વહાણમાં ચડી બેઠો.

ઑથેલોની 'જીવનયાત્રા' શરૂ થઈ ત્યાં જ ઝંઝાવાત નડયો. એનું વહાણ તોફાનમાં સપડાયું અને એ સાઈપ્રસ પહોંચે તે પહેલાં ઈયાગો ડેઝડિમોના સાથે ત્યાં પહોંચી ગયો. સાથે એમિલિયા પણ ડેઝડિમોનાની સોબત માટે હતી. રૉડરિગો તો ખરો જ.

કૅસિયોએ ડેઝડિમોનાનું સાઈપ્રસના બેટ પર સ્વાગત કર્યું. એનો હાથ લઈ ચૂમ્યો. ઈયાગોના ચિત્તમાં શયતાન સળવળી ઊઠયો: 'આ નાનકડી મધુચેષ્ટામાં જ હવે માખી સપડાઈ!' ઑથેલોના કાનમાં શંકાનું ઝેર રેડીને ત્રણે ય જીવન બરબાદ કરવાનો તેણે સંકલ્પ કર્યો. કૅસિયો તેમાં અજાણે નિમિત્ત બની રહ્યો. ઈયાગોના ચિત્તમાં રહેલો શયતાન યોજનાના તાણાવાણા ગૂંથી રહ્યો. ઑથેલો અત્યંત ઉમળકાથી ડેઝડિમોનાને ભેટી રહ્યો: 'પ્રિયે, જિંદગીમાં આવો આનંદાનુભવ ક્યારે ય નથી ચાખ્યો. અને આ તો તોફાન પછીનો પ્રેમાનુભવ. હવે પછી આવો પ્રેમાનંદ આપણને કદી મળશે ખરો?' અને આવેશથી એણે ડેઝડિમોનાના હોઠ ચૂમી લીધા.

ઑથેલોએ સાઈપ્રસમાં આવીને એ રાતે આનંદોત્સવનો ઢંઢેરો પિટાવ્યો. તુર્કસ્તાનનાં દુશ્મન જહાજો દરિયાઈ તોફાનમાં વિનાશ પામ્યાં હતાં એ પ્રગટ કારણ હતું; અને ડેઝડિમોના સાથેનો પોતાનો લગ્નોત્સવ પણ પ્રજા માણે તો ખોટું શું?

સાઈપ્રસની પ્રજા વિજયોત્સવમાં ડૂબી હતી ત્યારે ઈયાગો કૅસિયોને આગ્રહપૂર્વક શરાબખાનામાં ઘસડી જઈ પ્યાલીઓ પિવડાવી રહ્યો હતો. કૅસિયોને માથે નગરચોકીની જવાબદારી હતી. એ ભાન આવતાં જ તે ચોંક્યો અને ચોકી માટે પ્રવૃત્ત થયો. રસ્તામાં ઈયાગોએ કરેલી સૂચના મુજબ રૉડરિગોએ તેને ચીડવ્યો, અને ઉશ્કેરાએલા કૅસિયોએ તેને તલવારથી ઝાપટયો. ઇયાગોએ રૉડરિગોના કાનમાં ફૂંક મારી. એકદમ રૉડરિગો 'બચાવો, બચાવો'ની બૂમાબૂમ કરતો દોડયો અને બળવો ફાટી નીકળ્યાનો ભયસૂચક ઘંટ જોરથી ઘણઘણાવ્યો. મધુરાત્રીએ આ ઘંટાસૂરના પ્રચંડ કોલાહલથી ચોંકેલો અને પિડાએલો ઑથેલો ચોકીના સ્થળ પર દોડી ગયો. એણે સખ્તાઈથી બધાનાં નિવેદન લીધાં. ઈયાગોએ યુક્તિપૂર્વક કૅસિયોનો દોષ છાવરવા માંડયો. ઑથેલોને એમની મૈત્રીની જાણ હતી. એણે ઈયાગોની વિનંતી નકારી કાઢીને, દારૂ ઢીંચેલા બેજવાબદાર કૅસિયોને તત્કાળ બરતરફ કર્યો. ઈયાગો દુ:ખી થઈ ગયો! કૅસિયો ઈયાગોનો ઋણી બની રહ્યો. આવો મિત્ર જન્મારામાં ય તેણે જોયો ન હતો!

કૅસિયોને પદભ્રષ્ટ થયાનું દુ:ખ તો થયું, પરંતુ પોતે બેજવાબદાર ઠર્યો અને સેનાપતિની પ્રીતિ ખોઈ બેઠો તે ઘા તેને સજ્જડ લાગ્યો. તેણે મદિરા ન પીધી હોત તો? પરંતુ ઇયાગોએ મદિરાની વાત હસી કાઢી અને કૅસિયોને પદ અને પ્રીતિની પુનઃપ્રાપ્તિનો માર્ગ દર્શાવ્યો: 'જો, તારે બગડેલી બાજી સુધારવી હોય તો સારામાં સારો રસ્તો છે. તું ડેઝડિમોનાને મળીને વિનંતી કર. એ જરૂર તારી ભલામણ એના પતિને કરશે. સેનાપતિ એના પ્રેમમાં એવા લુબ્ધ છે કે એની ગમે તે માગણી પણ તે સ્વીકારશે. એટલે તારો બેડો પાર.' કૅસિયોએ મિત્રપ્રેમથી મુગ્ધ થઇ આવેશપૂર્વક ઈયાગોનો હાથ ચૂમ્યો. રસ્તામાં એનું પ્રસન્ન મન કહી રહ્યું હતું: 'ઇયાગો કેવો ઉમદા! કેટલો પ્રામાણિક!'

ઇયાગોનું મન મલકી રહ્યું: 'અક્કલનો ઓથમીર! સાવ બબૂચક!'

ડેઝડિમોના સાથે મુલાકાત ગોઠવવામાં પણ ઈયાગોએ જ કૅસિયોને સહાય કરી. કૅસિયો તેનો કાયમનો ઓશિંગણ થઈ ગયો. કૅસિયોની વિનંતીનો ડેઝડિમોનાએ તત્કાલ સ્વીકાર કર્યો. એક ન જેવી ભૂલ માટે કૅસિયો જેવા સજ્જન અને વિશ્વાસુ અધિકારીને આવી ભારે શિક્ષા ન જ હોય તેની તેને ખાતરી થઈ. કૅસિયોને તેણે વચન આપ્યું: 'તારી ચિંતા હું જરૂર દૂર કરીશ. જ્યાં સુધી તને તારી એ પદવી પાછી ન સોંપે ત્યાં સુધી તેમને હું જંપવા દઈશ નહિ. ખાતાંપીતાં અને સૂતાં પણ હું તેમનો કેડો મેલીશ નહિ. તું હવે નિશ્ચિંત રહેજે. મરીશ પણ તારું કામ નહિ મેલું, બસ?'

આભાર અને આનંદથી ગળગળો થઈ કૅસિયો એમના નિવાસની બહાર નીકળ્યો ત્યાં સામેથી જ ઈયાગો અને ઑથેલો આવતા હતા. શરમથી મોં છુપાવતો કૅસિયો આડો ફંટાઇ ગયો. ઈયાગો કૅસિયોની આ રીતભાતથી વહેમાયો હોય તેમ તેણે ઑથેલો સામે જોયું અને 'હં!' એવો શંકાનો આશ્ચર્ય ઉદ્ગાર કરી તે ચૂપ થઇ ગયો. ઑથેલોના ચિત્તમાં સંશયનું બીજ રોપાયું: 'એ કોણ, કૅસિયો હતો કે?'

'કૅસિયો? હં? હા... પણ એ આમ છુપાતો–સંતાતો કેમ બહાર આવ્યો? આપને જોઈ એ...' અને ઉદ્ગાર અધૂરા રાખી એ શંકાશીલ થયો હોય તેમ ચૂપ બની ગયો. ઑથેલોના શાંત ચિત્તસરોવરમાં સંશયનો પથ્થર પડ્યો અને જોશથી તરંગો ઊછળ્યા. ચિત્ત વિચલિત થઈ ગયું. એ આવાસમાં દાખલ થયો કે તરત ડેઝડિમોનાએ કૅસિયોની જબરી સિફારસ શરૂ કરી દીધી. ઑથેલો અકળાયો, ગૂંચવાયો અને તરત બહાર ચાલ્યો ગયો. એનું હૃદય શંકા અને શ્રદ્ધા વચ્ચે ઝોલાં ખાતું હતું: 'આવી સુંદર, દિવ્ય ડેઝડિમોના પતિવ્રતા ન હોય એ કેમ માની શકાય? અને ચાહું નહિ તો મારી જિંદગીમાં નરાતાળ અંધેર મચી જાય. એનો પ્રેમ એ જ મારી જિંદગી છે.'

ઈયાગોએ વળી બીજો પથ્થર ફેંકયો; 'મહારાજ, ક્ષમા કરજો. પરંતુ આપ ડેઝડિમોના સાથે પ્રેમમાં હતા એની કૅસિયોને જાણ હતી ખરી?'

'હા ચોક્કસ એ જ અમારો પ્રેમદૂત હતો.'

'ખરેખર?' કહી ઇયાગો પાછો વિચારમાં ડૂબી ગયો. ઑથેલોના ચિત્તમાં વળી શંકાનાં મોજાં ઊછળી રહ્યાં: 'ઈયાગો, તું કહેવા શું માગે છે? નક્કી તારા મનમાં કંઇક અંદેશો છે. તું કૅસિયોને સાફદિલ નથી માનતો?'

'સાફદિલ? હા મહારાજ; એ મારો મિત્ર છે... સાફદિલ દેખાય છે.'

'ત્યારે પછી?'

'મહારાજ, સાફદિલ દેખાતા માણસો ભીતરમાં ઘણી વાર... પણ નહિ... ક્ષમા કરજો. મારું મન એવું શંકાશીલ અને ખણખોદિયું છે કે એ છિદ્રો જ શોધતું ફરે છે. મહારાજ, એ વાત જ દાટી દેજો. કૅસિયો મારો મિત્ર છે. એના વિષે અનુચિત અભિપ્રાય હું નહિ આપું. આપનો હું વફાદાર સેવક ખરો, પરંતુ આપ આ બાબતમાં મારા પર બળજબરી ન કરો તો સારું.' ઑથેલોને ચિંતાથી મૂંગો થએલો



ઇયાગોએ ઝડપ મારીને રૂમાલ એમિલિયાના હાથમાંથી ઝૂંટવી લીધો. એમિલિયાએ પૂછ્યું : 'પણ આનું કરશો શું?' (ચિત્રકાર : ગોર્ડન બ્રાઉન)

જોઇ તેણે ફરી કહ્યું : 'મહારાજ, ઈર્ષ્યાને ટાળજો; નહિતર એ રાક્ષસી તમારા પ્રેમને ભરખી જશે.'

'અરે મૂર્ખ, તું શું મને એવો અધમ શંકાશીલ માને છે? જા રે જા. ડેઝડિમોના ઉઘાડી આંખે મને વરી છે. હું એનો છું, એ મારી છે.'

'હાશ, હવે મને ટાઢક થઇ.' ઇયાગોએ રાજી થતાં કહ્યું : 'આપના પ્રત્યે પ્રેમ અને વફાદારીથી પ્રેરાઈને જ મેં જરા જીભ ચલાવી. પરંતુ નામદાર, આપ હવે ઇર્ષ્યાળુ બન્યા વિના એમના રંગરાગ નિહાળજો. કૅસિયોની એ કેવી અને કેટલી ભલામણ કરે છે એ પરથી પણ એમનાં ચારિત્ર્યનું માપ નીકળશે. મહારાજ, હું તો અમારા દેશની સ્ત્રીઓનાં ચરિતર બરાબર જાણું છું. ધણીને સૂતો મેલીને રંગરાગ માણી આવે એવી એ મહિલાઓ છે. અને આણે તો સગા બાપને છેતર્યો. આપને યે નહિ છેતરે એની શી ખાતરી? માફ કરજો અજુગતું બોલ્યો હોઉં તો. આપનો વિશ્વાસુ સેવક છું માટે જ મને પીડા છે.'

ઑથેલોના મુખ પરથી નૂર ઊડી ગયું : 'જોયું મહારાજ? આપને મેં નાહક દુ:ખમાં નાખ્યા! જીભ જ મારી અળવીતરી...નહિ, આપ શંકા લાવશો નહિ. આપની સ્થિતિ જોઇ હું દુ:ખી થાઉં છું. નામદાર આપનાં પત્ની ઘણું જીવો અને આપનો પ્રેમ અમર રહો.' અને ઑથેલોના અંતરમાં શંકાનું ભૂત જગાડી ઇયાગો વિદાય થઈ ગયો.

એનું ચિત્ત ચકરાવે ચડયું : 'ઇયાગો છે તો પૂરો વફાદાર અને પ્રામાણિક. એ નક્કી કંઇક ભેદ જાણે છે પણ બોલતો નથી. મારી અદબ જાળવે છે. ડેઝડિમોના...આવું અલૌકિક રત્ન બેવફા હોઇ શકે ખરું? હા, પણ મારામાં યે શાં હીરામોતી ભર્યાં છે? જુવાની વટાવી ચૂક્યો છું...વાળ ધોળા થવા માંડયા છે...અને પ્રેમની મીઠી ગોષ્ઠિમાં તો હું સાવ જડસો! એ મારા જેવા મૂરને મૂકીને બીજાને પ્રેમ કરે એ સાવ અસંભવિત તો નથી જ...ઈયાગો સાચો લાગે છે...'

એકદમ એ આવેશમાં આવી ગયો : 'શું આમાં બીજો કોઈ માર્ગ નથી? મારી ડેઝડિમોના મને જ બેવફા? ત્યારે તો સર્જનહાર પરથી મારો વિશ્વાસ ખતમ થઇ જશે.' એના મસ્તકમાં શૂળ ઊપડયું.

એવામાં ત્યાં અચાનક આવી પહોંચેલી ડેઝડિમોના પતિની આ સ્થિતિ જોઈ બાવરી બની ગઈ: 'હાય રે! શું થયું તમને? મને કીધું પણ નહિ?' ઑથેલો માથું પકડીને બેસી રહ્યો. ડેઝડિમોનાએ પોતાનો નાનકડો સુંદર ભરત ભરેલો રૂમાલ એને કપાળે બાંધવા પ્રયત્ન કર્યો.

ઑથેલોએ એનો હાથ હડસેલી મૂક્યો. રકઝકમાં એ રૂમાલ પડી ગયો.

એ રૂમાલ જોઈને એમિલિયાની આંખો આનંદથી ચમકી ઊઠી. ઑથેલોએ પ્રેમની પહેલી ભેટ તરીકે આ અદ્‌ભુત ભરત ભરેલો રૂમાલ ડેઝડિમોનાને આપ્યો હતો. ઇયાગોએ વારંવાર એમિલિયાને એ રૂમાલ ઉઠાવી લાવવાની સૂચના કરી હતી. આજ ભાગ્યવશાત્ એ રૂમાલ અનાયાસે સાંપડી ગયો. એનું હૃદય જરાક ખચકાયું: 'આ રૂમાલને એવા એ કરશે શું? કોણ જાણે, એવા ધૂની છે!'

એમિલિયાએ હરખાતે હૈયે પતિને એ રૂમાલ દૂરથી દેખાડ્યો. ઇયાગોએ ઝડપ મારીને એ ઝૂંટવી જ લીધો.

'પણ આનું કરશો શું?' એમિલિયાએ પૂછ્યું.

'ચૂપ મર! ખબરદાર, કોઈને આ વાત કરી છે તો.' ઈયાગોએ તેને ધુત્કારી કાઢી. છણકાઇને એમિલિયા ચાલી ગઇ. હાથમાં ફરફરતો રૂમાલ જોઈ ઇયાગો હરખાઈ ઊઠયો : 'હવે પાસા પોબાર! ઑથેલો, તારી નિંદર હવે હરામ થઈ ગઇ! જગતની કોઈ ઔષધિ હવે તને સુખ-ચેન નહિ આપી શકે. શંકાનાં બે જ ટીપાંથી આટલો જલી રહ્યો છે, તો હવે જોઈ લે મૂર! જ્વાલામુખી ન જલે તો ફટ છે આ ઇયાગોને!' એ અટ્ટહાસ્ય કરી ઊઠયો. હવે બાજી એના હાથમાં હતી. ખુશખુશાલ ચિત્તે એ ઑથેલોની શી ગતિ છે તે જોવા નીકળ્યો. એને જોતાં જ ઑથેલો ધૂંધવાયો અને એની સામે ધસી ગયો : 'નાલાયક! તેં મારી ઊંઘ હરામ કરી. મારા જીવતરમાં ખાપણું ચાંપ્યું. એના કરતાં તો તેં મને અજ્ઞાન રાખ્યો હોત તો સારું હતું.' અને એકદમ રોષમાં આવીને તેણે ઈયાગોનો કૉલર ખેંચ્યો : 'દુષ્ટ! જો મારી શંકા માટે સબળ પુરાવો નહિ રજૂ કરે તો યાદ રાખજે, કૂતરાને મોતે મારીશ.'

ઈયાગો કરગરી ઊઠયો : 'મહારાજ, અંતે જશમાં જૂતિયાં તે આનું નામ! હવે જો કોઈ મિત્ર પર સ્નેહભાવ રાખું તો ભગવાન મને પૂછે! આપે આજે મને બોધપાઠ આપ્યો...'

'ચૂપ કર. મારે તો પુરાવો જ જોઇએ. સાચો દાર્શનિક પુરાવો. નહિતર તારું મોત ભમે છે!'

'નામદાર, આ જ ઘડીથી મારું રાજીનામું. ઉપકારનો આ બદલો? પણ હું જ મૂર્ખો કે મેં વફાદાર રહેવાની ભૂલ કરી! જિંદગીમાં કદી કોઇની વફાદારી નહિ કરું. જગતમાં જૂઠાણું જ જીતે છે, સચ્ચાઈ ખાસડાં ખાય છે. કંઈ વાંધો નહિ, નામદાર! આમે મૂર્ખો તો ઠર્યો છું, તો હવે પૂરો મૂરખ ઠરું! આપને દાર્શનિક પુરાવો જોઈએ છે ને?'

'હા, ક્યાં છે?'

'સાંભળો, મને હવે આ બાબતમાં બિલકુલ રસ નથી. પરંતુ આપને સંતોષ મળે તે માટે જ આ મારા તરફથી છેલવેલ્લી વાત પ્રગટ કરું છું. ગઈ કાલે રાતે કૅસિયો મારે ત્યાં રાતવાસો રહ્યો હતો. એની પડખે હું સૂતો હતો. ઊંઘમાં ને ઊંઘમાં જ એકદમ એણે મારો હાથ દબાવ્યો. મને ગાઢ આલિંગન દીધું અને...ને...ને...હા પ્રિયા, ડેઝડિમોના એમ કહેતાં મારા પર ચુંબનની ઝડી વરસાવી.'

ત્યાં તો ઑથેલોએ રોષથી મુક્કી પછાડી. એ કાળઝાળ થઇ ગયો; 'નરાધમ કૅસિયો! આવી દુષ્ટતા? એનું તો હું...'

'ધીરા પડો મહારાજ. આ તો સ્વપ્ન કહેવાય. એ કંઈ દાર્શનિક પુરાવો થોડો કહેવાય?' ઇયાગોએ ઈંધણાં નાખ્યાં અને ફાટી આંખે ઑથેલોએ ત્રાડ નાખી : 'એ કુલટાની ખાલ ઉતારીશ ત્યારે જંપીશ.'

'નામદાર, શાંત થાઓ, કૃપા કરીને શાંત થાઓ. આવી નજીવી વાત પરથી આપ કુલટા જેવો ભયંકર શબ્દ વાપરો તે વાજબી નથી. તે સુ-શીલ પણ હોય. ઠીક, પણ આપે આપનાં પત્નીને કોઇ વાર

ભરતવાળો રૂમાલ આપેલો ખરો ?'

'અરે હા, એ તો મારી પહેલી પ્રેમભેટ.'

'બસ ત્યારે એ રૂમાલથી કૅસિયોને મોં લૂછતાં મેં જોયો હતો!'

'એ જ રૂમાલથી ? !' ઑથેલોને સૃષ્ટિ ચક્કરચક્કર ફરતી લાગી.

'હા મહારાજ, અને આપને હવે દાર્શનિક પુરાવો મળી ગયો. હવે હું છૂટ્યો. આપ જાણો છો કે આવી પંચાતમાં મને બિલકુલ રસ નથી. આપે મને નાહકનો ખેંચ્યો.'

'નહિ ઈયાગો, તારે જવાનું નથી. એ દુષ્ટ કૅસિયોના ચાલીસ હજાર જન્મ હોય તોપણ મારું વેર પૂરું થાય તેમ નથી. મારા હૃદયમાં હવે ધિક્કાર રહ્યો છે—કેવળ ધિક્કાર.'

'મહારાજ, આપ અત્યારે આવેશમાં આવી ગયા છો ! શાંત થશો એટલે આપના વિચારો પાછા બદલાશે.'

'નહિ નહિ, ઈયાગો. હું કસમ ખાઈને કહું છું કે એ રૂપાળી નાગણનો હું ફેંસલો કરીશ. તું કોઇ ઉપાય શોધી કાઢ, ઈયાગો ! આજથી તું જ મારો લેફ્ટેનન્ટ.'

'હું તો સદાનો આપનો તાબેદાર છું.'

ડેઝડિમોનાને મળતાંની સાથે જ ઑથેલોએ પોતાનું મોં લૂછવાને મિષે તેનો રૂમાલ માગ્યો. ડેઝડિમોનાએ રૂમાલ ધર્યો, એટલે ચોંકીને એણે કહ્યુ: 'આ નહિ, મારો પેલો રૂમાલ હતો તે ક્યાં છે?'

'એ તો નથી; ખોવાઇ ગયો.'

'સાચે જ ? તેં એ રૂમાલ ખોઇ નાખ્યો છે?'

'હા, પણ તમે આટલા ચિડાઈ શાના જાઓ છો?'

'તને ખબર નથી. એ રૂમાલ એક જાદૂગર બાઈ પાસેથી મળેલો. દંપતીનો પ્રેમ અખંડ રાખવા એ ઉપયોગી હતો. હવે આવી બન્યું.'

'સાચેસાચ ?'

'હા હા; તને આ બધી રમત લાગે છે ! બોલ ઝટ, રૂમાલ ક્યાં છે?'

'છે તમારો રૂમાલ. હું જાણું છું કે તમારે કૅસિયોને પાછો રાખવો નથી એટલે આ રૂમાલની નવી વાત લાવ્યા છો. ના, તમારે આ વાત માનવી જ પડશે. એને પાછો...'

'એ બધું પછી; પહેલાં રૂમાલ લાવ.'

'રૂમાલ પછી; પહેલાં કૅસિયો.'

'તું સમજે છે કે નહિ? રૂમાલ બહુ મહત્ત્વની વસ્તુ છે.'

'એક વાર કહ્યુંને ? રૂમાલ નથી, ખોવાઈ ગયો...પણ હવે કૅસિયોને ક્યારે બોલાવશો ? તમારા વિના એ બિચારો...'

'પણ રૂમાલ કયાં ?'

'કૅસિયો સાવ નેકદિલ—'

'કૅસિયો જાય જહન્નમમાં, ને સાથે તું પણ !' એમ બરાડતો પગ પછાડી તે ચાલ્યો ગયો. ડેઝડિમોના હેબતાઈ ગઈ. એમિલિયા પણ સડક થઈ ગઈ. એમણે ઑથેલોને આવો ઉગ્ર કદી જોયો ન હતો.

ઈયાગોએ પોતાની દુષ્ટ યોજના માટે એ રૂમાલનો ઉચિત ઉપયોગ કરી લીધો હતો. એણે તે કૅસિયોના ઓરડામાં નાખ્યો અને કૅસિયોએ એના ભરતગૂંથણથી મુગ્ધ બનીને પોતાની એક પ્રેયસી બિયાન્કાને એવો જ રૂમાલ ગૂંથી લાવવા આપ્યો. વિધાતા ઈયાગોને અનુકૂળ થઇ રહ્યો હતો. રૂમાલનું રટણ કરતો ઑથેલો ઈયાગોને મળ્યો કે તરત જ ઇયાગોએ પૂછ્યું : 'નામદાર આપનો રૂમાલ મળ્યો ?'

'ઈયાગો, મારા મિત્ર, હું છેતરાયો. એ દુષ્ટ શયતાન કૅસિયો અને આ બેવફા નીચ નારી બંનેને શૂળીએ ચડાવીને જ મારા આત્માને જંપ વળશે. ઇયાગો, એ કુલટાએ મારે માથે શીંગડાં ઉગાડયાં ! હું હવે ક્યાંયનો ન રહ્યો. મારું જીવતર ઝેર થઈ ગયું. ઓહ—રૂમાલ !' અને એ મૂર્છા ખાઇને પડ્યો. એને મોઢે ફીણ આવી ગયાં.

ઇયાગો પોતાની ઔષધિનો પ્રભાવ જોઈ મલકી ઊઠ્યો : 'મૂર્ખ ! અવલ નંબરનો ગધેડો !' અને સેનાપતિની આસનાવાસના કરવામાં એ મચી રહ્યો છે ત્યાં કૅસિયો આવી પહોંચ્યો. ઑથેલોની આ હાલત જોઇ તે ચમકી ગયો. ઈયાગોએ તેને કંઈક ગુરુમંત્ર કહીને વિદાય કર્યો. થોડી વારે ભાનમાં આવતાં જ ઑથેલોની આંખ ચકળવકળ થવા લાગી. 'મહારાજ' ઇયાગોએ આશ્વાસન આપતાં કહ્યુ : 'એ ગઈ ગુજરી હવે ભૂલી જાઓ.'

અને ઑથેલોને એ આખી ઘટના પાછી યાદ આવી ગઈ: 'ઈયાગો, મારું આવી બન્યું. મારી જ સ્ત્રી બેવફા ? હું નામર્દ !'

'મહારાજ, આ તો દીઠાનું ઝેર છે. બાકી ચરિતર કરવામાં બૈરીજાતને કોઈ ન પહોંચે. ઘેરેઘેર આવા પિંજણપાટલા છે. પણ જે નથી જાણતા તે સુખી છે. આવી બાબતમાં અજ્ઞાન એ જ આશીર્વાદ છે.'

'નહિ ઈયાગો, આ બંને ધૂર્ત બદમાશોનો ફેંસલો નહિ થાય ત્યાં સુધી મારી ભીતરનો જ્વાલામુખી ધીકચ્યા જ કરશે...'

'હશે, થોડી ધીરજ રાખો. મહારાજ, હમણાં જ કૅસિયો આવ્યો હતો. પાછો આવવાનો છે. હું એને ડેઝડિમોના વિષે પૂછીશ. આપ એ વખતે એની આનંદચેષ્ટા જોશો એટલે પાકી ખાતરી થશે. આપ થોડે દૂર પેલી ભીંત પાછળ ઊભીને બધું સાંભળજો. પણ જો આપ સંયમ ચૂકશો તો બાજી બગડી જશે. માટે થોડીક ધીરજ રાખજો.'

ઑથેલો અદૃશ્ય થયો અને થોડી વારમાં કૅસિયો આવ્યો : 'મને કેમ બોલાવ્યો ? કાંઈ પ્રયોજન ?'

'હાસ્તો, પછી ડેઝડિમોનાને મળ્યો હતો કે ? તારી વિનંતી ફળી ?'

અને પછી તરત એના કાનમાં ધીમેકથી પૂછ્યું; 'અલ્યા, તારી બિયાન્કાના શા હાલ છે? કહે છે કે તારી પાછળ લટ્ટુ બની છે? ફાવ્યો હોં!'

'હા-હા-હા !' કરતો કૅસિયો હસી પડ્યો. ઑથેલો ડેઝડિમોનાની ભ્રમણામાં જ રહી ગયો. ખડખડાટ હસતાં કૅસિયોએ કહ્યુ 'એ બિચારી મારી પાછળ ભટકયા કરે છે. મને તો એની દયા આવે છે.'

'પણ તું તો એને પરણવાનો છે એવી વાયકા ખોટી કે સાચી ?'

'અરે વાહ ! હું એને પરણું ? સાચવવી ભારે પડે ! ઠીક છે, બે ઘડી આનંદ... પણ હવે કૈંક રસ્તો શોધવો પડશે. નહિતર ગળે પડે એવી છે.'

એટલામાં જ બિયાન્કા ત્યાં આવી અને કૅસિયો પર બેવફાઇનો આક્ષેપ કરી રોષથી એનો રૂમાલ પાછો ફેંકી ગઈ.

ઑથેલોની આંખમાં ખુન્નસ આવ્યું. ઇયાગોની ચેતવણી યાદ ન આવી હોત તો ત્યાં જ એ કૅસિયો પર તૂટી પડ્યો હોત. આવા કનૈયા પાછળ પેલી કુલટા ખુવાર થવા નીકળી છે ? !

કૅસિયો હસતોહસતો ચાલ્યો ગયો. ઑથેલો પ્રગટ થયો. ઈયાગોએ સંતોષ અને વિજયની દૃષ્ટિએ તેના તરફ જોયું. ઑથેલોને પૂરેપૂરી ખાતરી થઈ ગઈ કે ઈયાગો સાચો છે, ડેઝડિમોના વ્યભિચારિણી છે.

'ઈયાગો, આભ તૂટી પડ્યું છે. હવે થીગડાંનો અર્થ નથી. તું આજે જ મને ઝેર આણી આપ... એ ઝેરથી પેલી દુષ્ટ ડેઝડિમો...'

'ના મહારાજ, ઝેર નહિ. આપની શય્યા એણે ભ્રષ્ટ કરી છે. તો એ શય્યામાં જ આપ એને ગળે ટૂંપો દઈ દેજો એટલે પત્યું.'

ઇયાગોની આ સલાહ ઑથેલોને પસંદ પડી ગઈ. એના હાથ ટૂંપો દેવા તલપી રહ્યા.

ઑથેલોનું ખુન્નસ વધારી મૂકે એવી એક બીજી ઘટના બની. વેનિસ પાછા ફરવાનો તાકીદનો સંદેશો લઇને એક ઉમરાવ (અનુ. પૃ. ૨૦૩)

લેખક-આલેખક **રવિશંકર રાવળ**

જીવનપટનાં સ્મૃતિચિત્રો

આત્મકથાનક · ૨૯



હેડમાસ્તર ખરશેદજી ઍન્ડી પાછળથી ૧૯૨૪માં મેં કરેલો સ્કેચ : તે પર સ્વહસ્તે હસ્તાક્ષર અવસ્તાનાં શાસ્ત્રવચનો 'હુમત, હુખ્ત, હુવર્શ્ત'નો અર્થ થાય છે સુવિચાર, સદાચાર ને સત્કૃત્ય'.

૧૩૦ રાજકોટ : શ્રી વિશ્વનાથ પાઠકને ઘેર

હુન્નર-ઉદ્યોગનું પ્રદર્શન થઈ ગયા પછી ચિત્રકામ માટે મારો જુસ્સો વધી ગયો. પ્રદર્શનમાં જોએલાં સરસ ચિત્રો જેવું કામ મને કેમ અને ક્યારે આવડશે તેની ચિંતા કરવા લાગ્યો. શહેરમાં જે કોઈ ચિત્રકામ કરતું હોય તેમનો સમાગમ શોધવા માંડ્યો. દુકાનો માંડી બેઠેલા ચિત્રકારોની જરાતરા ઓળખાણ થઈ, એટલે જતાં-આવતાં તેમને છબિઓ કરતાં કે રંગીન દેખાવો ચીતરતાં જોતો બે ઘડી ઊભો રહેતો. તેમણે કાલે કરેલું કામ આજે કેટલું વધ્યું છે તે રસપૂર્વક જોતો. પછી ઘરમાં રાતો, પીળો, વાદળી વગેરે કપડાં રંગવાના ચાલુ જર્મન રંગોની શીશીઓ ભરી તેમાંથી મિશ્રણો કરી ફૂલપાન–પદાર્થો ચીતરવા લાગ્યો. જ્યૉમેટ્રીની જાળીઓ, છાપ-ચોરસાં અને શ્રી ઉસમાન બચલે છપાવેલી ચોપડીઓમાંથી સ્મૃતિચિત્રોને નમૂના તરીકે રાખી પરીક્ષા માટે ઠીક તૈયારી કરી લીધી.

રાજકોટખાતે ડ્રૉઇંગ-પરીક્ષાનું સેન્ટર હતું ત્યાં અગાઉથી ફી મોકલી નામ લખાવી લીધું. આ પરીક્ષા સપ્ટેં૦–ઑક્ટોબરમાં લેવાતી. તે નજીક આવતી ગઈ તેમ મૅટ્રિકના અભ્યાસમાં પડતો ગયો. પરીક્ષાની તારીખોએ રાજકોટ પહોંચવાનું હતું. ત્યાં કુટુમ્બની એક જ જૂની ઓળખાણ વિશ્વનાથકાકા (વિશ્વનાથ પાઠક–રામનારાયણભાઈના પિતાશ્રી) ની હતી. ત્યાં મારા નાનપણના સાથી ગજુભાઈ (ગજાનન) પાઠક પણ મૅટ્રિકમાં જ હતા. તેને ફરી મળવાની હોંશ પણ મને જાગી હતી.

રાજકોટ જવા હું એકલો જ ગાડીમાં નીકળ્યો. ચોમાસું ચાલુ હતું અને રાજકોટ પહોંચ્યો ત્યારે વરસાદ પણ ચાલુ હતો. ગજુભાઈ સ્ટેશને આવ્યા હતા. ઘોડાગાડી કરી અમે સદરમાં તેમના ઘેર પહોંચ્યા ત્યારે સાંજ પડી ગઈ હતી. બધે શરદી અને ભીનાડું હતું.

ઓશરીના એક ખૂણામાં પૂજ્ય વિશ્વનાથકાકા ધાબળીનું આસન કરી લેખનકાર્યમાં પ્રવૃત્ત હતા. એમની બેઠક જાણે પૂજામાં બેઠા હોય તેમ નવેણની મર્યાદાવાળી લાગી, એટલે મેં તેમને સ્પર્શ ન થઈ જાય એવી રીતે વંદન કર્યું. તેમની આંખો ત્રાટક કરતી હોય એ઼ં સ્થિર ફાટેલી હતી. પણ ધોળી મૂછો નીચેથી સ્મિત દેખાયું. આદિત્ય માશીએ જૂના વહાલથી 'રવિ આવ્યોને' કહી બોલાવ્યો. આદિત્ય માશીના ઘરમાં પૂરો પ્રશ્નોરા આચાર પળાતો. સંડાસમાં જવું હોય ત્યારે નાનું પંચિયું બદલવું પડતું અને પછી બહાર આવીને ચોકડીમાં ઠંડા પાણીએ નહાવાનો પણ નિયમ હતો. ઠંડી અને શરદીમાં ધ્રૂજતાં ધ્રૂજતાં મારે એનું પાલન કરવું પડ્યું. જમવા-ખાવાની વાનીઓમાં પૂર્ણ સાદાઈ પણ ચોખ્ખાઈ અને નવેણનો સંપૂર્ણ આગ્રહ.

પરવારીને હું પરીક્ષાનું સ્થળ અને મારી જગ્યા જોવા ગજુભાઇ સાથે ગયો. હાઈસ્કૂલના ખંડોમાં તેની ગોઠવણ થઇ હતી. તેની સર્વ દેખરેખ અને જવાબદારી ધરાવતા પ્રસિદ્ધ ચિત્ર-શિક્ષક ઉસમાન બચલને મેં પહેલી વાર અહીં જોયા. વિશ્વનાથકાકા એક વખત મેઇલ ટ્રેઇનિંગ કૉલેજ (પ્રાથમિક શિક્ષકોને તાલીમ આપતા અધ્યાપનમંદિર) ના હેડમાસ્તર હતા તેથી ગજુભાઇને તેમનો પરિચય હતો. તેમની આગળ મને લઈ જઈ મારી ઓળખાણ કરાવી ત્યારે બોલી ઊઠ્યા : 'મહાશંકરભાઈ અહીં હતા ત્યારે હું સારીરીતે પરિચયમાં આવેલો.' સ્વચ્છ સફેદ અરધો કોટ, પાટલૂન, માથે સફેદ સ્વચ્છ સાફો, સફાઇથી કાપેલી આછી દાઢી વચ્ચેના ઊજળા મુખમાંથી સ્મિત પ્રસારતા ઊંચા ઉસમાન બચલ એક આકર્ષક વ્યક્તિ હતા. તેમનાં શબ્દો અને વાક્યોમાં ઉચ્ચાર અને વ્યાકરણની શુદ્ધિ હિન્દુઓ કરતાં પણ અસરકારક બનતાં. એમની પાસે હિન્દુ-મુસ્લિમનો ખયાલ જ અદશ્ય થતો; એક આદર્શ શિક્ષકની જ છાપ પ્રકટ થતી.

ગજુભાઈ પણ મૅટ્રિકના અભ્યાસથી કંટાળેલા જણાતા હતા અને તેમણે પણ ચિત્રનો શોખ માણ્યો હતો. ડ્રૉઇંગની બે પરીક્ષા આપી દીધી હતી અને હવે વડોદરા કળાભવનમાં જવાનો વિચાર કરતા હતા. આર્કિટેક્ચર (સ્થાપત્યવર્ગ)માં ચિત્રના બીજા ગ્રેઈડની પરીક્ષા પછી નૉનમૅટ્રિકને પણ પ્રવેશ મળતો. મારી પરીક્ષા બે દિવસ ચાલી ત્યારે બાકીનો બધો વખત મારી સાથે તેમણે ઘણી યે વાતો કરી અને મારા મનમાં કૉલેજ સિવાય બીજી કોઈક લાઇન લેવાની પ્રેરણા જગાડી.

સવારે હું પરીક્ષા-સ્થળે જવાની તૈયારી કરતો હતો તે વખતે ખડકીનાં બારણાં ઊઘડ્યાં, અને મોટા અવાજે વાતો કરતા, હાથમાં ટોપી તથા લાકડી પકડીને એક પડછંદ શરીરવાળા, ખુલ્લા ચોરસ મુખ અને કોતરેલી મૂછોવાળા, પ્રૌઢ પણ જુવાન લાગતા, પાની સુધીનો કછોટો મારેલા ધોતિયા અને હાફકોટવાળા ગૃહસ્થ, અને તેમની પાછળ તેમનાથી નીચા લાગતા, ટાલવાળા, હળવા બાંધાના, બગલમાં ફેંટો દબાવી રાખેલા બીજા ગૃહસ્થ ઓશરીનાં પગથિયાં ચડ્યા.

તરત મને ગજુભાઇએ તેમને ઓળખાવ્યા : 'પેલા હાથમાં ટોપી-લાકડીવાળા છે તે કવિ નાનાલાલ, અને બીજા તે 'સ્વર્ગની કૂંચીઓ અને સીડીઓ' લખનાર અમૃતલાલ સુંદરજી પઢિયાર.'

'નમસ્કાર પાઠકજી' કહી કવિ તો હીંડોળાપાટ પર બેસી ગયા. પઢિયારજી વિશ્વનાથકાકા સામે રાખેલી ગાદી પર નમ્રતાપૂર્વક હાથ જોડી બેસી ગયા. વિશ્વનાથકાકાએ બંને તરફ જોડેલા હાથ ફેરવ્યા.

'ચોરવાડથી પઢિયારજી આવ્યા, ને આપની વાત નીકળતાં આપને મળવાની તેમણે ઇચ્છા કરી, એટલે આજ આ તરફ ફરવાનું રાખ્યું. કહો 'નચિકેતા'નું શું થયું?'

'અરે ! ગજુભાઇ, ''નચિકેતા સુમનગુચ્છ''ની પ્રતો ભાવનગરથી આવી છે, તેમાંથી બે લાવો જોઇએ.' પ્રતો હાથમાં લઈ બંનેનાં પૂંઠાં ઉઘાડી પોતાના તરફથી ભેટ લખીને બંને મહેમાનોને આપતાં વિશ્વનાથકાકા બોલ્યા : 'એ તો છપાઇને તૈયાર થએલું આ રહ્યું, અને હમણાં મહિમ્નઃસ્તોત્રનું સમશ્લોકી ગુજરાતી ભાષાંતર સટીક લખી રહ્યો છું.'

'નચિકેતા સુમનગુચ્છ' જેવું રસોત્પાદક નામ મેં પણ તે વખતે પહેલું સાંભળ્યું. શ્રી વિશ્વનાથ પાઠકે અનુવાદ કરેલું 'પંચદશી'નું ભાષાંતર જાણીતું હતું. તેમણે નોકરીમાંથી પેન્શન લીધા પછી આવી જ્ઞાનો-



યમ-નચિકેતા (અંક ૨૫૦ના મુખચિત્ર તરીકે આવેલું)

પાસનામાં જ જીવન વ્યતીત કરવાનો નિશ્ચય કર્યો હતો. આર્થિક સ્થિતિ સદ્ધર ન હોવા છતાં પ્રાપ્ત સંપત્તિમાં સંતોષથી અને કરકસરથી જીવન-વિશુદ્ધિનો પંથ સંભાળી રાખનાર એ વિરલ વિદ્વાન શિક્ષક હતા.

તેમની વિરક્તિ-ભાવના જાણીને ભાવનગરના દીવાન શ્રી પ્રભાશંકર પટ્ટણીએ 'યમ-નચિકેતા સુમનગુચ્છ'ની હજાર નકલ દરબારી છાપખાનામાં છપાવીને તે સંવત ૧૯૬૪ (ઈ. ૧૯૦૮)ની દત્તજયંતીને દિવસે પ્રકટ કરી આપી હતી.

ઉપનિષદોમાં શ્રેષ્ઠ મનાતા કઠોપનિષદમાં યમ-નચિકેતાનો સંવાદ છે. મહાભારતના અનુશાસન પર્વમાંની આ આખ્યાયિકાને આહીં કંઇક જુદું રૂપ આપ્યું છે: 'આ આખ્યાયિકા આત્મબોધ કરી કૃતાર્થ થાય છે, તથાપિ તેમાં અવાંતર બોધ ઘણો છે. દાનનો મહિમા તેમાં પ્રથમથી જ કહેવાયો છે. પિતૃભક્તિ, શિષ્યની યોગ્યતા, પુત્રપ્રેમ, સત્યાવલંબન, તપમહિમા, ક્રોધનું પરિણામ, અતિથિ-માહાત્મ્ય, અતિથિ-સત્કાર, ગુરુભક્તિ, ગુરુશિષ્ય પ્રેમ વગેરે વ્યવહારને અતિ ઉપયોગી બાબતો આમાં સુંદર રીતે દેખાય છે. કર્મ, ઉપાસના અને જ્ઞાન એ ત્રણ ધર્મનાં કાંડો છે. એ ત્રણેને આમાં યોગ્ય અવકાશ મળે છે. મૂળની આખ્યાયિકાને તેની સુંદર ઢબમાં અને યથાર્થ ક્રમમાં રાખવાનો તથા તેને રસિક બનાવવાનો આમાં ઉદ્દેશ રખાયો છે. અને તેથી જ આને 'નચિકેતા સુમન-ગુચ્છ' આવું નામ આપવામાં આવ્યું છે.'

પછી તો રાત્રે નવરાશે પૂજ્ય વિશ્વનાથકાકાએ કહ્યું પણ ખરું કે તમે કોઇ મને યમ-નચિકેતાનું એક ચિત્ર કરી આપો. એ વિચાર મારા મનમાં કોઇ ખૂણે ઝડપાઇ ગયો અને તેમની હયાતિ બાદ ઘણાં વર્ષો પછી એમની એ ઇચ્છાને હું સ્વરૂપ આપી શક્યો. (જુઓ ઉપર)

૧૩૧ પાસ અને નાપાસ

રાજકોટમાં ડ્રૉઇંગની પરીક્ષા આપીને હું ભાવનગર આવ્યો. એ પ્રવાસમાં શરદીની ઝાપટ ખાઈ ગએલો તેથી તબિયત વધુ બગડી. બ્રૉંકો-ન્યૂમોનિયા થયો, ને લગભગ એક માસ સુધી મૅટ્રિક ક્લાસમાં મારી ગેરહાજરી થઇ. પછી ક્લાસમાં ગયો ત્યારે પ્રીલિમિનરી (આગોતરી ચિકિત્સાની) પરીક્ષાની તૈયારીઓ જોરશોરથી ચાલતી હતી. મારા કેટલાક સાથીઓને મુકાબલે હું ક્યાં યે પાછળ પડી ગયો હતો. એટલે પ્રીલિમિનરીમાં તો મારા શા હોશ રહ્યા હોય? યુનિવર્સિટી-પરીક્ષા માટે ફૉર્મ ન મળ્યું. હું ગળગળો થઈ ગયો. ગમે તેમ કરી મહેનત કરી તૈયાર થઈ જઈશ એવી કાકલૂદી કરવા હેડમાસ્તર નાનચંદભાઈ દોશી પાસે ગયો. એમની સાથે ઘરની પણ ઓળખાણ હતી. તેમણે સાંત્વન આપી કહ્યુ: 'આ વર્ષે તારાથી બરાબર અભ્યાસ થયો જ નથી ને તું હવે બધું પાકું કરવાની ખોટી હામ કરે છે. ફૉર્મ લઇ પરીક્ષા માટે ફી તથા પ્રવાસનો ખર્ચ નકામો કરીશ. મારી સાફ સલાહ છે કે બીજા વર્ષમાં પહેલેથી ખૂબ ચીવટ રાખી દરેક વિષય પાકો કરી લે. ગણિતમાં તું સાવ નબળો છે તે પર વધુ ધ્યાન આપ. રજામાં હું વર્ગો લઇ દરેક જણને પાકો કરી દઈશ. હું તારું હિત વધારે જાણું છું.'

એવામાં રાજકોટની બીજા ગ્રેઇડની ચિત્ર-પરીક્ષામાં મારા પાસ થઈ ગયાના ખબર ગજુભાઇએ લખી જણાવ્યા. ભાવનગર હાઈસ્કૂલમાંથી ચિત્રની આવી પરીક્ષા આપનાર હું પહેલો જ વિદ્યાર્થી હતો પણ તેની બીજા કોઇને જરા યે કીમત નહોતી. માત્ર મારા ચિત્રશિક્ષક ભગવાનજી માસ્તર ખૂબ હરખાયા. તેમને હું મળવા ગયો ત્યારે તેમનો રોષ ઊતરી ગયો હતો. ઊલટું મને કહ્યુ: 'હવે તું આહીં બીજા છોકરાઓને આ વિષયની સમજણ પાડજે.' કેમકે તેઓ પોતે જુદો કોર્સ કરીને ચિત્રશિક્ષક બન્યા હતા. થોડા દિવસ પછી તેમણે મને બપોરની રીસેસમાં લાયબ્રેરીમાં તેડાવ્યો અને કબાટમાંથી 'રીવ્ઝ'ની મોટી રંગપેટી કાઢીને આરામ કરતા હેડમાસ્તર શ્રી બરજોરજી ઍન્ટી પાસે લઇ ગયા અને તેમના હાથે એ પેટી મને ઈનામ અપાવી. આસપાસ ખુરશીઓમાં ઝોકાં મારતા બેઠેલા અન્ય શિક્ષકોમાંથી કોઇએ તે જાણ્યું નહિ, પણ ડ્રૉઇંગ-માસ્તરનું વહાલ ઊભરાતું હતું.

૧૩૨ આપ-અભ્યાસ

તે પછી મેં જ મારા મનનું સમાધાન કરી લીધું. વચ્ચે મળેલા લાંબા સમયમાં અંગ્રેજી વાચન વધારવા માંડ્યું. મોટા ભાઈએ બાર્ટન લાયબ્રેરીના વાચક-સભ્યની ફી ભરી હતી તેમની સાથે જઈ ચોપાનિયાં જોવાની ટેવ પાડી. શરૂઆતમાં હું ચિત્રોનાં જ ચોપાનિયાં કે ચોપડીઓ જોતો. એમાંથી શેરલૉક હોમ્સની વાર્તાઓની એક સચિત્ર ચોપડી હાથમાં આવી ગઇ અને તેનો રસ લાગ્યો. શરૂઆતમાં ડિક્શનેરી પાસે રાખીને તેની મદદથી સમજીને વાંચવાનું કઠણ લાગતું, પણ પછી તો આપમેળે અર્થ બેસવા લાગ્યા. એ વાર્તાઓમાં વાતચીતથી જ કથાનક આગળ વધતું રહે છે. એમાંનાં વિસ્મય, કૌતુક, ભેદી વાતાવરણ, શું બનશે તેની ઉત્કંઠા આદિ તત્ત્વોએ મારા પર ખૂબ અસર કરી, ને જાતજાતનાં વિશેષણો એમાંથી જાણવા મળ્યાં.

મોટા ભાઈના બધા મિત્રો પણ મને ખૂબ લડાવતા અને મારા ચિત્રના શૅાખને પોરસાવતા. ક્યાંક ફરવા કે કાંઈ જોવા જેવું હોય તો એમની સાથે ઘણી વાર લઈ જતા. હું એ બધાનાં ઘર જોઇ-જાણી ચૂક્યો હતો, એટલે મોટાભાઈનું કામ કે ચિઠ્ઠી-ચપાટી પણ પહોંચાડતો. હું ચિત્રકામ કરતો તે મોટા ભાઇને ગમતું. પોતે મૅટ્રિકનું પગથિયું વટાવી શક્યા નહોતા તેની યાદ આપી મને પ્રોત્સાહિત કરતા. વડીલો પણ મને કાંટો ચડાવતા કે 'જોજે હોં, આ બીજા વર્ષમાં પહેલેથી જ પાયો પાકો કરજે.' અને કાકાએ તો મને ગણિતના પહેલા પાનાથી બધા જ દાખલા કરી જવાની તાકીદ કરી. જ્યૉમેટ્રીમાં મને રસ હતો પણ એલજિબ્રામાં બહુ કંટાળો આવતો. પરંતુ નવા વર્ષના મૅટ્રિકના જે વર્ગો થયા તેમાં છઠ્ઠી પાસ કરીને નવા આવેલા મિત્રોમાં ભાઈ પરમાનંદ કાપડિયા, શિહોરવાળા ચુનીલાલ જૂડાભાઈ વગેરે જે તેજસ્વી મિત્રો મળી ગયા તેઓ ભાષા અને ગણિત બંનેના રસિયા હતા.

૧૩૩ કાપડિયા કુટુંબની સંસ્કારભૂમિ

ભાઈ પરમાનંદના ગૃહશિક્ષક શાંતિભાઈ પારેખ અમારા ચૉક સામેની ખડકીમાં જ રહેતા, તેથી તે ત્યાં વારંવાર આવતા. તેમના દાદા આણંદજી પરશોતમની કાપડની દુકાન ભાવનગરમાં મોટામાં મોટી ગણાતી. તેમના પિતાશ્રી કુંવરજીભાઇ ભાવનગર જૈન કોમના

આગેવાન વિદ્વાન અને વ્યાખ્યાતા હતા. તેમના કાકાઓ વગેરેની સંયુક્ત પેઢી ચાલતી. ઘર જુદાં પણ કુટુંબ-સંપ ઘણો. નવી પેઢીનાં બધાં બાળકો અભ્યાસમાં આગળ વધતાં હતાં. તે સમયે પરમાનંદના મોટા કાકા ગિરધરભાઇના સુપુત્ર મોતીચંદ કાપડિયા ભાવનગર જૈન જ્ઞાતિમાંથી પહેલા જ બી.એ. એલએલ.બી. થયા હતા. તેમના માનમાં ભાવનગર જૈન જ્ઞાતિએ મોટો મેળાવડો કરી તેમને માનપત્ર આપ્યું હતું. તેમનાથી છ વર્ષ નાના ભાઈ ઉત્તમચંદ પણ શ્રેષ્ઠ વિદ્યાર્થી નીવડ્યા હતા. તે ભર યુવાવસ્થામાં ગુજરી જતાં તેમના મિત્રોએ તેમના વિચારો અને લેખોનો સંગ્રહ બહાર પાડ્યો હતો. આ રીતે તેમના પરિવારમાં અભ્યાસ અને સંસ્કારનાં બીજ ફાલતાં હતાં.

પરમાનંદના પિતાશ્રી કુંવરજીભાઈ દુકાનના કામમાં બહુ ધ્યાન ન આપતા, પણ જૈન સાહિત્યના સર્વાંગ અભ્યાસી અને તેનું જીવનમાં ચુસ્ત પરિપાલન કરનાર જૈન કોમના જ નહિ બલ્કે આખા ભાવનગરના અગ્રગણ્ય નાગરિક ગણાતા. તે અંગ્રેજી ન જાણતા, પણ પોતાને ત્યાં જૈન અને ગુજરાતી સાહિત્યના વિદ્વત્તાભર્યા ગ્રંથો અને પુસ્તકોની એક સમૃદ્ધ ને સુંદર લાયબ્રેરી બહુ જતનથી એક ખંડમાં વસાવી હતી. પોતાના પુત્ર પરમાનંદને પણ તેમણે ઉત્તમ શિક્ષણ આપીને આગળ વધારવા માટે ઘેર સુજ્ઞ શિક્ષકો રાખીને તેમનામાં ઉત્તરોત્તર ઉચ્ચ સાહિત્ય અને અભ્યાસનો ઉમંગ સચેત રાખ્યો હતો.

અમે એકબીજાને ઓળખતા તો વહેલા થયા હતા, પણ મૅટ્રિકમાં સાથે થઈ ગયા પછી તેમણે મારા પ્રતિ વિશેષ સદ્ભાવ અને આદર બતાવ્યાં. એકબે વખત તેમને ત્યાં હું જઇ આવ્યા પછી મને પ્રતીતિ થઇ કે સંસ્કાર, સાહિત્ય અને કળા પ્રતિ આદર ધરાવતા એક ઉત્તમ મિત્રની મને સંપ્રાપ્તિ થઈ છે. તેમના ઘરની લાયબ્રેરી તો મારે માટે અનોખું આકર્ષણ હતું. તેમાંનાં પુસ્તકોની સંપૂર્ણ યાદી એક પાકી ચોપડીમાં રાખી હતી, અને ત્યાંથી કોઈ પણ પુસ્તક જાય કે આવે તેની નોંધ કુંવરજીભાઈ જાતે રાખતા. ચોપડીઓનાં કબાટોના એ નાના અલાયદા ખંડમાં જ કુંવરજીભાઇ રોજનું ધાર્મિક અધ્યયન કરતા એટલે તે ધૂપ-સુગંધીથી મહેકતો. એ ખંડમાંનાં પુસ્તકોમાંથી ખૂબ મનગમતા વાચન ઉપરાંત તેમના ઘરમાં રવિ વર્માનાં ચિત્રો, દેશવિદેશનાં ચિત્ર-પોસ્ટકાર્ડો અને કેટલીક મોંઘેરી વસ્તુઓ હતી તેના રસાનંદનો લાભ પણ મને મળતો. તેમનું આખું ઘર ફૂલવાળી લાદીઓથી જડેલું અને ભીંતો પણ ફૂલોની વેલો અને શણગારવાળા ખૂણાઓથી શોભીતી હતી. ઘરમાં નોકરો હતા અને ઘેર ગાડી હતી. પરમાનંદના પિતાશ્રી, માતુશ્રી, બેન-ભાઇઓ, બધાંને સરસામાન અને વસ્ત્રોની ખોટ નહોતી.

એમનું ઘર વોરા શેરીમાં એટલે જૈન સમુદાયની વસતિમાં જ હતું તેથી ત્યાંના રસ્તા અને ગલીઓમાં એઠવાડ-પાણીની રેલમછેલ રહેતી. જૈન કોમમાં ઘરની અંદરની શ્રીમંતાઈ છતાં આ બાબતમાં પૂર્ણ ઉપેક્ષા જોઇ મને ખેદ થતો. ત્યાંના મોટા ભાગના લોકો ગુમાસ્તા કે નાનો વેપાર કરનારા હતા. તેમની વચ્ચે કુંવરજીભાઈનું ઘર હવેલી જેવું લાગતું. આસપાસની ગરીબી અને તંગીને કારણે આવી વેપારી કોમમાં પણ ભેદી ગુના બની જાય છે, એવો એક દાખલો બેત્રણ વર્ષ પર એમના ઘરની સામેની ડેલીમાં બની ગયો હતો તે વર્ષો સુધી ભુલાયો નહોતો. ત્યાં એક આધેડ ગરીબ જૈન વિધવા તેના બે દીકરાઓને લઇ રહેતી હતી. ખરાબ ચરિત્રવાળા માણસો તેને ત્યાં આવતા-જતા અને જુગાર પણ ખેલાતો. મોટો છોકરો વધુ પૈસા કમાવા રાત્રે નાટકશાળાના દરવાજે બેસી પોતાના ઘડામાંથી લોકોને પાણી પાતો. એક વાર છોકરાએ રાત્રે મોડા આવીને ઘરનું બારણું ઠોક્યું, તે કોઇએ



યુવાન વયે **કુંવરજી આણંદજી કાપડિયા** વૃદ્ધાવસ્થાએ
જન્મ · વિ. સં. ૧૯૨૦ના ફાગણ સુદ ૮
અવસાન · વિ. સં. ૨૦૦૧ના પોષ સુદ ૧૧

ઉઘાડ્યું, પણ અંધારામાં કોઇએ તેના મોંમાં ડૂચો માર્યો અને છરાના ઘાથી તે પાર પડી ગયો! બેત્રણ દિવસ સુધી શું બન્યું તેની કોઇને ખબર પડી નહિ. ત્રીજે દિવસે સંધ્યાકાળે મકાનમાંથી સડતા મડદાની ભયંકર બદબો બહાર આવી. ચણભણ થતી વાત પોલીસને પહોંચી અને ઘર ખોલી તેઓએ જોયું તો બાઈ અને તેના બંને છોકરાનાં ખૂન થયાં હતાં! બાઈનું ચારિત્ર્ય દૂષિત હશે, પણ બાળકોની હત્યા કરનારનાં હૈયાં કેટલાં ક્રૂર હશે તે વિચારી લોકો અરેરાટી કરવા લાગ્યાં. એ વખતે ભેગાં થએલાં ટોળાંમાં હું પણ હાજર હતો. આ ખૂનનો પત્તો મેળવનાર માટે રાજ્યે ઈનામ કાઢ્યું ને બે વર્ષે સાંકળો મેળવીને શોધ કરતાં પોલીસને એક કણબી જુવાન અને તેના સાથીનો પરદેશમાંથી પત્તો મળ્યો. એમને ફાંસીની સજા થઈ. પરમાનંદને ઘેર જતાં-આવતાં એ ડેલી સામે જોતાં મને તે વાતની ધ્રુજારી થઈ આવતી, પછી ધીરેધીરે વાતાવરણ અને વિચારો બદલાયા તેમ એ વાત વિસારે પડી અને પરમાનંદનું ઘર મારા માટે એક નવી સંસ્કારભૂમિ બન્યું. રજાઓમાં તે વખતોવખત મુંબાઈ જતા અને ત્યાંથી જે કાંઈ નવાઈની વસ્તુઓ, ચિત્રકાર્ડો વગેરે લઇ આવતા તે મને પ્રેમથી બતાવતા.

પરમાનંદ પાસેથી મને 'કલાપી' વાંચવાનો શોખ લાગ્યો. તે ઘણી વાર કોઇ કાવ્ય લઈ પ્રેમ સંબંધી ચર્ચા કરતા. આવી ચર્ચાઓમાં મઝા આવવાનું કારણ અમારામાં ફૂટતું તારુણ્ય પણ હશે. અમારા સમયના ઘણા તરુણો તે કાળે પરણી ચૂકેલા કે પરણવાની તૈયારીમાં હતા અને લગભગ દરેક જણનું વેવિશાળ તો થએલું જ હતું, પણ કોઇને લગ્ન પહેલાં ભાવિ પત્નીનું દર્શન મિલન કે સંભાષણ થયું હોવાનું જાણ્યું નહોતું. માતાપિતા—અને ભાવિ પત્નીઓ પણ—તે માટે ખૂબ ચિન્તા અને સંક્ષોભ ધરાવતાં. બહુ જ થોડી યુવાન વધૂઓ લખવા જેટલું ભણતર પામી હતી, એટલે પ્રેમપત્રો લખવાની આવડત હોય જ ક્યાંથી? છતાં પરમાનંદ સુભાગી હતા. તેમને લગ્ન પહેલાં તેમનાં ભાવિ પત્નીના ભાવપૂર્ણ પત્રો મળેલા. જૈન કોમ કન્યાકેળવણીમાં બીજી કોમ કરતાં આગળ વધી હતી. જૈન શ્રીમંતોએ કન્યાશાળાઓ ઉઘાડવામાં પહેલ કરી હતી એમ કહેવું ખોટું નહિ ગણાય. ધાર્મિક શિક્ષણ, સીવણ-ભરતના વર્ગો વગેરેની ગોઠવણ પણ તેમણે વધારી હતી.

હાઈસ્કૂલમાં બપોરના વિરામનો પાકો એક કલાક મળતો ત્યારે નાગર વિદ્યાર્થીઓ, જેમનાં ઘર દીવાનપરામાં જ ઘણે ભાગે હતાં



સાપોલિયા જેવું શરીર અને સળવળતી જીભ
હીરા કૉમિક

તેઓ, ઘેર જઇ આવતા. કેટલાક શોખીનો બહાર રેંકડીઓમાં વેચાતા દાળ-મસાલા કે બીજી ચીજોનો સ્વાદ કરવા જતા. અમારામાંના થોડાક મૅટ્રિક ક્લાસના બાંકડા પર લાંબા થઈ પડતા, તો કેટલાક ડેસ્ક ઉપર બેસી સામસામાં ગપ્પાં મારતા. તેમાં પરમાનંદે મને હીરાલાલ ગિરધરલાલ ઉર્ફે 'હીરા કૉમિક'ની ઓળખાણ કરાવી. એ આનંદી અને રમૂજી મિત્રે અમારો બપોરનો વિરામ રોજ નવી નવી વાક્કળા તથા ગાયનો અને બીજાં માણસોની નકલોથી ખૂબ જ રંગીન બનાવી દીધો હતો. બપોર થાય કે પરમાનંદ તેને કોઇ ને કોઈ ગીત કે ટીખળની યાદ આપે. પાતળું સાપોલિયા જેવું એનું શરીર. એમાં સળવળતી જીભને કંઇક ઉત્તેજન મળતાં વધારે કહેવું ન પડતું. તેનો અવાજ બુલંદ હતો અને સભાક્ષોભ જરા યે નહોતો. નાટકોનાં ગાયનો, ઍક્ટરોની નકલો, જૈન ડોશીઓની વેવલી વાતો વગેરે, માથે કપડું નાખીને અવાજ અને અભિનય સાથે એવાં તો આબાદ રજૂ કરતો કે કોઈ હસ્યા વિના રહે નહિ. એકે એક શિક્ષકની બોલવાની ઢબ, અવાજ, ખાસ કટાક્ષવચનો વગેરે પણ ગ્રામોફોનની માફક ઉપજાવતો; જોકે શિક્ષકોની હાજરીમાં તે ચૂપ જ રહેતો. જ્યારે એક બીજા ભાઇ મણિલાલ જોષી તો શિક્ષકને જવાબ આપતાં એવું ટીખળ અને આડત્રેણ વાપરતા કે શિક્ષકનો મિજાજ બદલાઇ જતો, અને વર્ગને રમૂજ મળતી. એ જ ભાઇશ્રી ભવિષ્યમાં એ જ શાળામાં હેડમાસ્તર થયા ત્યારે આકરા શિસ્તપાલક બન્યા હતા. વિઠ્ઠલદાસ ખીમજીભાઇ પટેલ પણ ભવિષ્યમાં હેડમાસ્તર બનેલા; પણ એ તો બહુ જ ઠાવકા, મહેનતુ ને અભ્યાસપરાયણ વિદ્યાર્થી ગણાતા. એમને મેં કોઇ પણ રમૂજ કે હાસ્ય-પ્રસંગમાં જોડાતા કદી જોયા નહોતા. સંસ્કૃતમાં તે સૌથી આગળ રહેતા.

જશોનાથની ચાતુર્માસ કથાઓમાં થએલા મિત્રોમાંના ઘણા આડી સાથે થઈ ગયા હતા. ઘણી વાર અમે સૌ પીલ ગાર્ડન કે તળાવમાંના ગંગાદેવીના આરસમંદિરના ચોતરે સંધ્યાના રંગો ઓસરી જાય ત્યાં સુધી ગપ્પાં મારતા બેસતા. તેમાં ગજાનન ભટ્ટ તેમજ મુંબાઈથી આવેલા લાભશંકર ભટ્ટ જેવા પણ હોય. કોઇ વાર અમારા ડહેલાના સોબતી ચમનલાલના એક પિત્રાઈ લીંબડીવાળા ભોગીલાલ ભાવનગરની દુકાન સાચવવા આવેલા તે પણ જોડાતા. એ ભાઈ મૅટ્રિક ન થઈ શક્યા, પણ બીજા વર્ષથી પેઢીના કામમાં પડી પાવરધા થઇ ગયા હતા. તે અમારા મંડળમાં એવા ભળી ગયા કે સવારમાં વહેલા મોતી તળાવ પર નહાવા–તરવા જનારામાં તે આગળ રહેતા. (ચાલુ)

(ચાલુ)

લઘુકથા

મિલનની ફલશ્રુતિ

મોહનલાલ પટેલ

લગભગ સાત વર્ષના ગાળા પછી જમનાદાસ કુટુંબ સાથે પોતાના નાના ભાઇને મળવા જતા હતા. બાળકો પણ કાકાને મળવા અધીરાં હતાં એટલે ગાડીમાં કાકા-કાકીના ઘરની જ વાતો થતી રહી.

આ દરમિયાન જમનાદાસે પત્નીને બેત્રણ વાર સૂચના આપી દીધી કે ઇન્દ્રજિત ઈજનેર તરીકે લાંચ લે છે એ વાત આડકતરી રીતે પણ છેડવી નહિ. પોતાના કુટુંબનો માણસ લાંચ ખાય છે એ વાત બાળકો આગળ રજૂ થાય એ અસહ્ય હતું.

તેઓ ઇન્દ્રજિતને ત્યાં ચાર દિવસ રહ્યાં. ઘરમાં વૈભવનો પાર નહોતો. જ્યાં દૃષ્ટિ પડે ત્યાં કીમતી ચીજો નજરે ચડતી. ઇન્દ્રજિતનાં બાળકોનાં કપડાં, રમકડાં, મોઘાં બૂટ-મોજાં વગેરે જોઇને જમનાદાસનાં બાળકોનાં મનમાં કૈંકૈં વાસનાઓ જાગ્રત થતી હતી. પેલાં બાળકોની ઉદારતાને લીધે તેઓ એ ચીજો વાપરવા પામતાં હતાં. જમનાદાસને આ ગમતું નહોતું, પણ શાંત રહ્યા સિવાય છૂટકો નહોતો.

પાછા ફરતાં ટ્રેનમાં બાળકો જમનાદાસ આગળ મનની વાત વ્યક્ત કરવા લાગ્યાં: 'કાકાને ત્યાં કેટલી બધી વસ્તુઓ છે, બાપુજી? અને આપણે ત્યાં એમાંનું કેમ કશું નથી?'

'આપણને એવી ચીજોની જરૂર ક્યાં છે?'

'એમને જરૂર અને આપણને નહિ?'

પોતાની ખિન્નતા દબાવી જમનાદાસે બાળકોનું ધ્યાન બીજે દોરવા પ્રયત્ન કર્યો, પણ વ્યર્થ. બાળકો તો વારંવાર એની એ જ વાત કરતાં હતાં. મોટા હેમંતે કહ્યુ: 'બાપુજી, કાકાનો અને તમારો પગાર તો સરખો જ છે...તો પછી આપણે તો કંજૂસ જ કહેવાઇએ ને!'

'કાકાને પૈસો બચાવવો નહિ હોય.' જમનાદાસે જવાબ દીધો.

'એ ખોટી વાત. કાકી કહેતાં હતાં કે એમની પાસે તો લાખ રૂપિયા ભેગા થઈ ગયા છે!' મીનાક્ષી બોલી ઊઠી.

'આપણી પાસે કેટલા છે, બાપુજી?' બીજા બાળકે પૂછ્યું.

જમનાદાસે જવાબ આપ્યો: 'તારી મમ્મીને પૂછ.'

મમ્મીએ કહ્યુ: 'નસીબમાં હોય તો ભેગા કરીએ ને ભાઇ!'

પત્નીના અવાજમાં આજે થોડી અપરિચિતતા વરતાતી હતી. ચાર દિવસ દરમિયાન દેરાણીએ પોતાના મોભા અને સુખની જે વાતો કરી હતી તેની અસર જેઠાણી ઉપર થયા વિના રહી નહોતી.

જમનાદાસે પત્ની તરફ જોયું. એનો બદલાએલો મુખભાવ જોઈ એ ખિન્ન થયો; એટલું જ નહિ, રોષે પણ ભરાયો. બાળકોનો અસંતોષ સમજી શકાય, પણ પત્નીમાં એ ભાવ પ્રગટે એ અક્ષમ્ય હતું. મોઢું બગાડીને હેમંત બોલ્યો: 'આપણે તો પૈસા બચાવતા યે નથી અને કશું ખરીદતા યે નથી! કાકા એ બધું શી રીતે કરી શકે છે?'

જમનાદાસ ધૂંધવાઈ ઊઠ્યા હતા. કંઈ ન સૂઝતાં હેમંતને એમણે જોસથી એક તમાચો લગાવી દીધો. ત્યાં તો પત્નીનો રોષ ભભૂકી ઊઠ્યો: 'છોકરાને શા માટે માર્યો? એને ચોખ્ખું કેમ કહેતા નથી કે તમારા ભાઇએ લાંચ ખાઈખાઈને એ બધું ભેગું કર્યું છે?!'

અર્ધું સમજ્યાં – ન સમજ્યાં એમ બધાં બાળકો પ્રશ્નાર્થ ભાવે માતા તરફ જોઈ રહ્યાં.

ગુજરાત સાહિત્ય સભા તરફની વાર્ષિક વાઙ્મયસમીક્ષા

અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા તરફથી કરવામાં આવતી વર્ષોવર્ષનાં લલિત તેમજ લલિતેતર વાઙ્મય પ્રકાશનોની સમીક્ષાનું કામ ઈ. ૧૯૬૪ માટે પ્રો. ચિમનલાલ શિ. ત્રિવેદી (૨૫ નૂતન સોસાઅેટી, પાલડી પાસે, અમદાવાદ-૭)ને સોંપવામાં આવ્યું છે. સૌ લેખકો-પ્રકાશકોને સાહિત્ય સભાની વિનંતી છે કે પોતાના તરફથી પ્રકટ થતાં પ્રકાશનો પ્રસિદ્ધ થયે ઉપરને સરનામે મોકલીને આભારી કરશે.

મુકુન્દરાય વિજયશંકર પારાશર્ય

લીલબાઈ મા

સ્મરણીય વ્યક્તિની સત્યકથાઓ : ૨૪

દક્ષિણ સૌરાષ્ટ્રમાં સોરઠ જિલ્લામાં વંથળી નામે ગામ છે. ઇ. ૧૮૦૦ની આસપાસ ત્યાં એક બ્રાહ્મણ કુટુંબ રહેતું હતું. તેમાં રઘુનાથ નામે એક છોકરો હતો. તેની પત્ની લીલબાઈની આ વાત છે.

રઘુનાથ કે લીલબાઈનાં માતાપિતા કે ભાંડરડાં વિષે માહિતી નથી. પણ એ લીલબાઈ પિસ્તાળીશ વર્ષનાં હશે ત્યારે, સોરઠ જિલ્લાના લીંબુડા ગામથી દલપતરામ વ્યાસ (અંક ૪૮૧) પોતાનાં પત્ની તથા પુત્રી અવલકુંવરને લીલબાઈનાં દર્શન કરાવવા તેડી ગએલા. એ અવલકુંવર તે મારાં પિતામહી (ઇ. ૧૮૫૦થી૧૯૪૦). એમની પાસેથી લીલબાઈ મા વિષે વાતો સાંભળેલી, તેમાંથી જે સ્મરણે રહી છે તે આ છે.

રઘુનાથ અને લીલબાઇનો સંબંધ નાનપણથી થઈ ગએલો. લીલબાઈ આઠેક વર્ષનાં થયાં હશે ત્યારે શીતળાના ભયંકર રોગમાં પટકાયાં. તેમાંથી તે સાજાં તો થયાં પણ બન્ને આંખો એમણે તદ્દન ગુમાવી.

રઘુનાથની મા જોવા આવ્યાં ને ખેદ કર્યો ત્યારે લીલબાઈની માએ કહ્યું : 'છોડીના બાપ કહેતા હતા કે હવે એ આંધળીને પરણાવી કોઈના પર ભાર નાખવો નથી.'

રઘુનાથની માએ કહ્યું : 'છોકરીએ આંખ ખોઈ તેથી શું એ તમારા ઘરમાં ભારરૂપ થઈ છે ખરી?'

'પંડનું જણ્યું કાંઈ ભારરૂપ થાય?'

'તો બેન! મારે ય એ પંડની છે. એની આંખ જવાની હશે તે ગઈ. પણ છોકરીને પરણાવી દેજો. આ એના બાપનું ઘર છે; વખત જતાં ભાઇઓનું થશે, પણ ઓલું (ઘર) તો લીલીનું પોતાનું છે.' આમ કહી છોકરીને માથે હાથ ફેરવતાં કહ્યું : 'લીલી, બેટા, ઓલું ઘર તો તારું પોતાનું જ છે, હો માડી.'

ને, આવી ખેંચતાણને અંતે અગિયારેક વર્ષની વયે લીલબાઈનાં રઘુનાથ સાથે લગ્ન થયાં ને ચૌદપંદર વર્ષની વયે તે સાસરે આવ્યાં.

સાસરે આવ્યા પછી આંધળી વહુ ઘરકામ કરી શકે તેમ ન હતું, તો યે દળણું દળવું, છાણાં થાપવાં ને છાશ કરવી, એ કામ તો ઘણુંખરું તે જ કરતી. આથી કોઇએ મેણું યે મારેલું કે 'સાસુ કેટલી નિર્દય છે કે આંધળી વહુ પાસે છાણાં થપાવે છે ને દળણાં દળાવે છે!'

પણ લીલબાઈએ કહેલું : 'ઈ કામ તો, "મારો દી કેમ જાય?" એમ કહી મેં પરાણે માગી લીધાં છે.' ઉપરાંત ગામની પટલાણીઓ બેસવા આવે તેને કાલાંની ગાંસડીઓ સાથે લઇ આવવાનું એ કહેતાં. કાલાં ફોલતાં જવાય, વાતો કરતાં જવાય અને પદો ગાતાં જવાય, એમ બપોર પછીના સમયનો એ ઉપયોગ કરતાં. સાંજે પડોશનાં છોકરાંઓને ભેળાં કરી વાર્તાઓ કહેતાં.

સાસુ વિષે વાત નીકળતાં તે કહેતાં : 'પરણીને આવી ત્યારથી મને કદી નથી લાગ્યું કે મારે આંખ નથી. મને પગલે પગલે દોરીને, દરેક વસ્તુ આપીને સાસુએ મારી સેવા જ કરી છે. સાસુની સેવા હું કરું તેને બદલે મારી — વહુની સેવા સાસુએ કરવી પડે એ વાતનું મને દુઃખ થતું ત્યારે મારાં સાસુ મને કહેતાં : 'પ્રભુએ મને આ રીતે અવસર આપ્યો છે ને સેવા કરી છૂટું તો તેમાં મને ના ન કહેવાય. વળી, બીજાને પુન્ય રળવા દેવામાં યે પુન્ય છે. તે છતાં યે જો તને દુઃખ થતું હોય ને પાપ લાગે એવો ભય હોય તો એનો ગાંસડો મારા પર. બ્રાહ્મણને કે ગરીબ ભિખારીને આપણે લોટ કે ખાવાનું દઇને પગે શા માટે લાગીએ છીએ? બીજા જીવને સુખ દેવાનું આપણને એ પુન્ય કરવા દે છે તેના આભારથી આપણે પગે નમીએ છીએ. એટલે હું કરતી હોઉં એમ તું જો કરવા દઈશ તો તારો પાડ તો શું માનું, પણ અંતરથી આશિષ દઇશ.'

અને એ વહુને તેનાં સાસુ ગરમ રસોઈ જમાડતાં; ગરીબ ઘરમાં અથાણાં તો ન હતાં પણ ગાજર–ગરમરની કટકી કે જે કંઈ હોય તે મૂકતાં; આઠ-દશ દિવસે વગર અવસરે એકવાર શીરો કરી ખવડાવતાં. ઘરનાં કપડાં સાસુ ધોતાં ને એ કપડાંમાં સૌથી વધુ સ્વચ્છ કપડાં વહુનાં રહેતાં! રોજ સવારના માથું ઓળી, વહુના કપાળે ચાંદલો કરી દેતાં. જયા-પાર્વતી તથા દિવાસાનાં જાગરણ, આગળપડતો ભાગ લઇને, સાસુ કરાવતાં, અને વટસાવિત્રી-પૂજન માટે વહુને પાદરે દોરી જઈ પૂજન કરાવતાં. વહુને સૌથી વધારે સુખ તો એ વાતનું લાગતું કે સાંજે, બપોરે કે રાત્રે, જ્યારે નવરાશ મળે ત્યારે સાસુ વહુનું માથું ખોળામાં રાખી સુવડાવીને માથે હાથ ફેરવતાં કુટુંબની જૂની વાતો કરતાં, વ્રતકથા કહેતાં ને પદો ગાતાં.

એ સાસુના રાત્રે પગ દાબવાની લીલબાઈએ હઠ લીધી ત્યારે સાસુએ કહ્યું : 'મારા પગ દુખતા નથી, દાબો મા.'

'દુખે તો જ દબાય એવું ક્યાં છે બાઈજી?' વહુએ કહ્યું : 'મારા સસરાએ ભાગવત વાંચતાં સમજાવ્યું છે કે આપણે સૂરજ સામે ઘીનો દીવો ધરીએ છીએ તે કંઈ સૂરજમાં તેજ ઓછું થયું હોય તે વધારવા ધરીએ છીએ એવું નથી. હું તો પગ એટલા માટે દાબું છું કે તેથી મારું મન ભર્યું રહે ને થાય કે મારાં સાસુના ચરણે મેં મારો હરખ ધર્યો છે.'

આણું વળી આવ્યા પછી, સાતેક વર્ષ પછી એક રાતે લીલબાઈ સાસુના પગ દાબતાં હતાં ત્યારે સાસુએ પૂછ્યું : 'વહુ, શું થયું છે? તારો જમણો હાથ દુખે છે? કેમ એમાં બળ નથી?'

લીલબાઇએ કહ્યું : 'સવારે વાડામાં છાણાં થાપીને પછી આગલાં અધસૂક્યાં છાણાંને ઉથલાવતી'તી ત્યાં ડંખ વાગ્યો. એકદમ વેદના ઊપડી એટલે લાગ્યું કે વીંછી જ હશે.'

'તો તેં વહુ, અત્યાર સુધી કીધું કેમ નહિ?' સાસુ સફાળાં ઊઠયાં.

'ડંખ્યા પછી કહીને શું કરું? આઠ પૉર દુખે પછી આપમેળે ઊતરે. એટલે મને થયું કે ભોગવવાનું જ છે તો મૂગીમૂગી ભોગવી લઉં! અત્યારે તો વેદના હળવી પડી ગઈ છે. ઊંઘ આવી જશે.'

'અરે! પણ તેં વેદના વેઠી કઈ રીતે?'

'વેદનામાં જીવ જાય તો વેદના વધે, અને બીજે લઈ જઇએ તો ઘટે.'

'બાઈ, તું તો ભારે!' કહી સાસુએ એ વખત દવા ઘસીને લગાડી અને વહુની પડખે સૂતાં.

લીલબાઈ આણું વળી સાસરે આવ્યાં તે પછી વરસે–સવા વરસે રઘુનાથ ભટ્ટ બહારગામથી વિદ્યા ભણી ઘેર પાછા આવ્યા. શરૂઆતનાં બે'ક વર્ષ તે વ્યગ્ર અને નિરુત્સાહ રહેતા. મંદિરે ને મિત્રોમાં જ વધુ વખત બેસતા. બહાર ક્રિયાકાંડ કરાવવા કે કથા વાંચવા ગયા હોય તો તેમાં વધુ વખત લેતા. આ બધું વહુ આંધળી હોવાના ખેદનું કારણ છે એમ કોઈ કોઈ લોકો માનતા. પણ એક વખત પોતાને ત્યાં નિત્યના ક્રમ પ્રમાણે શ્રીમદ્ ભાગવત વાંચતા હતા ત્યારે પાંડવ-કૌરવના યુદ્ધ પછી

શ્રીકૃષ્ણ દ્વારકા જવા તૈયાર થયા ત્યારે કુંતાજીએ કરેલી સ્તુતિનો પ્રસંગ વાંચતાં તે રોઈ પડ્યા. (એ યુદ્ધને અંતે બન્ને પક્ષે વંશમાં કોઈ બચેલું નહિ. અભિમન્યુની સ્ત્રી ઉત્તરાનો ગર્ભ હણવા અશ્વત્થામાએ પ્રયત્ન કરેલો પણ તે ગર્ભની શ્રીકૃષ્ણે રક્ષા કરી. કુંતાજીએ તથા પાંડવોએ વર્ષો સુધી એકધારાં દુઃખો વેઠેલાં અને વંશમાં ઉત્તરાના ગર્ભ વિના કોઈ આશા ન હતી. છતાં યે શ્રીકૃષ્ણની સ્તુતિ કરતાં કુંતાજીએ ત્યારે કહ્યું :

विपदः सन्तु नः शश्वत्तत्र तत्र जगद्गुरो।
भवतो दर्शनं यत्स्यादपुनर्भवदर्शनम्॥ (ભા૦ ૧, ૮–૨૫)

(હે જગતના ગુરુ, સર્વ દેશકાળમાં અમને વિપત્તિઓ પ્રાપ્ત થાઓ કે જેથી ફરી જન્મ લઈ આ સંસારનું દર્શન ન કરવું પડે તેવું આપનું અમને દર્શન થાય.)

એ પછીથી રઘુનાથ ભટ્ટનો ક્રમ બદલાઈ ગયો. બહાર જે કૈં કામે ગયા હોય તે પતે કે તરત ઘેર આવી જતા. સ્વભાવે ઘણા ઓછાબોલા હતા, પણ માતાપિતા પાસે બેસી વાતો કરતા. પિતાના અવસાન પછી ઘેર શ્રીમદ્ ભાગવતનું નિત્ય શ્રવણ કરાવતા. એ બહુ વિદ્વાન ન હતા, પણ સરળ નિઃસ્પૃહ સુપાત્ર બ્રાહ્મણ તરીકે સંમાન મેળવતા. માતાના અવસાન પછી એ જાતે રાંધી માતાની પેઠે લીલબાઇને જમાડતા ને રાખતા. નજીકના ગામડે કથા વાંચવા જતા તો લીલબાઇને સાથે દોરી જતા. દૂરના ગામે ન જતા કારણ કે લીલબાઈ ગાડે ન બેસતાં.

ઘરમાં બેત્રણ ગાયો હતી તેને નીરણ નાખી પંપાળ્યા વગર લીલબાઈ સૂતાં નહિ. એક વખત એક ગાય, પગમાં કંઈક જીવજંત આવવાથી ગભરાટથી છૂટવા ને ભાગવા ઊછળવા લાગી ત્યારે લીલબાઇને સારી પેઠે વાગેલું. પણ તેણે ક્રમ ન છોડયો.

લીલબાઈ આંધળાં છતાં ઘરની વ્યવસ્થા એવી હતી કે દેખતાં માણસ પેઠે તે ઘરમાં ફરતાં ને કામ કરતાં. ઠાકોરજીની પૂજાની તૈયારી કરવી, તુલસીક્યારે પાણી રેડવું, નિત્યશ્રવણ માટે બેઠક તૈયાર કરવી, પતિને સાંજે નહાવા સમયે ઓસરીને ઓટલે ચોક્કસ ઠેકાણે પાણી-ઘડો મૂકવો ને ત્યાં એક મૂઠી અંતરવાળી બે થાંભલીની વચ્ચે ધાબળી ભેરવીને મૂકવી, રાંધવા-જમવાનાં ઠામ તથા પાટલોકળશો ને ઠીંચણિયું ગોઠવવાં, હાથપગ ધોવાને પાણીના કરવા ભરી મૂકવા, એવાં પરચૂરણ કામ સાથે ઓસરીફળિયું વાળવાનું તથા પથારીઓ પાથરવા-ઉપાડવાનું કામ એ જાતે કરતાં.

રઘુનાથ ભટ્ટ ભણીને ઘેર આવ્યા પછી બેત્રણ વર્ષે લીલબાઇએ સાસુની સંમતિ લઈને પુત્રપ્રાપ્તિ માટે પ્રયોવ્રત શરૂ કર્યું. લાગટ ચારેક વર્ષ દર ફાગણ માસે એ વ્રત કર્યું. પાંચમે વર્ષે લીલબાઇને સીમંત આવ્યું ને પુત્રજન્મ થયો. તે પછી ટૂંક વખતમાં સાસુ ગુજરી ગયાં. એ પુત્ર ચારેક વર્ષની વયે ભયંકર બીમાર પડેલો. પછી સાજો થઈ ગએલો. એના મંદવાડથી લીલબાઇએ ફક્ત એક ટંક ખીચડી ખાવાનું શરૂ કરેલું. પતિએ કારણ પૂછ્યું ત્યારે સ્ત્રીએ કહ્યું : 'છોકરો સાજો થાય તો સોમનાથને પગે લગાડયા પછી બીજું અન્ન મોંમાં નાખવું એવી માનતા છે.'

સોમનાથની યાત્રાર્થે રઘુનાથ ભટ્ટે ગાડું જોડાવ્યું ને કહ્યું : 'રસ્તો લાંબો છે તો છોકરાને લઇને બેસ.' ત્યારે લીલબાઈએ કહ્યું : 'છોકરાને કાખમાં લઈ મારે તો ચાલવું'તું, પણ જો ઠેબું આવે તો ક્યાંક છોકરો પડે માટે છોકરા સારુ ગાડું ભલે રહ્યું. હું તો ઠાઠું પકડીને ચાલી આવીશ.'

'ગાડામાં ન બેસવું એવી માનતા છે?'

'ના. પણ ગૌમાની સેવા નથી થઈ તેથી ગાડે બેસતાં જીવ બળે છે.'

લીલબાઇએ રઘુનાથ ભટ્ટ સાથે પદયાત્રા કરી પુત્રને સોમનાથને પગે લગાડયો. રઘુનાથ ભટ્ટે દલપતરામ વ્યાસને કહેલું: 'એ આંધળી આંખોથી યે ખરેખર ભોળાનાથનાં સામોસામ દર્શન કરતી હોય એમ લાગતું'તું.' એ યાત્રા થયાનો આનંદ લીલબાઈને બહુ હતો.

લીલબાઈનો એ પુત્ર કેશવજી મોટો થયો ને તેને પરણાવ્યો. એ પુત્ર એક દિવસ બહારથી ઘરમાં આવ્યો ત્યારે તેણે પોતાના પિતાને ઓસરીમાં એકલાં બેઠેલાં અંધ માને દંડવત્ પ્રણામ કરતા જોયા. પુત્રે પિતાને પાછળથી પૂછ્યું ત્યારે પિતાએ ગદ્ગદિત થઈ કહેલું: 'તારી મા સાવ આંધળી. નવ વર્ષની ઉમરે પરણીને આ ઘેર આવી છે, પણ એણે કદી યે અંધાપાનું દુઃખ રોયું નથી. હું આંધળી છું એમ પણ કહ્યું નથી. એ માંદી હોય કે દેવા-લેવામાં મોડું થયું હોય તો યે કદી કંઈ માગ્યું નથી કે દોરવાનું કહ્યું નથી. જ્યારે હોય ત્યારે ભગવાનની, નીતિની, ને આનંદની જ વાત કરતી હોય. હું ઘણી વાર મૂંઝાઈ જતો હોઈશ, પણ મેં એને તો આવી ને આવી જ જોઈ છે. મારી ભૂલ થઈ હોય તો ક્ષમા માગી લઉં. એ પગે પડવા જેવી છે.'

મોટા થયા પછી કેશવજી એક વાર પિતાના આગ્રહને વશ થઈ દૂરના ગામડે સપ્તાહ વાંચવા ગએલા. લીલબાઈ ઘેર રહેલાં. એક સવારે તેણે કેશવજીને કહ્યું : 'બેટા, તારા બાપને ઠીક નથી માટે તેની પાસે જા.'

આંધળી માને એકલી મૂકીને જતાં છોકરાનો જીવ નો'તો ચાલતો, પણ લીલબાઈએ પરાણે તેને મોકલ્યો. તે દિવસે પાડોશમાં વાણિયણ બાઇ, જેની સાથે લીલબાઈ માંનો જીવ મળેલો તેણે કારણ પૂછ્યું ત્યારે તેણે આંસુ સાથે કહ્યું: 'સવારે ઊઠતી વેળા સોણું આવ્યું કે એ બહુ માંદા થઈ ગયા છે ને પાસે ઊભેલાં બોલે છે કે ભટ્ટને કાંઈ થશે તો લીલબાઈ સતી થાશે. મેં સોણામાં જવાબ દીધો : 'મસાણ સુધી નો ય મેં રસ્તો ક્યાં જોયો છે? હું તો એમના પગમાં ભળી. હું જાગી ગઈ.'

બે દિવસ પછી રઘુનાથ ભટ્ટ છાતીનો દુખાવો લઈ ઘેર આવ્યા. તે દિવસે લીલબાઇને બેચાર સખત ઝાડા થઈ ગએલા. વળતે દિ' સવારે રઘુનાથ ભટ્ટ નદીએ જઇને નહાવાને બદલે ઘેર નાહી પૂજામાં બેઠા. પછી લીલબાઇએ નાહીને પતિ પાસે ગંગાજળ માગી પીધું ને પગ પકડી રજા માગી સૂઈ ગયાં. રઘુનાથ ભટ્ટે ખોળામાં માથું લીધું ને લીલબાઈ આંખ ફેરવી ગયાં!

સ્મશાનેથી આવી લીલબાઈના સાથરાને પગે લાગતાં રઘુનાથ ભટ્ટ નમ્યા ને ઢળી પડયા, ને બે દિવસમાં દેહ છોડી દીધો.

નિબંધ હરીફાઇ

'શરીરે સુખી તે સુખી સર્વ વાતે' એ વિષયને સંપૂર્ણરીતે આવરી લેતો, ગુજરાતીમાં સંવાદ રૂપે યા પ્રશ્નોત્તરી રૂપે એક નિબંધ કોઈ પણ ભાઈબહેન તા. ૩૦-૬-૬૪ સુધીમાં શ્રી પુ. હ. મહાજન લાયબ્રેરી, કપડવણજને લખી મોકલી શકશે. નિબંધ શાહીથી એક બાજુ લખવો. ઉમર, ધંધો, અભ્યાસ, સરનામું વગેરે જુદું લખવું. ઇનામો : પ્રથમ રૂ. ૧૦૧, બીજું ૫૧, ત્રીજું ૨૫; બહેનોમાં પ્રથમ આવનારને ખાસ રૂ. ૨૫.

કપડવણજ તાલુકાનાં હરીફોને ખાસ ઇનામ : પ્રથમ રૂ. ૨૫, બીજું ૧૫; બહેનોમાં પ્રથમ આવનારને ખાસ ઇનામ રૂ. ૧૫.

રંગગઠરિયાં (૪૧) માં ચન્દ્રવદન મહેતા કહે છે

કુછ ઇધર ઉધર કી



માદમ્વાઝેલ મિસ્તંગ્વેત

રસસમાધિ એક એવી ઘટના છે કે આસપાસની સૃષ્ટિની વિસ્મૃતિ કરાવી કોઇ અનેરી અને ઉદાત્ત ભૂમિકામાં લઈ જાય. સારું કાવ્ય વાંચતાં, સરસ નાટક જોતાં એક પછી એક ખડા થતાં ભભકદાર ફલકોમાં સજીવન થતી ચિત્રસૃષ્ટિમાં તરબોળ મન, આસપાસ કોણ બેઠું છે, હવે શું ખાવાપીવાનું છે, એ તરફ બેધ્યાન બનાવી મૂકે એ સ્વાભાવિક છે. મારું મગજ ચગડોળે—ચગડોળે નહિ, કલ્પનાની રમણામાં રમતું હતું. ગ્રિમ, હાન્સ ઍન્ડરસન, હૉફમૅન, ઈસપ, એવાએવા કલ્પના સૃષ્ટિ સરજનારા બાદશાહોની નાનીમોટી કથાઓ સજીવન થતી જોવાની, ક્યાંક મૂળ લેખકે સાવ કોરા નક્કર અક્ષરોમાં જે લખ્યું હોય એની વિવિધ રંગોળી રચી, મનોરમ આકૃતિઓ ઉપસાવી, એની આસપાસ સંગીતની લહરો વહેવડાવી મૂળ કરતાં અનેકગણું રમણીય ચિત્ર ઉપજાવેલું જોવાનું, એ શું અહીં જ—યુરોપમાં જ શક્ય છે?

ના; એ રસસમાધિમાં મનડું હિંચોળાતું ઝુલાતું આવ્યું ભારતમાં. ભાષાના બન્ધન વિનાની વિવિધ પ્રકારની નૃત્યશૈલીએ માતબર, સંગીતની સુરાવલીએ સમૃદ્ધ, એવા આ પ્રદેશમાં પારી(સ) જેમ આંતરરાષ્ટ્રીય પ્રેક્ષકોનાં મનડાંને રોજ પોતાની નાટકશાળાઓના ખોળામાં મ્હોરાવે છે, એમ ભારતમાં પણ શું દુનિયાભરના પ્રેક્ષકોને રસના પ્રવાહમાં અવગાહન કરતા ન કરી શકાય? થાય. ભરતાચાર્ય ઋષિમુનિઓને લઈ બ્રહ્મા પાસે ગયા હતા, ને એમણે પાંચમો વેદ રચી આપ્યો, એ અતિ ચવાએલી—અને ક્યાંક—સાચી પણ મનાતી આખ્યાયિકામાં કંઈક તત્ત્વ હોય તો ઇન્દ્ર-ઇન્દ્રાણીની વાતમાં પણ કંઈ રહસ્ય તો ખરું જ ને? અરે આ તત્ત્વ કે રહસ્યને મૂકોને બાજુ પર! પેલી ફૅાલીમાં જોએલી હિમગિરિની રાણી તે વળી કયા યુગની સાચી વાત હતી જે? ઍન્ડરસન કે ગ્રિમ જેવા કોકે સુંદર કલ્પના આપી, એટલે પ્રોડ્યુસરો લઈ બેઠા, એ વાત ખરી કે ખોટી એની ચર્ચાનાં ચૂંથણાં કર્યા વિના ઝંપલાવી બેઠા તખ્તા ઉપર એની રજૂઆત કરવા, એ જ મૂળ મુદ્દાની વાત છે.

જુઓ ત્યારે: ઇન્દ્રનો દરબાર ભરાયો છે, અને ઈન્દ્રાણીજીને ગમતું નથી. ધમપછાડા કરતાં દાખલ થાય છે, અને ઇન્દ્રદેવ એમનું મનરંજન કરવા અપ્સરાઓને હાજર થવા આજ્ઞા કરે છે.

'જી ના; રંભા-મેનકા-તિલોત્તમા-ઉર્વશી ચારે ગઈ છે ભારતવર્ષ, અને બાકીની ચારમાં એક ગઇ છે આફ્રિકા, એક ક્યૂબા, એક દક્ષિણ અમેરિકા, એક જાપાન.' પ્રતિહારે આવીને પોતાની રીતે નૃત્યમુદ્રાઓથી આવો ઉત્તર દીધો, અને સાથે તે પ્રમાણે વાદિત્રો વાગ્યાં.

'બંધ કરો બકવાદ!' ઇન્દ્રનો વજ્ર જેવો પગ અફળાયો. ઝાંઝની ચીસ પોકારી ઊઠી. 'આજ્ઞા કરો કે હમણાં ને હમણાં જ્યાં હોય ત્યાંથી તેવી જ સ્થિતિમાં એ ચારે હાજર થઇ જાય.'

અને ઉર્વશી સરરરરર ખેંચાઇને ત્યાં આવી ખડી થઇ ગઇ. પણ એની સાથે તો પ્રેમીઓની લંગાર છે! એમાં એક એની પાછળ ઘેલો થએલો પાગલ રાજા પુરૂરવા જેવો એની આસપાસ પતંગિયા માફક તરફડતો આવી ચડ્યો છે. ભારતની એકાદી વિશિષ્ટ નૃત્યશૈલીમાં એ બંને નાચે છે. આસપાસની નર્તકીઓ માયાજાળ ગૂંથે છે—જાણે કરોળિયાનું જાળું ગૂંથાતું જાય છે. એમાંથી છટકવું મુશ્કેલ છે.

ઇન્દ્ર આથી ક્રોધે ભરાય છે, મેનકા ઠાઠમાઠથી પ્રવેશે છે. ઉર્વશીએ જો મણિપુરી અદાકારી બતાવી તો મેનકા કથકલી શૈલી બતાવે છે. એમાં મા-દીકરીના પ્રેમની અભિવ્યક્તિ છે. આછા વલ્કલમાં શકુન્તલા છે, શણગારમાં સજ્જએલી મેનકા છે. મેનકાની વાંછના છે કે શકુન્તલા સ્વર્ગમાં સ્થાયી રહે અને ત્યાં કોકને પરણે. શકુન્તલા એની આશ્રમ-વાસિનીઓને છોડી સ્વર્ગમાં આવવા રાજી નથી. મા-દીકરીનું ભાવો-દ્રેકનું જે તુમુલ યુદ્ધ, એનું નૃત્ય. મેનકા એક પછી એક સ્વર્ગના દેવતા-ઓને બતાવે છે: 'આને પરણ.' 'ના.' 'આને?' 'ના.' એને તો એનો આશ્રમ જ ગમે. કેમ? શરમની મારી, પણ આખરે કહે છે કે દુષ્યંતે એનું હૃદય હરી લીધું છે. એટલે નછૂટકે મેનકા પોતાના શણગાર એક પછી એક એને આપી દે છે. શકુન્તલા પૃથ્વીપાટે પાછી જાય છે. મેનકા વિના-શણગારે કેવળ આછા પરિધાને ઇન્દ્ર સમક્ષ ઊભી રહે છે. ફરી ઈન્દ્ર પગ પછાડી ચૌદે ભુવનને હચમચાવી દે છે અને મેનકાને ત્યાંથી બાજુ પર લઈ જવા આજ્ઞા કરે છે.

ત્યાં તિલોત્તમા કથકમાં કોઈ સાથે પ્રેમચેષ્ટા કરતી આવે છે અને પરણવા માટે આશીર્વાદ માગે છે. પણ ઈન્દ્રને તે મંજૂર નથી, એટલે રંભા 'ભરતનાટ્યમ્' કરતી હાજર થાય છે. ચારે વારાંગનાઓ તાલબદ્ધ રાસ જમાવે છે. એ રાસોત્સવ જોઇ ઇન્દ્રાણી પ્રસન્ન થાય છે, અને સૌના ગુનાની ક્ષમા કરી અનેરા શણગારની લહાણી કરે છે.

આમ, આપણે તો નૃત્યસમાધિમાં લીન, બે-અઢી હજાર વર્ષની ભારતીય સંસ્કૃતિનાં કચ-દેવયાની, અર્જુન-ઉર્વશી, ચિત્રા-સુભદ્રા અને આમ્રપાલી, રત્નાવલીથી માંડી વિવિધ ઇતિહાસની પડ અસરો નીચે પલોટાતાં સજીવ થએલાં કૈંક પાત્રોને, અને પછી આજના વિશાળ સાગરકાંઠાનાં, હિમાલયની ખાણોમાંનાં, દૂરદૂરના ગામપ્રદેશોનાં સજીવન થઈ રહેલાં વિવિધ નૃત્યોની રંગબેરંગી રેખાવલીઓ જોતા બેઠા! પણ બાજુમાં મૅારિસ શેવાલિયે ઇટાલીન મશહૂર નટી સોફિયા લૉરેનને લઈ આવી બિરાજ્યા, અને સાથે પૉલ ડેરવેલ સાહેબે સલામ કરી, એ તરફ તો ધ્યાન ગયું જ નહિ! સૅન્ડવિચ અને પીણાં પણ રજૂ થઇ ગયાં એ પ્રત્યે પણ નજર લાગી જ નહિ. નર્તકીઓમાંથી થોડી મોં ધોઈ બહાર આવીને અહીં કૉફી પીવા બેઠી, એને પણ જોઇ નહિ. સ્વર્ગભવનમાં ઈન્દ્રના દરબારમાં ત્યાંનો વૈભવ જોવા બેઠેલા તેને વળી અહીંની આ મૃત્યુલોકની સમૃદ્ધિમાં રસ પડે ખરો? એ તો આઈમીએ બે વાર બાંહ્ય ખેંચી ત્યારે સુરલોકમાંની સ્વર્ગસુન્દરીઓને જોવાનો મોહ છોડી અહીં જીવંત સૃષ્ટિ નિહાળવા નજરે ડોકું નમાવ્યું.

મૉરિસ લહેરમાં હતા. મારાથી ઉમરમાં મોટા, તોયે તાઝગી સ્ફૂર્તિ અને રસદાયક વાતો વડે મંડળીને મુગ્ધ કરવાની શક્તિમાં ભલભલા

જુવાનિયાને શરમાવે એવા હતા. એમાં ડેરવેલ ઊકળતા તેલમાં બે ચાર છાંટા પાણીના છમકારી છમાછમ બોલાવતા. હું તો શું પૂછું? પણ સામે બેઠેલી કૉફી પીતી નટીનર્તકીઓના થાક અને તાલીમની વાત શરૂ કરી, એટલે ડેરવેલે એમની સામે જોઇ, બે-ત્રણને બતાવી, એમાંની એકને રેશમની દોર જેવા સુંવાળા ફ્રેન્ચ વાક્યમાં પૂછ્યું. તો પેલીએ એ દોરને છેડે બાંધવા ત્રણચાર ચાંદીની ઘૂઘરીઓનો ઝૂમખો રજૂ કરતાં અવાજે વિનયભર્યો જવાબ આપ્યો.

'આ અઢી કલાકમાં કેટલા વેશ માદમ્વાઝેલે બદલવાના?' માફ કરજો, આ વાક્યમાં 'અઢી'નો ઢઠ્ઠો બહુ ખૂંચે એવો છે. એ કાઢી ફરી પેલા ફ્રેન્ચ વાક્યને મીઠાશભર્યા ગુજરાતીમાં લાવવા પ્રયત્ન કરીએ: 'આ જલસામાં માદમ્વાઝેલે વેશ-પરિધાન બદલવાના, તે કેટલા?'

'કાતોર્ઝ મેસ્યુ.' પછી કંઈ બીજું પૂછ્યું એનો પણ એવો જ ઠાવકો વિવેકભર્યો જવાબ મળ્યો. મતલબ એમ, કે એ નાજનીને ચૌદ વાર વેશ બદલવાના, અને દર વખત બે દાદરા ચડ-ઊતર કરવાના! ફેંકી દેતાં બે દાદરાના મળી પચાસ પગથિયાં ચડવા-ઊતરવાનાં, એટલે સો ગુણ્યા ચૌદ! હજાર ઉપરાંત પગથિયાં ચડવા-ઊતરવાનાં, અને નાચવાનું, યા ગાવાનું, યા કસરતી ખેલો કરવાના યા, મોઢેથી પાઠ બોલવાનો! શો પૂરો થાય ત્યારે એનામાં થાક સિવાય બીજું રહે શું!

ડેરવેલ સાહેબે મિસ્તિંગ્વેતની વાત કાઢી. કહે, 'પૂછો મૉરિસને કે એની તાલીમ એટલે શું? ધારો કે આજે એણે લા વર્તિંગ્વેનું ગીત ગાવાનું છે. સેંકડો વાર તો એ ગાઈ ચૂકી છે, છતાં એ જ ગીત એ રીહર્સ કરવાની. અને એના ભાથામાં સરવાળે ગાવાનાં વીસ ગીતો હોય, નાચવાનાં સાત નૃત્યો હોય, એમાંથી આજે અને આ મહિનામાસમાં ભલે એક જ ગીત અને બે જ નૃત્યો નાચવાનાં હોય, તો યે એ સંગીતકારો પાસે ઊભી રહીને બધાં જ ગીતો ગાવાની, બધાં જ નૃત્યો નાચવાની. એમ કરતાં જતે દિવસે એનું ભાથું તો વધતું જ રહેવાનું. એટલે એ સવારના દસથી સાંજના સાત સુધી રીહર્સ કરવાનો જાતે આગ્રહ રાખવાની. વચ્ચે લંચનો કલાક માફ. અને એ પ્રમાણે આખો દિવસ એ પોતાનાં રીહર્સલો માટે તખ્તો રોકી ઊભી રહે તો બીજાઓનું શું થાય? બહુ સમજાવીએ ત્યારે એ તખ્તા ઉપરથી ખસી તખ્તા પાછળ જાય. ત્યાં મનાવીએ એટલે એ લૉબીમાં જઈ લલકારે. ફરી પટાવીએ ત્યારે ઉપર ગૅલેરીમાં જઈ ત્યાં રિયાઝ કરવા બેસે. પણ મારી વહાલી નાટકશાળામાંથી બહાર તો ન જ નીકળે, એટલો અનહદનો એનો રીહર્સલ માટેનો આગ્રહ.

માનશો? નાતાલને દિવસે એની માના અવસાનનો તાર આવ્યો. હું એના મેક-અપ ખંડમાં ગયો. ત્યાં એ ધ્રુસકે ધ્રુસકે રડતી હતી. અમે તે રાતે શો બંધ કરવાનું ઠરાવ્યું. એની એને જાણ થતાં જ એ બહાર આવી: "ના; પ્રેક્ષકોને નિરાશ કરવાનો મને હક્ક નથી. શો તો થશે જ. પણ ડેરવેલ! મારી એક જ વાત કબૂલ રાખો. શો દરમ્યાન, અને એ પછી ચોવીસ કલાક સુધી, કોઇએ મારી સાથે કશી વાત કરવી નહિ, મને કોઈએ કશું પૂછવું નહિ, કહેવું નહિ, દિલાસો આપવા આવવું નહિ; મારે એકલાં જ મનમાં મારું દુ:ખ ઘોળ્યા કરવું છે." અને તે રાતે રાબેતા મુજબ નાટક થયો!'

ડેરવેલ રંગમાં આવ્યા હતા. શેવાલિયે અને મિસ્તિંગ્વેતનાં દિલના તાર એક વાર ઝણઝણ્યા હતા, એ હકીકત ઘણાં જાણતાં. શેવાલિયેની સાહેદી સાથે ડેરવેલે, કાર્યક્રમમાં કોઇની ગીત-લીટી કપાવવા વિષે એક સરસ વાત કરી. લાખ રૂપિયાનો શો હોય,–જલસો, નાટક, ગરબા, ઉત્સવ,–તોપણ આપણે એને ઘણે ભાગે લંબાવી એને કોડીનો કરી નાખીએ છીએ. રસ પેદા થાય એને ઉચ્છેદી, આખા કાર્યક્રમ પ્રત્યે કંટાળો પેદા થાય ત્યાં સુધી એને આપણે લંબાવ્યા કરીએ છીએ. અલબત્ત એમાં ભાષણો, વચગાળાનો ગાળો એવુંએવું યે ઘણું જવાબદાર હોય છે. પણ અહીં કાર્યક્રમને ઉગારી લેનારી તો સમયની સમજ અને એની મર્યાદા. મિસ્તિંગ્વેતના પગનો વીમો જ પાંચ લાખ ફ્રાન્કનો. ગળાનો જુદો! એક જમાનામાં એની ઉપર જ આખા કાર્યક્રમનો આધાર, એવી એ કલાકાર. છતાં પ્રોડ્યુસર ડેરવેલને એક વાર લાગ્યું કે એના ગીતમાંથી અમુક લીટીઓ કાપ્યા વિના છૂટકો જ નથી. તો જ ઘડિયાળનાં માપ સચવાય, તો જ રસની પરાકાષ્ઠાને પહોંચાય, તો જ આખા શોનો, ઉઠાવ દીપી નીકળે. એટલે એણે મિસ્તિંગ્વેતના પાઠમાં ક્યાંક કાપ મૂકવાનું ઠરાવ્યું.

જેવી આ કાપની ખબર પડી એવી જ આખી નાટકશાળા ધરતીકંપને આંચકે ધણધણી ઊઠી! આ ખૂણેથી પેલે ખૂણે આગની જ્વાળા ભભૂકી ઊઠી! ઘડીમાં આ ખૂણે મિસ્તિંગ્વેતની ચીસ તો બીજી પળે બીજે ખૂણે ભડભડાટ, તો ત્રીજી ક્ષણે લૉબીમાં ચડભડાટ, તો ચોથી ઘડીએ તખ્તા ઉપર ફડફડાટ! સળગતા શબ્દોના હાથબૉમ્બ ઠેરઠેર ઠબકારાતા જાય. પણ આમ કેમ ચાલે? બપોરે સામેના રેસ્ટોરાંમાં એ કંઈક ખાવા ગઇ ત્યાં ડેરવેલ સાહેબ ચડી ગયા અને ભમ્મરિયું મોઢું ચડાવીને નજીકના ટેબલ ઉપર બેઠા. મિસ્તિંગ્વેતની નજર પડી, એટલે એણે પૂછ્યું 'પૉલ, વળી શું થયું?' ત્યાં પોલ કહે 'આ જોને કાસ્પિનોનો પાઠ. કેટલો લાંબો છે? અને એમાંથી ઓછો કરવા કહું છું તો પગ પછાડીને ચાલી જવાની ધમકી આપે છે.'

'કોણ, કાસ્પિનો? અલબત્ત, મેં રીહર્સલમાં સાંભળ્યો. પાઠ લાંબો જ છે વળી. હું જો તારી જગ્યાએ હોઉં તો અરધોઅરધ પાઠ કાપી નાખું. પ્રોડ્યુસર તો તું છે કે એ?'

પોલ ડેરવેલે ખાસ્સી ચર્ચા લંબાવી, અને આખરે જાહેર કર્યું કે હું એનો અરધોઅરધ પાઠ કાપીશ જ. અને પછી તરત મિસ્તિંગ્વેતનો પાઠ કાઢી એ ઉપર પણ એણે રાતો છેકો માર્યો! મિસ્તિંગ્વેત પહેલાં તો ડઘાઇ જ ગઈ! પછી ખૂબ હસી, હાર કબૂલ કરી, કાપ કબૂલ કર્યો. બંનેએ હસતાં ભોજનને ન્યાય આપ્યો.

ફૉલી બેર્ઝેરના શો ઉપર આજે તો પુસ્તકો લખાયાં છે, હજી લખાયે જાય છે. અમે ત્યાંથી બહાર નીકળ્યા ત્યારે ત્યાં જ ખાણીપાણી કરીને અમારી સાથે એ શો જોઇને બહાર નીકળવામાં સંગાથે હતા એક પાદરી. મને ઘડીભર તો થયું કે એની સાથે ઊભા રહી એક ફોટો ખેંચાવી લઉં, કે પછી કોઈ પૂછે કે તમે 'ફૉલી'માં ગયા હતા તો કહું હા, ને બતાવું એ ફોટો, કે પૂજ્ય પાદરીસાહેબ પણ અમારી સાથે હતા! પરંતુ મનમાં એનો જરા પણ ડંખ ન હતો, ત્યાં આવા ફોટાના ઓથા શોધવાની શી જરૂર? 'કોમે વૂ પોર્તે વૂ' કરી મેં એની સાથે ભાંગ્યાતૂટ્યા ફ્રેન્ચમાં શરૂઆત કરી: 'શો કેવો લાગ્યો!' તરત જ ચાલતાં ઊભા રહી, એમણે બે અઢી મિનિટ ચાલે એવા, એટલે કે બસોઅઢીસો શબ્દોના બેત્રણ અત્યંત મુલાયમ વાક્યોના રેશમી તાંતણા વણી કાઢ્યા: 'મન બહલાવનારો, પ્રામાણિક ધંધો કરતા પ્રેક્ષકોનાં હૃદયને રસભર કરી, મુગ્ધ કરી, પ્રફુલ્લિત કરી, આનંદિત કરી, સમયનું ભાન ભુલાવી, અવનવીન સૃષ્ટિમાં રમમાણ કરનારો કલાત્મક કસબ. અહીં રહેવાના હો તો ફરી જજો. સૌન્દર્યને રૂપ-રંગ રોશની અને રસથી બહલાવનારો જલસો. આહા! આપે મારી સાથે આજે એ રસ માણ્યો એથી મારા પોતાના માણેલા આનંદમાં ઓર વધારો જ થયો છે, મહાશય! જરૂર ફરી જોજો.' આવી કૈંક મતલબ ટૂંકાવું તો જેની નીકળે, એવું કહી એણે વિદાય લીધી.

(ચાલુ)

આ અંકના મુખચિત્રની

કિશનગઢ શૈલીની સર્જનકથા

જોધપુરના રાજા ઉદયસિંહના આઠમા પુત્ર કિશનસિંહે ઈ. ૧૬૦૯માં અજમેર-જયપુર વચ્ચે કિશનગઢની સ્થાપના કરી પોતાનું રાજ રચ્યું. એમના વંશજ રાજસિંહ ઇ. ૧૭૦૬માં ગાદીએ આવ્યા ત્યારે ત્યાં વૈષ્ણવી પુષ્ટિમાર્ગ સારીપેઠે પ્રસાર પામેલો. રાજમાં નૃત્યગોપાલની પૂજા થતી. પ્રજાની રગરગમાં વ્રજભાષાના લલિત સંસ્કારો વણાઈ ગયા હતા.

રાજસિંહના પુત્ર સાવંતસિંહે નાની વયથી વીરત્વ ને સંસ્કારની છાપ પાડવા માંડેલી, ને એ માટે ખુદ દિલ્હી દરબારમાં એમનું ઘણું માન થતું. પરંતુ એમનું વલણ કૃષ્ણભક્તિ તરફ વધુ ઢળતું હતું. નાગરીદાસને નામે એમણે 'મનોરથ મંજરી', 'રસિક રત્નાવલી' ને 'બિહારી ચંદ્રિકા' જેવી કૃતિઓ રચી હતી. સંગીત ને ચિત્રકળાના પણ એ જ્ઞાતા હતા.

સાવંતસિંહ ઉર્ફે નાગરીદાસને પોતાની અપર માતા બંકાવતજીની ગાયિકા દાસી સાથે પ્રેમ બંધાયો હતો. રાજસિંહે દિલ્હીમાંથી દાસી તરીકે ખરીદી આણેલી સાત વર્ષની એ છોકરી રાણીવાસમાં ગાયિકા તરીકે તાલીમ પામતાં પામતાં સાહિત્ય ને કલાના ઉચ્ચ સંસ્કારોથી રંગાઇ હતી. અતિ લાવણ્યવતી ને





ગાર-ગોમટડીમાં યે ભારતના ગ્રામલોકો કેવી કળાસૃષ્ટિ ઊભી કરે છે એ દર્શાવતા આભલાં-જડિત લીંપણના આ કચ્છી નમૂનાઓ ન્યૂયૉર્કના વિશ્વમેળામાં ભારત તરફથી પ્રદર્શિત થયા છે.

સંસ્કારસંપન્ન એ દાસીનો કિશનગઢ દરબારના અનેક દસ્તાવેજોમાં 'બનીઠની'ને નામે ઉલ્લેખ થએલો. કૃષ્ણની પરમ ભક્ત એ બનીઠની સાથે પ્રેમગાંઠથી બંધાએલા નાગરીદાસે એના અપ્રતિમ સૌંદર્ય અને વ્રજભાષાનાં રસવર્ણનોમાંથી પ્રેરણા લઈ રાધાનું એક અનોખું જ રૂપસર્જન કર્યું. પાતળી ઊંચી ને ગૌર દેહકાઠી, લંબગોળ ચહેરામાં તીણું લાંબું નાક, વળાંકદાર ઊંચી ને પાતળી ભમ્મરો નીચે લજ્જાથી અર્ધનમેલી લાંબી અણિયાળી આંખો, હોઠો પર ફરકતું મંદ સ્મિત, એ એની વર્ણવેલી રાધા (કે નાયિકા)નું આગવું દર્શન છે.

નાગરીદાસનાં આ વર્ણનોએ અને બનીઠનીના આદર્શ દેહલાલિત્યે પાએલી પ્રેરણાને રાજ્યના ચિત્રકાર ભીખચંદના પુત્ર નિહાલચંદે રાધાના આ સ્વરૂપમાં મૂર્તિમંત કરી છે. પૂર્ણ લાલિત્યનું એ તત્ત્વ માત્ર રાધા કે નાયિકામાં જ નહિ, કૃષ્ણના પાત્રમાં પણ ઉમેરાયું. આમ કિશનગઢની એ કાળની ચિત્રકૃતિઓમાંનું આ વિશિષ્ટ લલિત સૌંદર્ય એની પુરોગામી શૈલીઓમાંથી ઉત્તરોત્તર વિકસેલું કોઈ સ્વાભાવિક પરિણામ નથી, કે નથી એ 'મીનાક્ષી' ચહેરાઓની માત્ર એક પ્રાદેશિક ઢબવાળી જયપુર કલમ જેવી સ્થાનિક લઢણ. આમાં તો પુષ્ટિમાર્ગે પ્રસારેલી કૃષ્ણભક્તિનું રસપાન ને તત્કાલીન નારીસૌંદર્યની પ્રેરણાનું પ્રતિબિંબ જોવા મળે છે.

વ્રજભાષાનાં રસવર્ણનો તો અગાઉના ચિત્રકારોને પણ પરિચિત હતાં જ, પણ એનો રસનિતાર તો છેક ૧૮મી સદીની મધ્યમાં કિશનગઢમાં જ ઊતર્યો. આ બધી પ્રેરણાનું માન, અલબત્ત, નાગરીદાસને જ ઘટે છે. ને નાગરીદાસની સામે રાધાના આદર્શ તરીકે બનીઠની સિવાય બીજું કોઈ જ ન હતું એ પણ ચોક્કસ. આમ, નાગરીદાસના કાળનાં કિશનગઢ શૈલીનાં ચિત્રોમાં જે નારીસૌંદર્ય જોવા મળે છે એનો મૂળ આદર્શ બનીઠની જ છે.

એક વખત દિલ્હી ગએલા એ કુંવર સાવંતસિંહને ઓચિંતા સમાચાર મળ્યા કે તેના પિતાનું અવસાન થયું છે અને તેના ભાઈ બહાદુરસિંહે ગાદી પચાવી પાડી છે. વિરક્ત ભક્ત કવિ નાગરીદાસના મનની ઉપરવટ તેજસ્વી ક્ષત્રિય સાવંતસિંહનો કોપ પોકારી ઊઠ્યો: 'માગ્યું હોત તો હું રાજીખુશીથી આપત, પણ આમ ઝૂંટવી જાય એ સાંખવામાં તો કાયરતા લેખાય.'

ભાઇને હાથે એકવાર પરાજય પામી, મરાઠાઓની સહાયથી તેણે રાજ કબજે કર્યું ને પછી અરધું રાજ પોતાના પુત્રને અને અરધું એ જ ભાઈને આપી પોતે સંસાર ત્યજી વ્રજનો માર્ગ લીધો. ભાણગઢની કુંવરી જે સાવંતસિંહની પત્ની હતી એ તો એની સાથે ન ગઈ, પણ બનીઠનીએ નાગરીદાસનો સાથ જીવનના અંત સુધી કર્યો. હૃદયથી એક એવા એ સંસ્કારયુગલે ગોવર્ધનની પ્રદક્ષિણા કરી, મથુરા ગયાં, સંગીતજ્ઞ હરિદાસના બાંકે બિહારીના મંદિરમાં એમણે ભજનો રચ્યાં. બનીઠનીએ પોતે પણ કેટલાંક ગીતો રચ્યાં.

એ ગીતો કોઈ 'રસિક-બિહારી'નાં રચેલાં હોવાનું મનાતું હતું. પણ બનીઠનીએ જ 'રસિક-બિહારી'ના તખલ્લુસથી એ રચ્યાં છે.

બરાબર બસો વર્ષ પર ઈ. ૧૭૬૪માં એ સંસ્કારપૂત રાજવીનું મૃત્યુ થયું. બે વર્ષ બાદ બનીઠની પણ એની પાછળ ચાલી નીકળી.



મીણબત્તી ગૅલેરી: પશ્ચિમ જર્મનીના મ્યુનિક શહેરના કલાવિસ્તાર ગણાતા શોબિંગ નામે ઉપનગરમાં યુવાન કલાકારો સાંજે રસ્તાની બાજુ પરનાં ઝાડનાં થડ સાથે દોરડાં બાંધી પોતાની કલાકૃતિઓ લટકાવે છે, અને મીણબત્તીઓના પ્રકાશ વડે તે પ્રદર્શિત કરે છે. સાંજે ત્યાંથી પસાર થતા લોકોમાંના કોઈ વખાણતા, કોઈ વખોડતા, કોઈ ખરીદતા તો કોઈ ટીકા કરતા એ કૃતિઓ જોતા જાય છે.



ઍલેમ્બિક કંપનીના ચાલુ વર્ષના કૅલેન્ડર પરનાં છ ઋતુઓનાં નિર્દેશક પ્રતીકાલેખનો– મથાળેથી ડાબી તરફ અનુક્રમે: શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત.



તિબેટની કળાનાં કેટલાંક સુશોભનો ને ધર્મપ્રતીકો
('માર્ગ' ત્રૈમાસિકના કળા વિષેના અંકમાંથી)

વિવિધા

સૌન્દર્ય ખોજતી નાનાવિધ કલાકૃતિઓ.

લોકનૃત્ય
ચિત્રકાર: આલમેલકર





પરિચારિકા : રોડાના મંદિર પરનું એક શિલ્પ. એના મોં પર મરકતું સ્મિત, અને શરીરનો ત્રિભંગ જુઓ. થોડાશા પટમાં કલાકારે શી સિદ્ધિ ઉતારી છે!



રાણકપુરના મંદિરના એક ગર્ભગૃહના દ્વારદેશના નીચલા ભાગનું ભાસ્કર્ય.
ફોટો • સત્યવતી ઝવેરી



ખ્મેરના મંદિરની દીવાલ પરનું ભાસ્કર્ય



અશ્વ
વડોદરા કળાશાળામાં તૈયાર થએલી એક કલાકૃતિ

કોઇ પણ સ્થળે, કોઇ પણ કાળે, માણસ પોતાને પ્રાપ્ય એ માધ્યમ દ્વારા પોતાના મનોભાવોને સર્જનાત્મક રીતે વ્યક્ત કર્યા વિના નથી જ રહી શકતો. સુંદરતાની એની ખોજ સતત ચાલતી જ રહી છે ને જગત-ની કલાસમૃદ્ધિ વધતી રહી છે.

ભારતના આપણા નૌકાદળનું ગૌરવ



ભારતના આજના નૌકાદળનો ઇતિહાસ છેક ઈ. સ. ૧૬૧૨થી આરંભાય છે. 'ઑનરેબલ ઇસ્ટ ઇંડિયા કંપનીઝ મરીન' નામે એની રચના થઈ હતી. આ સદીના આરંભમાં 'રૉયલ ઇંડિયન મરીન' નામે એ ઓળખાતું. ૧૯૨૦માં લડાયક બળ તરીકે એની રીતસરની પુનર્રચના થઈ. ૧૯૩૪માં હિંદુસ્તાનના સંરક્ષણદળનું એક સ્વતંત્ર અંગ બનાવાયું. અને તેના આજના સ્વરૂપની રચના થવા માંડી. સ્વાતંત્ર્ય પછી ઈ. ૧૯૫૦ની ૨૬મી ફેબ્રુઆરીથી આપણાં સૈન્યોનાં અંગોનાં નામોમાં જ્યાંજ્યાં 'રૉયલ' શબ્દ વપરાતો તે દૂર થયો. 'હિઝ મૅજેસ્ટીઝ શિપ' (એચ. એમ. એસ.) ને બદલે જહાજોનાં નામ આગળ 'આઇ. એન. એસ.'—ઇન્ડિયન નેવલ શિપ મુકાવા માંડ્યું.

આપણાં જહાજોનાં નામ, સૂત્રો અને બોધચિહ્નો નક્કી કરવા 'ધી ઇંડિયન નૉમેનક્લેચર કમિટી' નામે એક ખાસ સમિતિ નીમાઇ. આ નામકરણ વગેરેની પાછળ ઘણી બાબતો સંકળાએલી હોય છે. જહાજના અધિકારીઓ-નાવિકો તથા જહાજ વચ્ચે એક કાયમી ગાંઠ બંધાઈ જાય છે. જહાજને માટે એમને આત્મીયતાનું અનોખું ગૌરવ હોય છે. યુદ્ધમાં યશસ્વી કામગીરી બજાવીને કીર્તિ મેળવનાર જહાજ ઘસારા અને ઉત્તરોત્તર વિકસતી જતી શોધખોળોની સરખામણીમાં જૂનું ગણાવા માંડે ત્યારે એને બદલે જે બીજા જહાજને મૂકવામાં આવે તો એ નવા જહાજને પણ નામ તો પેલા આગલા યશસ્વી જહાજનું જ અપાય છે.


આપણા પ્રથમ યુદ્ધજહાજને પાટનગરના નામ પરથી 'દિલ્હી' નામ અપાયું છે. એવા જ બીજા જહાજને 'મ્હૈસૂર'. આપણી વિનાશિકાઓનાં નામ 'રાજપૂત', 'રણજિત' અને 'રાણા' એમ 'ર' થી શરૂ થાય છે. વિનાશિકાઓની બીજી ટુકડીમાં 'ગોદાવરી,' 'ગોમતી' ને 'ગંગા' એમ 'ગ' થી શરૂ થતાં નામો છે. ને વિમાન પ્રતિકારક જહાજો; 'બ્રહ્મપુત્ર', 'બેત્વા' ને 'બીઆસ' એવા 'બ' થી આરંભાતાં નામે ઓળખાય છે, જે નામ દેશની અગત્યની મોટી નદીઓનાં નામ પરથી પાડેલાં છે. એન્ટી-સબમરીન યુદ્ધનૌકાઓનાં નામ દેશનાં કેટલાંક પ્રચલિત શસ્ત્રો પરથી પડ્યાં છે: 'ખુકરી', 'કિરપાણ,' 'કુઠાર', 'ત્રિશૂળ', 'તલવાર'.

દરિયાકાંઠાનાં નૌકામથકો અને દરિયાઈ સુરંગ-શોધક મથકોને અગત્યનાં બંદરોનાં નામ આપ્યાં છે, 'કારવાર,' 'કોકિનાડા, 'કુડાલોર' 'બસીન', 'બિમલીપટ્ટમ' વગેરે. 'ઈન્વેસ્ટીગેટર' તેના નામ મુજબ આપણી દરિયાઈ સરહદોનું નિરીક્ષણ કરતું રહે છે.

આ બધાં જહાજો ઉપરાંત નૌકાદળનાં મથકોની ગણતરી પણ સામાન્ય રીતે જહાજોની જેમ જ થાય છે. તેનાં મોટા ભાગનાં નામ આપણા સાગરવ્યવહારના ઈતિહાસ સાથે સંકળાએલા લોકોનાં નામ પરથી પાડેલાં છે. જેમ કે 'શિવાજી', 'આંગ્રે' વ૦ 'કુંજલી' નામ દરિયાઈ વ્યાપારમાં અત્યંત સાહસિક એવા કેરળના એક કુટુમ્બ પરથી પાડ્યું છે. આમાં અપવાદ પણ છે. જેમ કે નવી દિલ્હી ખાતેના નૌકામથકનું



વિમાનવાહક યુદ્ધજહાજને યોગ્ય છેલ્લામાં છેલ્લી શોધાએલી સાધનસામગ્રીથી સજ્જ આઈ. એન. એસ. 'વિક્રાંત' આપણા નૌકાદળનું એક ગૌરવ છે. દેશના સંરક્ષણાર્થે એ ઉપર આકાશમાં વિમાનો સામે કે નીચે દરિયામાં સબમરીન સામે લડી શકે તેમ છે.



વિક્રાંત. તૂતક પરના એના અંગ્રેજી નામાક્ષરો રંગથી લખેલા નથી પણ જહાજ પરના સૈનિકોએ એ આકારમાં ઊભા રહીને ઉપજાવેલી રચના છે. તીરકસ રેખાઓ વિમાનોનાં ઉડ્ડયન-ઊતરાણોના માર્ગદર્શન માટે છે. બે બાજુ દેખાતા બે લંબચોરસ એ વિમાનોને જહાજ-માંથી તૂતક પર લઈ આવવા માટેની જંગી લિફ્ટ છે.

નામ 'ઈન્ડિયા' છે જ્યારે કોચિનના નૌકામથકનું નામ એ ટાપુના જૂના નામ પરથી 'વેન્દુરતી' પાડ્યું છે. જામનગરની નૌકાદળની 'ઇલેક્ટ્રિકલ ને સિગ્નલ સ્કૂલ'નું નામ ત્યાંના પાણીમાં મળી આવતી એક વિખ્યાત માછલી પરથી 'વાલ્સુરા' અને હમણાં ગોવામાં શરૂ કરેલા મથકને ગોવાનું જૂનું નામ 'ગોમાન્તક' આપ્યું છે.

નામની પેઠે જહાજો માટેનાં સૂત્રો ને બોધચિહ્નો પાછળ પણ ઘણું ધ્યાન અપાય છે. દા.ત. આઈ. એન. એસ. 'મૈસૂર'નો મુદ્રાલેખ છે; 'ન બિભેતિ કદાચન', એટલે કે 'એ સદાય નીડર છે.' એના બોધચિહ્નમાં 'ગરુડ' અંકિત થયું છે. આઈ. એન. એસ. 'દિલ્હી'ના ચિહ્નમાં હાથી છે. સમગ્ર નૌકાદળના બોધચિહ્નમાં અશોક સ્તંભના સિંહો અને લંગરનું આલેખન છે. એનું સૂત્ર છે 'શં નો વરુણઃ' મતલબ કે 'મહાસાગરના દેવતાઓ, તમે અમને શુકનશાળી નીવડો.'

દેશના વિભાજન પછી આપણે ભાગે જે કાફલો આવેલો તે તો તદ્દન અપૂરતો જ હતો. હજીયે બીજાં રાષ્ટ્રોની સરખામણીમાં તો આ નૌકાદળ નાનકડું જ ગણાય, પરંતુ ધીરેધીરે આપણે એને અદ્યતન સાધનસામગ્રીથી સજ્જ કરતા જઈએ છીએ. આપણા નૌકાદળની કામગીરીનો ઈતિહાસ પણ કંઈ ઓછો ઉજ્જ્વળ નથી જ. છતાં આપણી વિશાળ કંઠારને લક્ષમાં લેતાં આપણી પાસે ઓછાં જહાજો છે. ભાગે આવેલાં સ્લૂપ, માઈનસ્વીપર્સ ને કોર્વેટસ જેવાં રમકડાં જહાજોથી આરંભી સમતોલ નૌકાદળ રચવા.આપણે વિનાશિકા, ફ્રિગેટ ને ક્રુઝર વસાવ્યાં. એમાં વિમાનવાહી જહાજ પણ અનિવાર્ય જ ગણાય.

વિજ્ઞાનની અવનવી શોધખોળોથી સંરક્ષણ અંગેની વર્ષોની યોજનાઓ આજે નિરર્થક બની જાય છે. પણ આમ સતત બદલાતી રહેતી વ્યૂહરચનાઓમાં પણ નૌકાદળમાં વિમાનવાહક જહાજની અગત્ય હજી યે ટકી રહી છે. અન્ય યુદ્ધજહાજોની કાર્યમર્યાદા માત્ર એની તોપો જેટલે દૂર ગોળા ફેંકી શકે એટલા પૂરતી મર્યાદિત હોય છે. જ્યારે વિમાનવાહી યુદ્ધજહાજનું કાર્યક્ષેત્ર પોતાનાં વિમાનોની વિસ્તૃત ઉડ્ડયન-મર્યાદાને કારણે ઘણું વધી જાય છે. બચાવને હુમલામાં આવા જહાજથી નૌકાદળની શક્તિ લગભગ દસ ગણી વધી જાય છે.

આપણા નૌકાદળમાં પણ વિમાની શાખા ઉમેરવા આપણે પૂર્વ તૈયારીરૂપે પ્રથમતો કોચિનમાં 'ગરુડ' નામે નૌકાશાળા સ્થાપી. 'સીલૅન્ડ' અને 'ફાયર ફ્લાઇ' પ્રકારનાં વિમાનોથી તાલીમ શરૂ કરી. એમાં 'વૅમ્પાયર' વિમાનો આવતાં એ તાલીમ જેટ યુગમાં પ્રવેશી. છેલ્લે ઈ. ૧૯૫૭માં બ્રિટનના 'હર્ક્યુલસ' નામક વિમાનવાહક યુદ્ધજહાજની ખરીદી કરી એને આપણી જરૂરિયાતો અનુસાર છેલ્લીમાં છેલ્લી ઢબની સામગ્રીઓથી પુનઃ સજાવવામાં આવ્યું ને એને 'વિક્રાન્ત' નામ અપાયું. ઇ. ૧૯૬૧ની ૩જી નવેમ્બરે એ ભારતીય નૌકાદળમાં સામેલ થયું. કૅપ્ટન પી. એસ. મહેન્દ્રુ એના પ્રથમ કપ્તાન છે.

૨૦,૦૦૦ ટનનું આ તોતિંગ જહાજ એક તરતા મથક જેવું છે. એના પર ૭૦૦ ફૂટ લાંબો ઉડ્ડયન-પટ છે. 'સીહૉક' નામે જેટ લડાયક બૉમ્બર, અને 'બૅગેટ અલાઇઝ' નામક સબમરીનવિરોધી ને નિરીક્ષણ માટેનાં વિમાનોની-એમ બે પ્રકારની સંરક્ષક ટુકડી એના પર છે. બહુ ઓછા અંતરેથી ઉડ્ડયન તથા રાતે કે દિવસે સલામતીથી ઊતરાણ માટેની વિશિષ્ટ સગવડો સાથે આ જહાજ પર અદ્યતન ઑપરેશન થીએટર સાથેની હૉસ્પિતાલ, વ્યાપક એરકંડિશનિંગ, ૩૦૦ જેટલી ટેલિફોન લાઇન, ૧૩૦૦થી યે વધુ નાવિકો માટેની સૂવાબેસવાની સ્વતંત્ર વ્યવસ્થા, સુંદર સુસજ્જ ભોજનખંડો, રમતગમતનાં સાધનો, પુસ્તકાલય અને સાધનસંપન્ન ભારતીય રસોડું છે. વિમાનોની અમુક પ્રમાણમાં મરામતો કરી લઈ શકે એવું કારખાનું પણ આ જહાજ પર છે.

માત્ર ચાળીસ સેકંડમાં વિમાન હવામાં ઊડતું થઇ શકે ને બહુ જ ઓછા અંતરમાં ઊતરીને સ્થિર થઇ શકે એ માટે વિશિષ્ટ સગવડો છે. 'વિક્રાંત'ના બોધચિહ્નમાં ધનુષ અને બાણનું આલેખન છે. જહાજ પરથી ઊડવાને તત્પર એવાં વિમાનોનું એ દ્યોતક છે. એનો મુદ્રાલેખ છે 'જયેમ સંયુધિ સ્પૃધઃ' એટલે કે 'જેઓ અમારી સામે લડવાની હિમ્મત કરશે તેમના પર અમે વિજય મેળવીશું.'ને ખરે જ વિક્રાંત પરના આપણા નૌ-સૈનિકો એ મુદ્રાલેખને સિદ્ધ કરે એવા જ છે. આવા વધુ વિમાની નાવિકો તૈયાર કરવા માટે ગરુડ ઉપરાંત કોઈમ્બતૂર નજીક આઈ. એન. એસ. 'હંસા'ની પણ હમણાં સ્થાપના થઈ છે.



કાળાં રણ; સૂતાં શહેર

સ્વેન હેડિન

સ્વામી આનંદ

૧) તાક્લા - માકનની દાદીમા. ૨) 'બાયરો' અને રણવંટોળ. ૩) અકેક ઊંટે ૧૧ ઘડા પાણી પીધાં. ૪) સામે મોઢે ૮૬°, પૂઠે–૨૨°! ૫) થીજેલી ચરચેન. ૬) આઝાદ ઊંટોનાં સંવનન. ૭) કાળા રણનું અંધડ. ૮) દટાએલી સંસ્કૃતિના અવશેષ.

૧

૨૦મી ડિસેમ્બરે તાક્લા - માકનની દાદીમા જેવા નવા રણની સફર મેં ઉપાડી, જે કિસ્મતે યારી ન આપી હોત તો મોત-મુસાફરી જ નીવડત. તારીમ નદીકાંઠાના અમારા પડાવથી ચરચેન-દરિયા ૧૮૦ માઈલ હતી. અને રણના રેતટેકરા પણ તાક્લા-માકનથી વધુ ઊંચા હતા.

ઈસ્લામ, તુરદ, ઓરડેક ને કુરબાન, ચારને મેં સાથે લીધા. સિવાય ૭ ઊંટ, ૧ ઘોડો ને યોલ્દાશ દોલત બે કૂતરા. ત્રણ ઊંટને બરફ તથા બળતણ ઊંચકવાનાં હતાં. બાકીનાંને ખોરાકી, બિસ્તરા, વૈજ્ઞાનિક સરંજામ, વાસણકૂસણ વગેરે. તંબૂ મેં ન લીધો. ખુલ્લામાં જ હું આખો શિયાળો સૂતો. બરફ તથા ખોરાકી ૨૦ દિવસનાં હતાં. ૩૦ દિવસ લાગે તો મરી રહીએ. રણમાં ક્યાંયે ટીપું પાણી મળવાની આશા નહોતી.

૨

સરોવર-સપાટીના ફૂટ-જાડા બરફથરમાં બાંકોરાં પાડી ઊંટોને છેલવેલા ઘરવોઘરવ પાણી પાયાં ને અમે ઊપડ્યા. રેતટેકરા વચ્ચે રેત વગરની કઠણ માટીવાળી ભોં આવે, તેને અહીં 'બાયર' કહે છે. પહેલે દિવસ આવાં બાયરોમાં બરુ-ઝાડીઓ હતી તેથી ઊંટોને ચારો મળ્યો. બીજે દિવસે ૪ બાયર અમે વટાવ્યાં. એની ફૂટ-જાડી ધૂળમાં ઊંટોના પગ ખૂંચી જાય અને ડમરીઓ ચડે.

ચોમેર ચંદ્રસપાટી જેવો વેરાન વગડો. વાયરે ઊડેલું એક પાંદડું કે માણસ જાનવર કોઇનું પગેરું કેવું થાય! માણસજાતનો પગ કોઈ કાળે આ રણની રેતને અડ્યો હશે કે કેમ કોણ જાણે! ૩૩° ઢોળાવવાળા ઊભી ભીંતો જેવા રેતડુંગરા જ નરા ભળાય. બાયરોમાં સહેલાઇથી ચલાય. રેતટેકરા જ ઊંટ માણસ સૌને થકવીને ફેં ફેં કરી મૂકે!

બળતણમાં સાંજે બે ને સવારે એક જ ખોડચું અમે બાળીએ. રાત્રે લાગે તે કરતાં સવારમાં ટાઢ વધુ લાગે. મારું હાથ-મોં ધોએલું પાણી ઘોડો પીતો. તેથી હું સાબુ ન વાપરતો.

વાટ મુશ્કેલ થતી ચાલી. બાયર ઓછાં થઇ ગયાં. હું મોખરે ચાલું. દૂરથી મેં ૧૯મું બાયર સફેદ નીમકના કડાથી વીંટળાએલું જોયું. તળેટીએ હું થોભ્યો. પાછળ કાફલો પહોંચ્યો. સૌનાં મોં પડી ગયાં'તાં.

નાતાળની આગલી સાંજ હતી. પણ નાતાળભાભો કે બીજો કોઇ દેવદૂત અમારા પર ઊતર્યો નહિ! અમારી પાસે ૧૫ દિવસનું પાણી ને ૧૧ દિવસનું બળતણ સિલક હતાં. છતાં અમે કરકસર કરવા માંડી.

નાતાળને દિવસ સવારમાં જ રણવંટોળ. દિશાઓ ધૂંધળી બની ગઇ. એકેએક ચીજમાં રેતી પેસી ગઇ. અઢી વરસ બાદ મેં ત્યારની એક નોંધબુક વિગતે લખવા લીધી તેવી જ પાનાંમાંથી એ રેત ખરખર ખરી, અને પેન લખતાં કરકર થવા લાગી!

નરા પહાડ જેવડા રેતટેકરા જ ટેકરા. હૈયેહૈયે ગમગીની!

ઊંટો ૩૩° સીધા ઢોળાવ ટટાર રહી પહોળા પગે લપસીને સહેલાઇથી ઊતરે. હવે અમારી પાસે અઢી બોજા બરફ રહ્યું. પણ બળતણ ખલાસ થવા આવ્યું. પછી બરફ ઓગાળવા કશું નહિ રહે. રાબેતા મુજબ જૂનનાં ઘાસ અમે ઊંટોને ખવડાવી દીધાં અને લાકડાના કાઠા બળતણમાં બાળવા માંડ્યા. હજી અરધો પંથ અમે કાપ્યો નહોતો.

૩

પણ ૨૭મી તારીખે અમને અણધારી આશા ઊગી. પારાવાર રેતટેકરા ખૂંદ્યા પછી ૩૦મું બાયર અમારી નજરે પડ્યું. અને તેની પાછળ બરુ-ઝાડીની લાઇન પણ વરતાણી. કુદરત તારી કરામત! રણની વચ્ચોવચ વનસ્પતિ! પછીનું બાયર વટાવ્યા પછી પણ તેવી જ બરુ-ઝાડી. ઊંટોની ખાતર અમે અહીં જ મુકામ કર્યો. એમને ચારાથી ધરવવા એક આખો બરફ-બોજો પણ એમને પાઈ દીધો. એમના ઉપર જ અમારી બધી મદાર હતી ને? વળી બરુનાં જ તાપણાં કરીને બળતણ પણ અમે બચાવ્યું.

રાત્રે ટાઢ ૬°ની. સવારે હું મોખરે ચાલ્યો. છરીધાર જેવો તીણો વાયરો ઊઠ્યો. એક નવા બાયરમાં સૂકું ઝાડ જડ્યું. તે સળગાવી મેં તાપણું કર્યું. એક ઢૂકવા આવેલ ઊંટને દોરવા કુરબાન પાછળ રહ્યો, પણ સાંજે એકલો જ પહોંચ્યો. ઇસ્લામ અને તુરદુ જૂનનું ઘાસ લઇને ગયા. જઇને જુએ તો ડાચું ફાડીને મરી રહેલું! તુરદુ-બે રડ્યો. એને ઊંટ વહાલાં હતાં. એક બાયરની લેવલ ભોંમાં અમે ખાડો ખોદ્યો. સાડાચાર ફૂટે પાણી! પીવાલાયક, પણ ટીપેટીપે આવે! વધુ ખોદ્યું, ને વધુ મળ્યું. દરેક ઊંટે છ છ ઘડા પીધું! અમે વળતો દિવસ આખો ત્યાં જ પડી રહ્યા!

અહીં અમે શિયાળ સસલાંનાં પગેરાં જોયાં. એક કાળું વરુ પણ રેતડુંગરા પાછળ ઓઝલ થતું જોયું. ઊંટોએ ૧૧–૧૧ ઘડા સુધી પાણી પીને દસ દિવસની નિરાંત કરી લીધી!

૪

વળી એક દિવસનો આરામ અમે ઊંટોને આપ્યો. બરફ ચાલુ. મારી પાસે તંબુ ન મળે! તાપણા પાસે પડીને વાંચું. પણ ચોપડી પરથી બરફ ઘડીઘડી ખંખેરવું પડે! સવારે બધા બરફથી છવાએલા ઊઠ્યા. ઈસ્લામે બરુના ઝાડુથી મારા અંગ પરનું બરફ ખંખેર્યું. પારો તાપણા બાજુએ ૮૬°, પીઠબાજુ –૨૨°!

પછીને પડાવે અમારું છેલ્લું ઇંધણ ખલાસ કર્યું. ટાઢે અકડાઈ ગયા. સવારમાં ઊંટો આરસમાં કંડાર્યા હોય એવાં ધોળાં, અને એમના શ્વાસની વરાળ બરફ-સળીઓ બનીને નસ્કોરાં નીચે લટકે!

છઠ્ઠી જાન્યુઆરીએ ટિબેટની ઓતરાતી પર્વતમાળાઓ અમે સ્પષ્ટ જોઈ. પડાવની જગા દળદરી, ને બળતણ ખલાસ! મારી પેનમાંની શાઈ ઠરી ગઈ તેથી પેન્સિલે લખવું પડ્યું. માણસો હૂંફ મેળવવા એક બીજાને ચિટકીને સૂતા.

વળતે દિવસે વળી કિસ્મતે યારી આપી. સૂકાં ઝાડવાળો પ્રદેશ આવ્યો, અને અમે મોટા હાથીને બૂજી કઢાય એવડું તાપણું કર્યું! સાંજે સૌએ ટ્રેન્ચો કરીને તેમાં ધગતા કોલસા પાથર્યા, ને તે ઉપર રેતીના થર વાળી તેના ગરમાવામાં રાત બધી સૂતા!

૫

કાળામુરણ નદીના સૂકો પટ અને મોલ્જા નદી ટપીને અમે પહાડ-તળેટીએ પહોંચ્યા. અહીં એક ભટકુ મળ્યો. એની જોડે વરુઓએ ફાડી પીંખી નાંખેલો એક કૂતરો હતો.

૨૨મી જાન્યુઆરીએ અમે જાગ્યા ત્યારે બરફથી નખશિખ ઢંકાએલા. ઓરડેકે મને ધાબળો ઓઢાડેલો. તે બરફથી એવો ભારે થઈ ગએલો કે હું જાગ્યો ત્યારે મારા પર કોઈ ટાઢુંબોળ માણસ સૂતું હોય એવું મને લાગ્યું!

મધ્ય એશિયાનો શોધસફરી
સ્વેન હેડિન



૧૮૬૫થી
૧૯૫૨

કડકડતી ઠંડી અને ભયંકર રેત-તોફાનોવાળા મધ્ય એશિયાના નપાણિયા ને નિર્જન વેરાનના અફાટ વિસ્તારમાં, જીવ-સટોસટની હાડમારીઓ વેઠીને ત્યાંની પ્રાચીન સંસ્કૃતિના દટાએલા અવશેષોને સૌપ્રથમ શોધનાર અને ત્યાંના વિગતવાર નકશાઓ તૈયાર કરનાર આ જગનામી પુરાતત્ત્વવિદ તથા ભૂગોળશાસ્ત્રી અને અઠંગ શોધસફરી સ્વેન ઍન્ડર્સ ફૉન હેડિનનો જન્મ ઈ. ૧૮૬૫ની ૧૯મી ફેબ્રુઆરીએ સ્ટૉકહોમ (સ્વીડન)માં થએલો. અપસલ્લા, બર્લિન અને હેલ યુનિવર્સિટીઓમાં ભણી તેણે ઈ. ૧૮૮૫-'૮૯માં ઈરાન ને મેસોપોટેમિયાની સફર કરી. ૧૮૯૦માં ઈરાનના શાહ પાસે ગએલા ઑસ્કારના એલચીમંડળમાં એ પણ હતા. ઈ. ૧૮૯૧માં બુખારા, સમરકંદ, કાશ્ગર, તેઇનશાન, ઈસ્યુક કુલ, ખુરાસાન ને તુર્કસ્તાન એ ઘૂમી વળ્યા. ઇ. ૧૮૯૪થી'૯૭ દરમિયાન તાશ્કંદથી કાશ્ગર, પામીર ને તારીમની વિસ્તૃત સફર કરી. ઇશાનમાં કોર્લા, ત્યાંથી ખોતાન ને કેરિયા ગયા. કુનલુનશાનનો પ્રદેશ વીંધ્યો ને ગોબીના ભયંકર રણમાંથી પણ પસાર થયા.

ઇ. ૧૮૯૯થી ૧૯૦૨માં એમણે ફરી તારીમની વિસ્તૃત સફર કરી ને લોબનોરમાં સંશોધનો કર્યાં. ત્યાંથી પાછા તિબેટનો ઉચ્ચ પ્રદેશ વીંધી એ લેહ પહોંચ્યા. ૧૯૦૬માં તિબેટના ઉચ્ચ વિસ્તારોમાં અનેક સંશોધનો કરવા સાથે ભારતની બ્રહ્મપુત્રા અને સતલજનાં ત્યાં આવેલાં મૂળ શોધ્યાં. ગંગા ને સિંધની ખીણમાં પણ એ ફર્યા.


ઈ. ૧૯૦૮માં તિબેટ ને કારાકોરમની સફર કરી.

ઈ. ૧૯૨૮થી '૩૩ દરમિયાન શાંગહાઇથી પેકિંગ જઈ ત્યાંથી ગોબીનું રણ વીંધી એ તુર્ફાન ગયા. અને કોર્લા, ખોતાન ને કાશ્ગર થઈ દ્ઝુંગારિયાને માર્ગે એ રશિયા ગએલા. ૧૯૩૩થી '૩૫ સુધીમાં ચીની સરકાર માટે માર્ગ આંકવા એમણે પેકિંગથી ઊપડી ગોબીના રણની સફર કરી. આ બધા વિસ્તારોનો સૌપ્રથમ વિગત વાર નકશો તૈયાર કરનાર એ જ હતા.

તદ્દન નિર્જન એવા એ પ્રદેશમાં એમણે કરેલી કપરી શોધસફરોથી એશિયા વિષેના શોધસફરીઓમાં એમની ગણના પ્રથમ કક્ષામાં થાય છે. ૧૯૦૨માં એમને સ્વીડનના ઉમરાવ બનાવવામાં આવેલા. સ્વીડિશ અકાદમીના પણ એ સભ્ય હતા. ભારતને સ્પર્શતી એમની શોધસફરોની કદરમાં બ્રિટિશ હિંદની સરકારે ૧૯૦૯માં કે. સી. આઈ. ઈ.ના ખિતાબથી એમને નવાજેલા. પણ પછી પ્રથમ વિશ્વયુદ્ધ વેળા પોતાની જર્મન-પક્ષી માન્યતાઓને કારણે એમણે એ ખિતાબ પાછો વાળેલો. ઈ. ૧૯૨૩માં યુનાઇટેડ સ્ટેટ્સ, મંગોલિયા ને રશિયામાં થઈને એમણે દુનિયાનો પ્રવાસ ખેડયો.

(૧) જર્ની થ્રુ પર્શિયા ઍન્ડ મેસોપોટેમિયા ઍન્ડ ધ કૉકેસસ, (૨) જર્ની થ્રુ ખોરાસાન ઍન્ડ તુર્કસ્તાન, (૩) થ્રુ એશિયા, (૪) સેન્ટ્રલ એશિયા ઍન્ડ તિબેટ, (૫) સાયન્ટિફિક રીઝલ્ટસ ઑવ એ જર્ની ઈન સેન્ટ્રલ એશિયા, (૬) ટ્રાન્સ હિમાલય, (૭) ઓવર લૅન્ડ ટુ ઈન્ડિયા, (૮) બગદાદ, બેબિલોન, નિનેવાહ; (૯) ટુ જેરુસલેમ, (૧૦) સધર્ન તિબેટ અને (૧૧) માઈ લાઈફ એઝ એન એક્સપ્લોરર, આ બધાં એમનાં મોંઘી સંશોધનમાહિતીથી ભરેલાં, સાહસરસથી તરબોળ ને રોચક-રોમાંચક પુસ્તકો છે.

ઈ. ૧૯૫૨માં ૮૭ વર્ષની વયે એનું અવસાન થયું.



૩૫ ફીટનો સ્તંભ અને પ્રાચીન અવશેષો અમને જડયા. મેં લંબાઇ પહોળાઇ અને બીજાં જાતજાતનાં માપ લીધાં. ચરચેન પાછા ફર્યા ત્યારે પારો –૨૬° ઉપર! થીજેલી ચરચેન ઉપર કે તેના કોરા સૂકા પટ ઉપર અમે ચાલતા. વરુટોળાં રાત બધી ફેરા મારે, અને અમારે ઘોડાંની પાકી ચોકી રાખવી પડે. ઘણી વાર વાઘનાં પગેરાં પણ મળે!

૬

અમે યાંગી-કોલ સરોવરની વસાહતે પૂગ્યા ત્યારે ઘોડાં ઊંટ બધાં ખાઈ પી આરામ કરીને તાજાંમાજાં થયાં. તેમાં સંવનનની મોસમ આવી, એટલે પછી એમની મસ્તીનું પૂછવું શું! લોકોને કરડે કે લાતો ન મારે તે સારુ બાંધી રાખવાં પડે! એકને તો મોઢે છીંકલું નાંખી ચારે પગે બાંધવો પડયો. અગાઉ આવો એક ઊંટ નરાતળ ગાંડો થઈને વગડે પહોંચી ગયો હતો, જે બહુબહુ પૂઠ પકડયા છતાં જડયો નહિ! જ્યાં ને ત્યાં વગડાઉ ઊંટોનાં પગેરાં મળે. એમના સ્વૈરવિહારનો આ ત્રીજો પ્રદેશ મેં જોયો. ઉનાળે આઠે ને શિયાળે ચૌદ દિવસે પાણી પીએ! હાથમાં હોકાયંત્રવાળો માણસ જેમ દરિયો ખેડે તેમ પાણીની જગા અચૂક ખોળી કાઢે! બાર માઈલથી એને માણસની ગંધ આવે! ને આવતાંવેંત પવનવેગે અલોપ થઇ જાય! તાપણાંથી, માનવીના પડાવની જગાઓથી, પાલતુ ઊંટોથી છેટા રહે. પણ બચ્ચાં-બોચિયાંથી નહિ. પાણી ઝરણાંનાં જ પીએ, અને બરુની કાંટચઝાડીઓમાં એક જગાએ ત્રણથી વધુ દિવસ ન રહે. સંવનનની મોસમે ગાંડોતૂર. હરીફો બધાને લડી હરાવી આઠ આઠ સાંઢણીઓને એકલો ભોગવે. આવી લડાઈઓના જખમનાં અસંખ્ય ચાઠાં દરેક નરના ડિલે હોય જ.

૫મી માર્ચે અમે ફરી તૈયારી કરી. અમારાં છ ઉપરાંત અબ્દુર રહીમનાં બે અને બીજાં છ ઊંટ અમે કર્યાં. કૉસાક ફેંજ, ઓરડેક, ત્રણ લોપા, શિકારીઓ, કૂતરા વગેરેને સાથે લીધા. ઉપરાંત બે તંબૂ, ખાધખોરાકી અને સાત મશકો બરફ ભરવા સારુ લીધી. પારપી અને બાકીનાં માણસો વસાહતમાં પાછળ રહ્યાં. પારપીને હું ફરી જોવા પામ્યો નહિ. બાર દિવસ પછી મરી ગયો!

વસંતના ગરમાવા આવ્યા. પારો દિવસે ૫૫° અને રાત્રે ૩૨° ઉપર રહેવા લાગ્યો. કોન્ચે-દરિયાના જાડા બરફ ઓળંગ્યા પછી અમને ઠેરઠેર પથરાના થાપેલ ઢાપા દેખાયા. ચીનને આથમણી દુનિયા જોડે સાંકળનારો આ જૂનો રાજમાર્ગ હતો. એક ૧૩૦ ફૂટ ઊંડી ખોમાં મારો તંબૂ સળગ્યો. માંયથી મારાં કીમતી કાગળિયાં મેં માંડમાંડ બચાવી લીધાં. તંબૂને થાગડથીગડ કરીને પાછો ઊભો કર્યો.

રણવગડા પાછા દેખાયા. મારે કોન્ચે-દરિયાના ૧,૫૦૦ વર્ષઅગાઉ સુકાઈ ગએલ નદીપટના નકશા દોરવા હતા. એક જગાએ ૨૬ ફીટ ઊંચો અને ૧૦૨ ફીટ ઘેરવાળો ઢાપો (થાંભલો) અને ૪ દરવાજાવાળો કોટ, મકાનોનાં ખંડેરો, ભીંતો અને કબરસ્તાન પણ અમે જોયાં. કબરોમાંથી ખોપરીઓ ડોકિયાં કરી રહી હતી.

મૂએલી નદીના સૂકા પટને કાંઠે કાંઠે અમે આગળ વધ્યા. ઝાડ-ઝાંખરાનું નામ નહિ. રાતદિવસ વાયરાઓની થપાટો લાગી લાગીને માટીમાં જાતજાતના ઘાટ અને ચિતરામણ થએલાં જોવા મળે. આકાશ સાફ અને ગરમી આકરી.

૭

રૂક જાઓ. કાળા રણનું તોફાન! રેતમાટીની ડમરીઓ ઊડવા માંડી. અમે આશરાની જગા શોધીએ. કશું ભળાય કે બંદૂક ફૂટે તો ય સંભળાય નહિ. નરા પવનઝપાટા ને સૂસવાટા. હું કાફલાથી છૂટો પડી ગયો. ઝટ ન જડે તો આવી બન્યું. અચાનક કૉસાકે મારું બાવડું પકડ્યું ને મને એક માટીટેકરાની આડશે કાફલો થોભ્યો હતો ત્યાં લઈ ગયો. અહીં માણસોએ મહાપ્રયાસે તંબૂ ઊભો કરેલો. બોજા ઉતારી ઊંટ માણસ બધાં શેળા-શાહુડીની જેમ ગૂંચળે વળેલાં. પવન સેકન્ડે ૬૮ ફીટની ગતિએ ફૂંકાય. અને ૧૨ ફૂટ ઊંચાણે એથી બમણી ઝડપે! અંગેઅંગમાં રેતી જ રેતી. રાંધવું ખાવું તો બને જ ક્યાંથી? ટુકડો ટુકડો રોટી ચાવીને ભરાઈ રહ્યા. વાવાઝોડું દોઢ દિવસ ચાલ્યું. શમ્યું ત્યારે જાણે બધા લાંબી માંદગીમાંથી ઊઠ્યા હોઈએ!

૮

સાતે ભરેલી મશકો અને બરુના ભારા એક ઊંટ પર લાદીને અમે ઝરણ છોડી નદીપટ વાળે મારગે અગાડી વધ્યા. જરા વારે અબ્દુર રહેમાન એકાએક અટક્યો ને અમને થોભાવ્યા. થોડે દૂર એક વગડાઉ ઊંટ અને ત્રણ સાંઢણીઓ બેઠાં વાગોળે. બીજી બે ચરે. કૉસાક જોડે દીપડાની ચાલે એ આગળ વધ્યો. ઊંટને માણસની ગંધ આવી, અને સૂતેલો ઊઠ્યો. હું દૂરબીનથી જોતો હતો. એક ગોળી છૂટી. ઊંટ જોડે જ કમાનની જેમ ત્રણ સાંઢણીઓ ઊઠી, ને આખું ટોળું ડમરી ઊડાડતું પવનવેગે અલોપ થઈ ગયું! રહેમાન કહે, 'ત્રણ દન ઊભું નહિ રહે!'

મૂએલી નદીના પટમાંથી અને કાંઠે શંખ, છીપલાં તેમજ માટીનાં મોટાં વાસણ એવા એવા માનવી વસવાટના અસંખ્ય અવશેષો અમને જડ્યા. પ્રાચીન કાળે માણસો વસતાં હશે જ.

પાણીનો જથ્થો ખલાસ થયો ન થયો, ને અમે અલ્તમશ બુલાક પર્વતની તળેટીએ પૂગ્યા. ખોરાકીનો જથ્થો જૂજ રહ્યો તેથી અબ્દુર રહેમાન શિકારે નીકળ્યો. સાથે હું દૂરબીનથી જોઉં. એક ઊંટ અને પાંચ બૉચિયાં ચરે. મને થાય, ગોળી ચૂકે તો ઠીક. પણ એક બૉચિયાને વાગી જ, ને પડ્યું. અમે નજીક પહોંચ્યા ત્યાં સુધી વાગોળતું હતું!

બાકીનું ટોળું તો તત્કાળ અલોપ થયું. સાંજે બીજું આઠનું પાણી પીવા આવ્યું. પણ અમારી ગંધ આવતાં જ નાસી ગયું! ઊંટોને વિસામો દઈને બધી મશકો ભરી લઈ, અને અબ્દુર રહેમાનનાં ચારે ઊંટો બરુથી લાદીને ૨૭મી માર્ચે અમે ચાલ્યા.

૧૮ માઈલ ચાલીને અમે રણમાં પડ્યા. રેતટેકરા વચ્ચે નવ નવ ફીટ ઊંડા ખાડા. સામેનું ભળાય નહિ. પશુપ્રાણી નામે ન મળે. બપોરે વાટ ગોતવા નીકળેલા કૉસાક અને ઑરડેકને એક માટીટેકરા પર લાકડાનાં બાંધેલ ઘરોના અવશેષ જડ્યા. મેં કાફલાને રોકી વિસામો દીધો. ત્રણ ઘર માપ્યાં. ટેકરા પર ૮–૯ ફીટ ઊંચાં ઊભાં હતાં. કેટલાં જૂનાં હશે? મૂળે જમીન પર જ બાંધ્યાં હશે. પણ આસપાસની ધરતીને વાયરા ચાટી ગયા, અને ઘર ટીંબો ઊભાં થઇ રહ્યાં! ખોળ કરતાં ચીની સિક્કા, કુહાડાનાં પાનાં, લાકડાનાં કોતરકામ, ત્રિશૂળધારી માળાધારી અને કમળવાળી માનવમૂર્તિઓ અમને જડ્યાં. અમારી પાસે એક જ પાવડો હતો. તેનાથી ખોદાય તેટલું ખોદ્યું. દૂર અગ્નિખૂણે એક માટીસ્તંભ. ત્યાંથી વળી બીજા ત્રણ ભળાયા. આ સંરક્ષણ સારુ ઊભા કરેલ ગઢકિલ્લા હતા કે બૌદ્ધસ્તૂપ હતાં, એ હું નક્કી કરી શક્યો નહિ. સાંજ પડી ગઈ. વળતે દિવસે અમે આગળ કૂચ કરી. અહીં વધુ ન રોકાઈ શકાયું તેનો મને ઓરતો રહ્યો.

અબ્દુર રહીમને સારી રીતે ચૂકવી નવાજી મેં જવા દીધો. બે ઊંટ કોતરકામ અને બીજી અહીં જડેલી ચીજોથી લાદીને બીજા એકને પણ તેની જોડે અમારી વસાહતે મોકલ્યો. અમે આગળ વધ્યા. ૧૨ માઇલ પછી પાણી ખોદવાથી જડે એમ લાગ્યું. પણ પાવડો ઑરડેક પેલા પ્રાચીન અવશેષોવાળી જગાએ ભૂલી આવેલો. કહે, 'પાછો જઇને લઈ આવું.' મને બહુ ગમગીની થઇ. પાછા જવામાં આંધીઅંધડનું જોખમ. પણ છૂટકો નહોતો. પાવડો અમારી જીવાદોરી હતો.

'વાટ ચૂકે તો સીધો દખણાદે જજે, કાળાકુશાન સરોવર પૂગીશ.'

મધરાતે નીકળ્યો. મેં મારો ઘોડો આપ્યો. બેઉએ પહેલાં પેટ ભરીને પાણી પીધું. બે કલાકમાં ઉગમણે અંધડ ઊઠ્યું. ઑરડેક સવાર સુધી પાછો ન ફર્યો. અમે આગળ વધ્યા. થોડા દૂર ગયા ને ઑરડેક ઘોડાપાવડા સાથે પહોંચ્યો! અંધડમાં વાટ ભૂલીને એક માટી-થાંભલે થોભેલો. ત્યાં લાકડાનાં કોતરકામવાળાં ઘણાં અધ-દટાએલાં ખંડેર એણે જોયાં. બે કોતરકામ અને થોડા સિક્કા પોતાની સાથે લાવેલો. લક્કડકામવાળાં પીઢિયાં ઘોડા પર લાદતાં ઘોડો ભડક્યો અને ફગાવી દીધાં! ઘોડો કેમે કર્યો લાદવા ન દે. જાતે તો ઊંચકી લાવી શકે તેમ નહોતું. અંતે પીઢિયાં ત્યાં જ રહેવા દઈ અમને આંબ્યો!

મતલબ કે મેં જોયાં તે કરતાં વધુ ખંડેરો અને દટાએલા અવશેષો આ રણમાં હતા. પેલાં પીઢિયાં અમે લઈ આવ્યા. બીજાં લેવા જવા મને મન થયું. પણ પાણી બે જ દિવસનું અમારી પાસે હતું. મારો મનોરથ ચૂંથાઈ ગયો. આવતે શિયાળે ફરી વાર અહીં આવીશ. ઑરડેકે પાવડો ન આણ્યો હોત તો મધ્ય એશિયાના આ દટાએલા એક વધુ શહેરની ભાળ મને ન મળી હોત!

અમે આગળ દખણાદે ધાયા. રેતટેકરા વચ્ચેની માટીમાં ઊંટનાં પગલાંમાં પગ મૂકીને અણવાણે ચાલું. સાંજે પાંચ દિવસનાં તરસ્યાં ઊંટોને અકેક ઘડો પાણી અને ઘાસની છેલ્લી સળીઓ મળ્યાં. મશકોમાં એક જ દિવસ પૂરતું પાણી હવે બાકી રહ્યુ હતું, ને ચામડાની ગંધે ગંધાતું હતું!

સવારે ઊઠીને હું મોખરે ચાલ્યો. કાળાકુશાન અહીંથી ૩૮ માઈલ ટેવાતું હતું. મેં દૂરબીન માંડીને જોયું. નકરા નીચા રેતઢગલા. પણ પેલું અગ્નિ ખૂણે શું ચમકે છે? પાણી, ખારાપાટ કે ઝાંઝવાં?

હું દોડ્યો. જોઉં તો ચોખ્ખાં પાણી! સૌએ ધરાઇ ધરાઇને પીધું. ઊંટોને ચસચસ પીતા જોઈ હું આનંદમાં આવી ગયો.

[પ્રખ્યાત ભૂગોલસંશોધક સ્વેન હેડિનની આત્મકથાના 'એશિયાનાં ભ્રમણ ને સંશોધન' નામે ટૂંકમાં પ્રકટ થનાર, સ્વામી આનંદે કરેલા સંક્ષેપમાંથી. પ્રાપ્તિસ્થાન: બાળગોવિંદ કુબેરદાસ પ્રકાશકો, અમદાવાદ, ૩.૩]

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

આહાર અને આરોગ્ય

હપતો • ૫૩

વિટામિન
ડી ઇ કે પી



અસ્થિશોષના રોગવાળું ત્રણ વર્ષનું બાળક

ઈ. સ. ૧૯૧૯ સુધી અસ્થિશોષ (રિકેટ્સ) થવાનું કારણ અજાણ હતું. ગંદા વસવાટ અને સૂર્યપ્રકાશ તથા કસરતના અભાવથી આ રોગ થતો હોવાનું માનવામાં આવતું હતું. પણ ઍડવર્ડ મેલન્બી અને એમનાં પત્નીએ મજબૂત હાડકાં અને દાંત માટે વિટામિન આવશ્યક હોવાની વૈજ્ઞાનિક ધોરણે સૌ પ્રથમ રજૂઆત કરી. જોકે ઘણાં વરસોથી અસ્થિશોષ નિવારવા કે મટાડવા અનેક દાક્તરો કૉડલિવર ઑઈલ વાપરતા તો હતા, પણ ૧૯૨૨માં વૈજ્ઞાનિકોએ કૉડલિવર ઑઈલમાં વિટામિન 'એ' ઉપરાંત બીજું કોઈક ચરબી-દ્રાવ્ય વિટામિન પણ હોવાનું શોધ્યું. આનું નામાભિધાન વિટામિન 'ડી' થયું.

વિટામિન 'ડી' અસ્થિશોષનું નિવારક અને મટાડનાર છે. એના અપૂરતા પ્રમાણથી ગળા સાથળ ને બગલમાં ગાંઠો ફૂલે છે. એનું કામ આંતરડાંમાં કૅલ્શ્યમના શોષણને સહાય કરવાનું અને લોહીમાં તેનું પ્રમાણ જાળવવાનું છે. વળી તે કૅલ્શ્યમ અને ફૉસ્ફરસના ચયાપચયનું મુખ્ય નિયંત્રણ કરનાર ને હાડકાં તથા દાંતમાં કૅલ્શ્યમને દૃઢ કરનાર છે.

અસ્થિશોષ એ આહારની ન્યૂનતાથી થતો હાડકાંનો રોગ છે. આહારમાં કૅલ્શ્યમ કે ફૉસ્ફરસ, કે બન્ને, ઓછાં લેવાય અને વિટામિન 'ડી'ના અભાવથી હાડકાંમાં એ જમા ન થાય તો આ રોગ થાય છે. મોટા ભાગે તે શિશુઓ બાળકો અને તરુણોમાં થાય.

સૂર્યપ્રકાશથી વંચિત સમશીતોષ્ણ પ્રદેશોમાં સર્વથા થતો આ રોગ ઉષ્ણકટિબંધના પ્રદેશોમાં પણ અસામાન્ય નથી. ખરી રીતે આમ ન થવું જોઈએ, કારણ કે સૂર્યપ્રકાશનાં અલ્ટ્રા-વાયોલેટ કિરણોથી આ રોગ થતો અટકે છે, અને થએલો મટે છે.

ઉષ્ણકટિબંધનો સૂર્યપ્રકાશ અલ્ટ્રા-વાયોલેટ કિરણોથી સમૃદ્ધ છે, અને સમશીતોષ્ણ કટિબંધમાં યે પર્વતીય પ્રદેશમાં અલ્ટ્રા-વાયોલેટ કિરણોની વિપુલતા છે. વાતાવરણનાં વાદળાં અને ધૂળમાં આ કિરણો શોષાય છે. ગામડાં કરતાં શહેરોમાં સૂર્યપ્રકાશમાં અલ્ટ્રા-વાયોલેટ કિરણો ઓછાં હોય છે. અને કાચમાં આ કિરણો શોષાઈ જતાં હોવાથી કાચની બારીઓમાંથી આવતા સૂર્યપ્રકાશમાં તે નથી હોતાં. વળી પુષ્કળ કપડાં પહેરવાથી પણ ચામડીને સૂર્યપ્રકાશનો લાભ નથી મળતો. આથી, શહેરોમાં રહેનાર તેમજ કપડાંથી ઢંકાએલાં રહેતાં બાળકોને ખોરાક વાટે વિટામિન 'ડી' મળવું જોઇએ.

વિટામિન 'ડી' નહિ પામતા ગર્ભનાં કે ઊછરતાં બાળકોનાં લોહીમાં કૅલ્શ્યમ અને ફૉસ્ફરસનું પ્રમાણ ઘટે છે. પરિણામે અંદરથી વળાંકવાળા પગ, ઘસાતા ઢીંચણ, પાંસળીઓના ફૂલેલા છેડા, કબૂતરના ઘાટ જેવો છાતીનો ઊપસેલો માચડો, ઊપસેલું કપાળ, બેડોળ દાંત, ચપટ પગ વગેરે અસ્થિશોષની લાક્ષણિક ખોડો પેદા થાય છે. વધારામાં પાંસળીઓ પોચી પડે છે, શરીરની માંસપેશીઓની સુદૃઢતા ઘટે છે, તે નબળી અને ઢીલી બને છે, શ્વાસોચ્છ્વાસ અધૂરા બને છે, ફેફસાંમાં પૂરતી હવા પુરાતી નથી, જે ફેફસાંના રોગો થવાના કારણરૂપ બને છે.

હાડકાંની જેમ દાંતમાં પણ પુષ્કળ કૅલ્શ્યમ અને ફૉસ્ફરસ છે. દાંતનું ઇનૅમલ અને ડેન્ટીન સર્વથા આનાં જ બનેલાં છે. દાંત બનતી વખતે કૅલ્શ્યમ અને ફૉસ્ફરસ ઓછાં હોય તો તે બરાબર બનતા નથી. ઇનૅમલમાં ખાડા અને ચીરા પડે છે, જે છેવટે સડે છે.

અસ્થિશોષ માત્ર બાલ્યાવસ્થાનો રોગ છે એવું પણ નથી. બધી ઉમરે તે થતો હોય છે. સગર્ભાવસ્થામાં માના લોહીમાંથી ઓછું કૅલ્શ્યમ, ફૉસ્ફરસ ને વિટામિન 'ડી' પામતા ગર્ભના તરુણાસ્થિઓમાં કૅલ્શ્યમ જમા થતું ન હોવાથી તેને અસ્થિશોષ લાગુ પડે છે. ભૂખ સંતોષવા ખાતર માત્ર દાળ-ભાત ને રોટલા ખાતાં અને દૂધ-દહીં-છાશ કે બીજી પ્રાણિજ ચરબી નહિ પામતાં બાળકોને અસ્થિશોષ થઈ આવે છે. એવાઓને જો શરીર ઉપર માત્ર સૂર્યપ્રકાશનો યે લાભ મળે તો પણ અસ્થિશોષ ન થાય. પણ કપડાંના ઠઠારા નીચે કે ઘરમાં ગોંધાઇ રહેતાં અને દૂધ ઘી નહિ પામતાં બાળકો અંગે સૌકોઇએ સજાગ રહેવાનું છે.

બાળકોમાં જે કારણો આ રોગ આણે છે તે જ કારણોથી મોટેરાંને પણ તે લાગુ પડે છે. ખામીભર્યા ખોરાકના લીધે સગર્ભા અને ધાત્રીઓનાં હાડકાંથી કૅલ્શ્યમ ખેંચાય છે, જેથી બહુપ્રસૂતા ને લાંબો વખત ધવડાવતી સ્ત્રીઓ ઓસ્ટીઓમલેશિયા રોગનો ભોગ બને છે. આમાં હાડકાંની મોટી ખોડ આવી પડતાં બસ્તિપ્રદેશનો ઘાટ બગડે છે. તેથી, અગાઉની પ્રસૂતિઓ સરળ હોય તો પણ પછીની પ્રસૂતિવેળા ગંભીર હરકતો ઊભી થાય છે. છૂટથી પથરાતા સૂર્યપ્રકાશના દેશોમાં પડદા પાળતી સ્ત્રીઓ તેનાથી વંચિત રહેવાથી ઓસ્ટીઓમલેશિયાની રોગી બને છે. એમનાં બાળકોને અસ્થિશોષ થાય એમાં નવાઈ શી?

ઊછરતાં બાળકોને કૅલ્શ્યમ, ફૉસ્ફરસ અને વિટામિન 'ડી' મળી રહે એવા ખોરાકની આયોજના થવી ઘટે છે. આપણા આહારમાં કૅલ્શ્યમ તો છે, પણ ફૉસ્ફરસ ઓછું છે, અને વિ૰ 'ડી'ની વિપુલતા તો બહુ ઓછા ખોરાકમાં છે. એનાં શ્રેષ્ઠ ધારક તો માછલીનાં તેલ છે. દૂધ દહીં છાશ ને પનીર કૅલ્શ્યમનાં શ્રેષ્ઠ સાધન છે. બાળકોને માટે વિ૰ 'ડી'નું સાધન દૂધ છે. વળી રાંધવાથી કે સંઘરવાથી આ વિટામિન નાશ પામતું નથી. સૂર્યપ્રકાશમાં થએલાં તાજાં શાક ને ભાજીમાંથી થોડું વિ૰ 'ડી' મળે છે. ઇંડાંની જરદી એનું સારું ધારક છે.

તાજાં ઘી-દૂધ ખાવાં ન પરવડે તેમના માટે વિ૰ 'ડી'નું એક સસ્તું સાધન ડૉ. મિલ્ડ્રેડ કૈથાન આ પ્રમાણે બતાવે છે: સૂર્યતાપમાં કે ખુલ્લામાં, છીછરા વાસણમાં મગફળી કે તલનું તેલ રાખવાથી એમાં વિ૰ 'ડી' પેદા થાય છે. આ પણ જો ન બની શકે તો સવારે દસથી બે વાગ્યાની વચમાં માત્ર પાંચ-દસ મિનિટ બાળકોને ખુલ્લા ડિલે અગર તો શરીરે તેલ ચોળીને સૂર્યતાપમાં રાખવાં કે રમવા દેવાં. બે ત્રણ કલાક સુધી શરીર ઉપરનું તેલ ધોઈ ન નાખવું.

વિટામિન 'ડી' માત્ર બાલ્યાવસ્થામાં જ જરૂરી છે એવું નથી. એની જરૂર તો જન્મ પહેલાં શરૂ થઇ જિંદગી પર્યંત ચાલુ રહે છે. માણસનાં હાડકાં અને દાંતનું બંધારણ તો ગર્ભાવસ્થામાં શરૂ થઇ ૧૮ થી ૨૧ વર્ષની ઉમરે જ્યારે છેલ્લી દાઢ ફૂટે ત્યાં સુધી ચાલુ રહે છે, સ્ત્રીઓમાં તો વળી પ્રસૂતિ આવે ત્યાં સુધી વધારે વિ૦ 'ડી'ની જ જરૂર રહે છે. દાંતનો સડો અટકાવવા માટે વિ૦ 'ડી' ઉપયોગી છે. અને દાંતનો સડો તો કોઈ પણ ઉમરે થઇ આવે છે એટલે કોઈ પણ ઉમરે ૫૦૦ યુનિટ વિ૦ 'ડી' આહારમાં હોવાની હચિન્સન ભલામણ કરે છે. માતાનું ધાવણ કે બહારનું દૂધ પામતા બાળકને રોજ ૩૦૦થી ૪૦૦ યુનિટ વિ૦ 'ડી' મળવું જોઇએ.

વિટામિન 'ઈ'

અમેરિકાની કૅલિફૉર્નિયા યુનિવર્સિટીના મિ. ઈવાન્સે ઉંદરો ઉપર કરેલા આહારના પ્રયોગો ઉપરથી વંધ્યત્વનું નિરીક્ષણ થયું. પ્રોટીન, ખનિજ દ્રવ્યો અને જાણીતાં વિટામિનો ઉપર ઊછરેલા ઉંદરો પહેલી પેઢીમાં થોડા તો બીજી પેઢીમાં સંપૂર્ણ વંધ્ય બન્યા. આ બન્યું ૧૯૨૨ના ગાળામાં. આ દ્રવ્યને વિટામિન 'ઇ' નામ આપવામાં આવ્યું, જે વંધ્યત્વ વિરોધી પણ કહેવાય છે.

પ્રજનન માટે આવશ્યક આ વિટામિનની લાક્ષણિકતા દર્શાવવા માટે ટૉકૉસ (બાલજન્મ) અને ફેરૉલ (હું લાવું છું) આ બે ગ્રીક શબ્દો એકઠા કરી તેનું ટોકોફેરોલ નામાભિધાન કરવામાં આવ્યું છે.

સલાટની ભાજી (લેટસુસ) અને ઘઉંના અંકુર વિટામિન 'ઈ' થી સમૃદ્ધ છે. વિ૦ 'ઈ' ચરબી-દ્રાવ્ય છે. દૂધ, માખણ, તાજાં પ્રાણિજ તેલ, શૂકધાન્યો, તાજાં શાક ને ભાજી, કેળાં, ઇંડાં અને માંસ તેનાં ધારક છે. શાકભાજી, ફળ, દૂધ ને દૂધની નીપજો, શૂક અને શિંબી ધાન્યો રોજ ખાનારને વિ૦ 'ઇ'ની ન્યૂનતા ઊભી થતી નથી. ખોરાં તેલ અને ચરબીમાં વિ૦ 'ઈ' નાશ પામે છે.

આપણને જોકે આ વિટામિનની ન્યૂનતા ઊભી તો નથી થતી અને વળી આહારશાસ્ત્ર ઍક્રૉઇડ તો કહે છે કે વિ૦ 'ઇ'ની ન્યૂનતા કૈં માનવ વંધ્યત્વનું કારણ નથી. તો પણ કેટલીક સ્ત્રીઓને ગર્ભાધાન ટકાવવા માટે વિ૦ 'ઈ'ના વધારે પ્રમાણની જરૂર પડે છે. આથી વારંવાર કસુવાવડના ત્રાસથી પિડાતી સ્ત્રીઓને ઔષધ રૂપે વિ૦ 'ઈ' આપવામાં આવે છે. જોકે બધા જ સ્ત્રીરોગનિષ્ણાત દાક્તરો આ બાબત સ્વીકારતા પણ નથી. ઋતુસમાપ્તિકાળનાં ઉગ્ર લક્ષણોના આરામ માટે વિટામિન 'ઈ' ઉપયોગી જણાયું છે.

આપણામાં જોકે વિ૦ 'ઈ'ની ન્યૂનતા સામાન્ય તો નથી, છતાં સફળ પ્રજનન માટે સુયોગ્ય આહારનું મહત્ત્વ દરેકે જાણવાનું છે.

વિટામિન 'કે'

ઈજાથી કે બીજાં કારણોસર વહી જતા લોહીનો ગઠ્ઠો જામતાં લોહી વહેતું બંધ થાય છે. આ જીવનરક્ષક ક્રિયા છે. લોહીનો ગઠ્ઠો જામવામાં ફાઇબ્રિન એક મુખ્ય દ્રવ્ય છે. આની રચનામાં પ્રોથ્રોમ્બિન જરૂરી છે. આ પ્રોથ્રોમ્બિન ને બીજાં દ્રવ્યો મળવાથી લોહીનો ગઠ્ઠો જામે છે.

પ્રોથ્રોમ્બિન કલેજામાં પેદા થાય છે અને તેની બનાવટમાં વિટામિન 'કે' જરૂરી છે. એની ન્યૂનતાના કારણે લોહીના પ્રોથ્રોમ્બિનનું પ્રમાણ ઘટે છે અને લોહી જામવાનો સમય લંબાય છે. કેશવાહિનીઓ પણ તકલાદી બની જઈને લોહીસ્રાવ થાય છે. આ સમયે વિ૦ 'કે' ઔષધરૂપે આપવાથી પ્રોથ્રોમ્બિનની રચના થાય છે. લોહીનું સામાન્ય ધોરણ પ્રાપ્ત થતાં તરત ફાયદો થાય છે.

અમેરિકામાં વૈજ્ઞાનિકોને અલ્ફાલ્ફાના છોડનાં પાંદડાંમાં વિ૦ 'કે' પુષ્કળ જણાયું. ડૅનિશ વૈજ્ઞાનિક કાર્લ પીટર હેન્રિક ડૅમે ૧૯૩૯માં આ છોડનાં સૂકાં પાંદડાંમાંથી વિ૦ 'કે' છૂટું પાડ્યું. તે લોહી જામવાની સ્થિતિ સુધારતું હોવાથી તેને 'કોએગ્યુલેશન વિટામિન' કહેવામાં આવ્યું, જેનું ટૂંકું નામ તે વિટામિન 'કે'. ગુણ પ્રમાણે તેને રક્ત-સ્રાવ વિરોધી (ઍન્ટી-હેમોરહૅજિક) કહેવામાં આવે છે.

વિ૦ 'કે' આહારમાંથી મળે છે; ઉપરાંત આંતરડાંમાં વસેલા જીવાણુઓ પણ તેને બનાવે છે. બાળકોનાં આંતરડાંમાં જીવાણુઓ નહિ હોવાથી તે બનતું નથી, તેમજ તેમનાં શરીરમાં એનો સંઘરો પણ નથી હોતો. વળી તેમના લોહીમાં પ્રોથ્રોમ્બિનનું પ્રમાણ ઓછું હોવાથી તેમને જન્મ બાદ લોહીસ્રાવનો રોગ થાય છે. આ સમયે તેમને વિ૦ 'કે' આપવામાં આવે છે. આ વિટામિનની ન્યૂનતાથી રક્તસ્રાવી રોગના જેવી દશા થાય છે, જેમાં દાંત પાડ્યા બાદ જાનનું જોખમ આવી પડે એટલું લોહી વહી જાય છે.

સલ્ફા અને ઍન્ટીબાયોટિક ઔષધોના સેવન બાદ આંતરડાંના જીવાણુઓ નાશ પામવાથી વિ૦ 'કે' નથી બનતું. અતિસાર અને સંગ્રહણી વખતે ચરબીનું શોષણ મંદ બનતાં વિ૦ 'કે'નું શોષણ ઘટવાથી પણ આની ન્યૂનતા ઊભી થાય છે. દસ્ત સાફ લાવવા માટે લેવાનું લિક્વિડ પૅરૅફિન પણ આ વિટામિનના શોષણમાં ખલેલ પહોંચાડે છે. કમળા વખતે આ સ્થિતિ ખસૂસ હોય છે, કેમકે વિ૦ 'કે'ના શોષણ માટે પિત્ત જરૂરી છે અને કમળામાં પિત્ત ઓછું હોય છે. આ કારણે કમળામાં લોહી જામવાનો સમય લંબાય છે. આ વિટામિનની શોધ અગાઉ આવા રોગીઓની શસ્ત્રક્રિયા જોખમી નીવડતી હતી; પણ હવે તો આ વિટામિન ને પિત્તના વપરાશથી એ જોખમ ઘટ્યું છે.

આંતરડાંમાં બનવા ઉપરાંત લીલોતરી શાકભાજી, ટમેટાં, કૉબિ-ફ્લાવર, ઇંડાંની જરદી અને કલેજાના ખોરાકમાંથી વિ૦ 'કે' મળે છે. આ વિટામિન ચરબી-દ્રાવ્ય હોઈ રાંધવામાં તેનો નાશ થતો નથી.

વિટામિન 'પી'

રક્તસ્રાવ નિવારવા વિટામિન 'પી' પણ જરૂરી છે. આ વિટામિનની ન્યૂનતાથી લોહીની નળીઓની દીવાલો છિદ્રાળુ બનીને લોહીના લાલ કણો પેશીઓમાં જાય છે. વળી આ વિટામિન લોહીનું દબાણ ઘટાડવામાં પણ સહાયક છે.

ખાટાં ફળોના રસોમાં વિ૦ 'પી' છે. લીંબુ અને મોસંબીની છાલ એનાં સમૃદ્ધ સાધનો છે. કોઈ પણ ખાટા ફળની છાલ પાણીની અંદર બાર કલાક પલાળી રાખ્યા બાદ તે પાણી પીવાથી વિ૦ 'પી' મળે છે. વિ૦ 'સી'ની સાથે વિ૦ 'પી' પણ રક્તસ્રાવ અટકાવવા અને મટાડવામાં વપરાય છે. આહાર વિજ્ઞાનની દૃષ્ટિએ વિ૦ 'કે'નું મહત્ત્વ નથી, કારણ કે જો આહારમાં વિ૦ 'એ' અને 'સી' હશે તો એમાં પૂરતું 'કે' પણ હોવાનું જ. આવી રીતે જલદ્રાવ્ય વિ૦ 'સી' અને વિ૦ 'બી'થી યુક્ત આહારમાં પૂરતું વિ૦ 'પી' પણ હોવાનું જ.

ખોરાકના વિવિધ પદાર્થોમાં વિપુલતાથી આવેલાં અને જલદી છૂટાં પડે એવાં વિટામિનો પહેલાં શોધાયાં છે, તેમજ કૃત્રિમ રીતે બનાવાયાં પણ છે. પણ આજે તો બાવીસ વિટામિન શોધાયાં છે, જેમાંનાં દસ આપણા માટે ખચીત જરૂરી જણાયાં છે. સંશોધનોના પરિણામે બીજાં પણ હજુ શોધાશે અને તેમનું આહારમાં મહત્ત્વ પણ સ્વીકારાશે. પણ શૂક ને શિંબી ધાન્યો, દૂધ-દહીં-છાશ ને પનીર, તાજાં શાકભાજી અને ફળોના રોજિંદા સમતોલ અને સપ્રમાણ આહારમાં બધાં જાણીતાં વિટામિનો આવી જાય છે.

પચ્ચીસ વર્ષ પહેલાં

કુમાર — મે ૧૯૩૯ અંક ૧૮૫

'પરાધીન હિન્દના પ્રાણવાન હિજરતી' એ મથાળા નીચે અશોક હર્ષની તેજસ્વી કલમે લખેલા ચરિત્રની વાનગી જોઇએ:

"જેમણે બ્રિટિશરાજની શસ્ત્રબંધી અને ઝબાંબંધી નીચેથી છટકી જઇ સાત સાગરની પારથી મુકમ્મિલ આઝાદીના સૂર ચાલુ રાખ્યા હતા એ, સઘળા હિજરતીઓના શિરોમણિ, લાલા હરદયાલ જેવું હિંદનું પ્રતિનિધિત્વ કદાચ કોઇએ નહિ ધરાવ્યું હોય. લાલા લજપતરાય તો એમના પર વારી જતા. લોકમાન્ય ટિળકે એમનામાં ભાવી હિંદની અનેક આશાઓની પૂર્તિ જોએલી. વિનાયક સાવરકરે 'માઝીજન્મઠેપ'માં લખ્યું છે કે 'મને હરદયાળની મૈત્રીથી ગર્વ ઊપજે છે', અને જવાહરલાલે પણ પોતાની જીવનકથામાં એમનો સાદર ઉલ્લેખ કર્યો છે.

જ્યારે 'સ્વાતંત્ર્ય' જેવો શબ્દ જીભ પર આણવો એ રાજદ્રોહ ગણાતો એ કાળમાં સંપૂર્ણ સ્વતંત્રતાના એ મંત્રદ્રષ્ટાનો દિલ્હીના એક કાયસ્થ કુટુંબમાં ઇ. ૧૮૮૪માં જન્મ થએલો. પ્રાથમિક શિક્ષણ દિલ્હીની સેન્ટ સ્ટિફન્સ (મિશન) હાઇસ્કૂલમાં અને ઉચ્ચ શિક્ષણ લાહોરની ગવર્નમેન્ટ કૉલેજમાં લેતાંલેતાં એકેએક પરીક્ષામાં પહેલા આવતા જઈ તે ૧૯૦૫માં એમ.એ.માં પણ આખી યુનિવર્સિટીમાં પહેલા આવ્યા. એ પરીક્ષામાં અંગ્રેજી સાહિત્યમાં એમણે જે નિબંધ લખેલો તે વાંચીને તેમના પરીક્ષક પણ બોલી ઊઠેલા: 'હું પોતે આવો સરસ નિબંધ લખવાની શક્તિ નથી ધરાવતો, પછી તપાસું તો શી રીતે?' એવી પ્રગલ્ભ બુદ્ધિમત્તાને પોતાનાં ચક્રોથી બહાર ન જવા દેવા સરકારે ૨૦૦ પૌંડની શિષ્યવૃત્તિ આપી તેમને ઇંગ્લંડ મોકલી આપ્યા.

ઈ. ૧૯૦૬માં ઑક્સફર્ડની સેન્ટ જોન્સ કૉલેજમાં તેઓ જોડાયા. ત્યાં તે વિપ્લવવાદના પહેલા ને પ્રખર જ્યોતિર્ધર શ્યામજી કૃષ્ણ વર્માના પરિબળ નીચે આવ્યા.

આ જ અરસામાં ભારતમાં અંગ્રેજી રાજ્ય કેમ સ્થપાયું તે વિષયનો એમનો અભ્યાસ ચાલતો હતો. તેને અંગે પાર્લમેન્ટના કેટલાક દસ્તાવેજો એમના જોવામાં આવ્યા. એ પરથી એમની ખાતરી થઈ ગઇ કે અંગ્રેજો જાણીજોઇને હિંદની રાષ્ટ્રીયતા નિર્મૂળ કરી રહ્યા હતા.

હિંદમાં પણ એ અરસામાં નવજાગૃતિનું અરુણું પ્રભાત ફૂટવા માંડ્યું હતું ને રાષ્ટ્રીયતાનો પ્રવાહ જોર પકડતો હતો. એ પ્રવાહમાં પલટાતાં હરદયાલનાં અંતઃચક્ષુ ઊઘડ્યાં, ને શાહીવાદના તે કટ્ટર શત્રુ બન્યા. પણ એ પ્રામાણિક આદર્શવાદીને સરકારી શિષ્યવૃત્તિથી ભણવું ને છૂપી રીતે એની ઘોર ખોદવી એ લાજિમ ન લાગ્યું. એટલે ભાવિ જીવનથી બિલકુલ બેતમા બની ૧૯૦૭ની આખરે સરકારી શિષ્યવૃત્તિ એમણે પાછી ઠેલી.

શ્યામજી કૃષ્ણવર્માની અભિનવ ફિલસૂફીની જલદ માત્રા પચાવી હિંદ પાછા ફરેલા ત્રેવીસચોવીસ વર્ષના એ જુવાને સર્વ વિદેશી વસ્તુઓનો ત્યાગ કર્યો. વિદેશી પોશાક તજ્યો. સરકારની ટ્રેનમાં કદી મુસાફરી ન કરવાની પ્રતિજ્ઞા લીધી. સભાઓ ને છાપાંદ્વારા એમના વક્તવ્યનો પ્રવાહ વહેવા માંડ્યો. હવે તો એ ગુરુથી યે સવાયા થઇ ગયા. હિંસા જેવા અંત્ય માર્ગોના એ ખુલ્લમખુલ્લા પ્રચાર કરવા લાગ્યા. એ સરફરોશ જુવાનના શબ્દોએ હિંદનું જવાન દિલ સળગી ઊઠ્યું. સરકારના કાનમાં એ શબ્દો સીસાના ધગધગતા રસની ગરજ સારવા લાગ્યા, એના ખોફની તલવાર તેમના મસ્તક પર ઝઝૂમી રહી અને અહીં વધુ રહેવું ખતરનાક બન્યું. પરંતુ કંઈ અવનવું બને તે પહેલાં તો તે હિંદ છોડી ચાલ્યા ગયા.

ત્યારે લાલા લજપતરાય તથા અજીતસિંહ જેવી હિંદની બઢતી જવાનાની આંખો સમી વ્યક્તિઓને દેશનિકાલ કરીને જ સરકાર નહોતી જંપી. એની કરડી નજર ઠેઠ ઇંગ્લંડ સુધી પહોંચી એટલે શ્યામજી કૃષ્ણવર્મા ઇંગ્લંડ છોડી ફ્રાન્સ ચાલ્યા ગયા, જ્યાં લાલા હરદયાળ તેમને જઇ મળ્યા. પારીસ હવે 'અભિનવ ભારત'નું પ્રેરણાકેન્દ્ર બન્યું, અને વર્માનું 'ઇંડિયન સોશિયાલિસ્ટ' પત્ર ઇંગ્લંડને બદલે પારીસમાંથી બહાર પાડવાનું નક્કી થયું. હરદયાળ એ પત્રની નિગેહબાની કરવા લાગ્યા.

પારીસના છૂપા આંતરરાષ્ટ્રીય ક્રાંતિમંડળમાં હરદયાળનું સ્થાન વજનદાર હતું, ને અનેકોના તે પ્રેરણાસ્રોત બન્યા હતા. વિદ્યાર્થીઓમાં તેમને બહુ આશા હતી, એટલે તેમનામાં એમણે પ્રચારકાર્ય શરૂ કર્યું. પણ તરત જ એમને જણાયું કે તવંગર કુટુંબોના એ ધ્યેયશૂન્ય પોડિયાઓ માટે પોતાના વિચારો કાચા પારા જેવા હતા. લપસણી જિંદગીની લિજ્જત એમનાથી છૂટે એમ ન હતી.

આને લઇને તથા ફ્રાન્સના ખર્ચાળ જીવનથી કંટાળીને તેઓ દક્ષિણ અમેરિકાના ફ્રેંચ દ્વીપ માર્ટિનિક ચાલ્યા ગયા. મહેનત-મજૂરી કરતા હજારો હિંદીઓ ત્યાં પાસિફિકને કાંઠે



વસેલા હતા, એમના આમંત્રણે તેઓ સાનફ્રાન્સિસ્કો ગયા. ત્યાર બાદ કેટલાક પંજાબી ને બંગાળી વિદ્યાર્થીઓની મહેનતથી કૅલિફૉર્નિયાની લેલાન્ડ યુનિવર્સિટીમાં હિન્દી દર્શનશાસ્ત્રના પ્રોફેસર નિમાયા. દર્શનશાસ્ત્રમાં આખા અમેરિકામાં એમની ખૂબ ખ્યાતિ થઈ ને ત્યાંના દાર્શનિકો સાથે મૈત્રી બંધાઇ.

સાથે પોતાનું જીવનકાર્ય પણ તેમણે ચાલુ રાખ્યું. પોર્ટલૅન્ડ મુકામે એક સમિતિ સ્થાપી અને એની કાર્યદિશા નક્કી કરવા ભાઈ પરમાનંદને બોલાવ્યા. ભાઈજીનો મત થયો કે એક ફ્રી બોર્ડિંગ ઊભી કરી ભારતીય છાત્રોને ત્યાં બોલાવવા અને એમને વિપ્લવી દળમાં પલોટવા. હરદયાળનો અભિપ્રાય એક છાપખાનું ખોલી અખબાર કાઢવાનો થયો. ઈ. ૧૯૧૩ના મેની ૧૦મીએ એ માટે એક સભા બોલાવવામાં આવી, જેમાં આ બંને ઉપરાંત શ્રી કરતારસિંહ, પંડિત જગતરામ, રૂઢસિંહ બિજ્જલ, તારકનાથ દાસ, ગોવિંદબિહારી લાલ, કરતારસિંહ દુક્કી વગેરે હતા.

સભાએ 'ગદર(વિપ્લવ)પાર્ટી'ની સ્થાપના કરી ને તેના મુખપત્ર તરીકે 'ગદર' પત્ર કાઢવાનું શરૂ કર્યું. પ્રશાંત મહાસાગરના કાંઠે વસતી હિંદી પ્રજાની એક 'હિંદુસ્તાની એસોસીએશન' સ્થાપવામાં આવી ને હરદયાળ એના પ્રમુખ ચૂંટાયા. ઠેકઠેકાણે એની શાખાઓ ખોલવામાં આવી. ગદર પાર્ટીએ પોતાનું યુગાંતર નામનું છાપખાનું ઊભું કર્યું ને તેમાંથી હિન્દી, ઉર્દૂ, ગુજરાતી, ગુરુમુખી વગેરે ભાષામાં મુખપત્ર બહાર પડવા લાગ્યું. તેની નીતિ ખૂબ ઉગ્ર હતી ને વિપ્લવની તેમાં ખુલ્લી ઘોષણા હતી. મિસર, તુર્કી, જર્મની આદિ દેશોની પણ હિંદની એ લડતમાં સહાનુભૂતિ હતી. અમેરિકાની સહાનુભૂતિ કેળવવા લાલાજી સાથે

શ્રી રામચંદ્ર તથા બરકતુલ્લાહે ઠેર ઠેર ભાષણો આપવાં શરૂ કર્યાં.

પણ હરદયાળની જબાનમાં જે તલ્ખી રહેલી હતી તે અમેરિકાથી યે સાહન ન થઇ. એમના એક ભાષણમાં ત્યાંના સત્તાવાળાઓને રાજદ્રોહની ગંધ આવી ને એમને 'ભયંકર મનુષ્ય' ગણી ૧૯૧૪ની ૨૫મી માર્ચે એમની ધરપકડનું વૉરંટ કાઢ્યું. પરદેશસ્થ હિંદીઓના એ રાષ્ટ્રપતિને ત્યાંના હિંદીઓએ જામીન પડી એવા કમનસીબથી બચાવી લીધા, ને છૂપી રીતે સ્વિટ્ઝર્લૅંડ મોકલી આપ્યા. બ્રિટિશ સરકાર પણ એમને પકડવા ટાંપી બેઠી હતી, પણ સૌને થાપ આપી એ નીકળી ગયા.

છ મહિના સ્વિટ્ઝર્લૅંડમાં વેશપલટો કરી કાઢ્યા બાદ ડૅા. હૅરિસનનું નામ ધારણ કરી એ જર્મની પહોંચ્યા. મહાયુદ્ધ એ વખતે સળગી ચૂક્યું હતું એટલે હરદયાળ જર્મની પહોંચતાં કૈઝરે તેમને બર્લિન બોલાવ્યા ને પોતાની યુદ્ધસમિતિના સદસ્ય તરીકે નીમી લીધા. જિનિવાથી જતાં રાજા મહેન્દ્રપ્રતાપને પણ તે પોતાની સાથે લઇ ગયા. તારકનાથ દાસ તથા બરકતુલ્લાહ પણ ત્યાં આવી મળ્યા. ઉપરાંત હેરંબલાલ ગુપ્ત, વીરેન્દ્ર સરકાર, ચન્દ્રકુમાર ચક્રવર્તી તથા સરોજિની નાયડુના ભાઈ વીરેન ચટ્ટોપાધ્યાય પણ ત્યાં હતા. હિંદુસ્તાનમાં વિપ્લવ જગાવવા અર્થે શસ્ત્રાસ્ત્રો મોકલવા બાબતમાં નરેન ભટ્ટાચાર્ય (સી. માર્ટિન) અથવા (પાછળથી) એમ. એન. માનવેન્દ્રનાથ રૉયનો પણ ત્યાં પરિચય થયો. સઘળાએ મળી ત્યાં 'ઇંડિયન નૅશનલ પાર્ટી'ની સ્થાપના કરી ને બ્રિટિશવિરોધી પત્રિકા કાઢવા માંડી.

આ સમય દરમિયાન કૈઝર વારંવાર હરદયાળને મુલાકાતે બોલાવતો. જર્મનીનાં હિંદી મહાસાગરને લગતાં આક્રમણો પાછળ હરદયાળની જ સલાહ મનાય છે. યુદ્ધ દરમિયાન હિંદમાં વિપ્લવ જગવવા એમણે જ હથિયારોનો બંદોબસ્ત કર્યો હતો. જર્મન સરકારે પણ હિંદ સ્વતંત્ર થતાં એનું સ્વાતંત્ર્ય માન્ય રાખવાની નિયમપુરઃસર સંધિ કરેલી. પરંતુ આખરમાં હરદયાળને લાગ્યું કે હિંદ બાબતમાં જર્મનીની નિયત સાફ નથી; ને એ સંભાવના પણ ઊભી થઇ કે જર્મની કદાચ તેમને બ્રિટનને હવાલે પણ કરી દે! પરંતુ એ પળ આવ્યા પહેલાં હરદયાલ ત્યાંથી નાસી છૂટ્યા. લાચાર, બીમાર, અસહાય એ ક્યાં ચાલ્યા ગયા એનો સાત સાત વર્ષ સુધી પત્તો ન લાગ્યો. બ્રિટિશ અને અમેરિકન જાસૂસોની એમના માટેની ખાંખાખોળ ચાલુ જ હતી. કેટલા યે મુલ્કો ખૂંદી સાત વર્ષ પછી એ સ્વીડન પહોંચ્યા. ત્યાં ગૉટનબર્ગ યુનિવર્સિટીમાં ઇતિહાસના પ્રોફેસરનું સ્થાન તેમને મળી ગયું, ને ત્યાં જ મિસ આગડા એરિકસન સાથે ઈ. ૧૯૨૫માં લગ્નગાંઠથી તેઓ જોડાયા.

એ વખતે એમનો જીવનવિગ્રહ કેટલો કપરો હતો તે કેટલાક ભારતવાસીઓએ હિંદુસ્તાન વિષે લેખો લખવાની તેમને પ્રાર્થના કરતાં તેમણે આપેલો જવાબ સૂચવે છે: 'અહીં ઠંડી સખત પડે છે ને મારી પાસે કોલસા આણવા પૂરતા યે પૈસા નથી. એ માટે મારે વધારાનાં ભાષણો આપી એ જોગવાઇ કરવાની રહે છે. પછી હિંદુસ્તાન માટે લેખો લખવાની ફુરસદ ક્યાં રહે?'

એ જવાબના પ્રત્યુત્તર રૂપે હિંદમાંથી ત્રીસ પૌંડની રકમ તેમને મોકલવામાં આવી. એ સાથે જ 'જગતના મહાન પુરુષો'ની તેમની નામીચી લેખમાળા શરૂ થઈ, જે હિંદનાં ત્યારનાં અગ્રગણ્ય પત્રોમાં છપાતી હતી.

પરદેશોના આટલા લાંબા વસવાટ પછી ફરી વતનનું મોં જોવાની હરદયાળની ઇચ્છા પ્રબળ થતી ગઇ. વળી ભાગેડુ જીવનને બદલે કંઈક સ્થિરતા તરફ પણ તેમનું મન વળ્યું હતું. બ્રિટનનો વડો પ્રધાન રામ્સે મૅકડોનલ્ડ હરદયાળના ઘનિષ્ઠ મિત્રોમાંનો એક હતો. તેણે તેમના પર બ્રિટને લાદેલી પાબંદી તો ઉઠાવી લીધી, પણ હિંદની સરકારને નમતું ન આપ્યું તે ન જ આપ્યું. બીજી બાજુ વતનનું મોં જોવાની હરદયાળની તલપ દિનોદિન ઉગ્ર બનતી ગઈ, ને આખરે ૧૯૨૮માં માર્સેલ્સથી બનાવટી નામે તેઓ હિંદ આવવા ઊપડી નીકળ્યા. કોણ જાણે કેમ કરતાં એ ભેદ ફૂટી ગયો ને પોર્ટ સૈયદ ખાતે તેમની ધરપકડ કરવામાં આવી. પણ ત્યાંથી રાતોરાત જ લૉક-અપમાંથી નાસી છૂટ્યા ને પગપાળા જ કાઇરો પહોંચી ત્યાંથી ઇંગ્લંડ પાછા ગયા.

આ રોમાંચ પછી, અરવિંદ ઘોષ જેમ જ ઓચિંતો પલટો લઈ, રાજકારણથી વિરક્ત બની એ આધ્યાત્મિકતા તરફ ઢળી પડ્યા.

ભગવાન બુદ્ધ તરફ હરદયાળને અપૂર્વ અનુરાગ હતો. એના પરિપાકરૂપે એમણે 'સંસ્કૃત સાહિત્યમાં બોધિસત્ત્વ સિદ્ધાંત' લખી લંડન યુનિવર્સિટીને આપ્યો, જેના પર એમને ડૉ. ઑવ ફિલૉસોફીની ઉપાધિ મળી. સર્વત્ર વિદ્વત્તા ને સંશોધનના મહાગ્રંથ તરીકે તેની પ્રતિષ્ઠા થઇ. થોડા જ વખત બાદ એ યુનિવર્સિટીએ એમને પ્રાચીન ધર્મ ને ઇતિહાસના પ્રોફેસર તરીકે નીમી લીધા.

એમ તો હરદયાળે ઘણું બધું લખી નાખેલું છે. પણ યુવાનોને ઉપયોગી થઇ પડે એવું તો છે Hints for Self-Culture (સ્વ-સંસ્કારનાં સૂચનો). એ પુસ્તકમાં એમણે આધુનિક સામાજિક, બૌદ્ધિક ને ઊર્મિપ્રધાન સઘળા પ્રવાહોનો સમાવેશ કરી દીધો છે. એમના જેવી બુદ્ધિમત્તા, કલ્પનાસમૃદ્ધિ, બહુશ્રુતતા ને વિદ્વત્તા ધરાવતા માણસો હિંદમાંથી તો શું, જગતભરમાંથી ગણ્યાગાંઠ્યા નીકળે. અનેક યુનિવર્સિટીઓ ને શિક્ષણસંસ્થાઓ એમનું હાર્દિક સ્વાગત કરતી. એમની અનોખી વાક્છટાથી એ હિંદના 'મૅકૉલે' તરીકે ઓળખાતા. અનેક ભાષાઓ પર એમણે કાબૂ મેળવ્યો હતો. અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મન કે સ્વીડિશ, હિંદી, ઉર્દૂ, સંસ્કૃત કે ફારસી બધી ભાષાઓમાં માતૃભાષા સમાન એ વાગ્ધારા વહેવડાવી શકતા હતા. છેલ્લે એમણે ગ્રીક ને એસ્પેરેન્ટો શીખવા માંડી હતી.

છેલ્લે લંડન યુનિવર્સિટીમાં તેઓ ઇતિહાસ ને નીતિશાસ્ત્રના અધ્યાપકનું સ્થાન સંભાળતા હતા. આંતરરાષ્ટ્રીય તત્ત્વ પરિષદ, આંતરરાષ્ટ્રીય સુલેહ પરિષદ, પી. ઇ. એન, એરિસ્ટૉટેલિયન સોસાએટી વગેરે સંસ્થાઓના સભ્ય અને વિશ્વધર્મસંઘના ઇંગ્લંડ ખાતેના મંત્રી હતા. ઈ. ૧૯૩૮ના ઑક્ટોબરમાં યુનાઇટેડ સ્ટેટ્સમાં પાંચમી વિશ્વધર્મ પરિષદની સંયોજનામાં ભાગ લેવા તેઓ ગએલા. ત્યાં જ ઊંઘમાં હૃદય બંધ પડી જતાં ૧૯૩૯ની ૫મી માર્ચે એમનું અવસાન થયું. તા. ૭મીએ મિ. એડવિન કૉલિયર અને કેદારનાથ દાસગુપ્તે એમનો અગ્નિસંસ્કાર કર્યો, ને ૧૨મીએ ન્યૂયૉર્કમાં હિન્દુ, મુસ્લિમ, પારસી, ખ્રિસ્તી, બૌદ્ધ, યહૂદી, શીખ અને હ્યુમૅનિસ્ટોએ એમને શ્રદ્ધાંજલિ અર્પી.

પોતાની જગહિતકારી પ્રવૃત્તિઓથી હરદયાળ જન્મે હિંદી છતાં જાગતિક સંપત્તિ બની ચૂક્યા હતા. પૂર્વ અને પશ્ચિમનું એમનામાં સફળ ને સપ્રમાણ એકીકરણ થયું હતું. જગત આખું એમના નામ પર ગૌરવ કરશું, કારણ એમનામાં આજની સંસ્કૃતિના ગાત્રમાં નવું બળ પૂરવાની તિતિક્ષા હતી."

ઘણા તરુણોને ઝંપલાવ્યા પહેલાં તેમનામાં રહેલા પાણીની ખબર નથી હોતી; પણ તેથી યે ઘણાને તો પોતાનામાં રહેલી નાલાયકીની ખબર નથી હોતી.

અનુકૂળ સંજોગોમાં જીવતો માણસ સુખી છે; પણ સંજોગોને અનુકૂળ બનાવી જીવતો માણસ એથી વધુ સુખી છે.

શિખામણોને તમારું સુકાન બનાવો; પણ સુકાની તો તમે જ રહો.

અનુસંધાન] **ઑથેલો** [પૃષ્ઠ ૧૮૯ થી

–લોડોવિકો સાઈપ્રસ આવી પહોંચ્યો. ઑથેલોની હાજરીમાં જ આ પરિચિત ઉમરાવને ડેઝડિમોનાએ કેસિયોના કમનસીબની વાત કરી અને એને માટે સેનાપતિ ઑથેલોને સિફારસ કરવાની વારંવાર વિનંતી કરી. એની આ નફટાઈ ને નિર્લજ્જતાથી ઝનૂનમાં આવી એ કાગળનો ડેઝડિમોનાના દેહ પર છૂટો ઘા કરી ઑથેલો ત્રાડ પાડી ઊઠ્યો : 'બેશરમ કુલટા!' ને વાઘની જેમ બરાડતો ત્યાંથી ચાલ્યો ગયો. લોડોવિકો અને વેનિસના બીજા અધિકારીઓ સડક થઈ ગયા. ક્યાં વેનિસમાં વસતો સ્નેહાળ ને સજ્જન સેનાપતિ ઑથેલો ને ક્યાં આ સાઇપ્રસનો જંગલી મૂર!

ડેઝડિમોનાની વેદનાનો પાર ન હતો. એને બિલકુલ સમજ પડી નહિ. આવી ન જેવી વાતમાં પતિનો આવો તુંદમિજાજ! ઑથેલો પહેલાં તો આવા કદી ય નહોતા. પોતાની શી ભૂલ હતી? એમને નારાજ કરવાનું પોતે શું કૈં કારણ આપ્યું હતું? ડેઝડિમોનાએ ખૂબ વિચાર કર્યો, પણ એવું કોઈ કારણ તેને જણાયું નહિ.

ઑથેલોને ઈયાગો પર હવે પૂરેપૂરો વિશ્વાસ બેસી ગયો. એની વાત અણીથી પણી સુધી સાચી હતી. એને એક તુક્કો સૂઝ્યો. તેણે એમિલિયાને એકલી બોલાવી.

'તારાં બાસાહેબ અને કૅસિયો વિષે તું કંઈ જાણે છે ખરી?'

એમિલિયાએ કાને હાથ દીધા : 'મહારાજ, આપ આ શું કહો છો? બાસાહેબ તો લાખ રૂપિયાનું માણસ છે.'

'કૅસિયો સાથેની વાતચીતમાં તું હમેશાં હાજર હોય છે? તને એ લોકો કોઈ બહાને બહાર મોકલતાં નથી?'

'મહારાજ, મારો વિશ્વાસ હોય તો ખાતરી આપું કે એમના જેવાં સુ-શીલ બાઇ જગતમાં જડે નહિ. બાસાહેબને આપ અપવિત્ર કહેશો તો પછી જગતમાં કોઈ સ્ત્રી પવિત્ર છે જ નહિ. કોઈ દુષ્ટ નરાધમે આપના કાન ભંભેર્યા છે. ભગવાન એને ધગધગતી જ્વાળામાં ફેંકે.'

ઑથેલો ગૂંચવાયો : 'એમિલિયા સાચું કહેતી હશે? ડેઝડિમોનાનું સૌંદર્ય એવું નિર્મળ છે કે એ જોતાં જ બધી શંકા શમી જાય છે. આવું સૌન્દર્ય કદી ભ્રષ્ટ હોઈ શકે ખરું?... પરંતુ નાગણ પણ કેવી સુંદર દેખાય છે? ઈયાગોએ દાર્શનિક પુરાવો આપ્યો છે. મેં મારા સગા કાને કૅસિયોની અધમ વાણી સાંભળી છે... અને આ નોકરડીનો તે શો વિશ્વાસ? ચળકતી ચાંઈચાંઈ મળી એટલે ચૂપ!'

ઑથેલોએ ડેઝડિમોનાને બોલાવી. એની આંખોમાં આંખ પરોવી એનું મુખ ઊંચું કરીને પૂછ્યું : 'ભગવાન માથે રાખીને કહે, તું કોણ છે?'

'હું? હું આપની પત્ની, પતિવ્રતા સ્ત્રી!'

'પ તિ વ્ર તા!' તુચ્છકારથી ઑથેલોએ એને હડસેલો માર્યો.

'તમે આમ કેમ વર્તો છો? મારામાં એબ હોય તો ઈશ્વર મને પૂછે.'

'તારી બેવફાઇથી તો બિચારો ઈશ્વર પણ લાજી મરતો હશે! તારા ઢોંગ અને ચરિતર હવે જવા દે, નાલાયક! નીચ! મક્કાર! મારા સ્નેહ અને વિશ્વાસનો આવો અધમ બદલો આપ્યો? લ્યાનત છે તારા જૂઠાણા પર! દૂર હટ મારી નજર સામેથી!' અને એ પ્રચંડ આઘાત આપીને ચાલ્યો ગયો.

ડેઝડિમોના ભય આશંકા અને વેદનાથી ફફડી રહી. એનું હૃદય આક્રંદ કરી ઊઠ્યું : 'હે પ્રભુ, મારાં કયાં પાપની આ ક્રૂર શિક્ષા? મારા પતિને દુ:ખી કરવામાં હું નિમિત્ત બની! મારા શિયળની સાક્ષી હું શી રીતે આપું?' એની આંખો પારાવાર વરસી રહી. એમિલિયાએ એને દિલાસો દીધો. ડેઝડિમોનાને વિચાર આવ્યો કે ઇયાગો પોતાને જરૂર સહાયરૂપ થશે. એ સજ્જન છે. પતિને સમજાવીને એમની શંકા એ જરૂર દૂર કરશે. ડેઝડિમોનાએ ઈયાગોની સમક્ષ પોતાની વ્યથા ઠાલવી અને ઇયાગોએ આનંદથી બધું બરાબર કરી આપવાનું માથે લીધું. ઈયાગોની સજ્જનતાને કૃતજ્ઞ ભાવે ડેઝડિમોના પ્રશંસી રહી.

ઈયાગોની જીત હવે હાથવેંતમાં હતી. માત્ર એક આડખીલી બાકી હતી. ડેઝડિમોનાની પાછળ ઈયાગોની સલાહ મુજબ રૉડરિગો સાઈપ્રસ આવીને ખુવાર થઈ ગયો હતો. ઇયાગોએ ડેઝડિમોનાને ભેટ આપવાને મિષે તેનાં તમામ રત્નો પડાવી લીધાં હતાં. પરંતુ ડેઝડિમોના હજુ દુર્લભ હતી. એટલે રૉડરિગો વીફર્યો હતો. ઈયાગોને તેણે ખૂબખૂબ સંભળાવી હતી, ઠંડે પેટે ઈયાગો સાંભળી રહ્યો હતો. પરંતુ જ્યારે ડેઝડિમોના પાસે જઈને પોતે ભેટ મોકલેલાં રત્નો પાછાં માગવાની ધમકી તેણે ઉચ્ચારી ત્યારે ઇયાગો ચોંક્યો. આ ગધેડો હવે ઈયાગોને ભારરૂપ હતો. તેણે રૉડરિગોને ફરી સમજાવ્યો કે 'તારો કટ્ટર હરીફ કૅસિયો છે. એ દૂર જાય તો તારું કામ તરત સિદ્ધ થાય.'

'દૂર જાય એટલે?'

ઇયાગોએ આકાશ તરફ આંગળી ચીંધી : 'સમજ્યો?'

રૉડરિગો વળી પાછો શીશામાં ઊતર્યો. કૅસિયોનું કાસળ કાઢવાનું કાર્ય ઑથેલોએ ઈયાગોને સોંપ્યું હતું. પણ આ 'બોકડો' જો આમ મળી જતો હોય તો પોતે નાહક શા માટે હાથ રાતા કરવા? કૅસિયો પરબારો ખતમ થઈ જાય તો ઑથેલો ય રાજી અને પોતાને ય કાયમની નિરાંત. અને કદાચ ઝપાઝપીમાં રૉડરિગો માર્યો જાય તો એક પાપ ઓછું. એક મરે કે બે મરે, એને તો ધર્મલાભ જ હતો!

યોજના મુજબ અંધારી રાતે રૉડરિગો નિયત સ્થળે સંતાયો. રાબેતા મુજબ કૅસિયો ત્યાંથી નીકળ્યો. રૉડરિગો તલવાર લઇને તેના પર તૂટી પડ્યો. પણ બખ્તરે કૅસિયોને બચાવી લીધો. એ ઘવાયો, પણ જીવ બચ્યો. એણે રૉડરિગો પર હુમલો કરીને એનો પગ કાપી નાખ્યો. રૉડરિગોએ ચીસાચીસ કરી મેલી. એકદમ ઈયાગો દોડતો આવ્યો. બીજા અમલદારો પણ દોડી આવ્યા. ઈયાગો કૅસિયોને ઘવાએલો જોતાં જ રૉડરિગો તરફ ધસ્યો : 'નાપાક! હરામી! અંધારી રાતે આવા શયતાની ધંધા કરે છે? કૅસિયો જેવા ઉમદા માણસ પર ચોરીછૂપીથી હુમલો? લે, તું પણ સ્વાદ ચાખ!' અને તલવાર વીંઝાઇ. ચીસ પાડતો રૉડરિગો ખતમ થઇ ગયો!

પણ કૅસિયોએ રૉડરિગોનું શું બગાડ્યું હતું? એ કૅસિયો પર શા માટે હલ્લો કરે? કોઇને શંકા ન જાય એ માટે ઇયાગોએ એનું આળ બિયાન્કા પર ઓઢાડ્યું. હાલ બિયાન્કાને ત્યાંથી જ કૅસિયો નીકળ્યો હતો. અને બંને વચ્ચે ખટરાગ તો હતો જ. આમ એણે નીતિસૂત્ર ટાંક્યું : 'વારાંગના પાછળ ભમનારા કોકવાર કમોતે મરે છે.' ઇયાગોની વાત તરત સૌએ સ્વીકારી લીધી અને બિયાન્કા હડધૂત થઈ ગઈ. કૅસિયો આમાંનું કશું જાણવા પામ્યો નહિ.

ડેઝડિમોનાએ તે રાતે એમિલિયાને ફરજ પર આવવાની મના કરી. ઑથેલોની એવી સૂચના હતી. આજે ક્યારની ય એ બેચેન હતી. એનું મન મૂંઝાતું હતું. કંઇક ચણચણતું હતું. કોઈ ગૂઢ ભય અને આશંકાથી તેનું હૃદય કંપતું હતું. એમિલિયાની પાસે એણે મધુરાત્રિએ પહેરેલાં વસ્ત્રો મંગાવ્યાં. એમિલિયાને વિદાય કરતાં એણે કહ્યું: 'હવે ભાગ્યમાં હશે તો મળીશું કાલે. નહિતર... અલવિદા'! અને એનું હૃદય ભરાઇ આવ્યું.

એમિલિયા શંકાથી ચમકી ઊઠી. પણ ડેઝડિમોના સ્વસ્થ થઇ. શયનખંડમાં આવી થાક ને સંતાપથી પતિની વાટ જોતાં એ ઊંઘી ગઈ.

ઑથેલો આવ્યો. શયનખંડમાં નાનો દીપ જલતો હતો. ઑથેલોએ સૂતેલી ડેઝડિમોના તરફ દૃષ્ટિ નાખી. દીવાની જ્યોત પર ફૂંક



'હજી ભલીભોળી થવા જાય છે? તેં કૅસિયોને મારો રૂમાલ આપ્યો હતો કે નહિ?' (ચિત્રકાર: ગૉર્ડન બ્રાઉન)

મારી. જ્યોત હાલી ઊઠી, પણ દીપ બુઝાયો નહિ. ફરી એણે રાક્ષસી ફૂંક મારીને દીવો બુઝાવી નાખ્યો. ડેઝડિમોનાની સાવ નજીક તે આવ્યો. ડાળ પર ખીલેલું આ ફૂલ ખરી પડે તે પહેલાં તેને ચૂમવાની લાલસા એને થઈ આવી. એક ચૂમીથી તેને ધરવ થયો નહિ. બીજી ચૂમી લીધી. આત્મા અતૃપ્ત રહ્યો. 'બસ હવે આ ભવમાં છેલ્લી ચૂમી અને જીવન-નાટક સમાપ્ત.' એણે ફરી ચુંબન કર્યું. ડેઝડિમોના જાગી ઊઠી: 'નાથ! ઑથેલો, આમ આવો.'

'આજે તેં પ્રાર્થના કરી કે નહિ?'

'હા.'

'તારાં તમામ પાપોની છેલ્લી ક્ષમા પ્રભુ પાસે માગી લીધી?'

'મારાં પાપ?'

'હજુ ભલીભોળી થવા જાય છે? તેં કૅસિયોને મારો રૂમાલ આપ્યો હતો કે નહિ?'

'ના. કદી નહિ. એ ખોવાઈ ગયો હતો.'

'જુઠ્ઠી! નાપાક! મેં જાતે ખાતરી કરી છે.'

'આપ કૅસિયોને બોલાવી મંગાવો. મારી જિંદગીમાં મેં એવું પાપ-કર્મ કર્યું નથી.'

'પરંતુ કૅસિયોએ પોતે જ આ પ્રેમ પ્રગટ કર્યો છે. તારી બેવફાઇ સિદ્ધ છે છતાં જિંદગીને છેલ્લે ટાણે છલ છોડતી નથી, મક્કાર!'

'નાથ, આપ કૅસિયોને બોલાવો. આ બધું તરકટ છે, નરાતાળ જૂઠ છે. ભગવાન મારો સાક્ષી છે.'

'કૅસિયો ક્યારનો ય ખતમ થઇ ગયો. મારા વિશ્વાસુ ઇયાગોએ પૃથ્વી પરથી પાપ ટાળ્યું.'

'અરેરે, કૅસિયો મરી ગયો? ત્યારે હવે કોણ મારું સાક્ષી?'

'ચૂપ, નાલાયક! શરમ નથી તને? મારી હાજરીમાં હજુ તું કૅસિયો માટે આંસુ સારે છે? તારા જેવી વ્યભિચારિણી તો જગત-માં કોઈ જન્મી નહિ હોય. હવે તારો અંજામ નજીક છે.'

'નાથ, આજે થોભી જાઓ. માત્ર કાલ સુધી વાટ જુઓ.'

'ચૂપ ચૂડેલ!' અને ઑથેલોના હાથ અજગરની જેમ ડેઝડિમો-નાની ડોક ફરતા ભરડો લઈ રહ્યા. એણે દમ ભીડીને હાથ ભીંસ્યા. ડેઝડિમોનાની આંખોના ડોળા ખેંચાઈ ગયા: 'ના...નાથ...ના–'

એકાએક ઑથેલોની સ્મૃતિ ચમકી ઊઠી: પહેલી વાર ડેઝડિમો-નાએ એના પ્રેમનો સ્વીકાર કર્યો ત્યારે એના હાથ ડેઝડિમોનાના ગળાની આસપાસ વીંટળાઈ વળ્યા હતા. તેની તે પ્રસંગે આંગળીઓ સ્નેહતરસી હતી. આજે? એ જ આંગળીઓ ખૂન માટે તલસી રહી હતી! ઑથેલોની પકડ શિથિલ થઈ ગઈ.

'હજી મરતી નથી! મારા કાળજે દયા ક્યાંથી આ ભ્રષ્ટ ઓરત માટે?'

ત્યાં જ બારણાં પર ધડાધડ અવાજ થયા. ઑથેલોએ બિછાના પર પડદો પાડી દીધો. એમિલિયા દોડતી આવી હતી. એનો શ્વાસ માતો ન હતો: 'મહારાજ! મહારાજ! રૉડરિગોનું ખૂન......'

હેતુ અને હાર્દ

બીજા લેખકોની કૃતિઓનો પોતાનાં નાટકોમાં ઉપયોગ કરતાં શેક્સપીઅર મૂળ કથાવસ્તુને કેવું અદ્ભુત સ્વરૂપ આપી શકતો તે 'ઑથેલો'માં જોઈ શકાય છે. કાચા કાનનો વહેમી પતિ નિર્દોષ પત્નીનું ખૂન કરે એમાં સૌન્દર્યાવિષ્કાર કે તત્ત્વજ્ઞાનની અભિવ્યક્તિ થઈ શકે ખરી? નાટક વાંચીએ છીએ ત્યારે મનમાં ઘણા વિચારો જાગે છે અને ઑથેલો મધ્ય યુગની વાર્તા મટી જઈ અદ્યતન સ્વરૂપ ધારણ કરે છે.

ડેઝડિમોનાનો પિતા પોતાના કામમાં એટલો રોકાએલો રહેતો કે તેની તરફ પૂરતું ધ્યાન આપી શકતો નહિ. છોકરી ઘરમાં એકલી રહેતી. એની સાથે વાતો કરવા પણ કોઈ હતું નહિ. ત્યારે એને હબસી રાજવંશમાં જન્મેલો સૈનિક ઑથેલો મળે છે. ઑથેલોની ઉંમર ચાળીસ કરતાં વધારે હશે. એને પ્રેમનો અનુભવ નથી, સ્ત્રીઓના સંપર્કમાં એ કોઈ દિવસ આવ્યો નથી. એ 'કાળો' હોવાથી એને ક્યાં યે સહાનુભૂતિ મળતી નથી. ડેઝડિમોના એની પરાક્રમગાથા સાંભળી એના તરફ આકર્ષાય છે. સવાલ એટલો જ છે કે ઑથેલોના મનમાં એને માટે વિશુદ્ધ પ્રેમ છે કે માત્ર વાસના? મધ્યમ વય સુધી એણે શરીરસંયમ કેળવ્યો છે અને હવે એને પ્રથમ વાર જ પ્રેમનો અનુભવ થાય છે. પરિણામે ડેઝડિમોના એક દિવસ એની સાથે નાસી જાય છે, અને પછી એના પિતાને ખબર પડે છે. પુત્રી પ્રત્યે–અથવા કહો કે બાળકો પ્રત્યે–પિતાની ફરજ શી? સવાલ જૂના વખતથી હસ્તીમાં છે. એનો જવાબ શોધતાં આજના પિતાઓની પણ અક્કલ બહેર મારી જાય છે.

ઑથેલો શૂર હતો, વીર હતો, કાવ્યાત્મ હતો, ઉદાત્ત હતો. પણ એ ડેઝડિમોનાને ઓળખી શક્યો નહિ. ડેઝડિમોનાએ એને ખાતર પિતાને ત્યજ્યો, સમાજને દૂર કર્યો અને એ જમાનાની કોઇ સન્નારી ન કરે એવી ધૃષ્ટતા–રંગે કાળા માણસ જોડે પરણવાની એણે કરી. હવે એ ગોરા સમાજમાં કેવું સ્થાન પામી શકે? 'કાળા' સમાજે એને કેટલે અંશે આવકારી હોત તે આપણે કહી શકતા નથી. પ્રેમ ખાતર આવું સાહસ કરનાર નિર્દોષ ડેઝડિમોનાને એનો પતિ પીછી શકે નહિ એમાં કેટલી ક્રૂરતા છે! કોઈ ઑથેલોને કહે કે ડેઝડિમોના બીજા સાથે પ્રેમમાં પડી છે, ને તે જરા યે વિચાર કર્યા વગર એને મારી નાખવા પ્રવૃત્ત થાય! એણે ડેઝડિમોના પાસે ખુલાસો માગ્યો હોત તો? એ એટલો લાગણીવશ છે કે એને વિચાર કરવાનું યે સૂઝતું નથી. 'પ્રેમ'નો અર્થ કે ગાંભીર્ય સમજ્યા વગર 'પ્રેમ'માં પડવું અને પછી દાઝવું અને મરવું એવી વિહ્વળતા ઑથેલો બતાવે છે.

વાત ત્યાં અટકતી નથી. ન્યાત, દેશ કે ધર્મબહાર જે માણસ પરણે એના મનમાં વહેમ કે શંકાને શરૂઆતથી જ સ્થાન મળી જાય છે. કમભાગ્યે એ માણસ સારાસાર વિચારબુદ્ધિ વિનાનો હોય તો લોકો એની કેવી રીતે મશ્કરી કરી શકે છે તે પણ આ નાટક બતાવે છે.

ઈયાગોને કશામાં શ્રદ્ધા જ નથી. જીવનનાં મૂલ્યો સાથે એને કોઈ નિસ્બત નથી. જીવનમાં સાચો કે વિશુદ્ધ પ્રેમ હોઈ શકે, લોકો સારા હોઈ શકે, એમને જીવનની મંગલ કે કલ્યાણકારી પ્રતીતિ થઇ શકે એ વસ્તુ એને ગળે ઊતરતી નથી. નિષ્ઠા જેવો ગુણ એને મૃગજળ જેવો જ લાગે છે. એટલે એના મનમાં થયા કરે છે કે પોતાની પત્ની એમિલિયા પોતાને વફાદાર રહેતી નથી ને ઑથેલો સાથે આડો વ્યવહાર રાખે છે. મનમાં વહેમ જગાડવો અને પછી તે સાચો છે એમ મનમાં ઠસાવી આગળનાં બધાં જ આત્યંતિક પગલાં લેવાં એ એનો સ્વભાવધર્મ છે. દરેક વસ્તુનો ઈનકાર કરવામાં એને રસ પડે છે, એટલે એ જાતથી માંડી દરેકને છેતરે છે. એ બોલે છે એમાં સાચું કેટલું અને જૂઠું કેટલું તેનો એને યે ખયાલ આવતો નહિ હોય. સદ્ગુણોથી, સારા ને સાચા જીવનથી એ વંચિત રહ્યો છે એટલા માટે જ એ સદ્ગુણો અને સાચા જીવનનો સંહાર ઈચ્છે છે. શ્રદ્ધા ને પ્રેમ જેવા ગુણો નિર્મળ વિશુદ્ધ ખરા, પણ એક રીતે બહુ નિર્બળ કે પોચા હોય છે, અને જીવનમાં આખરે દુષ્ટતાને નમતું આપે છે. આ ભયંકર વ્યક્તિ ચીતરી શેક્સપીઅર આપણને જાણે બતાવે છે કે સંસ્કારિતાએ ભલે જંગાલિયત પર વિજય મેળવ્યો હોય, પણ એ વિજયમાં દગા-ધોખાનાં બીજ હમેશાં હોય છે અને જીવનમૂલ્યોથી વિખૂટી પડેલી હોશિયારી પ્રેમ અને શ્રદ્ધાને ભરખી જાય છે. —વસંત જોષી

'રૉડરિગોનું? અને કૅસિયો?'

'કૅસિયો તો જીવતો છે.'

'અરે! ત્યારે બાજી બગડી ગઈ!'

ત્યાં ગૂંગળાતો અવાજ સાંભળી એમિલિયા ચમકી! આ તો ડેઝડિમોનાનો અવાજ! એકદમ એણે પડદો ખસેડી નાખ્યો: 'અરે આ શું? બા—બા સાહેબ?'

'એમિલિયા, અલ વિદા. હું નિર્દોષ છું. મરું છું...જાતે જ મરું છું...મારા નાથને છેલ્લા પ્રણામ કહેજે. ને કહેજે કે મેં એમનો વિશ્વાસઘાત કદી નથી કર્યો.' અને એનો જીવનદીપ બુઝાઈ ગયો.

એમિલિયા આક્રંદ કરી ઊઠી: 'નામદાર, મારાં બાસાહેબ... એકદમ શું થઈ ગયું એમને?'

'તારાં બાસાહેબ ગયાં નરકની ખાણમાં! બેવફા સ્ત્રીને તો એ જ શિક્ષા હોય!' અને એકદમ આવેશથી એ બરાડી ઊઠ્યો: 'જા, આખા જગતને જાહેર કરજે કે ડેઝડિમોનાને મેં મારી નાખી છે...એ નીચ ઓલાદનીને મેં ટૂંપો દઈ દીધો છે. જગતમાંથી એક પાપ ઓછું કર્યું.'

એમિલિયા ચીસ પાડી ઊઠી: 'ઓ હત્યારા મૂર! ફિરસ્તા જેવી આ સ્ત્રીને તેં મારી નાખી? ખૂની!'

'એ કુલટા હતી! જૂઠી વેશ્યા હતી. કૅસિયો સાથે એનો કેવો ગાઢ પ્રેમસંબંધ હતો એ તું શું જાણે? તારા પતિ ઈયાગોને પૂછજે. એ બધું જાણે છે.'

'મારા પતિ? ઈયાગો? એણે તમારા કાનમાં આ ઝેર રેડ્યું? અને આ દૈવી આત્માને આમ રોળી નાખ્યો? એના રોમેરોમ કીડા પડે! નરાતાળ જૂઠો, અધમાધમ!'

અને એણે ચીસાચીસ કરી મૂકી. એકદમ આજુબાજુથી અમલદારો આવી પહોંચ્યા. ઈયાગો પણ દોડી આવ્યો. એમિલિયા એકદમ તેના તરફ ધસી: 'આ મૂર કહે છે તે સાચું છે? તમે બાસાહેબ વિરુદ્ધ એ કાચા કાનના ખવીસને ભંભેર્યો હતો? મને ઝટ જવાબ આપો! બાસાહેબે કદી કૅસિયો સાથે અનુચિત સંબંધ રાખ્યો છે?'

'તું જવાબ લેનારી કોણ? જા, ઘેર જા. મને ફાવે તેમ મેં કર્યું. એમાં તારે શું? તું ચૂપ રહે.'

'મારાથી ચૂપ નહિ રહેવાય. મારાં માલિક બાસાહેબની લાશ આ પથારીમાં પડી છે! આ શયતાને એનું ખૂન કર્યું છે—એને ગળે ટૂંપો દીધો છે!' એમિલિયા જોરથી હાંફી રહી. અમલદારો ચમકી ઊઠ્યા.

ઈયાગો ફરી બરાડી ઊઠ્યો: 'કહું છું, ઘેર ચાલી જા! અહીં તારું કામ નથી. મૂંગી મર!'

ઑથેલો વચમાં જ બોલી ઊઠ્યો: 'મેં કશું જ ખોટું નથી કર્યું.

બેવફાઇનો અંજામ આવો જ હોય. ઈયાગો જેવા પ્રામાણિક માણસે મને ખાતરી કરાવી આપી છે. કૅસિયો સાથે તેનો હલકા પ્રકારનો સંબંધ હતો. મેં જાતે મારી પ્રેમભેટ તરીકે આપેલો રૂમાલ મેં કૅસિયોના હાથમાં જોયો હતો. એ ખરેખર એના પતિને છેતરીને કૅસિયો પાછળ પાગલ બની હતી...એ મક્કાર ઓરત હતી.'

'રૂમાલ? પેલો ભરતવાળો રૂમાલ?' એમિલિયા ચીસ પાડી ઊઠી.

'ચૂપ કર! ઘેર જાય છે કે નહિ?' ઇયાગો ઝનૂનથી ત્રાડ પાડી ઊઠ્યો.

'આ જન્મારે હવે હું ઘેર જઇ રહી. અને મને બોલતાં હવે કોઈ રોકી શકે તેમ નથી.'

'એમ? બદમાશ! હરામી! નથી માનતી?' કહી એમિલિયા પર તલવારનો ઘા કરવા તે ધસ્યો. પણ બધાએ તેને રોકી લીધો: 'શરમ છે! સ્ત્રી પર ઘા?'

એમિલિયા કારમી ચીસ પાડી ઊઠી: 'ઓ નાદાન મૂર ઑથેલો! તું શિકાર બન્યો છે! મારા પતિની શયતાની જાળમાં તું ફસાઈ ગયો. એમણે જ મને એ રૂમાલ ઉઠાવી લાવવાની આજ્ઞા કરી હતી!'

'નીચ! વેશ્યા!' દાંત પીસીને ઇયાગોએ તેના પર તલવાર વીંઝી! એમિલિયા લોહીથી તરબોળ થઈ તૂટી પડી! ઈયાગો નાસી છૂટ્યો.

ઑથેલોએ જોરથી દાંત પીસ્યા: 'ઓ પાજી! શયતાન! મને જ તેં શિકાર બનાવ્યો? મારે જ હાથે મેં મારું આ રતન રોળી નાખ્યું? ઓ સ્વર્ગના ફિરસ્તાઓ! મારી દયા હવે ન ખાશો. હું ખૂની છું, ખૂની છું! તમારી ચાબુકો મારા પર જોરથી વીંઝો! મને ધગધગતી જ્વાળાઓમાં ફેંકી દો! મારા દુષ્ટ કૃત્યની કોઈ સીમા નથી! ઓ ડેઝડિમોના!'

ત્યાં તો ઈયાગોને કેદ કરીને ત્યાં લાવવામાં આવ્યો. ઑથેલો અત્યંત ક્રોધથી પોકારી ઊઠ્યો: 'તારા પાપે આ ફૂલ અકાળે ખરી પડ્યું! તું તો શયતાન છે!' અને એણે જોરથી ઈયાગો પર તલવારનો ઘા કર્યો!'

ઈયાગો જરાક ચૂકી ગયો. એને અછડતો ઘા વાગ્યો. બોલ્યો: 'કંઈ નહિ, જખમ થયો છે, પણ હજુ મર્યો નથી!'

એની ધૃષ્ટતા બધા લોકો જોઈ રહ્યા.

ત્યાં એક દૂત રૉડરિગોના ખિસ્સામાંથી મળેલા પત્રો લઇને આવ્યો. એકમાં રૉડરિગોએ ઈયાગો પર ખૂબ આક્ષેપો કર્યા હતા, બીજામાં સેનાપતિની સૂચના હેઠળ કૅસિયોનું ખૂન કરવાની વાત લખી હતી. કૅસિયો પણ ત્યાં આવી પહોંચ્યો. એ પોતાના ખૂનની વાત સાંભળી અજાયબ થઈ ગયો: 'મહારાજ, આપનો મેં શો ગુનો કર્યો હતો કે આપે મારી હત્યા—?'

'મારો રૂમાલ તારી પાસે ક્યાંથી?'

'મહારાજ, એ મારા ઓરડામાં કોઈક નાખી ગયું હતું. ખોટું બોલું તો ભગવાન મને પૂછે.'

ઇયાગોએ કશો ખુલાસો કરવાની ના પાડી. ઑથેલોને પણ કેદ કરવામાં આવ્યો. ઑથેલોને જાત પર કાળ ચડ્યો. એનો મગજ પરથી કાબૂ ગયો! હીચકારા! ખૂની! માંડ હાથ આવેલું રતન બેવકૂફીથી રોળી નાખ્યું! પ્રિય ડેઝડિમોના! મારા પાપનું પ્રાયશ્ચિત્ત હવે એક જ. તારા વિના હવે આ જિંદગીનો શો અર્થ? જ્યાં તું ત્યાં હું...'

અને એટલું કહી એણે એકદમ તલવાર પોતાની જાત પર વીંઝી: 'ડેઝડિમોના, તારી હત્યા કરતાં પહેલાં મેં તને ચૂમી હતી. હવે એક વાર આ છેલ્લી ચૂમી! મારા જીવનની અમી, પ્રિયા! ડેઝડિ...'

અને ઑથેલો ડેઝડિમોનાની સોડમાં પોઢી ગયો.

કલા અને રહસ્ય

શેક્સપીઅરની ચાર શ્રેષ્ઠ ટ્રૅજેડીઓ (કારુણિકાઓ)માં 'ઑથેલો'નું સ્થાન છે. જગત-સાહિત્યમાં પણ ઑથેલો જેવી કરુણાંત કૃતિ વિરલ ગણાય એવો પશ્ચિમી વિવેચકોનો અભિપ્રાય છે. વેનિસના મૂર સેનાપતિ ઑથેલોએ પોતાના લેફ્ટેનન્ટ તરીકે ઇયાગોને ન નીમતાં કૅસિયો નામના એક બીજા અધિકારીની નિમણૂક કરી. આ બાજુ ઈયાગોને ઑથેલોના પોતાની પત્ની એમિલિયા સાથેના અનુચિત વહેવારની શંકા થઈ. આ બે કારણોએ ઇયાગોના હૃદયમાં મૂર માટે પારાવાર દ્વેષ પેદા કર્યો. એની રાક્ષસી યોજનાએ ઑથેલો–ડેઝડિમોનાનું પ્રેમજીવન ધૂળમાં મેળવી દીધું; ઑથેલો–ડેઝડિમોનાની ટ્રૅજેડી ઇયાગોએ સર્જી.

નાટકનું વસ્તુ ટૂંકમાં આટલું જ છે, પરંતુ નાટ્યકારની કલા ઇયાગોના પાત્રસર્જનમાં ઝળકી ઊઠી છે. ઇયાગો કદાચ તમામ સાહિત્યમાં શ્રેષ્ઠ ખલપાત્ર છે. ઑથેલોના ચિત્તમાં ધીરેધીરે ડેઝડિમોના ને કૅસિયોના અઘટિત વહેવાર વિષે શંકા જગવતો ઇયાગો અંતે ઑથેલોને મૂઢ કરી નાખે છે. શંકા અને સ્નેહ વચ્ચે તરફડતો ઑથેલો ઇયાગોની શયતાની યોજનાનો આબાદ શિકાર બની જાય છે. એમાં ઑથેલોનો દોષ નથી એમ નહિ, પરંતુ કોઈ પણ વ્યક્તિ ફસાઇ પડે એવી ઇયાગોની જાળ છે.

ડેઝડિમોના જગતની દુષ્ટતાથી સાવ અજાણ છે. ઑથેલોને તેના તરફ શંકા છે તેની યે તેને છેક સુધી શંકા થતી નથી. ઑથેલોની શંકા પરાકાષ્ઠાએ પહોંચે છે અને તે તેનું ભારે ઘૃણાથી અપમાન કરે છે ત્યારે પણ આ બધા પ્રપંચનો પ્રતિકાર કરવાની તેનામાં શક્તિ નથી. એ સાવ નિર્દોષ, અસહાય ને બાળક જેવી છે. એના જેવું કરુણ સ્ત્રીપાત્ર ભાગ્યે જ જોવા મળે.

ઇયાગોની કલા તો એ છે કે આ બંને, અને કૅસિયો પણ, એની યોજનાના કળણમાં ખૂપતાં-ખૂપતાં પણ તેને જ પરમ મિત્ર અને વફાદાર સાથી માને છે. અસત્યને પણ સત્યના વાઘા પહેરાવીને ઇયાગો બરાબર નિશાનને પાડે છે. એ સત્યનાં સૂત્રો બોલે છે, પણ અસત્ય સિદ્ધ કરવા માટે, –શયતાન ગીતાનું સ્તવન કરે એમ.

આપણા ચિત્તને એક બીજો આઘાત એ થાય છે કે વિધાતા પણ આ દુષ્ટ ઇયાગોને અનુકૂળ નીવડે છે. ઑથેલોના ચિત્તમાં શંકાનું ઝેર રેડવા માટે એને કોઈ પુરાવો જોઇએ છે, અને ડેઝડિમોનાનો રૂમાલ એને અનાયાસ મળી જાય છે. એ રૂમાલ અજાણતાં પડી ગયો ન હોત તો?

વાચકોને દુ:ખદ ભાન થાય છે કે જગતમાં દુષ્ટ તત્ત્વો વધુ શક્તિશાળી છે. એને પરાસ્ત કરવા માટે સત્ય તત્ત્વોએ પણ સદા જાગ્રત રહી પોતાની શક્તિ એકત્રિત કરવી જોઇએ. તદુપરાંત આ વિશ્વમાં માત્ર ભલા થવામાં માલ નથી. ભલા થવા કરતાં સારા થવું હિતાવહ છે અને સત્ય માર્ગે જતાં પણ ગાફેલ રહેવું એ ગુનો છે. દુષ્ટતા ટાંપીને જ બેઠી હોય છે. આ બધાં સત્યોનું દર્શન 'ઑથેલો'માં થાય છે.

છેક સુધી 'શંકા' સામે ઝૂઝતો ઑથેલો આખરે પરાસ્ત થઈ શંકાશીલ બને છે. એની શ્રદ્ધા હારી જાય છે. આમ ઑથેલો ટ્રૅજેડીનો વીર નાયક છે. નાટકને અંતે ઇયાગો ઉઘાડો તો પડે છે. એને કલ્પના પણ ન હોય તે તરફથી –એની પત્ની એમિલિયા તરફથી જ એનો ભાંડો ફૂટે છે. પણ તેથી શું? સુખી દામ્પત્યની ટ્રૅજેડી તો એ પહેલાં જ સરજાઇ ચૂકી છે. અલબત્ત ઇયાગોને કાવ્ય-ન્યાય મળ્યો તેથી કંઇક સંતોષ મળે છે. વિધાતા સાવ અંધ નથી એવો વિશ્વાસ બેસે છે.

'ઑથેલો'ની વસ્તુસંકલનામાં અને તેના પાત્રચિત્રમાં શેક્સપીઅરે નાટ્યકાર તરીકેની પોતાની સમર્થ કલાની પ્રતીતિ કરાવી છે અને એથી જ આજે ચાર સૈકા થવા છતાં તેની તાજગી ઓછી થઈ નથી.

—મધુસૂદન પારેખ

સાહિત્યસંપર્ક

શબ્દકથા : ઊટકવું, કાટ

'ઊટકવું' એટલે 'વાસણ વગેરે માંજવાં તે.' 'ઊકટવું' પણ બોલાય છે, અને હિંદી 'ઊકટના' (=ઉખેડવું) દ્વારા તેને સમર્થન પણ મળે છે.

'બૂડવું' ને 'ડૂબવું', 'દેવતા ને દેતવા', પ્રાકૃત 'કુક્કસ' અને આપણું 'કૂશકા' વગેરેની જેમ 'ઊકટવું'ના વર્ણોની અદલાબદલીથી 'ઊટકવું' સધાયો.

'ઊટકવું' એટલે મૂળ તો 'કાટ દૂર કરવો'—'ઉત્કટ્ટ'. 'કાટ'નો અત્યારે તો આપણે લોઢા જેવી ધાતુના 'મેલ' માટે પ્રયોગ કરીએ છીએ, પણ પહેલાં તે 'કીટ્ટ' ને 'કીટી' જેમ બીજા મેલોનો પણ વાચક હતો. 'કાટોડો' (=કાચી ધાતુમાંથી લોઢું કાઢી લીધા પછી ભઠ્ઠીમાં રહેતો અવશેષ) એ શબ્દે કાંઈક અંશે મૂળનો અર્થ જાળવી રાખ્યો છે.

લોઢું કટાય તેને વર્ષાઋતુનું લક્ષણ ગણતાં, પ્રાસબદ્ધ ગદ્યમાં રચાએલું પ્રાચીન ગુજરાતી કાવ્ય 'પૃથ્વીચંદ્રચરિત્ર' કહે છે: 'કટાઇ થઇ લોહ, ઘામતણઉ નિરોહ; છાસિ ખાટી, પાણી વીયાઇ માટી.' એટલે કે અષાડ આવતાં 'લોઢું કટાય છે, ઘામનો નિરોધ થાય છે, છાશ ખાટી થઈ જાય છે, માટી પાણી વીયાય છે=ભેજ મૂકે છે.'

એક પ્રાચીન અપભ્રંશ કવિ તો વળી અવનવી કલ્પનાએ ચગતાં કહે છે કે વર્ષામાં ભીંજાએલું ગગનાંગણ રૂપી ખડ્ગ કાળાં વાદળાં રૂપી કાટે કટાઇને ઝાંખું પડચું એટલે શરદઋતુ રૂપી લુહારણે તેને સૂર્યની સરાણે ઘસીને ઊજળું કર્યું!

હરિવલ્લભ ભાયાણી

અંગ્રેજી સાહિત્યના ખખડધજ વડીલ ઇ. એમ. ફૉર્સ્ટર

ભારત વિષે અનેક અંગ્રેજોએ અનેક પુસ્તકો લખ્યાં છે, પરંતુ પોતાની નવલકથા 'એ પૅસેજ ટુ ઇન્ડિયા'થી ખ્યાતનામ થએલા અંગ્રેજ સાહિત્યકાર ઈ. એમ. ફૉર્સ્ટર જેટલી કીર્તિ અને સફળતા ક્દાચ કોઈને નહિ મળી હોય. ભેટ કરાતી સંસ્કૃતિઓનાં મૂલ્યો ને સંઘર્ષોનું આત્મખોજપૂર્વકનું ચિંતનાત્મક નિરૂપણ રજૂ કરતી એ નવલકથા ઉપર એમને અંગ્રેજી સાહિત્યજગતનાં બે મોટાં પારિતોષિક મળ્યાં છે, ભારતની અનેક ભાષાઓમાં તેના અનુવાદ થયા છે, તેનું નાટચાંતર પણ થયું છે અને રેડિયો તથા ટેલિવિઝન પરની તેની રજૂઆતને કારણે તેની કાચા પૂઠાની આવૃત્તિનું મબલખ વેચાણ થયું છે.

આજે ૯૫ વર્ષની વયે પહોંચેલા બ્રિટનના આ પ્રથિતયશ નવલકથાકાર અને સાહિત્યકાર વિષે કહેવાયું છે કે: His reputation goes up with every book he doesn't write (ન લખાતા દરેક પુસ્તક સાથે એમની પ્રતિષ્ઠા વધતી જાય છે)! અને વાતે ય સાચી છે. એમની પાંચ પૈકી સૌથી વધુ ખ્યાતનામ, અને છેલ્લી નવલકથા 'એ પૅસેજ ટુ ઈન્ડિયા' એમણે ૧૯૨૪માં પ્રગટ કરી તે પછી એમની સાહિત્યક પ્રતિષ્ઠા દિનપ્રતિદિન વધતી જ રહી છે. હજુ ચાર વર્ષ પહેલાં જ ભારતીય લેખિકા શાન્તા રામરાવ સાથે મળી એમણે એનું નાટચ રૂપાંતર કર્યું છે.



ઈ. ૧૮૭૯ના બેસતા વર્ષે—પહેલી જાન્યુઆરીએ લંડનમાં જન્મેલા એડવર્ડ મૅર્ગન ફૉર્સ્ટર કેન્ટની ટનબ્રિજ શાળામાં પ્રાથમિક શિક્ષણ લઈ કેમ્બ્રિજ યુનિવર્સિટીની કિંગ્ઝ કૉલેજમાં દાખલ થયા, જ્યાં, ટનબ્રિજમાં ગાળેલી હાડમારીભરી કુમારાવસ્થાનો વ્યાજ સાથે બદલો મળતો હોય તેમ બ્લૂમ્સબરીના એ જીવન દરમિયાન એમને જી. એમ. ટ્રેવેલિન, જી. ઈ. મૂર અને લોઉઝ ડિકિન્સન જેવા (પાછળથી ખ્યાતનામ થએલા) મિત્રો સાથે મુક્ત અને પ્રસન્ન સ્વતંત્ર વિકાસ સાધતી તરુણાવસ્થા ગાળવા મળી. લોઉઝ ડિકિન્સન જે પાછળથી જાણીતા કવિ અને વિદ્વાન માનવતાવાદી બન્યા તેમની સાથે મળીને તો એમણે 'ઇન્ડિપેન્ડેન્ટ રિવ્યૂ' નામક સામયિક પણ કાઢયું. ઊંચી રસવૃત્તિ, ચિંતનભરી મીમાંસા, અભિજાત ચારિત્ર્ય ને માનવતાવાદીદૃષ્ટિથી પ્રસ્થાપિત થએલાં એ 'બ્લૂમ્સબરી જીવનમૂલ્યો' વડે એમણે પહેલા મહાયુદ્ધ પૂર્વેના અંગ્રેજ મધ્યમવર્ગના જીવનની તથા તેના રક્ષકો રાજ્ય, દેવળ અને શિક્ષણસંસ્થાઓની જે તલસ્પર્શી ને ચમચમતી મૂલવણી કરી તેણે લોકોની આંખો ઉઘાડી નાખી.

કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી એમ.એ. થઇ એ ત્યાંના ફેલો થયા ને આજે પણ ત્યાંના માનાર્હ ફેલો તરીકે શેષ જીવન શાન્તિથી ત્યાં જ ગાળી રહ્યા છે.

છવ્વીસ વર્ષના યુવાન ફૉર્સ્ટરે એમની પહેલી નવલકથા તો ઈટાલીના પ્રવાસને પરિણામે 'Where Angels fear to Tread' ૧૯૦૫માં લખેલી. એ પછી બીજી ત્રણ નવલકથાઓ ટૂંકે ગાળે પ્રગટ થતી રહી: ૧૯૦૭માં ઇંગ્લંડની શિક્ષણસંસ્થાઓ સામે આરોપનામું પોકારતી 'The Longest Journey' ૧૯૦૮માં 'A Room with a View' અને ૧૯૧૧માં 'Howards End.' પણ એમની કીર્તિદા તો બની 'એ પૅસેજ ટુ ઇન્ડિયા. પહેલા વિશ્વયુદ્ધ વખતે ઇજિપ્તમાં કેટલોક સમય એક નાગરિક તરીકે એમણે યુદ્ધ અંગેની કામગીરી બજાવેલી જેનાં સંસ્મરણો 'A guide to Alexandra'માં છે.

૧૯૨૪ પછી સર્જનાત્મક કહી શકાય એવું ખાસ લેખન ફૉર્સ્ટરે કર્યું નથી. છતાં ય, એમના બે નિબંધ-સંગ્રહો 'Abinger Harvest' અને 'Two cheers for Democracy' ખૂબ આસ્વાદ્ય બની રહે એવા છે. એક નિબંધ 'What I believe' તો આ શબ્દોથી જ શરૂ થાય છે: 'I do not believe in Belief'; અને લોકશાહીની તરફેણમાં તેઓ 'ટુ ચીઅર્સ' આપે છે કેમ કે, 'લોકશાહીમાં વ્યક્તિનું મહત્ત્વ છે અને મુક્ત ટીકાઓને એ આવકારે છે.'

'એ પૅસેજ ટુ ઈન્ડિયા લખાતાં પહેલાં એમણે બે વાર ભારતનો પ્રવાસ કર્યો હતો. ૧૯૧૨-'૧૩માં તે પ્રથમ વાર ભારત આવ્યા ત્યારે દેવાસ રાજ્યના મહારાજા સાથે એમને મિત્રતા થઈ ગએલી. એ પછી એક દાયકા બાદની બીજી મુલાકાત વખતે તેઓ મહારાજાના અંગત સેક્રેટરી બન્યા, ભારતીય વસ્ત્રો પહેર્યાં, ધાર્મિક ઉત્સવોમાં ભાગ લીધો અને એ રીતે નવલકથા માટેની સામગ્રી એકઠી કરી. આ સમય દરમિયાન ભારતથી લંડન લખેલા પત્રોનું

સંપાદન એમણે છેક ૧૯૫૩માં કર્યું અને એના પરિપાક રૂપે 'The Hill of Devi' પ્રગટ કર્યું, જેમાં મહારાજા વિષેના કેટલાક પ્રસંગો પણ ઉલ્લેખાએલા છે. આ ઉપરાંત 'ધ સિલેશ્ચલ ઑમનાબસ', 'ધી ઈટર્નલ મોમેન્ટ' એ એમના વાર્તાસંગ્રહો તથા 'મેરીઍન થૉર્ન્ટન'ની ઘરેલુ જીવનકથા પણ છે. એમના નિબંધોમાં બાદશાહ બાબર, વૉલ્ટેર, કવિ કોલરિજની તરુણાવસ્થાનાં તોફાની સાહસો વગેરે વિષયો ઉચ્ચ સાહિત્યગુણ ધરાવે છે.

એમની શ્રેષ્ઠ કૃતિ 'એ પૅસેજ ટુ ઈન્ડિયા' (જે પોતાના મિત્ર સૈયદ રૉસ મસૂદને એમણે અર્પણ કરી છે)ની મૂલ્યવત્તા તો એટલી ઊંચી છે કે નવલકથાની કોઈ પણ ચર્ચામાં એનો ઉલ્લેખ કર્યા વિના સાહિત્યકારો રહ્યા નથી. અંગ્રેજી શિક્ષણ પામેલા ભારતીયોનાં માનસ અને લોકમતની નાડ પરખનારા નેતાઓની કલ્પનાને એમણે ખૂબ સ્પષ્ટતાથી અને ઊંડાણથી એમાં ઉપસાવ્યાં છે. ભારતની સાચી લાક્ષણિકતાને એમની ઊંડી અને સ્વસ્થ દૃષ્ટિ જોઈ શકી છે અને નવલકથાનાં પાત્રો એવાં તો સજીવ બન્યાં છે કે વાચકો એમને સદેહે ધબકતાં અનુભવી શકે છે. આજ દિન સુધી બીજા કોઈ પાશ્ચાત્ય લેખકે, એમના પછી પ્રગટ કરેલી કોઇ પણ કૃતિમાં, ભારત માટેની આટલી ઊંડી અને સાચી સમજનાં દર્શન કરાવ્યાં નથી. વિશાળ અને વિવિધરંગી ભારતનો આત્મા પ્રગટાવવામાં એમની અખૂટ ધીરજ અને સચ્ચાઈની પ્રતીતિ થાય છે.

ઇ. એમ. ફૉર્સ્ટરને નવલકથાકાર તરીકે અંજલિ આપવાનો પ્રયાસ કે. નટવરસિંઘે 'E. M. Forster : A Tribute'નામના પુસ્તકનું સંપાદન કરીને કર્યો છે. ફૉર્સ્ટર વિષેની રસપ્રદ માહિતી એમાંથી વાચકોને મળી રહેશે. ૧૪૬ પૃષ્ઠનું એ પુસ્તક બે વિભાગમાં વહેંચાયું છે: પહેલામાં ફૉર્સ્ટરના પ્રશંસકો નારાયણ મૅનન, મુલ્કરાજ આનંદ, શાન્તા રામ રાવ આદિનાં લખાણો છે; બીજામાં ફૉર્સ્ટરની કૃતિઓમાંથી ચૂંટેલાં કેટલાંક લખાણોનો સમાવેશ છે. ફૉર્સ્ટરે ગાંધીજીને આપેલી અંજલિ સ્પર્શી જાય એવી છે; અને 'ઍબિન્જર હાર્વેસ્ટ'માં એક ઐતિહાસિક પાત્ર બાબરનું રેખાચિત્ર દોરતાં એમણે ચોટદાર સમાપ્તિ-શબ્દો લખ્યા છે.

ઈ. ૧૯૨૭માં એમણે કેમ્બ્રિજમાં 'Aspects of the Novel' એ વિષય ઉપર ત્યાંનાં વિખ્યાત 'ક્લાર્ક વ્યાખ્યાનો' આપેલાં, જેમાં એમણે ઍરિસ્ટૉટલના વિચારોના તદ્દન વિરોધમાં જ પોતાનાં સાહિત્યિક મૂલ્યો રજૂ કર્યાં છે. સમસ્ત અંગ્રેજી સાહિત્ય ઉપર એમની પ્રચંડ અસર પડી છે ને એમની શક્તિઓની કદર કરીને ઈ. ૧૯૫૩માં એમને સી. એચ. (કમ્પૅનિયન ઑવ ઑનર)ના ઈલકાબથી નવાજ્યા છે. —જ્યોતિષ જાની

[ગયા અંકમાં આવેલો ઝયાં કોકતૉનો પરિચય પણ આ જ લેખકે આપેલો હતો.]

નવી નવલકથાઓ

પડઘા ડૂબી ગયા : ગુજરાતી નવલકથા-સાહિત્યમાં પોતાની નિર્ભીક પ્રયોગવૃત્તિ અને ઉદ્દામ વ્યક્તિત્વવાદી વલણને કારણે અલગ તરી આવતા શ્રી ચંદ્રકાન્ત બક્ષીની આ નવલકથામાં નિયતિના ચક્રમાં પિસાતા મનુષ્યની કરુણ કથા છે. મનુષ્યને સારું અને શાંતિમય જીવન જોઇએ છે, પણ અત્યારની હવામાં એ કેટલું અશક્યવત્ ભાસે છે? ધનિકતા અને સત્તાખોરીની દયા પર જીવવાનું, દંભની કાળી હવામાં સત્યના અવાજને ગૂંગળાવી દઈ વિચરવાનું કોઈ પણ સ્વમાની મનુષ્ય પસંદ ન કરે. જાતીય સંબંધોનું જીવનમાં ઓછું મહત્વ નથી. એ સંબંધોમાં પણ લગ્નને નામે વિકૃતિઓ પ્રવેશે છે. આ સર્વનો સચોટ ખયાલ અહીં મળે છે. કથાનો નાયક પ્રકાશ સ્વમાની, નિર્દંભી અને પુરુષાર્થી યુવાન છે. તે કોઇ ચોકઠામાં ભરાઇને જીવન જીવવા માગતો નથી. તે દારૂ, માંસાહાર, દાણચોરી વગેરેનો આશ્રય લઈ શકે છે; વેશ્યાઓનો મિત્ર થતાં શરમાતો નથી. કથાની સ્વરૂપવાન અને જાજરમાન નાયિકા અલકા નવીન નામના દંભી ને ધનિક યુવાનથી, પરિસ્થિતિવશ હોવાને કારણે ઘોર વંચનાનો ભોગ બને છે; પરંતુ છેવટે એનુંસ્વત્વ જાગતાં એ ઉદ્દંડ બને છે. 'ભ્રષ્ટા' ઠરી ચૂકેલી અલકા ઉદારદિલ પ્રકાશનો સહારો લેછે. વાચકને પ્રકાશથી અલકા સુખી થશે એવું લાગે છે; પણ નિયતિક્રમ જુદો જ હતો. એક બાજુ માથે ખૂનના આરોપનો ભાર લઈ ફરતા પ્રકાશની આંખોનો પ્રકાશ દગાબાજ પ્રતિસ્પર્ધીઓના હુમલાને પરિણામે હમેશ માટે લુપ્ત થઈ જાય છે, ત્યારે બીજી બાજુ પ્રકાશથી સગર્ભા થએલી અલકા બાળકને જન્મ આપી, એનું રુદન સાંભળવા પૂરતું પણ રહી શકતી નથી. નવલકથા પ્રશ્નાર્થમાં વિરમે છે.

આ નવલકથામાં પ્રકાશ ઘણું બધું અનુભવે છે. તેના પાત્રને વિલક્ષણ ઢબનું બનાવવા માટે અનેક પરિસ્થિતિઓમાંથી લેખક એને પસાર કરે છે. આ પરિસ્થિતિઓના સંયોજનમાં લેખકનો આયાસ વરતાઇ આવે છે, છતાં પ્રકાશ-અલકાની કથાના ગુંફનમાં એમની સર્જકશક્તિનો સાચો પરિચય થયા વિના રહેતો નથી. આ નવલકથામાં લેખકનું અસ્તિત્વવાદી માનસ પ્રગટ થાય છે. કલકત્તાનું વર્ણન લેખકની ગદ્યશક્તિનો ને કવિકલ્પનાનો હૃદ્ય પરિચય આપે છે. એમની બંડખોર પ્રકૃતિ અલકાનાં 'માંસલ' વર્ણનો માટે કારણભૂત છે. તેમના ગદ્યમાં તાજપ વધારે છે. ચીલાચાલુ ભાષાપ્રયોગોથી સભાનપણે મુક્ત રહી તેઓ પોતાની આગવી વર્ણનશૈલી ખીલવી શક્યા છે. એમના વ્યક્તિત્વની છાપ એમના કેટલાક શબ્દપ્રયોગોમાં પણ ઊઠી આવે છે. એવા શબ્દપ્રયોગોનું પુનરાવર્તન પણ થાય છે. આમ છતાં શ્રી ચંદ્રકાન્ત બક્ષી જાગતલ સર્જક છે. પશ્ચિમના સાહિત્યનો એમનો પરિચય સર્જનકાર્યમાં ઉદ્દીપનવિભાવ તરીકે કામ કરતો દેખાય છે, પણ તેઓ એમના સર્જનમાં સારા પ્રમાણમાં મૌલિકતા બતાવે છે. એમની જીવનનિષ્ઠામાં જ ચારિત્ર્યનિષ્ઠા આવી જાય છે, એટલે એમની કૃતિઓથી નીતિપ્રેમી માનસે ભડકવાની જરૂર નથી. ઊલટું એને પુનઃવિચારણાનું ભાથું મળી રહેશે. (સ્વાતિ પ્રકાશન, સૅમ્યુઅલ સ્ટ્રીટ મુંબાઇ-૩. રૂ.૪-૭૫)

ગુર્જરેશ્વર કુમારપાળ : ઐતિહાસિક નવલકથાઓ વિપુલ પ્રમાણમાં આપનાર 'ધૂમકેતુ' નવલકથાના ઇતિહાસમાં ઉલ્લેખપાત્ર રહેવાના. ચૌલુક્ય ગ્રંથાવલિના તેરમા મણકા રૂપે લખાએલી આ ઇતિહાસકથામાં કુમારપાળ પાટણની ગાદી પર કેવી રીતે આવ્યો ને સ્થિર થયો તેનું બયાન છે. પોતાની અભ્યાસસામગ્રીનો આધાર જાળવી લેખકે કલ્પનાબળે આ ઘટનાને રસપ્રદ રીતે નિરૂપવાનો પ્રયત્ન કર્યો છે અને વાચકની જિજ્ઞાસાવૃત્તિને અંતભાગ સુધી સતેજ રાખવા તે પૂરતા સભાન છે. વાર્તા જમાવવાની એમનામાં આવડત છે, એટલે એમની આ નવલકથા અન્ય નવલકથાઓની જેમ લોકપ્રિય થઈ શકી છે. છતાં આ કૃતિમાં એમની સર્જકશક્તિનો કોઇ અપૂર્વ જુવાળ દેખાતો નથી. એમની સર્જક પ્રતિભા હજુ થાક્યા વિના પ્રવૃત્ત રહી પોતાની એક સ્થિર સપાટીને લાંબો સમય થયાં જાળવી રહી છે એ આનંદની વાત છે. એમના ગંભીર અને શિષ્ટતાપ્રેમી માનસનો પડઘો પાડતી આ કૃતિ ગુજરાતના ઇતિહાસનું એક ઉજ્જ્વલ પ્રકરણ વાચકવર્ગને સુલભ કરી આપે છે. (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ-૧ રૂ. ૫-૦)

જીવનનાં ખંડેર: 'ધૂમકેતુ'ની કોઈ પણ કૃતિ એમની પ્રતિભાના દ્યોતક તણખાથી વંચિત હોતી નથી. 'જીવનનાં ખંડેર' એમની એક વિશિષ્ટ પ્રકારની સામાજિક નવલકથા છે. વાર્તાના કેન્દ્રસ્થાને એમણે જે વસ્તુ મૂકી છે તે માર્મિક છે. આ યુગની હવામાં કંઇક એવાં તત્ત્વો તરે છે કે સામાન્ય માણસને જીવનના હર તબક્કે દંભ વિના જીવવું પાલવતું નથી, ફાવતું નથી. એ આખા જગત સામે વંચના આદરે છે, પણ એમ કરતાં વધારેમાં વધારે તો પોતાની જ વંચના એ કરતો હોય છે. કથાની નાયિકા નંદિતા, રાજેશ્વર સાથે પ્રપંચથી પરણીને ઓમપ્રકાશની છાયામાં રહી રાજેશ્વરના જીવનના રમણીય પ્રાસાદને કેવી રીતે ખંડેરમાં પલટાવે છે એનું ઘેરું ચિત્ર લેખકે દોર્યું છે. અભિનય જ જેનો સ્વભાવ થઈ પડયો છે એવી નંદિતામાં મોટાઈના મોહ સિવાય લાગણીનો જાણે અંશ પણ ન હોય એવું લાગે છે. દાંભિક વૃત્તિ તરફની લેખકની ઘૃણા એટલી પ્રબળ છે કે તેઓ રાજેશ્વરના પક્ષકાર તરીકે પ્રગટ થયા વિના રહી શકતા નથી. એથી એમના કટાક્ષોમાં ઉગ્રતા અને અકળામણ વરતાય છે અને થોડુંક અતિચિત્રણ પણ દેખાય છે. વળી તેઓ એમની નવલકથાઓમાં આદિથી અંત સુધી વસ્તુપ્રવાહના વળાંકે વળાંકે ઊભા રહી ભાવકને કંઈક સ્પષ્ટ કરતા, સમજાવતા કે ચેતવતા નજરે પડે છે; આથી સરવાળે એમની નવલકથાઓને સહન કરવું પડે છે. એમની આ મર્યાદા આમાં પણ જોવા મળે છે. આમ ચોકઠાબંધી, નિરર્થક પથરાટ અને કંઇક અંશે નાટકી લાગતી આ કૃતિ એના વિચારવસ્તુ, કટાક્ષકળા અને ગદ્યપ્રભાવ છતાં વણસી ગઈ છે. (પ્રકાશક ઉપર મુજબ, રૂ. ૪.)

રત્નાકર મહારાજ: દરિયાઈ સાહસો એ શ્રી ગુણવંતરાય આચાર્યની નવલકથાઓના પ્રિય વિષયમાંનો એક છે. 'રત્નાકર મહારાજ'માં ગોકળ નામે એક જવાંમર્દ પોતાના માલિક રણમલ શેઠ માટે કેવાં જીવસટોસટનાં સાહસો ખેડે છે તેની કથા છે. રણમલ શેઠનાં સજ્જનતા સાહસ અને વીરતા, ગોકળની દઢતા હિંમત અને કુશળતા, ચંદુલાલ શેઠની કાયરતા કુટિલતા અને ક્રૂરતા, રાધાનાં સ્ત્રીચરિત્ર–આ સર્વેનું અહીં રસીલી શૈલીમાં નિરૂપણ થયું છે. સાગરનું ગૌરવ લેખકે ઊલટથી ગાયું છે એનાં તોફાનો તાદૃશ રીતે આલેખ્યાં છે. રાધા દગો રમી તે પછીનાં ગોકળનાં પરાક્રમોની ગાથા હૃદયસ્પર્શી છે. એક પછી એક એમ પ્રસંગોની ગૂંથાતી જતી સાંકળ વાચકની જિજ્ઞાસાને સાદ્યંત પોષે છે. લેખકનો વહાણવટીઓના જીવનનો અભ્યાસ અછતો રહેતો નથી. એમની ભાષા સરળ, પ્રવાહી અને જોમવાળી છે. તેઓ સારા વાર્તાકાર છે, પણ વાચકના હૃદયને રસપ્લાવિત કરી મૂકે, એના કોષેકોષને ઉપરતળે કરી મૂકે એવી એમના વ્યક્તિત્વના ઉન્મેષોથી દીપ્ત એવી પ્રતિભાશક્તિ એમની નવલકથાઓમાં સંસિદ્ધ થવી હજુ બાકી છે. (પ્રકાશક ઉપર મુજબ, રૂ. ૭.)

કૃષ્ણાવતાર-૧: જીવનના ઉલ્લાસના મૂર્તિમંત અવતાર સમા શ્રી કૃષ્ણનું પાત્ર શ્રી ક. મા. મુનશીને આકર્ષે એમાં નવાઇ નથી. આમાં તેઓ મુખ્યત્વે ભાગવતનો આધાર લઈ કૃષ્ણની પ્રેમશૌર્યપૂર્ણ કથાને પોતાની રસળતી વાણીમાં નવેસરથી આકાર આપી રહ્યા છે. એક સારા, વિશિષ્ટ પ્રયોગ તરીકે આ પ્રયાસનું મહત્ત્વ ઘણું છે. મુનશીની સર્જક-પ્રતિભા આમાં પણ કીમિયો કર્યા વિના રહેતી નથી. 'કૃષ્ણાવતાર'નો આ પહેલો ખંડ શ્રી કૃષ્ણની જન્મથી તે કંસવધ સુધીની કથાને આવરી લે છે. એમાં મુનશીએ આજના દૃષ્ટિ-માનસનો ખયાલ રાખી ઠીકઠીક સુધારાવધારા કર્યા છે. રાધાનું પાત્ર એમણે ભાગવતની આ કથામાં ઉમેરી પ્રેમરસના મનોવેધક ઊર્મિકાવ્ય માટે વધુ અવકાશ મેળવ્યો છે. કાલિયદમનના પ્રસંગને તર્કગ્રાહ્ય કરવા પ્રયત્ન કર્યો છે. ગોવર્ધનના ઉદ્ધરણનો પ્રસંગ બુદ્ધિગ્રાહ્ય બને એ રીતે ચમત્કારનો અંશ ગાળીને મૂકયો છે. વળી 'માખણચોર' ને 'વસ્ત્રહરણ' જેવાં પ્રકરણો કૃષ્ણના મુખમાં મૂકયાં છે. આ રીતિ આમ તો સફળ નીવડી છે પણ લેખકના મુખમાંથી કૃષ્ણના મુખમાં વાત મૂકવા માટેની ભૂમિકા રોચક લાગતી નથી. એમણે પુરાણનાં કૃષ્ણાદિ પ્રધાન-ગૌણ પાત્રોને સજીવ કરવામાં પોતાની કલ્પનાશક્તિનો સારો એવો આશ્રય લીધો છે. જે કામ એક વખતે આપણા મધ્યકાલીન આખ્યાનકારો 'દશમસ્કંધ' વગેરેને આખ્યાનબદ્ધ કરી કરતા હતા એ જ કામ શ્રી મુનશી આ યુગની 'નવલકથા' દ્વારા કરી રહ્યા છે. પરિણામે ભાગવતની કથા કરતાં મુનશીની આ કથા વાંચવી વધુ ગમે તો નવાઈ નથી. સરસતા ને સચોટતાનો આદર્શ સેવતી મુનશીની પ્રાણવાન નવલ શૈલીનો એ પ્રતાપ છે. આ દિશાનાં વધુ ને વધુ પ્રયોગો થાય અને આપણા પૌરાણિક વારસાનું આવી પ્રશસ્યરીતે ગૌરવ થાય એ સૌ ઇચ્છશે. (પ્રકાશક ઉપર મુજબ, રૂ. ૯.)

વડવાનલ: શ્રી ધીરુબહેન પટેલની આ કૃતિ એક સ્ત્રીની નોંધપોથી રૂપે આલેખાએલી આત્મકથા છે. અહીં રેખા વિધિનું શાપિત પાત્ર પણ લાગે છે. બાલ્યાવસ્થાથી એની અત્યંત ઉપેક્ષા થતી રહે છે. સ્ત્રી જ સ્ત્રીની સૌથી ભયંકર દુશ્મન કેવી રીતે બને છે તેનો સચોટ ચિતાર અહીં મળે છે. સવા છસ્સો પાનાંના વિશાળ પટ પર પથરાએલી હોવા છતાં આ કથા વાચકને કંટાળો આપે એવી નથી. રેખાનું મન ઉપરાછાપરી આવી પડતા તીવ્ર સંઘર્ષો સહીને એની પ્રફુલ્લ થવાની શક્તિ ગુમાવી બેઠું છે. એને કોઇ સમજી શકતું નથી એ જ ઓછી કરુણતા છે? એનાં ઉત્કટ મનોમંથનો અહીં રજૂ થયાં છે. નવલકથાના અંત ભાગમાં રેખા કાયદાની નજરે અંજનાને જીવલેણ ઘા કરવા માટે ગુનેગાર ઠરી ચૂકી છે, પણ વર્ષો સુધી અંજના અને એની ફોઇએ વગરવાંકે રેખાના જીવનને, ઠંડી ક્રૂરતા વાપરી રહેંસી નાખ્યું છે એનો જવાબ કાયદો માગશે ખરો? સ્ત્રી જ સ્ત્રીને વધુ સમજી શકે એ વાતની પ્રતીતિ લેખિકાના રેખાના આલેખનમાં થાય છે. સમગ્ર કથા મનોવૈજ્ઞાનિક ભૂમિકા પર આલેખાએલી હોઇ આસ્વાદ્ય થાય છે. લેખિકાએ રેખા દ્વારા આખી કથા રજૂ કરી કથયિતવ્યમાં હૃદયસ્પર્શિતા અને ઉત્કટતા સિદ્ધ કર્યાં છે, તો બીજી બાજુ રેખા દ્વારા જ આ કથા પામવાની હોઈ એના વ્યક્તિત્વની છાયામાં જ બધું જોવું પડે છે. આથી એક પ્રકારનું એકધારાપણું લાગવાનો સંભવ રહે છે. અંજના અને એની માતાના રેખા તરફના કેવળ નર્યા પ્રેમશૂન્ય વ્યવહારમાં કંઇક અતિશયતા લાગે છે, કંઈક પથરાટ પણ લાગે છે. આમ છતાં કથાપિંડ બાંધવામાં અને એને સુરેખ આકાર આપવામાં લેખિકાએ નોંધપાત્ર શક્તિ બતાવી છે. એમની ભાષા પણ મર્મસ્પર્શી, સરળ ને પ્રવાહી છે. કરુણરસ ઉત્કટપણે અહીં નિષ્પન્ન થાય છે. જીવનની ઊંડી અનુભૂતિ ને સમજદારી વ્યક્ત કરતી આ કથા ગુજરાતની સારી નવલકથાઓમાં, એની થોડીક મર્યાદાઓ છતાં, પણ સ્થાન પામે એવી છે. (ત્રિપાઠી, મુંબાઇ-૨, રૂ.૧૦)

—ચન્દ્રકાન્ત શેઠ

સાહિત્ય અકાદમીનાં દસ વર્ષ

'પ્રતિભાવાન લેખકોનું ઉચિત સમ્માન કરી એમની સાહિત્યસેવાની કદર કરવા, ઊગતા સાહિત્યકારોને પ્રોત્સાહન આપવા, સમા-

જમાં સાહિત્યાભિરુચિનું નિર્માણ કરવા ને સાહિત્યનું ધોરણ તથા સ્વરૂપ ઉન્નત કરવા'ના ધ્યેયથી સ્થપાએલી ભારતની સાહિત્ય અકાદમીને ગયા માર્ચની ૧૨મી તારીખે દસ વર્ષ પૂરાં થયાં એ નિમિત્તે તેણે અત્યાર સુધીનાં પોતાનાં બધાં જ પ્રકાશનોનું એક સુંદર પ્રદર્શન યોજીને આ પ્રસંગની ઊજવણી કરી હતી.

આ દસકા દરમિયાન અકાદમીએ ઉપર્યુક્ત ધ્યેયની મર્યાદાથી યે આગળ જઈ સાહિત્યક્ષેત્રની પ્રશંસનીય સેવા કરી છે. મોટી દીવીમાં પ્રકટાવેલી અનેક જ્યોત પેઠે અકાદમી પણ ભારતની ૧૪ માન્ય ભાષાઓમાં કાર્ય કરી દેશમાં અભિનવ સાહિત્યપ્રકાશ ફેલાવવાનું એક મોટું સાંસ્કૃતિક કાર્ય કરી રહી છે.

ભારતીય ભાષામાં વિવિધ સંદર્ભસાહિત્ય – કોષ, સૂચિ, ઇતિહાસ વગેરે – તૈયાર કરવું, ભૂતકાલીન મહાન ને અભિજાત સાહિત્યકૃતિઓની નવી સંશોધિત આવૃત્તિઓ અધિકૃત લેખકો પાસે તૈયાર કરાવી પ્રસિદ્ધ કરવી, વિવિધ ભાષાનાં સાહિત્ય તથા તેના પ્રકારોનો ઇતિહાસ, પ્રગતિ, વૈશિષ્ટ તેમજ ઈતર ભાષાના તત્સમ સાહિત્ય સાથેની એની તુલના કરવી, ભારતની એક ભાષાની ઉત્તમ કૃતિઓને અન્ય ભારતીય ભાષાઓમાં ઉતારવી, ભારતીય સંસ્કૃતિ, ઇતિહાસ તથા તત્કાલીન સમાજજીવનનું દર્શન કરાવતા ઉચ્ચ કક્ષાના લેખકોના મૌલિક ગ્રંથોનો વિદેશી ભાષાઓમાં અનુવાદ કરાવી ઈતર દેશોમાં આપણી સંસ્કૃતિની યોગ્ય ઓળખ કરાવવી, અને એ જ રીતે વિદેશી ભાષાઓની અભિજાત કૃતિઓને ભારતીય ભાષાઓમાં પ્રસિદ્ધ કરવી વગેરે વિવિધ સ્વરૂપે અકાદમી દેશની મહત્ત્વની ને મૂલ્યવાન સેવા કરી રહી છે.

ગ્રંથપ્રકાશનો ઉપરાંતની એની અન્ય પ્રવૃત્તિઓ પણ સાહિત્યની અભિવૃદ્ધિને પોષક ને ઉપકારક જ રહી છે. ખાનગી ક્ષેત્રે પ્રસિદ્ધ થતાં ને ઉપયોગી નીવડે એવાં પ્રકાશનો માટે આર્થિક સહાય કરવી, વિશેષ દરજ્જાના ગ્રંથોની મોટા પ્રમાણમાં ખરીદી કરી એને સહાયરૂપ થવું, સાહિત્યવિષયક ચર્ચા ને પરિસંવાદો યોજવા કે એવી પ્રવૃત્તિમાં સાથ આપવો, જગતખ્યાત સાહિત્યકારોની જયંતી કે પુણ્યતિથિઓ ઊજવી તેમની વૈચારિક ને કલાત્મક સાહિત્યસંપદાને સર્વસાધારણ સાહિત્યપ્રેમી વ્યક્તિ સુધી પહોંચાડવી, સર્વભાષાનો સમૃદ્ધ ગ્રંથસંગ્રહ એકઠો કરવો વગેરે જેવાં કાર્યો અકાદમીના પ્રમુખ કાર્યનદની જાણે કે શાખાઓ છે. રાજધાનીમાં અકાદમી દ્વારા એક શાનદાર મફત વાચનાલય પણ ચાલે છે.

સાહિત્ય વિષે કે સાહિત્યવિષયક પ્રવૃત્તિઓ વિષે અકાદમી નિયતકાલિકો પણ પ્રકટ કરે છે. 'ઇંડિયન લિટરેચર' ને 'સંસ્કૃતિપ્રતિભા' જેવાં છમાસિકો ને અન્ય સામાયિકો દ્વારા તે દેશવિદેશનાં સાહિત્ય અને તેના પ્રવાહોનો પરિચય આપે છે. એની આ બધી પ્રવૃત્તિઓનો વ્યાપ એટલો વધી ગયો છે કે બંગાળી, ઉડિયા ને અસમી ભાષા માટે કલકત્તામાં તથા ચાર દ્રવિડ ભાષાઓ માટે મદ્રાસમાં એને શાખાઓ સ્થાપવી પડી છે. મરાઠી, ગુજરાતી ને સિંધી ભાષા સારુ મુંબાઈમાં પણ એની એક વધુ શાખા સ્થપાવાની છે.

૧૯૬૧માં અકાદમીએ કવિવર ટાગોરની જન્મશતાબ્દી ઊજવી હતી. ઊજવણી ઉપરાંત એનું સાહિત્યિક ને સાંસ્કૃતિક મહત્ત્વ ઘણું હતું. એ નિમિત્તે અકાદમીએ ટાગોરનું ચરિત્ર ને શતાબ્દી સ્મારક ગ્રંથ પ્રસિદ્ધ કરેલો. ટાગોરના સાહિત્યનો એક સંદર્ભગ્રંથ પણ તૈયાર થઈ રહ્યો છે. 'ટાગોરના જીવન અને તેમના સાહિત્ય ને વિચાર' વિષે ઉત્કૃષ્ટ સમાલોચક પ્રબંધ માટે એણે દસ હજારનાં પારિતોષિકો આપેલાં. 'યુનેસ્કો'ના સહકારમાં એણે આ પ્રસંગે એક આંતરરાષ્ટ્રીય સાહિત્યિક પરિસંવાદ પણ યોજ્યો હતો. ટાગોરની કથા, કવિતા, ગીતો, નાટિકાઓ, નવલકથાઓ ને નિબંધોના પુસ્તકોનું કાર્ય હજી યે ચાલુ જ છે.

ભારતીય સાહિત્યનો ને સંસ્કૃતિનો આમ પ્રાતિનિધિક પરિચય પૂરો પાડતી અકાદમીની આ પ્રવૃત્તિઓ ઉપરાંત એણે દેશની કેટલીક ઉત્કૃષ્ટ કૃતિઓને વિદેશી ભાષાઓમાં ઉતારવાની યુનેસ્કોને ભલામણો કરી છે. એ જ રીતે અલબરૂની, કન્ફ્યુશિયસ, શેક્સપીઅર, થૉરો, મોલીએર, રૂસો, હ્યૂગો, વૉલ્તેર, ગટે, સેફોક્લિસ, પ્લેટો, ટૉલ્સ્ટૉય, દોસ્તોવસ્કી વગેરે અનેક જગવિખ્યાત સાહિત્યકારોની કૃતિઓને ભારતીય ભાષામાં ઉતારી છે. આ રીતે એ ભારતીયોને જગતના સાહિત્યનો અને જગતને ભારતના સાહિત્યનો પરિચય કરાવવાનું બહુમૂલ્ય સાંસ્કૃતિક કાર્ય કરી રહી છે.

ભારતની ચૌદ માન્ય ભાષાઓ અને ભારતીય લેખકોએ અંગ્રેજી ને સિંધી ભાષામાં લખેલી શ્રેષ્ઠ કૃતિઓમાં પાછલાં ત્રણ વર્ષો દરમિયાન પ્રગટ થએલી પ્રથમ આવૃત્તિને તે દર વર્ષે રૂ. ૫૦૦૦નું પારિતોષિક આપે છે. સંસ્કૃતના સર્જનાત્મક સાહિત્ય માટે એક અને ભારતની કોઈ ભાષા કે અંગ્રેજીમાં સંસ્કૃત સાહિત્ય ઉપર લખાએલા ઉત્કૃષ્ટ મૌલિક લખાણ માટે પણ પારિતોષિકો આપે છે. આ રીતે અકાદમીએ આજ સુધીમાં શુમારે સવા ચાર લાખ રૂપિયા વહેંચ્યા છે.

આમ, સાહિત્ય અકાદમીના કાર્ય દ્વારા આજે તમિળ વાચક ગુજરાતી એકાંકીનો પોતાની ભાષામાં રસાસ્વાદ માણી શકે છે. ઉડિયા વાચક વિભૂતિભૂષણ વંદ્યોપાધ્યાયનું 'આરણ્યક' વાંચી શકે છે. હિન્દી વાચક ગુજરાતી 'સરસ્વતીચન્દ્ર' પોતાની ભાષામાં મેળવી શકે છે. આ રીતે દેશના દરેક પ્રાંતના સાહિત્યનો વાચક અન્ય પ્રાંતની ભાષાનો રસાસ્વાદ મેળવતો થયો છે, ને એ રીતે દેશના વિવિધ પ્રદેશો એકબીજાનો પરિચય પામતા કોઈ એક અદૃશ્ય તાંતણે બંધાઈ રહ્યા છે.



રાષ્ટ્રીય બહુમાન પામનારા આપણા ત્રણ વિદ્વાન મહાનુભાવો – ડાબી બાજુથી (૧) કાકાસાહેબ કાલેલકરને 'પદ્મવિભૂષણ'ના અને (૨) અદી ફીરોઝશાહ મર્ઝબાનને 'પદ્મશ્રી'ના સમ્માનપદકથી વિભૂષિત કરતા રાષ્ટ્રપતિ રાધાકૃષ્ણન (૩) પંડિત બહેચરદાસ જીવરાજ દોશી જેમની સંસ્કૃત ભાષા પરત્વેની વિદ્વત્તાને 'સર્ટિફિકેટ ઑવ ઑનર'થી નવાજવામાં આવી છે.




ગમતું મળે તો અલ્યા ગુંજે ન ભરીએ, ને ગમતાંનો કરીએ ગુલાલ !
આડા દે આંક એ તો ઓશિયાળી આંગળી,
પંડમાં સમાય એવી પ્રીતિ તો પાંગળી,
સમદરની લહેર લાખ સુણી ક્યાંય સાંકળી ?
ખાડા-ખાબોચિયાંને બાંધી બેસાય, આ તો વરસે ગગનભરી વ્હાલ !
(મકરન્દ દવે) —ગમતું૦

મહાવીર ત્યાગી

કહેવાય છે કે મલ્લો, મુક્કાબાજો આદિ ખેલાડીઓ અને રાજકારણી પુરુષો એ બંને એક બાબતમાં સરખા : ક્ષેત્રથી અળગા થયા પછી એમાં એમનો પુનઃપ્રવેશ જવલ્લે જ થાય છે. પરંતુ બીજા પ્રધાનોથી ઘણી રીતે જુદા પડતા મહાવીર ત્યાગી આ બાબતમાં પણ જુદા પડે છે. સાત વર્ષ પછી તેઓ ફરી દિલ્હી સરકારના પ્રધાનમંડળમાં આવ્યા છે,—અને આ વેળા તો કૅબિનેટ-પ્રધાનના ઊંચા દરજ્જે આવ્યા છે.

ઉત્તર પ્રદેશના મુરાદાબાદ જિલ્લાના દભારસી નામે ગામમાં ઈ. ૧૮૯૯ની ૩૧મી ડિસેમ્બરે એમનો જન્મ થયેલો. મેરઠની નાનકચંદ હાઈસ્કૂલમાં ને પછી ખાનગીમાં અભ્યાસ કરી તેઓ લશ્કરમાં જોડાયા. પહેલા વિશ્વયુદ્ધ વખતે તેઓ પૂર્વ ઈરાનમાં લડાઇના મેદાન પર હતા. ઈ. ૧૯૨૦માં લશ્કરમાંથી છૂટા થયા બાદ થોડા જ વખતમાં અસહકારની લડતમાં ઝુકાવ્યું, અને પોતાની સહૃદય ત્યાગપૂત અને ઉગ્ર નિષ્ઠાથી એવા તો મોખરે આવ્યા કે ત્યારથી તે છેક અત્યાર સુધી તેઓ કૉંગ્રેસની મહાસમિતિના સભ્ય રહ્યા છે. (આઝાદીની ચળવળોમાં એમણે સાત વરસનો જેલવાસ વેઠેલો.) નવ વર્ષ સુધી ઉત્તર પ્રદેશની વિધાન સભામાં રહ્યા બાદ ભારતનું સંવિધાન ઘડનારી બંધારણ-સભાના પણ તેઓ સભ્ય નિમાયા. આવી ઉચ્ચ કક્ષાની રાજદ્વારી કારકિર્દી ગાળ્યા છતાં જ્યારે દેશના ભાગલા પછી થોડો કાળ ફેલાએલી અશાંતિ વેળા જરૂર પડી ત્યારે દેહરાદૂનમાં એમણે ઑનરરી કૉન્સ્ટેબલ તરીકે ગણવેશ ચડાવીને ફરજ પણ બજાવેલી.

લોકસભામાં પણ છેક શરૂઆતથી તેઓ રહ્યા છે. ઈ. ૧૯૫૩માં તેઓ મહેસુલ અને ખર્ચ ખાતાના ને પછી ૧૯૫૭ સુધી સંરક્ષણ-વ્યવસ્થાપન માટેના રાજ્ય કક્ષાના પ્રધાન હતા. તે પછીની '૫૭ ને '૬૨ની ચૂંટણીઓમાં પણ તેઓ વિજયી થઇને લોકસભામાં ચુંટાઈ આવેલા, અને દેશની સરકારના વહીવટ પર કડક દેખરેખ રાખનારી કેન્દ્રની 'જાહેર-હિસાબ-સમિતિ'ના



અધ્યક્ષ જેવા જવાબદારી ભરેલા સ્થાને નિમાએલા. એ પદ પરથી એમણે કોઇનીયે શેહ-શરમ રાખ્યા વિના ઘણી આકરી કામગીરી બજાવેલી. 'સીધા કરવેરા તપાસ સમિતિ'ની પણ આગેવાની લઇને એમણે પ્રશંસાપાત્ર કામ કરી બતાવ્યું હતું.

લોકસભા(પાર્લમેન્ટ)ની પાટલી પરથી એમણે કરેલી નિષ્પક્ષ આલોચનાઓ અને ટીકાઓનાં તીર અચૂક ને સચોટ લાગતાં રહ્યાં છે. સંસદની ચર્ચાઓ કે પ્રશ્નોત્તરીઓ દરમિયાનનાં એમનાં બે-લગામ અડપલાંથી તેઓ સારી પેઠે ખ્યાતનામ થઇ ગયા છે. એવે વખતે તેમને પોતાના પક્ષના મલાજાની યે પરવા રહેતી નથી. કોઇની પણ સાથે એમને



મારખોર

અફઘાનિસ્તાન, કાશ્મીરનો દક્ષિણ તરફનો પ્રદેશ, ચિનાબનો પૂર્વ વિસ્તાર, બાલ્ટિસ્તાન, કાશ્ગર, ગિલ્ગીટ, હુન્ઝા ને ક્વેટા તરફના પ્રદેશોમાં આંટિયાળાં સીધાં શિંગડાંવાળાં 'મારખોર' થાય છે. છે તો એ બકરાંની જ એક જાત, પણ એમનામાં સ્થળભેદે દેખાવની ઘણી ભિન્નતાઓ જોવા મળે છે. એમની બે વિશિષ્ટતા : નરને સીધાં લાંબાં ને વિવિધ રીતે વળ ખાતાં શિંગડાં અને માદાને દાઢી !

એમનો વાન ઉનાળામાં બદામી; શિયાળામાં એ મુંજડો–રાખોડી જેવો બની જાય છે. બચ્ચાંની પીઠ પર ઘેરા રંગની એક લીટી પણ જોવા મળે. પૂછડી ને પગના હેઠલા ભાગ કાળા. દાઢીના વાળ પણ આગળના ભાગમાં કાળા હોય છે. માત્ર ચિબુક પર જ નહિ, પણ છાતી પાસે પણ એમને લાંબા વાળ હોય છે.

સ્થળભેદે એમનાં શિંગડાંમાં ઘણા તફાવત જોવા મળે છે. બહારની બાજુએથી આરંભાઈને છેક ટોચ સુધી એ શિંગડાં પર જુદી જુદી રીતના વળ જોવા મળે છે. પીર પંજાલ તરફના મારખોર કરતાં બાલ્ટિસ્તાન તરફનાનાં શિંગડાં ખુલતા વળવાળાં હોય છે. કાબુલ તરફનાનાં શિંગડાં વધુ સીધાં ને પહોળા વળવાળાં હોય છે. સુલેમાન પર્વત તરફનાને તો અસલ 'સ્ક્રુ' જેવા વળવાળાં શિંગડાં હોય છે. માદાને યે આવાં શિંગડાં હોય છે, પણ ટૂંકા કદનાં.

પહાડોમાં દોડવા–ચડવામાં આ જાનવર ઘણું ચપળ ને તેજ હોઈ એનો શિકાર મુશ્કેલ બને છે. બહુ ઠંડી સહન કરી શકતું નથી એટલે બરફ પડવા માંડે ત્યારે મારખોર નીચાણમાં ઊતરી આવે છે.

મે થી જૂનમાં માદા બે યા એક બચ્ચાને જન્મ આપે છે. પિંજરાવસ્થામાં એ બકરા દ્વારા પણ પ્રજનન કરે છે.

મતભેદ થવો સહજ હોય છે, ને પછી એમનાં વાક્બાણો સામે ટકવું ઘણી વાર આકરું બની જાય છે.

યુરોપ, રશિયા, ઇજિપ્ત ને ઇરાનના એમણે વ્યાપક પ્રવાસ કરેલા છે. પોતાની માન્યતાઓના પાલનમાં તેઓ ચુસ્ત છે ને એ રીતે આજે યે છાશવારે મોટરગાડીઓ બદલતા કાર્યકરોના જમાનામાં તેઓ હજી યે પોતાની અસલની ૧૯૨૦ના મૉડેલની જૂની શેવ્રોલે વાપરે છે. આજે તેઓ પુનર્વસવાટ ખાતાના કેબિનેટ-પ્રધાન બન્યા છે એ પણ પ્રધાનમંડળમાં એમનો પુનર્વસવાટ જ છે ને?

બે સજ્જનની વિદાય

જેમનાં જીવન 'કુમાર'ના વાચકો આગળ નમૂના તરીકે મૂકી શકાય એવા બે સજ્જનોએ ગયા માસમાં વિદાય લીધી. આપણે ત્યાંના ગણ્યાંગાંઠ્યાં વિચારપત્રોમાંનાં બેએ લીધેલી તેની નોંધમાંથી જ એમનું ચરિત્રકીર્તન કરીએ:

'સત્યાગ્રહ'માં 'એક સન્મિત્રની વિદાય' શાર્ષક હેઠળ અને 'જ્યોતિર્ધર'માં 'સ્વ. શ્રી વિજયશંકર ભટ્ટ' એ મથાળા નીચે પહેલા જે સજ્જન વિષે નોંધ છે એમના અમે ઘણા સમયથી પરોક્ષ પ્રશંસક હતા, અને એમનો સંપર્ક ને સત્સંગ પામવાને ઉત્સુક હતા. એ તક ન મળી તે કેવું કમનસીબ હતું તે એમની ચરિત્રરેખા પરથી વિશેષ પ્રતીત થયું.

સ્વ. વિજયશંકર મંછારામ ભટ્ટ

તા. ૧૫મી એપ્રિલની સવારે ઊઠી, પ્રાતઃકર્મ પરવારીને પથારીમાં સહેજ સૂતા ત્યાં અચાનક (હૃદયરોગના હુમલાથી) શાંત થઈ ગએલા શ્રી વિજયશંકર મંછારામ ભટ્ટ આજીવન જિજ્ઞાસુ ને મુમુક્ષુ હતા. વિદ્વાન અભ્યાસી હતા. જીવનને યથાર્થ રૂપે જોવું અને તે મુજબ વર્તવા માટે સંસારમાં રહીને પણ અણીશુદ્ધ વ્યવહાર કરવો એ એમના જીવનની સાધના હતી, જે એમના સદ્ગત પિતા પાસેથી વારસામાં મળી હતી. એમનો જન્મ ૧૯૦૨ની ૩૦મી સપ્ટેમ્બરે મહારાષ્ટ્રમાં માલવણ ગામે, એમના પિતાશ્રી મંછારામ મયારામ ભટ્ટ (ઉમરેઠના વતની) મુનસફ હતા, ત્યાં થએલો. આ વાસને કારણે શ્રી વિજયશંકરને મરાઠી ભાષાનો અભ્યાસ પણ સહજ થયો હતો, અને તેથી મરાઠી સાહિત્યના ઉત્તમ ગ્રંથો એમના વાંચવામાં આવ્યા હતા.

ઇ. ૧૯૧૯માં મૅટ્રિક થઈ તે ગુજરાત કૉલેજમાં ગયા. ૧૯૨૧માં અસહકાર આવતાં થોડો સમય વિદ્યાપીઠમાં જોડાઈ ત્યાંના આર્યવિદ્યામંદિરમાં અભ્યાસ કર્યો. પિતાને સરકારી નોકર હોવાને કારણે બ્રિટિશ રાજ્યનીતિમાં શ્રદ્ધા હોવાથી એમનું આ પગલું કઠતું હતું, પણ એમના વિચાર આપમેળે ન બદલાય તો કાંઈ નહિ કહેવા જેવા ઉદારચરિત પુરુષ તે હતા. મોટપણે પિતા નિવૃત્ત થઈ અમદાવાદ આવ્યા ત્યારે વિજયશંકર ૧૮૫૭ના બળવાનો અભ્યાસ કરતા હતા; તેમાં પોતાના વૃદ્ધ પિતાને તેમણે રસ લેતા કર્યા ત્યારે એ કહેતા: 'અરે! આવું અંગ્રેજ રાજ્ય હતું? અમારા જાણવામાં આવું કાંઈ ન આવ્યું.'

વિજયશંકર થોડા સમય પછી કૉલેજનો અભ્યાસ શરૂ કરી એલ-એલ. બી. થયા અને ૧૯૩૧ થી '૩૫ સુધી અમદાવાદમાં વકાલત કરી. પણ એ કામ એમના અંતરનું નહોતું એટલે એ છોડયું. પછી મોરબી રાજ્યમાં જજનું કામ કરી જોવા ગયા. પરંતુ ત્યારનાં દેશી રાજ્યોની સ્થિતિમાં એ પણ ન ફાવ્યું, એટલે પાછા અમદાવાદ આવીને પોતાના નિવૃત્ત પિતાની સેવામાં રહેવું અને સ્વાધ્યાય કરવો એમ ઠરાવી ૧૯૩૮માં તેમાં જોડાયા તે જીવનના અંત સુધી.

એમનો એ સ્વાધ્યાય એટલે ધર્મ, ફિલસૂફી, રાજકારણ, સામાજિક બાબતો, સાહિત્ય, એમ સર્વસ્પર્શી વિશાળ ક્ષેત્રનો ઊંડો અભ્યાસ. પશ્ચિમના પણ ઉચ્ચ પ્રકારના સાહિત્યનો એમને ભારે શોખ હતો. પોતે જે પુસ્તક વાંચે તેનો સાર, વાચનની પોતાના ચિત્ત ઉપર થએલી અસર, લેખકનો મુખ્ય મુદ્દો, તેની રજૂઆત, વગેરે એ લખી રાખતા. એ લખાણોનો સંગ્રહ થાય તો ગુજરાતી સાહિત્યમાં એક કિંમતી ઉમેરો થાય. જીવનભરના આવા પુરુષાર્થના પરિપાક રૂપે કરેલા લેખનકાર્યમાંથી 'મારી જીવનદૃષ્ટિ' નામક એક પુસ્તક એમના અવસાન પ્રસંગે જ 'પરિવાર પ્રકાશન' તરફથી પ્રકટ થયું છે. છેવટે તે ગીતા વિષે પોતાનું ચિંતન-મનન શબ્દબદ્ધ કરવા ચાહતા હતા.

તે આદર્શ ગૃહસ્થ હતા. એમના જેવી સૂક્ષ્મ વ્યવહારદૃષ્ટિ અને નૈષ્ઠિકતા આજે મળવી અઘરી છે. આવા સુશીલ, સંપૂર્ણરીતે સજ્જનતાવાળા, વિદ્વાન, ઉદાત્ત ને સર્વ વ્યવહારમાં પ્રામાણિક અને શુદ્ધ આચરણવાળા, પોતાના વિશાળ ને ઊંડા વાચનનો લાભ જનસમાજને મળે એવી ખાસ ઇચ્છાવાળા સજ્જનની વિદાય એ એમના કુટુંબીજનો અને મિત્રો ઉપરાંત ગુજરાતને પણ ખોટ રૂપ છે.

સ્વ. મણિભાઈ વાઘજીભાઈ પટેલ

પંદરમી એપ્રિલે શ્રી ભટ્ટની વિદાય પછી તરત જ ૧૯મી એપ્રિલે અવસાન પામેલા શ્રી મણિભાઈ વાઘજીભાઇ પટેલ પણ શાન્ત, મક્કમ, પ્રામાણિક ને શીલવાન સજ્જન હતા. ઉપરાંત એમના જવાથી એક બહાદુર દેશભક્ત ને દિલદાર સાથીની ખોટ અનેકને પડી છે.

કરમસદના વતની મણિભાઈના પિતા અને સરદાર વલ્લભભાઈ કદાચ સહાધ્યાયી મિત્રો હતા. ૧૯૧૬-૧૭માં બી.એ. થઈ તે અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં જોડાયા ત્યારે ત્યાં સરદાર વલ્લભભાઇએ એક મ્યુનિ. સેવક યોજના કરેલી. એ વખતે મ્યુનિ.ના મોટા હોદ્દાઓ પર સરકારી નોકરો લેવાતા, જે સ્વતંત્ર પ્રજાકીય વહીવટમાં ખપ ન લાગતા. આથી સરદારે લાયક ને શક્તિશાળી ગ્રૅજ્યુએટોની ભરતી કરી મ્યુ. સેવક તરીકે તેમને કેળવીને પોતાનું એક ખાસ 'કાડર'-સેવકમંડળ તૈયાર કરેલું. મણિભાઈ એ મુજબ શરૂના સેવક બનેલા ને જીવનભર એ કામ કરીને દસેક વર્ષ પર નિવૃત્ત થયા હતા.

મ્યુનિ. નાં લગભગ બધાં ખાતાંનો એમને અનુભવ હતો. સ્ટોરકીપર અને વેરાખાતાના અધ્યક્ષ જેવા પદેથી પ્રામાણિકતાથી કામ કરવું, અને લોકોમાં એવી પ્રતીતિ પાડવી એ અઘરી કસોટીમાંથી તે પસાર થયા હતા. નાણાંવહીવટમાં પ્રામાણિકતા અને હિસાબી પકડ એ એમના ખાસ ગુણ હતા. ૧૯૩૦-૩૪માં કૉંગ્રેસ ગેરકાયદે થઇ ત્યારે તેના કામકાજની નાણાંવ્યવસ્થા સંભાળવાનું વિશ્વાસુ ને જોખમભર્યું કામ એમને સોંપાયું હતું. ૧૯૩૭માં હરિપુરા કૉંગ્રેસ વખતે પણ એ જ કાર્ય માટે સરદારે એમને બોલાવ્યા અને પોતે પછી એમાં સ્વસ્થ



સ્વ. વિજયશંકર ભટ્ટ



સ્વ. મણિભાઈ પટેલ

થઈ ગયા. અમદાવાદ મ્યુનિ. એ પોતાની નવી બસ-સર્વિસના પ્રથમ વ્યવસ્થાપકની જવાબદારી એમને સોંપાઇ અને તે સફળ અદા કરી બતાવી પોતાના સંગઠન ને વહીવટની શક્તિની પરખ એમણે આપી.

મણિભાઈ બળબળતા દેશભક્ત હતા. સ્વરાજ માટેની લડતમાં મ્યુનિ. સેવકમંડળના પ્રમુખ તરીકે એમણે જે ભાગ લઇ જેલવાસ સ્વીકાર્યો એ બહાદુરીભર્યું કાર્ય તે વખતે દેશભરમાં પંકાયું હતું. નિવૃત્ત થયા પછી તેમણે ગુજરાત ખાદી કાર્યાલયનું, અને ત્યાર બાદ અમદાવાદમાં નવી શરૂ થએલી 'પરિવાર પ્રકાશન'ની પ્રવૃત્તિનું કાર્ય ઉપાડેલું. એ જહાલ કૉંગ્રેસી હતા અને હિંદનું સ્વરાજ સરખું ચાલે તેમાં ઊંડો ને ઉગ્ર રસ ધરાવતા, ને તે અર્થે પોતાનાં સતત શ્રમ ને સમય આપતા.

અંત સમયે કૅન્સર જેવા વસમા ને જીવલેણ દરદ સામે ઝૂઝતા ને ન ગણતા મણિભાઈનું દશ્ય ભવ્ય હતું. દાક્તરો પણ મરણભય સામે થવાની એમના મનની ધૃતિ જોઇ અજાયબી પામતા. છેલ્લે તો એવી અપાર અશક્તિ આવેલી કે હાથ હલાવતાં ય શ્રમ પડે; છતાં તે ખુશ રહેતા અને દેશમાં બનતા છેલ્લા બનાવો વિષે જાગૃત ચર્ચા કરતા!

જીવનભર કૂડકપટ ને કાયરતા સામે ઝૂઝતા રહેલા મણિભાઈ શૂર પુરુષ હતા, દેશભક્ત હતા, અને એ દ્વારા પ્રભુભક્તિનો રસ માણતા.

પ્રભુ આ બંને સજ્જનોને શાંતિ અર્પો.



નૉમેડ: સમગ્ર પૂર્વ ગોળાર્ધમાં પ્રથમ અને દુનિયાભરમાં બીજું એવું, નાનકડા વહાણ જેવું આ તરતું હવામાન મથક 'યુનાઈટેડ સ્ટેટ્સ નૅશનલ સાયન્સ ફાઉન્ડેશન' દ્વારા આપણને પ્રાપ્ત થયું છે. મદ્રાસ અને પોર્ટ બ્લેર (આંદામાનના રાજધાની બંદર) વચ્ચે બંગાળાના ઉપસાગરમાં વારંવાર થતા વિષુવવૃત્તીય ચક્રાવાતોના વિસ્તારમાં એને તરતું મુકાયું છે. ત્યાંના હવામાનમાં થતા ફેરફારોને નોંધી લઈ મોર્સની સંજ્ઞાઓમાં એ આપમેળે પ્રસારિત (ટ્રાન્સમિટ) કરશે. હવામાન ખાતું એ સંજ્ઞાઓ ઝીલી લઈ ઋતુઓના ફેરફારના વર્તારા અને અહેવાલો તૈયાર કરવામાં એનો ઉપયોગ કરશે. ઉપર ચિત્રમાં એને તરતું દર્શાવ્યું છે.



આ માસની ૧૦મી તારીખે ભારતીય વિમાનદળમાં અવાજની ગતિથી યે વધુ વેગવાન એવાં બે નવાં સુપરસોનિક વિમાનો—એચ. એફ.-૨૪ ઉમેરાયાં છે. ડિઝાઈનથી માંડી એ સંપૂર્ણ તૈયાર થયાં ત્યાં સુધીની એની બધી જ રચના અને એને ચલાવતા બ્રિસ્ટલ ઑર્ફિયસ-૭૦૩ નામના શક્તિશાળી ઍંજિનો સુદ્ધાં ભારતમાં જ બૅંગ્લોરની એરક્રાફ્ટ લિમિટેડમાં તૈયાર થયાં છે. ૩૩ મિલિમીટરની તોપો સાથે રૉકેટ અને ગાઈડેડ મિસાઈલ્સ જેવા બધા જ યુદ્ધ-સરંજામથી સજ્જ થઈ શકે તેવા એ વિમાનોનો વિકાસ સાત વર્ષ જેટલા ગાળામાં થઈ શક્યો છે એ પણ આપણા માટે ગૌરવની વાત છે. ગમે તેવા હવામાનમાં ઊડીને એ સંરક્ષણ કે હુમલાની કામગીરી બજાવી શકે તેમ છે. એરક્રાફ્ટ લિમિ. હજી આથી યે વધુ ઝડપવાળાં વિમાનો તૈયાર કરવાની આશા સેવે છે.

સંરક્ષણ પ્રધાન શ્રી યશવંતરાવ ચવ્હાણે એને 'મરુત' નામ આપ્યું છે. પોતાના તીણા અણિયાળા અગ્રભાગ, પાતળી પાંખોવાળા આ વિમાનોનું ઉત્પાદન એ સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્રે આપણે માટે એક સીમાચિહ્ન છે. ઍરોડાયનેમિક્સના વિકાસ પામેલા સિદ્ધાંતો પર રચાએલાં આ વિમાનો અતિ તીવ્ર વેગે કે ધીમી ગતિએ સલામતીથી ઊડી શકે છે.

આપણે મૃગજળ કેમ જોઇએ છીએ?

મૃગજળ એ કુદરતની ઘણી વિચિત્રતાઓમાંની એક વિચિત્રતા છે. તેનું કારણ માત્ર એટલું જ છે કે હવાના ગરમ અને ઠંડા પડોમાં પ્રકાશને પરાવર્તિત કરવાનો જુદો જુદો ગુણ રહ્યો હોઈ, દૂરની કોઇ વસ્તુમાંથી નીકળીને જોનારને પહોંચતાં પ્રકાશનાં કિરણોને એ ત્રાંસાં બનાવી દે છે અને તેને પરિણામે જોનારને એ વસ્તુનાં કદ અને અંતર સંબંધે ભ્રમ ઉપજાવે છે. ભ્રમના એવા બે પ્રકારો સાથેનાં બે ચિત્રોમાં બતાવ્યા છે. વાતાવરણની જુદીજુદી પરિસ્થિતિ પર એ આધાર રાખે છે. કેટલીક વાર હવાનાં પડો દૂરબીનના લેન્સની પેઠે દૂરની વસ્તુને એ મૂળ સ્થિતિમાં હોય તે કરતાં વધુ ઊંચે, નજીક તથા મોટા કદની પણ દેખાડે છે. નીચેના ચિત્રથી એની પૂરતી સમજણ પડશે.



અદૃશ્ય પદાર્થની પ્રતિકૃતિ આકાશમાં દેખાડતું ગરમ હવાનું પડ પ્રકાશના કિરણોને કેમ વાળે છે એ દર્શાવતું ચિત્ર.



ગરમ હવા ઉપર ઠંડી હવાનું પડ આવી, મૃગજળ ઉપજાવતું ચિત્ર.

શતરંજ

આઠમા કોયડાનો ઉકેલ

સ્થિતિ: kn5R/b7/Pp6/1K1p4/-2pP4/3P1N2/2P5/8.

કોયડો: સફેદે રમીને ત્રણ ચાલમાં મ્હાત કરવાનું. **ઉકેલ**: ચાવી 1 N–N5! ૨ માર્કસ.

ધમકી: N–K6 અને 3 N-B7 મ્હાત.

વિકલ્પો : —૧ માર્ક

1 1..., P–B6
2 N–K4! P×N (forced)
3 B×P mate.

૨) 1...P×B
2 N–K6, P×P અથવા P–Q7
3 N–B7 mate.

અસફળ પ્રયત્નો : — ૩ માર્કસ.

૧) 1 B–B5? P–B6
2 B–B8, N×P! પછી મ્હાત નથી. તે સિવાય 3 B–N7 mate થાય.


૨) 1 B N6? P–B6
2 B–K8 N–Q2! પછી મ્હાત નથી તે સિવાય ૩ B–B6 mate થાય.

૩) 1 B–R7? P–B6
2 B–N8, N–B3! પછી મ્હાત નથી તે સિવાય 3 B×P mate થાય.

આ ત્રણે અસફળ પ્રયત્નો ઊંટની ત્રણ ચાલ છે અને દરેક ચાલ કાળા ઘોડાની જુદીજુદી ચાલથી નિષ્ફળ જાય છે. આ પ્રયત્નો એટલા સુંદર છે કે તેમાંથી જ એક ચાવી હશે તેમ માનીને વાચકો વધુ પ્રયત્નો તે દિશામાં જ કરે ને ખરી ચાવી શોધવી વધુ મુશ્કેલ પડે. વાચકોને આ કોયડો અઘરો લાગ્યો હશે કારણ કે આ વખતે ઘણા ઓછા જવાબ આવ્યા છે.

ઉકેલ મોકલનારનાં નામ તથા માર્કસ.

(૧) ભૂદરભાઈ ચાવડા, વિરમગામ; (૨) સુરેશ દવે, અમદાવાદ; (૩) સિદ્ધાર્થ ભટ્ટ ભાવનગર; (૪) નીલકંઠ અંતાણી, રાજકોટ; (૫) મહેન્દ્ર મહેતા, ભુજ;—બધાંના ૫ માર્કસ. (૬) સતીશ દલાલ, સુરત—૪ માર્કસ (૭) ઈન્દ્રવદન મોદી, ભાવનગર;(૮) કે.એમ. મુળિયા, વિરમગામ; (૯) હરીશ દીવાન, મુંબાઈ; (૧૦) એસ. પી. બધેકા, ભાવનગર —૩ અને માર્કસ (૧૧) ભૂપેન્દ્ર દોશી, મુંબાઈ—૨ માર્કસ.



કોયડો દસમો

સ્થિતિ : 8/6B1/3p4/3k1P2/1p6 4K3/2R5/8. **કોયડો** : સફેદે રમીને ત્રણ ચાલમાં મ્હાત કરવાનું.

આ કોયડાનો મધ્યવર્તી વિચાર આપણે અગાઉ જોઈ ગયા છીએ. તેથી આ કોયડા માટે પૂરા માર્કસ મેળવવા મધ્યવર્તી વિચાર શો છે તે દર્શાવવું જરૂરી ગણાશે.

ઉકેલ મોકલવાની છેલ્લી તારીખ ૭–૬–'૬૪

ઉકેલ મોકલવાનું સરનામું.

Suresh M. Mody 6/9 Kandhari Colony, Chembur, Bombay-71 AS

ઘરગથ્થુ ઔષધ ....[૨૯ : કરિયાતું

કડવી દવા તરીકે ખૂબ જાણીતું કરિયાતું હિમાલય તરફ મોટા જથ્થામાં થાય છે. સંસ્કૃતમાં તેનો ઉલ્લેખ કિરાતતિક્ત, કિરાતક, ભૂનિંબ વગેરે નામોથી મળે છે. ચરક-સુશ્રુતના કાળથી ઔષધ તરીકે વપરાતા આવેલા કરિયાતામાં નીચેમુજબનાં ગુણકર્મો રહેલાં છે: કડવું, લૂખું, હલકું, શીતવીર્ય, સારક, ધાવણને શુદ્ધ કરનાર અને કફ, પિત્ત, લોહીવિકાર, સોજા, હરસ, ખાંસી, દમ, તરસ, તાવ, બળતરા, વિવિધપ્રકારના કુષ્ઠ, ઘા તથા કરમિયાંનો નાશ કરનાર છે.

જીર્ણજ્વર

લાંબા વખતથી ઝીણો તાવ રહ્યા કરતો હોય અને ઊતરતો ન હોય તો નીચેનો ઉપાય અજમાવવો: ચા પીવાના કપ જેટલું પાણી ખૂબ ઉકાળી તરત નીચે ઉતારી, તેમાં ત્રણ ગ્રામ કરિયાતું અને એક ગ્રામ સૂંઠનું ચૂર્ણ નાખી દેવું અને ઉપર છીબું ઢાંકી દેવું. અર્ધા કલાક પછી વસ્ત્રથી ગાળી દર્દીને સવારે નરણા કોઠે પાવું. સાંજે જમ્યા પહેલાં એક કલાકનો ગાળો રાખીને આપવું. થોડા દિવસ સવાર-સાંજ આ 'ફાંટ' પીવાથી ધાતુઓમાં પ્રવેશેલો જીર્ણ (ઝીણો) તાવ ઊતરી જશે. તાવની શરૂઆત હોય ત્યારે પણ આ ફાંટ આપી શકાય છે. પિત્ત વધ્યા વગર અને આમ વગર તાવ આવતો નથી. કરિયાતું પિત્તશામક અને આમનાશક છે. તેના ઉપયોગથી આમાશયરસની વૃદ્ધિ થાય છે. ડૉ. દેસાઇ લખે છે કે જીર્ણ વિષમ જ્વરમાં જ્યારે તાવ શરીરમાં ગુપ્તાવસ્થામાં હોય અને કુપચન તથા શરીરમાં બળતરા રહેતાં હોય ત્યારે કરિયાતાથી ઘણો ફાયદો થાય છે.

રક્તપિત્ત

રક્તપિત્ત એટલે 'પત'નો રોગ નહિ. રક્તપિત્તના રોગમાં શરીરનાં ઉપરનાં છિદ્રોમાંથી લોહી પડે છે. આ લોહીમાં પિત્ત ભળેલું હોય છે તેથી એને રક્તપિત્ત કહે છે. આ રોગમાં કરિયાતું આખી રાત પલાળી રાખી સવારે ગાળીને એમાં થોડીક સાકર નાખીને પી જવું. ખોરાકમાંથી તીખા, ખાટા અને ગરમ પદાર્થો થોડા દિવસ સદંતર બંધ કરી દેવા. આખા દિવસનું થઈને બને તો અશેર જેટલું બકરીનું દૂધ પીવું. મોં વાટે, નાક વાટે કે નીચેના (ગુદા, મૂત્રમાર્ગ) વગેરેમાંથી લોહી પડતું હશે તે બંધ થઈ જશે. બકરીના દૂધ સાથે સવાર-સાંજ ૦ા-૦ા તોલો શતાવરીનું ચૂર્ણ લેવાથી ઝડપથી ફાયદો થશે. કરિયાતું પિત્તશામક હોઈ આ રોગમાં ખાસ ઉપયોગી બને છે.

ધાવણની શુદ્ધિ માટે

ભારે કે તીખા તમતમતા પદાર્થો ખાવાથી સ્ત્રીનું ધાવણ બગડયું હોય અને એનું ખરાબ પરિણામ બાળકમાં દેખાતું હોય તો થોડા દિવસ નીચેનો ક્વાથ સ્ત્રીએ પીવો: કરિયાતું, અનંતમૂળ, ગળો, શતાવરી તથા સૂંઠ, બધી ચીજો સરખા વજને લઈ અધકચરો ભૂકો કરી તેનો ક્વાથ બનાવી સવાર-સાંજ પીવો.

સગર્ભાની ઊલટી

સગર્ભાને થતી ખાટી ઊલટીઓમાં કરિયાતું લાભદાયી છે. ઘણી વાર ખાધા પછી ખોરાક બહાર નીકળી જાય છે. આવી સ્થિતિમાં કરિયાતાનું હિમ (રાત્રે પલાળી તૈયાર કરેલું પાણી) એમાં થોડીક સાકર નાખીને દિવસમાં ત્રણ-ચાર વખત પીવા આપવું.

દારૂનું અતિશય સેવન કરનારને પણ ઊલટીઓ થાય છે. સાથે સાથે બળતરા, અનિદ્રા, અકળામણ વગેરે હોય છે. આ સ્થિતિમાં પણ કરિયાતાનું હિમ આપવાથી લાભ થાય છે.

અમ્લપિત્ત રોગમાં પણ કરિયાતાનું હિમ લાભદાયી છે. આ રોગમાં પણ બળતરા, ઊબકા, ઊલટી વગેરે લક્ષણો હોય છે. સાથે જો વ્રણ (ચાંદું કે અલ્સર) હોય તો કરિયાતાનો ઉપયોગ બિલકુલ કરવો નહિ. એને માટે વ્યવસ્થિત ચિકિત્સા કરાવવી.


લાભશંકર ઠાકર



સુખી કુટુંબ · ચિત્રકાર જયંત સિદ્ધપુરા (પૅકર ઍન્ડ કંપનીના સૌજન્યથી). રેખાવટ-રંગાવટની તાલીમ, સંયોજનાની સૂઝ, અને આની સાથેનાં આ કલાકારનાં અન્ય ચિત્રો દર્શાવે છે તેવી વિવિધ નિરૂપણશૈલીની શક્તિ હોવા છતાં કલાકાર જ્યાં સુધી પોતાની નિશ્ચિત ને આગવી દૃષ્ટિ કેળવી શકતો નથી ત્યાં સુધી તેની કૃતિઓ હૃદયસ્પર્શિતાના પેલા અદીઠ કલાતત્ત્વની ઊણપવાળી અને આયાસજન્ય લાગ્યા કરે છે. કલાતત્ત્વની એવી શક્યતાના કિનારા સુધી પહોંચેલા કલાકારોની કૃતિઓ અવારનવાર અમે પ્રકટ કરતા રહ્યા છીએ, અને રાખેલી આશા મોટે ભાગે ફળી પણ છે.







ત્રણ ચિત્રો • ચિત્રકાર : જયંત સિદ્ધપુરા

મથાળે: કાલિદાસ જયંતી ચિત્રપ્રદર્શન (ગ્વાલિયર) માટે તૈયાર કરેલું 'રઘુવંશ'ના ૧૩ થી ૧૫ સર્ગના દસ પ્રસંગોને આવરી લેતું સળંગ ચિત્ર: (૧) રામનું પુનરાગમન અને ભરત-ભેટ (૨) કૌશલ્યાને વંદતાં સીતા (૩) રામ-સીતા એકાંતમાં (૪) ભદ્ર નામે દૂતને નગરચર્યા પૂછતા રામ (૫) સીતાને વિદાય કરવાની લક્ષ્મણને રામની આજ્ઞા (૬) રથમાં સીતાને લઈ જતા લક્ષ્મણ (૭) સીતાને છોડી પાછા વળતા લક્ષ્મણ (૮) આક્રંદ કરતાં સીતાને વાલ્મીકિનું આશ્વાસન (૯) લવકુશનો જન્મ (૧૦) એ બંધુ બેલડીનું વાલ્મીકિને હાથે શિક્ષણ. ડાબી બાજુ: 'ગામડું'; જમણી બાજુ: 'ફૂદડી'

ટિકિટ-સંગ્રહ



પ્લૅગ અને કૉલેરા જેવી જીવલેણ મહામારીની રસીના રશિયન શોધક ડૉ. વાલ્ડેમર મોર્ડકાઈ હાફકિનની જન્મજયંતી નિમિત્તે માર્ચની ૧૬મી તારીખે ભારતે આ નવી ટપાલ ટિકિટ બહાર પાડીને એમને માન આપ્યું છે. (પ્રેષક: કુ. હેમાંગિની દેસાઈ-વિલે પારલે અને જયેન્દ્ર વકીલ-મુંબાઈ-૪)

આ રીતે આવતી ૧૫મી ઑગસ્ટે શ્રી અરવિંદ ઘોષની ૯૨મી જન્મ-જયંતી પ્રસંગે, સપ્ટેમ્બરમાં વિલિયમ શેક્સપીઅરની સ્મૃતિમાં, ૫મી નવેમ્બરે દેશબંધુ ચિત્તરંજન દાસની ૯૪મી જન્મજયંતી નિમિત્તે અને નવેમ્બરમાં આંતરરાષ્ટ્રીય માનક અધિવેશન તથા ડિસેમ્બરમાં ૨૨મા ભૂવિજ્ઞાન અધિવેશન નિમિત્તે પણ નવી ટપાલટિકિટો બહાર પડશે.





◖ શેક્સપીઅરની ચતુર્થ શતાબ્દી નિમિત્તે નવી ટપાલ-ટિકિટો ને ફર્સ્ટ-ડે કવરો જ નહિ પણ બે ખાસ ઍરલેટર (જમણી બાજુ) પણ ઇંગ્લંડના ટપાલ ખાતાએ બહાર પાડ્યા છે. એમાં બહાર રંગીન ભોંય પર શેક્સપીઅરની છબિ અને એક અડધ પર આ બે સુંદર રંગીન ચિત્રો છાપ્યાં છે. એકમાં (ઉપર) વૉરવિકશાયરનું વિખ્યાત શેક્સપીઅર મેમોરિયલ થીએટર છે. બીજામાં (નીચે) શેક્સપીઅરનાં નાટકોનાં કેટલાંક પાત્રોનાં ડેવિડ જેન્ટલમૅને કરેલાં વૂડકટ ચિત્રો છે. (પ્રેષક: કનુ પટેલ, લંડન અને રમણિકલાલ).



◖ અમેરિકન પક્ષીઓનાં મબલખ અને અદ્વિતીય ચિત્રો આલેખી જનાર જ્હૉન જેમ્સ ઑડુબનના માનમાં ગયા ડિસેમ્બરમાં અને પશ્ચિમના વસાહતીઓના જીવનનાં આલેખનોમાં પારંગત ચિત્રકાર ચાર્લ્સ મેરીઅન રસેલના માનમાં ગયા માર્ચમાં અમેરિકાએ બે નવી ટિકિટો બહાર પાડી છે (જમણી બાજુ ઉપર ને નીચે). અમેરિકન આંતરવિગ્રહ. શતાબ્દીની ટિકિટોની હારમાળામાં આ નીચેની એક વધુ ટિકિટ ફ્રેડરિક્સબર્ગની લડાઈની યાદમાં આ મે માસમાં બહાર પડી છે.

કેન્યાની બે વધુ 'ઉહુરુ' ટિકિટો (નીચે). એના પર કૉફી અને ચાના વાવેતરનું આલેખન છે. (પ્રેષક: વી. પી. પટેલ, મૉમ્બાસા.)









જર્મન પત્રમિત્રો

(44) Hanne Zuhlks, 7101 Lowenstein, Stutzgarten—16 f; music, animals, reading. (45) Barbara Schartz, wurzburg, Gertraud str. 8—18 f; animals, classical music, reading. (46) Ursel Maier, 7891 Rheinheim, Rhein Str. 27—17 f; books, records, swimming. (47) Petra Funcke, Nordlingen, Gottfried Jakob Str. 2—16 f; dancing, cinema, music, swimming. (48) Reging Stenzel, Selb/ofr., Ludwig Str. 12—16 f; postcards, sport, dancing, music. (49) Ingrid Zimmermann, Stuttgart, Rosenberg Str. 111—17 f; general interests (correspondens with girls only). (50) Christine Frantzki, Stuttgart, Kaltental, Schonauer Str. 46 c—19 f; reading, stamps, photography.

(દરેક સરનામાને છેડે 'જર્મની' ઉમેરવું.)

આ માસ (મે) ઇતિહાસમાં • વ્યક્તિ વિશેષ • પ્રસંગ વિશેષ

વ્યક્તિ વિશેષ : મહાવીરપ્રસાદ દ્વિવેદી

આધુનિક હિન્દી ભાષા સાહિત્યના જનક ભારતેન્દુ હરિશ્ચન્દ્ર હતા તો એના આચાર્ય



મહાવીરપ્રસાદ દ્વિવેદી ગણાય છે. હિન્દીના સુપ્રસિદ્ધ માસિક 'સરસ્વતી'નું લગભગ વીસ વર્ષ સુધી સંપાદન કરતાંકરતાં એમણે હિન્દી ભાષાનું નવું ઘડતર કર્યું, કવિ લેખકોને નવા વિષયો સુઝાડ્યા, તેમને લખવાની પ્રેરણા પાઇ. 'અલમોડા અખબાર' ને 'કવિવચન સુધા' વગેરેના કાળની હિંદી ભાષા યે કંઇ ઊતરતી તો નહોતી જ પણ 'સરસ્વતી' દ્વારા દ્વિવેદીજીએ તો હિન્દી ભાષાનું જાણે કે શિક્ષણ જ પ્રસાર્યું હતું ને એ માટે તદ્દન નિઃસ્પૃહતાથી જેમણે પોતાની જાત સમર્પી દીધી હતી એ તપઃપૂત વ્યક્તિને સમ્માનવા આ વર્ષે રાયબરેલીમાં એમની જન્મશતાબ્દી ઊજવાઈ છે.

અત્યારના ઉત્તર પ્રદેશના રાયબરેલી જિલ્લામાં અવધના દૌલતપુર ગામે એક કાન્યકુબ્જ બ્રાહ્મણ કુળમાં ઈ. ૧૮૬૪ની ૧૫મી મેએ (વૈશાખ સુદ ૫) એમનો જન્મ થએલો. તદ્દન ઉજ્જડ, દરિદ્રી અને નિરક્ષર એ મુલકમાં બાળક મહાવીરના શિક્ષણની કેવી વ્યવસ્થા હોઇ શકે? પાઠશાળામાં ઉર્દૂ-ફારસી ભણ્યા. ઘેર થોડું ગ્રામીણ સંસ્કૃત શીખ્યા ને પછી અંગ્રેજી ભણવા ઘરથી પંદર કોસ દૂર પગે ચાલીને તેઓ રાયબરેલી જતા. અઠવાડિયાનું સીધું સાથે લઈ જતા ને ત્યાં હાથે રાંધી ખાતા. પણ એ રીતે યે ભણતર નિભાવી શકાય તેમ નહોતું એટલે અંતે પિતાની પાસે મુંબાઈ આવી એમણે રેલવેમાં નોકરી કરવા માંડી. ત્યાં એમણે ગુજરાતી ને મરાઠી ભાષા સાથે થોડું અંગ્રેજી પણ શીખી લીધું. નોકરી અંગે નાગપુર, અજમેર પણ ગયા. મુંબાઇમાં ટેલિગ્રાફી શીખીને જી. આઈ પી. રેલવેમાં 'તારબાબુ' બન્યા. ત્યાંથી હરદા, બંડવા, હોશમાબાદ ને ઈટારસીમાં એમની ઉત્તરોત્તર બઢતી થતી ગઇ. એમની પ્રવીણતા જોઈ 'ઈંડિયન મિડલૅન્ડ રેલવે'ના ટ્રાફિક મૅનેજરે એમને ટેલિગ્રાફ ઇન્સ્પેકટર બનાવી ઝાંસી મોકલ્યા. ટેલિગ્રાફી વિષે એમણે એક અંગ્રેજી પુસ્તિકા પણ લખી નાખી. બંગાળી ભાષા પણ શીખતા હતા. પાછળથી એમણે નોકરી છોડી દીધી હતી.

દ્વિવેદીજીએ સ્વપ્રયત્ને ઘણી સારી વિદ્વત્તા સંપાદિત કરી હતી. તેઓ સફાઈદાર ગદ્ય ને પદ્ય લખતા. ઊભડી હિંદી બોલીને સ્થાને સ્પષ્ટ ભાષાલેખન પ્રત્યે એમણે લોકોને દોર્યા અને નવશિક્ષિતોમાં હિંદી ભાષામાં લખવા પ્રત્યે આદર ઉત્પન્ન કર્યો. લગભગ વીસ વર્ષ સુધીના 'સરસ્વતી'ના સંપાદન દ્વારા એમણે હિન્દી ભાષાસાહિત્યમાં એક આગવું ખેડાણ કર્યું જે 'દ્વિવેદી યુગ'ને નામે ઓળખાય છે. આત્મપ્રદર્શનથી તેઓ તદ્દન નિઃસ્પૃહ રહેતા. હિંદી ભાષાની એમણે કરેલી સેવાની કદર કરવા જ્યારે પ્રયાગમાં 'દ્વિવેદી મેલા' નામે એક ખાસ ઉત્સવ ઊજવાયો ત્યારે એમાં સામેલ થવા માટે બહુ મહેનતે એમને તૈયાર કરી શકાયા હતા. 'કાશી નાગરી પ્રચારિણી સભા'એ ઇ. ૧૯૩૨માં 'દ્વિવેદી ગૌરવ ગ્રંથ' પ્રસિદ્ધ કરીને એમનું બહુમાન કર્યું હતું.

હિંદી ભાષાના ઘણા વિદ્વાન લેખક-કવિઓને પ્રકાશમાં લાવવાનો યશ દ્વિવેદીજીને જ છે. સંપાદક તરીકે એમણે પોતાના કાર્યથી એક ઘણો ઊંચો આદર્શ સ્થાપિત કર્યો હતો.

કુમારસંભવસાર (પ્રથમ પાંચ સર્ગ), રઘુવંશ, કિરાતાર્જુનીય, મેઘદૂત, હિંદી મહાભારત, બેકન વિચાર રત્નાવલી, સ્પેંસરકી-જ્ઞેય ઔર અજ્ઞેય મિમાંસા, સ્વાધિનતા, સંપત્તિશાસ્ત્ર, કવિતા-કલાપ, કાવ્ય-મંજૂષા, સુમન, હિન્દી ભાષા કી ઉત્પત્તિ, કાલિદાસ કી નિરંકુશતા, લોકમાન્ય તિલક કા ગીતાભાષ્ય વગેરે એમની જાણીતી લેખનકૃતિઓ છે. પણ એમના જીવનનું એક માત્ર ધ્યેય હિન્દી ભાષાના ઉન્નયનનું જ રહ્યું હતું.

ઈ. ૧૯૩૮માં એમનું અવસાન થયું.

એમની જન્મશતાબ્દીના પ્રસંગે રાયબરેલીમાં એક ઉત્સવનું આયોજન થયું છે. કાશી-નાગરી પ્રચારિણી સભા પણ આ અવસરે એક સમારંભ કરી રહી છે.

પ્રસંગવિશેષ : નેપોલિયનનું સેન્ટ હેલીનમાં અવસાન, તા. ૫મી મે, ૧૮૨૧

નેપોલિયનને યુદ્ધમાં હરાવ્યા પછી પણ એનો એટલો ડર હતો કે જેના નજીકમાં નજીકના બંદર કેપટાઉનથી યે ૧૭૦૦ માઈલ દૂર આટલાંટિક મહાસાગરમાં માત્ર ૪૭ ચોરસ માઈલના એક ટચૂકડા ટાપુ પર લઈ જઈને અંગ્રેજોએ એને કેદ રાખેલો. પાંચ ફૂટ, બે ઇંચની ઊંચાઈ તથા નાજુક હાથપગવાળા એ યુદ્ધવીર નેપોલિયન બોનાપાર્ટે પોતાના વિજયોની હારમાળાથી યુરોપને સ્તબ્ધ કરી મૂક્યું હતું. પોતે જીતેલા મુલકોમાં એણે કુશળ રાજવહીવટ સ્થાપ્યો હતો. હારેલી પ્રજા જાણે ફ્રાંસ માટે જ જીવે છે એવું ભાન કરાવતા ભારે કરવેરા ને કાનૂની બંધનો લાદ્યાં હતાં. પોતાને ઊંડી કલાસૂઝ કે રસ ન હોવા છતાં પારિસને યુરોપનું સંસ્કારધામ બનાવવા જિતેલા દેશોનાં કલારત્નો એણે ફ્રાંસ ભેળાં કર્યાં હતાં. સ્થાપત્યને પણ એણે ઉત્તેજન આપ્યું. રાજગાદી પર હોવા છતાં એને પોતાની અસલ કોર્સિકન ખાસિયતો પણ હતી. બહુ પ્રભાવશાળી રીતભાત બતાવી શકવા છતાં એ ઘણી વાર વિદેશી એલચીઓને અપમાનતો. ખુશ થઈ જતો ત્યારે સામી વ્યક્તિનો કાન પકડી હલાવતો. ઊંઘ તો એ ઘોડા પર પણ લઈ લેતો. પણ માત્ર લશ્કરી વિજયોની એની ગાંડી મહત્ત્વાકાંક્ષાએ એને પાછળથી અપ્રિય બનાવ્યો. આખરે એવૉટર્લૂમાં હાર્યો ને સેન્ટ હેલિનામાં છ વર્ષની કેદ ભોગવી ઈ. ૧૮૨૧ની ૫મી મેએ અવસાન પામ્યો. કહેવાય છે કે એને ખાવામાં સતત ધીમું ઝેર અપાતું હતું.



પાછળથી ઈ. ૧૮૪૦માં એના શબને પારિસમાં લઈ આવી માનથી દફનાવ્યું.

પોતાનું પૌરુષ જ માત્ર ચકાસવાનું
ને એ વિષે કરવું યૌવનને કૃતાર્થ.

આગબોટમાં આગ લાગ્યાનું જણાતાંવેંત સુકાની જૉન ક્રોકેને બચાવની એકમાત્ર દિશા તરફ આગબોટ મારી મૂકી. સૌ ઉતારુઓ સલામત સ્થળે જઈ બેઠા, પણ ક્રોકેન તો આગની જ્વાળાઓ વચ્ચે પથ્થરની માફક સુકાન પકડીને ઊભો જ રહ્યો, અંતે એક ખડક દેખાયો, અને પોતાના બંને પગ બળી ગયા છતાં આગબોટ એ ખડક પાસે સલામત નાંગરી નહિ ત્યાં સુધી તેણે સુકાન છોડયું નહિ. એ જીવનભરનો અપંગ થઈ ગયો; પણ સૌ ઊતારુ બચી ગયા એનો જે સંતોષ એને જીવનભર રહ્યો તે સલામત પગ કરતાં પણ અનેકગણો મૂલ્યવાન હતો.

ખીલાને ઘાટા ગુંદરમાં બોળીને ઠોકવાથી તે દીવાલમાં મજબૂત રહેશે.

કહેવતોના અર્થ: 'કાં સેંથો કાં ટાલ'—માથામાં એ બંને એકીસાથે હોઈ શકે નહિ; કાં તો વાળ અને (તેથી તેનો) સેંથો હોય, અથવા તો વાળ વિનાનું ટાલિયું માથું હોય, એ ઉદાહરણ લઇને કોઈ બે વસ્તુ એકીસાથે અશક્ય હોવાનું દર્શાવવા આ કહેવત યોજાઈ છે. એનો આખો દોહરો આ મુજબ છે:

કીડી ચોખો લે ચલી, વચમાં આવી દાળ;
બે સાથે બનશે નહિ, કાં સેંથો કાં ટાલ.

એને મળતી બીજી કહેવત: 'હસવું ને લોટ ફાકવો' બે સાથે બને નહિ.

ખોટી વાત: શામ્વા લેધર શામ્વાપ્રાણીના ચામડાનું બનતું નથી; તે ઘેટાંની ચામડીની માંસ તરફની બાજુમાંથી તૈયાર થાય છે.



વિલિયમ શેક્સપીઅર ૧૬મી સદીનો — વિલિયમ શેક્સપીઅર ૨૦મી સદીનો

સોળમી સદીનો વિલિયમ શેક્સપીઅર જગતનો મહા કવિ હતો એ તો સૌ જાણે છે, પણ જમણી બાજુનો વીસમી સદીનો વિલિયમ શેક્સપીઅર લંડનની એક કલબમાં ચપરાસી તરીકે કામ કરે છે.

રેફ્રીજરેટરમાં બરફની ટ્રેની નીચે થોડું તેલ લગાવવાથી ટ્રેમાં બરફ જામી ગયા પછી ટ્રે ચોંટી નહિ રહે.

ગણિત ગમ્મત

$૯૧-(૯^{૨}-૧^{૨})=૧૧$

$૮૨-(૮^{૨}-૨^{૨})=૨૨$

$૭૩-(૭^{૨}-૩^{૨})=૩૩$

$૬૪-(૬^{૨}-૪^{૨})=૪૪$

$૫૫-(૫^{૨}-૫^{૨})=૫૫$


$૪૬-(૪^{૨}-૬^{૨})=૬૬$

$૩૭-(૩^{૨}-૭^{૨})=૭૭$

$૨૮-(૨^{૨}-૮^{૨})=૮૮$

$૧૯-(૧^{૨}-૯^{૨})=૯૯$

(સુરેશચંદ્ર ઠાકર)



દારૂબંધીને વરેલા દેશમાં દારૂના પ્યાલાની વાત અજુગતી ગણાય. પણ એના મિત ઉપયોગને સામાન્ય જીવનક્રમ લેખતા દેશોએ વિવિધ પ્રકારના શરાબો માટે જે નાનાવિધ ઘાટ સર્જ્યા છે તેની પાછળ રહેલી જીવન જોગવવાની રસકલા પ્રત્યે અંગુલિનિર્દેશ કરવાનો જ અહીં હેતુ છે.



ભારતીય નૌકાદળની ગોવામાં સ્થપાએલી બંદરી શાળા આઈ. એમ. એસ. ગોમાંતકની ધ્યાનસંજ્ઞા. ગોવાની મુક્તિમાં ભારતના ત્રણે દળોએ એક સાથે જે કામગીરી બજાવેલી એની યાદમાં આ સંજ્ઞામાં નૌકાદળ માટે વરૂણનું શસ્ત્ર 'પાશ', ખુશ્કીદળ માટે કાર્તિકેયનું 'ધનુષબાણ' અને હવાઈદળ માટે ઈન્દ્રના અગ્નયાસ્ત્ર તરીકે 'વીજળી'ના આલેખનની રચના છે અને એ ત્રણેની પશ્ચાદ્ભૂમાં 'દરિયાબોજાં'ના વળાંકા લેતા ઘોતક શ્વેત અને વાદળી પટ્ટા છે. ગોવાના અસલ નામ પરથી એ શાળાનું નામ ગોમાંતક પાડયું છે.

અનેકાર્થી શબ્દ: **ભેરી**—ફૂંકીને વગાડવાનું વાદ્ય, શરણાઈ; નોબત જેવું ચર્મવાદ્ય, મોટું નગારું, દુંદુભિ, ભેર; શરણાઈ (ભેર) બજાવનાર માણસ; બાજની જાતનું અતિ ઝડપી શિકારી પક્ષી જે કલાકના સવાસો માઈલની ઝડપે ઊડે છે; ઊની રાખ; નદી કે તળાવ ઉપર બાંધેલો બંધ; ખીચડી(વૈષ્ણવોમાં બોલાતો).



કલાકણિકા: તાળા કૂંચીમાં પણ માણસ કલાનો કેવો વિનિયોગ કરે છે તેનો સુંદર નમૂનો આ સોળમી સદીનાં સ્પૅનિશ કળ-કૂંચી દર્શાવે છે.